**Maher Jawa Mard Books**

Ram Ram, Sita Ram.

These book were given to us by Mr Jivabhai Savdas Modhwadia of Porbandar, we have tried to scan and make it into an electronic/ digital format for archiving purposes as well as for the future generations to read and understand the Maher history as written by Shri Maldev Bapu Keshwala.

We have not altered any materials at all, the books and every page is as it was originally printed and published.

A huge amount of financial and physical effort has been put in by Mr Jaimalbhai Odedra (Leicester, UK) and Mr Rambhai Odedra (Leicester, UK) into making these digital books, especially scanning and acquiring these rare books.

We hope you will enjoy reading these books.

If you would like to make a donation towards this project or would like contribute in any way then please contact us on info@maheronline.org

**Visit** www.Maheronline.org **to read more books.**

**Scanned and Digitised from 2017 - 2022**

માહિ શપાંમઈ

ભાગ-૨

# મેહેર જવાંમર્દો.

ભાગ ૧ લો.

આવૃત્તિ ૧ લી — મૂ

—છેલ્લી ઢબનાં ઇલેક્ટ્રીક મશીનો ધરાવતું—
ધી હાટ્ડીવાલા આર્ટ ઇલેકટ્રીક પ્રિન્ટિંગ વર્કસ,
પોરબંદર.

સંવત ૧૯૯૨





દૈબો નાં કીસિકું ઔર લૈબો પર અર્થ લુંટ,
કેતેં નૃપ આજ ઐસે કર્મકે અભ્યાસી હૈ.
તામેં પોરબંદરકા રાનાકોં હજારો ધન્ય,
જાંકી દાનકીર્તિ ત્રિભૌનમેં પ્રકાશી હૈ.
વંશજ વિલોકી નિજ શોચત હૈ સૂર્યચંદ,
રામ, કૃષ્ણ, મનુ નૃપ નાંખત નિસાસા હૈ.
સકલ ઉદાસી વિબુધાવતીકે વાસી ફક્ત,
એક હનુમાનજીકે મુખપે હુલાસી હૈ.

**ભાવાર્થ:**–કોઇને કાંઇ દેવું નહિ અને પારકું મળે તો લુંટી લેવું, આજકાલ કેટલાક રાજાઓ એવાં કર્મના અભ્યાસી છે. તેવા સમયમાં પોરબંદરના રાણા (સર નટવરસિંહજી જેઠવા) ના જીવનને હજારો ધન્ય છે; કે જેની કીર્તિ ત્રણે ભુવનમાં પ્રકાશી રહી છે.

સૂર્ય, ચંદ્ર, મનુરાજા, રામ, કૃષ્ણ આદિ પોતાના વંશજોને જોઇ નિસાસા નાખે છે. (દાન, વીરતા, ભક્તિ આદિ, સત્કર્મ કરીને સ્વર્ગ પામેલા) દેવલોક નિવાસી મહાપુરૂષો ઉદાસ રહ્યા કરે છે. તેમાં ફક્ત હનુમાનજીના મુખ ઉપરજ આનંદ છે.

—કવિ શંકરદાન જેઠાભાઇ,
લીંબડી.



જેઠવાવંશ દિવાકર, મારૂતમણિ, ગૌબ્રાહ્મણ પ્રતિપાળ,
મહારાજા મહારાણા શ્રી સર નટવરસિંહજી બહાદુર
કે. સી. એસ આઇ. પોરબંદર.

Hatdiwala Press.

# બળતા હૃદયના બે બોલ.

વ્હાલા મ્હેર ભાઇઓ ! આપણી મ્હેર જ્ઞાતિમાં અનેક શુરં-વીર પુરૂષો, ભક્ત પુરૂષો તેમજ દાતાર પુરૂષો થઇ ગયા છે. શ્રી લીરબાઇ માતા, શ્રી રામ માતા, સતિ સોઢી, સતિ રૂપી જેવી સતિઓ પણ આપણીજ જ્ઞાતિમાં થઇ ગઇ છે. એમાંથી થોડાંકનાં શૌર્ય, સાહસ, મરદાનગી, ભક્તિ, સ્વમાન અને વટને ખાતર અપાએલાં દેહનાં બલિદાન, જેના રોમેરોમે નેકી અને ટેકીનાં વૃત ઉછળી રહ્યાં છે, એવાંઓની સત્ય કથાઓ આ નાનકડા પુસ્તકદ્વારા તમારી પાસે રજુ કરૂં છું.

આપણા બાપદાદાઓ પોતાના બાહુબળથી ન્યાય અને નીતિથી સ્વધર્મનું પાલન કરી પોતાનાં નામ અમર કરી ગયા છે.

ભાઇઓ ! આપણા બાપદાદાઓના એ મહાન ગુણોનો જે કાંઇ થોડો વારસો મળ્યો છે, એ થોડાક ગુણોનો પણ દિવસે દિવસે આપણામાંથી નાશ થતો જાય છે.

વ્હાલા ભાઇઓ ! આપણે તો આપણું સ્વરૂપ ભૂલ્યા. ધર્મ ભૂલ્યા. કર્મ ભૂલ્યા અને માર્ગ પણ ભૂલ્યા અને તેને લીધે આપણે ન સમજી શકીએ તેવી રીતે દિવસે દિવસે નીચે અને નીચે પગથીએ ઉતરતા જઇએ છીએ અને બાપદાદાઓએ મેળવેલી ઉજ્વળ કીર્તિને ઝાંખપ લાગે તેવાં ન કરવાનાં અવળાં કામો કરી આપણું જીવન પુરૂં કરીએ છીએ.

મ્હેરોએ કેવી રીતે જીવવું અને કેવી રીતે મરવું એ પાઠ આપણા વડવાઓએ અમલમાં મુકીને આપણને શીખવ્યો; પણ

ગમે છે ! ભાઇઓ, હવે હદ થાય છે. માટે જાગો ! જાગો ! વ્હાલા વીરાઓ, હવે જાગો !!!

ભાઇઓ ! આ પુસ્તક છપાવવાનો હેતુ પણ એકજ છે અને તે એ કે, આપણા ભાઇઓ આ પુસ્તક વાંચે. અભણ હોય તે બીજા પાસે વંચાવે અને બાપદાદાઓ જે મહાન કાર્યો કરી ગયા છે, તેમને પગલે ચાલી, તેમનું અનુકરણ કરી, આપણે આપણા સ્વરૂપને ઓળખી, અંદર અંદરના કલેશ, કંકાશ અને કુસંપને દુર કરી અને સગાંસબંધી તેમજ જ્ઞાતિ પ્રત્યેની ફરજ બજાવવા ભાગ્યશાળી બનીએ, એજ હૃદયની વિશદ્ધ ભાવના.

આ પુસ્તકમાં—શ્રી વીંઝાત ભગત, વીર હરભમ રાતડીયો, નાથો મોઢવાડીયો, શ્રી લીરબાઇ માતાજી, વિગેરેની કથાઓ કેશવાળા મ્હેરના બારોટ ગોવિંદભાઇ તરફથી મળેલી છે અને એ સિવાય દુહા, છંદ, કવિત વિગેરે પણ તેમના તરફથી મળ્યાં છે. આ બાબતમાં ગોવિંદ બારોટનો હું ઉપકાર માનું છું.

આ સિવાય વીર જેતમાલની કથા તથા એ સિવાયના છંદ, કવિત વિગેરે જે જે બારોટે આપ્યાં છે, તે સર્વનો હું ઉપકાર માનું છું.

રા. રા. શ્રીયુત્ જયેન્દ્ર પાઠક તથા રા. રા. રતિલાલ છાયાએ મ્હેર જ્ઞાતિના મહાન પુરૂષોનાં જીવન ચરિત્રની ટુંકી કથાઓ શારદામાં તથા નવભારતમાં પ્રસિદ્ધ કરીને એ વીર પુરૂષોનો ઢંકાયેલો ઇતિહાસ પ્રસિદ્ધિમાં મુકયો, તે ખાતર સમસ્ત મ્હેર જ્ઞાતિ વતી તેઓ બંનેનો હું અંતઃકરણપૂર્વક ઉપકાર માનું છું.

આ પુસ્તકના અગાઉથી ગ્રાહક બનીને જે જે સજ્જનોએ સહાનુભુતિ અને માયાળુ લાગણી દર્શાવી છે, તેઓનો પણ હું આભાર માનું છું.

તા. ૨-૧૦-૩૬

મ્હેર જ્ઞાતિ સેવક,
માલદેવ રાણા.
પોરબંદર.

## આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થનારા સજ્જનોની નામાવલી.

| પુસ્તક નંગ | | |
|---|---|---|
| ૨૫ | રાજ્યરત્ન શ્રીમાન શેઠ મંચેરશા હીરજીભાઇ વાડીયા | પોરબંદર. |
| ૫ | ,, શેઠ ભાણજી લવજી | ... |
| ૫ | શ્રીમાન શેઠ લક્ષ્મીદાસ પિતાંબર | ... |
| ૫ | ,, ગોવિંદજી ઝીણાભાઇ | ... |
| ૫ | ,, અમેચંદ ગીરધર; હા. ભીમજીભાઈ | ... |
| ૫ | ,, વલભદાસ જવરાજ | ... |
| ૪ | ,, નથુભાઇ મુલજી | ... |
| ૪ | , કુરજી વશનજી | ... |
| ૪ | ,, અમરશી ગોકલદાસ | ,, |
| ૨ | રા. રા. મંગળપ્રસાદ દેશાઇ | ... |
| ૨ | ,, ડોકટર મુળશંકરભાઈ | ... |
| ૧ | ,, ,, મંછારામભાઇ | ... |
| ૧ | ,, ,, વી. ઓ. કોટક | ... |
| ૧ | શેઠ ગોપાલદાસ કાળાભાઇ | ... |
| ૧ | ,, દામોદર અમીચંદ | ... |
| ૧ | ,, જેઠા ઓધવજી | ... |
| ૧ | ,, પોપટલાલ શીવજી | ... |
| ૧ | ,, મગનલાલ અમરશી | ... |
| ૧ | ,, જેઠા દવન | ... |
| ૧ | ,, રતીલાલ સુંદરજી | ... |

૨ વકીલ શ્યામજી સવજી (રાજ્યમંત્રી) ...
૧ ,, આણંદલાલ ગોવિંદજી ,, ...
૧ ,, પ્રભુદાસ સુંદરજી ...
૧ ,, હરજીવન સુંદરજી ...
૧ ,, પુરૂષોત્તમ લખમશી ...
૧ રા. રા. ગુલાબદાસભાઈ સ્ટેટ ફોટોગ્રાફર ...
૧ ,, માસ્તર હરજી દેવજી ...
૧ ,, પેન્ટર ગોહેલ ...
૧ ,, ,, મઢવી ...
૧ ,, ,, વીંજા કાના ...
૧ ,, દરજી પરસોતમ ...
૧ ,, સોની કરસનજી દામજી ...
૧ ,, ,, મુળજી ચત્રભુજ ...
૧ ,, ગાંધી પરસોતમ ઘેલાભાઇ ...
૧ ,, ઇશ્વરલાલભાઇ (મહારાણા મીલ) ...
૧ ,, નારણભાઇ ખેર ...
૧ સ્વ. માસ્તર હરીલાલ મારૂ ...
૧ ,, ધીરજલાલભાઇ ...
૧ ,, વજેશંકરભાઈ ...
૧ ,, ત્રંબકલાલભાઇ ...
૧ ,, જી. ડબલ્યુ બેનજામીન ...
૧ રા. રા. માસ્તર જયેન્દ્ર પાઠક ...
૧ ,, શીવરામભાઇ ...
૧ ,, મણીભાઇ ...
૧ ,, રતીભાઇ ...
૧ ,, લક્ષ્મીદાસભાઇ ...
૧ ,, ગોવિંદજીભાઇ ...
૧ ,, ચુનીલાલભાઇ ...

| | | |
|---|---|---|
| ૧ | ,, રસીકલાલભાઇ | ... |
| ૧ | ,, કુંતનરાયભાઇ | ... |
| ૧ | ,, વાલજી દાના | ... |
| ૧ | ,, લાધા પુંજા | ... |
| ૧ | શેઠ ઝીણા જીવા | ... |
| ૧૫ | પૂજ્યચરણ સ્વામીજી શ્રી આત્મપ્રકાશજી | બખરલા. |
| ૨૦ | ભાઇ પરબત હરભમ | રાતડી |
| ૭ | ,, માલદેવ રાણા | પોરબંદર |
| ૨ | ,, વીરમભાઇ ફોજદાર | ... |
| ૨ | ,, જીવાભાઇ વકીલ | ... |
| ૧ | ,, રણમલ ઉકા | ... |
| ૧ | ,, સાંગણ હાજા | ... |
| ૨ | ,, લાખા મેરૂ | ... |
| ૧ | ,, મલા નથુ | ... |
| ૨ | ,, મુળુ રીણા | ... |
| ૧ | ,, હરભમ રામ | ... |
| ૧ | ,, સાંમત લખમણ | ... |
| ૧ | ,, જેઠાભાઇ વીતરારાવાળા | ... |
| ૫ | ,, ભીમા રામ | બખરલા. |
| ૨ | ,, અરજન નથુ | ,, |
| ૧ | ,, ડેબા શીયા | ,, |
| ૧ | ,, કારા રણમલ | ,, |
| ૧ | ,, સાંગણ ગીગા | ,, |
| ૧ | ,, ભીમા જેઠા | ,, |
| ૫ | સ્વ. ભાઇ ભુરા જીવા | મોઢવાડા |
| ૨ | પટેલ ઓધડ જીવા | ,, |
| ૧ | ,, ભગત રામ જેસા | ,, |
| ૧ | ,, અરજન ભુરા માલાણી | ,, |

| | | |
|---|---|---|
| ૫ | રા. રા. વકીલ લાખણશી લખમણ | બગવદર |
| ૨ | ,, કેશવભાઇ ટપેદાર | ,, |
| ૨ | ભાઇ જેઠા સાંમત | ,, |
| ૩ | રા. રા. જમાદાર ભુરા પુંજા | નાગકા |
| ૨ | ,, ટપેદાર જીવા હરભમ | ફટાણા |
| ૧ | ભાઇ નાગાજણ વીક્રમશી | ,, |
| ૧ | ,, માલદેવજી મંડલીકજી | ,, |
| ૧ | ,, નાગાજી ગીગાજી | ,, |
| ૧ | ,, પરબતજી નાગાજી | ,, |
| ૨ | રા. રા. ટપેદાર ભુરા વજશી | વીતરારા |
| ૨ | પટેલ મુરૂ અરજન | ,, |
| ૨ | રા. રા. ટપેદાર ગીગા વજશી | ,, |
| ૧ | ભાઇ સાંમતભાઇ મોઢા | કોટડા |
| ૧ | પટેલ એભલ રણમલ | ઠોયાણા |
| ૧ | ભાઇ એભલ કેશવારા | ,, |
| ૧ | ,, માલદે ફીસા | એરડા |
| ૧ | ,, ડેબા જીવા | ,, |
| ૧ | પટેલ અરશીભાઇ | વીસાવાડા |
| ૧ | ભાઇ રામભાઇ ગરાસીયા | ,, |
| ૧ | ,, જેઠા માલદે | ,, |
| ૧ | ,, દેવા સીદી | ,, |
| ૧ | ,, અરસી સવદાસ | સોઢાણા |
| ૧ | ,, કારા દુદા | ,, |
| ૧ | ,, મેણંદ સાંગણ | ,, |
| ૧ | ,, રાણા આલા | બોખીરા |
| ૧ | ,, હાદા કારા | ,, |
| ૧ | ,, દેવસી સવા | ,, |
| ૧ | ,, લાખા રામ | ,, |

| | | |
|---|---|---|
| ૧ | ,, માલદે રામ | ,, |
| ૧ | ,, ગીગા ધના | ,, |
| ૧ | ,, મેણંદ જેસા | ,, |
| ૧ | ,, સવદાસ સામરા | નવાગામ |
| ૧ | પટેલ ઠેબા સરમણ | ગરેજ |
| ૧ | ,, હરદાસ મશરી | ,, |
| ૧ | ભાઇ મુળુભાઇ મોટરવાળા | દાદર |
| ૧ | ,, રાજસીભાઇ | માલ |
| ૧ | પટેલ નેભા જેઠા | મહીયારી |
| ૧ | ,, હમીર મેસુર | ધધુસર |
| ૧ | ,, લાખાભાઇ | ,, |
| ૧ | ,, શીણા ભગુ | રાતડી |
| ૧ | ,, કારાભાઇ | ગોરાણા |
| ૧ | ભાઇ ઝાંઝા ભગત | ખાંભોદર |
| ૧ | પટેલ હાથીયા રણમલ | છત્રાવા |
| ૧ | ,, ગાંગા વજશી | દેરોદર |
| ૨ | ,, ચના આગા | કાંસાબડ |
| ૨ | ,, જીવા સવા | ,, |
| ૨ | ,, રામા જીવા | ,, |



શ્રી મ્હેર વિદ્યાર્થીભવન તરફ માયાળુ લાગણી રાખનાર.
રાજરત્ન, દાનવીરસ્વરૂપ, શ્રીમાન શેઠ નાનજી કાલીદાસ મ્હેતા.

Hotdiwala Press.

# અર્પણ.

જેના રોમેરોમમાં આર્ય સંતાનોનાં કલ્યાણની ભાવના વ્યાપી રહેલ
છે, બુદ્ધિબળથી લક્ષ્મી મેળવી, પરોપકારાર્થે એ લક્ષ્મીનો સદ્વ્યય
કરી રહ્યા છે, ભારતનાં બાળકો સંસ્કારી અને આદર્શરૂપ બને
એવી ભાવના અને લાગણી નિરંતર દર્શાવી રહ્યા છે,
એવા, હિંદના વીરપુરૂષ, રાજ્યરત્ન, દાનવીર,
**શેઠ શ્રી નાનજી કાલીદાસ મ્હેતાને**
આ નાનકડું પુસ્તક—કે જેમાં જીવન જાગ્રતિની
રણભેરી છે–જેમાં સ્વસ્વરૂપને ઓળખવાનો
પડકાર છે જેમાં જીવનના અંધકારના પડદા
ચીરી નાખવાની ઉત્કૃષ્ટ ભાવના છે,
એવી, આ મ્હેર-કથા અતિ
પ્રેમભાવે સમર્પણ.

સંવત ૧૯૯૨
મહાત્માજીની
જન્મજયંતિ.

મ્હેર જ્ઞાતિ સેવક,
**માલદેવ રાણા**
ના નમસ્તે.

# પરિચય

સલૂણાં જલપારણાં ઝૂલવતી સોરઠ ભોમકા ભારત દેશે ભવ્ય અને ભયાનક છે : અદ્દભુત છે. એના પત્થરમાંના પુરાણોના, એના મૂંગી મૂર્તિમાંના જીવનમંત્રોના, એના પત્રરેખામાંના સંસાર સૂત્રોના ઇતિહાસવાહી પ્રભુદર્શનથી આંખોનાં પોપચાં ખૂલે છે. એના વેરાન પાથર્યાં ખંડેરો, એના પાધર-ઉભા પાળીઆ, એના સીમાડાના સ્મરણસ્તૂપો, એની ખેતર-મઢી ખાંભીઓના એકાદ શૈલકણની પણ વાચા ઉકેલાય તો એ ઇતિહાસ ઉચ્ચરતી કવેતાઇ લિપી પડ છે. એકદા કલ્પના કે કવિતા તો ઝંખવાઇ જાય. શૂરના રગરગ ધખતા રૂધિરરસ્યા રણાંગણની, ખુદ ખુદાનેયે ખડે પગે હાજર થવાનું ફરમાવતા ભવની ભાવટ ભાંગતા ભક્તજનોની, ગિરિ ગોહર ગજવતા ગોરખ સમ સાધુ તપસીઓની, વનકુંજે કોકિલ કૂજતી કો' રસરસિયેણુ શકુન્તલા કે બિયેટ્રિસ સમી ગામડાંની ગોરાંદેની શીલગાથા કે જડશું ચેતનમાં મ્હાલતા રસવિલોલ પ્રિયપત્નિ રઘવાયા યક્ષરાજ સમા રસરાજની પ્રેમવાર્તાની, સ્નેહ-સેવાની અજબ ધૂને આલમના ઓર-દોર ગૂંથતા મનુ-બાલની પ્રચંડકાય સૌરાષ્ટ્ર ધરણી જન્મે અને સંસ્કારે પ્રેરણાદાત્રી છે. એનો વીરત્વ નીતરતો ઇતિહાસ ટૂંકો નથી, નવો નથી; પરંતુ અવનવીન છે. સોરઠની કાળવહીની કથા પ્રાચીનમાંયે પ્રાચીન છે, એનું Romance Most Romantic છે. કાળસિન્ધુને તીર ઉભાં સુદામાપુરી ને સોમનાથ, ગિરિનગર ને દ્વારિકા આજનાં કો' મહાપુર સમાં પૃથ્વિને પાટલે સોહાતાં હતાં. એ પ્રાચીન પડો ભૂસ્તર જેવાં વિવિધવર્ણાં અને ભૂસ્તર જેટલાં ઇન્દ્રવર્ણાં છે.

**સુત્રામ :** દરિદ્રનારાયણ ઋષિ સુદામાની પદધૂલી પડેલી વનવન ઘેરી બ્હોંતેરસે બરડાની યુગપુત્રી શી ધરણી ગીતાના ગાનાર મહારાજના જન્મથીયે પવિત્ર પુરાણુ છે. યૂરોપનાં એથેન્સ ને, રોમ, ડેલોસ ને ટ્રોય આ ભોમકા પાસે રમતાં રસળતાં કેવળ ભૂલકાં હતાં. રોમ ૨૭૦૦ વર્ષ પૂર્વે, એથેન્સ ૩૫૦૦ વર્ષ પૂર્વે, પણ કુરુક્ષેત્રના રણુવિધાતા સમો ગુર્જર ગોપાલ ગારૂડી તો પાંચ હજાર વર્ષ પૂર્વેનો. ત્યારથી સુદામાપુરી અને સોરઠ કાળકથા ઉકેલતાં ઉભાં છે અને સાચે જ એનાં થર્મોપિલી સમાં ઘૂમલીનાં ખંડેર ભવ્ય છે, એનો મેરેથોનના તટ સમો મહાકાળની જેમ નિરંતર ઘૂઘવતો સાગરતટ ભયાનક છે. બરડાની પરવાડે યુગયુગ ઝંખતાં આભપરા ને ઘૂમલી, મિયાણી ને માધવપુર, શ્રીનગર ને છાંયાગઢ, વિસાવાડા ને મોઢવાડા : એ સૌની ઇતિહાસકથામાં કાળના સંકળાએલા આંકડા બોલે છે. એને ઉકેલવા સાધન અને સંપત્તિ બન્ને જોઇએ. બરડામાં વિચરતા સૌ વિચારે તો સાધન અને સંપત્તિનો સમન્વય દુર્લભ નથી. પણ એ ક્યારે ? વારૂ, કયો જોષી એ તિથિ પંચાંગમાંથી વાંચશે ?

એકદા આ બરડાની ધરામાં કેસ્પીઅન કાંઠેથી મધ્ય એશિઆમાંથી ઉતરી સિન્ધુકાંઠેથી મધ્ય સૌરાષ્ટ્રમાં થઈ સોરઠની સાગરસીમમાં મૂળ ભોમનાં આખરી સંભારણાં સમાં ઘાટીલાં અને ભરાવદાર શરીર, જલદ અને જુસ્સાદાર પ્રકૃત્તિ, બળ બાહુમાંથી બરછી ઉછળતી મર્દાનગી અને તાક્યાં તીર ય અફળ ન નીવડે એવા વેધક નૈપુણ્યનો ઉજ્જવળ વારસો લઇ એક પ્રાણવાન પ્રજાએ સંચાર કર્યો. આ જાતિ તે મે'ર પ્રજા. એની પ્રાચીનતા અને મૂળ ભોમ ખોળવા ખૂબ જર અને જહેમત ઇતિહાસ નવેશોએ ખર્ચ્યાં છે. ઇલિયટ અને ડાઉસનની ડેન્યુબ આરે વસતી આ જાતિને ફારસી વિદ્વાન ઇસુના જન્મ પૂર્વે છ સૈકા પહેલાંની અને ફ્રેંચ વિદ્વાન મો. રોઇનદ મુખ્યત્વે મોટા પ્રમાણમાં ઢોરો રાખવાનો ને ઉછેરવાનો ધંધો સ્વિકારતી લેખી ઇસુ જન્મ પૂર્વે બે થી ચાર સૈકા સુધીમાં થયાનું ગણે છે. મનુનીહિમાલય અને વિન્ધ્ય પ્રદેશવાસી બૃહત્સંહિતાની આ **મેદક**

જાતિ મહાભારતમાં સિન્ધુ કાંઠે વસતી પાંડવ વિરોધી કૌરવ મિત્ર તરીકે ઉદ્બોધાયેલ છે. ગુજરાતના મેરુદંડ સમા રેવતાચળની છાયામાંના સ્કંદગુપ્તના શિલાલેખમાં અને વલ્લભીના તામ્રપત્રમાં સૂર્યપૂજક **મિહિર** નો પર્યાય શબ્દ **મિત્ર** નો ઉલ્લેખ છે સ્કંદગુપ્ત પછી નિર્વીર્ય અને નિર્માલ્ય બુદ્ધગુપ્તની સત્તા ફગાવી સિન્ધુમાંથી ઉતરી મચ્છુકાંઠે સૌરાષ્ટ્રમાં આ પ્રજાએ વસવાટ શરૂ કર્યો. ઇસુના છઠ્ઠા સૈકામાં ઘૂમલી-ભૂમલિકામાં રહ્યા બાદ વલ્લભી વિનાશ પછી મે'ર પ્રજા જેઠવા રાણાની ધ્વજ છાયામાં બરડા પ્રાન્તસ્થ થઇ અને તેમાંનો કેટલોક ભાગ ગોહિલવાડ તરફ વળ્યો. ચિની પરિવ્રાજક સંગ્યુન, કર્નલ ટૉડ, બાર્ટન, જ્હોન વિલ્સન, કેપ્ટન વિલ્બર ફોર્સ, બેલ, કર્નલ વૉટસન, ઇથોવન, શ્રી. વિશ્વનાથ વૈદ્ય, શ્રી. નારાયણ ઠક્કુર, શ્રી. ગોવિંદભાઇ દેશાઇ, સ્વ. ભગવાનલાલ સંપતરામ અને છેવટે સાહિત્ય પરિષદના અગિયારમા અધિવેશનમાં આલખનાર સૌએ નિજ નિજના અભ્યાસ-શીલનથી આ પ્રાચીન થર ઉવેખ્યા છે; પણ આ પ્રજાનાં પડો તો ભૂસ્તરનાં પડો ઉખેડવાં જેટલાં કપરાં અને ખેડવાં જેટલાં અઘરાં છે.

પણ આ તો હજી કાળનો એક વાયરો આવે અને ઓસરે ત્યારની, હજી ગઈ કાલનીજ કથા છે. સ્પાર્ટન્સ, રોમન્સ કે પાર્થીઅન્સ સમી જગતની શૌર્યધેરી પ્રજા કો'ક હશે. વીર પ્રજાના જીવન ઉત્સવમાંયે પ્રચંડ અને પ્રભાવવંત પાણી ઉછળે છે. મે'ર પ્રજાના જીવન ઉત્સવો નાપાકનેયે પાણી પાય એવા હોય છે, માયકાંગલા મુવાલીનેયે પુરૂષાતનની પ્રેરણાથી જગાડે છે. એના ભીમ અગીયારસના, શિવરાત્રિના, હુતાશનીના, જન્માષ્ટમીના, રામનવમીના, માધવપુરના કે વીસાવાડાના મેળાના, લગ્નના, એવા અકેકેક જીવન ઉત્સવોમાં સ્પાર્ટાના ગેરબન્ધ રમા જળભીના કો'ડા કે પત્થર ફેંક્યા દ્વન્દ્વયુદ્ધમાં કે એવી એની અન્ય પ્રકારની ઉત્સવક્રીડામાં વીરશ્રી ઝરે છે.

ગીરનાં વન સિંહસૂનાં હોય તો સોરઠની ધરા વીરત્વસૂની હોય. મે'ર એટલેજ જવાંમર્દી. હજી યે રહ્યાસહ્યા શૌર્યના અવશેષ એને

અંગઅંગ ફરકે છે. અકેકેક મે'ર જવાન એટલે વીરહાકથી ધરણી ધણધણાવતા એકલપન્થી સિંહરાજની કથા. આજે યે એની મૂછના મરોડ અને વળાંક, એની કાળી ભમ્મરમાંથી ઉડતું ઉછળતું પૌરુષ આંખોને ઘડીભર આંજી નાંખે. આજનો એ સાંતી હાંકતો, ખેડ ખેડતો મે'ર આંકડિઆળા કેશ ગૂંથ્યો રાજપૂત તેજનાં આથમતાં કિરણો ફેંકતો મર્દાનગીની માનવ–મૂર્તિ છે. પગલે પગલે સાહસને ન્હોતરતી, નોક કાજે શિર સાટે નેકીટેકીની વ્રતધારી મે'ર પ્રજાના પિંડમાં ને પ્રાણમાં શૌર્ય છે. ગીતાભેટાળા વૃદ્ધ મે'રની નિત્યચર્ચા પંડિતસમી વેદાન્તની છે. એ કોમના થર ઉકેલવા એટલે એક જ્વલંત અને જીવતી જાગતી શૌર્યકથાની ઇતિહાસયાત્રાએ પરવરવું. મેહ જેઠવા ને શિવા રાણા, હલામણ ને જેતમાલ, વિક્રમશી ને ભાણ જેઠવા, લીરબાઇ ને રામબાઇ, વિંઝાત ભગત ને વાછર દાદા, કાંધલજી ને કાળુજી, હાથીઆ ને રીણા, આઇ જાસલ ને મૂળી, કાંવિદાસ ને દુદા ભગત, હરભમ ને નાથો, ગોવા ને વીસાલાંગણ, ભડદાસ ને નાકરો, વિંઝાત દેવા ને મેણંદ, વીંઝો ને વેજો, જાજરમલ ને કંથડ મસરી સમી માનવ–મૂર્તિઓના ઇતિહાસ દર્શનમાં વૈયક્તિક વીર્ય અને વર્ચસ્વ વસેલાં છે. આમાંના કેટલાંક દર્શન આ પુસ્તકમાં મળી આવશે.

સાગરકાંઠાની આ શૂરવીર જાતિના પહેરવેશ ને રીતિરિવાજને, આંગણાં અને ઓરડાનાં કલા ને શણગારને, ઘરઘરનાં સૌંદર્ય અને લાવણ્યને, સુખ અને દુઃખને, ગુણ અને અવગુણને સમાજવિજ્ઞાનની દૃષ્ટિએ અભ્યાસવાં જોઇએ.

પણ આજે એ પ્રજા ક્યાં ? રગતી, રસળતી, ચગદાતી આજે ચૂંથાઇ છે. એ સાચું છે કે એ પ્રચંડ અને પાણીદાર કોમનાં ખમીર આજે ઓસર્યાં છે. એનું વીરત્વ આપસઆપસના કલહની ખૂનરેજી કે હત્યાકાંડ રૂપે પરિણમેલ છે.

આ અને આવાની સુધારણા કાજે, ગૌરવ ન વણસે એ કાજે માનવીઓએ કાયદા ઘડયા; પણ કાયદા ઘડતાં કાયદાબાજોએ કાયદા-દેશે માનસશાસ્ત્રનાં અભ્યાસ-તારવ્યાં સૌમાન્ય સત્યોને દેશવટો દીધો. કાયદાશાસ્ત્રીઓ રૂપીઆની મ્હોર જોઈ, છાપ જોતી વિસરી ગયા. માનવી આજે આગળ વધ્યો છે. એણે પોતાના વિજ્ઞાનને આધારે માનવીનાં સુખ સૌભાગ્ય કાજે જડને પણ ચેતન શું ગણી ચેતન ભણી વાળ્યાં. આજે તો નિરર્થક અને નિરૂપયોગી ન નીવડે એ કાજે અલુણાં જળની નહેરો ને નીકો બંધાય છે, ખેતરો સીંચાય છે, ખાનપાનની સમૃદ્ધિ બક્ષાય છે. રુલુણાં જળનાં સભરસ જીવન-રસને પ્રાણ દે છે, આજે એમાંથી દૂર દૂર દેશે સંદેશા જોડવાય છે; પણ માનવી જેવા માનવીની સાહજિક વૃત્તિ વાળવા સામે આંખ-મીચામણાં કેમ સેવાતાં હશે ? બગડેલ દૂધના દહિંમાંથી યે નવનીત નિર્ગળે છે; એ આપણા સંસ્કારડાહ્યા વ્યવહાર કુશળ વ્હેવારીઆથી ક્યાં અજાણ્યું છે ? કાયદામાં શક્તિના કે યમ નિયમના વિરોધ ન ઘટે. લક્ષ્મીના દુરૂપયોગ ગરીબો નિહાળે છે, સત્તાના દુરૂપયોગ સેવકો રહમજે છે. વિદ્યાના દુરૂપયોગ ઇતિહાસ નોંધે છે. આ તો શક્તિના દુરૂપયોગ છે. એ વણસાડે નહિ પણ વિકસાવે ફૂલે, ફાલે અને ફળે. કાયદા એ દૃષ્ટિ અપનાવે તો ? તો આપણો દેશ સ્વાધિન કહેવાય.

)) એ કાર્ય કોઈને ન સૂઝ્યું. સૂઝ્યું એક કાંઠાળા આધેડ વયના પુરૂપાતન સાથે રમત ખેલતા પડછંદ આદમીને. એની આંખોમાં કલાભરી રસિકતા છે, અંગે ઉત્સાહ ઉછળે છે. પોતાના જાતભાઈની ગમખ્વાર હાલત અને ખાખ થઈ જતી જાન અને માલની રિયાસત દેખી એની રગેરગમાં વ્હેતા રૂધિરમાં અજબ ઉષ્મા આવી અને કાળજું કંપ્યું. એણે એના ઉદ્ધાર કાજે વ્રત લીધું : ભેખ લીધો. એના પિંડમાં ને પ્રાણમાં એકજ ધૂન છે—મે'ર પ્રજાની સાત્વિક પ્રગતિ-પ્રવૃત્તિની, સંસ્કારની. એકલદંડી એ ભેખધારીએ 'त्यक्तेन भुञ्जीथा :' સ્વીકાર્યું. મ્હેરોના ભલા માટે મ્હેરોના ગામેગામે અને ગલીએગલીએ ભિક્ષુક બની એકલો ભટક્યો અને ભટકે છે.

એણે કળકળતે હૈયે સૌને જગાડ્યા. આવતી કાલની પ્રજા સંસારચોકમાં નિડરપણે ઉભી શકે એ કાજે બાંધીહડીનું છાત્રાલય સ્થાપ્યું અને આજે એજ સેવાની કંથા ધરેલ પોતાની કોમનાં પ્રાચીન ખમીરનાં દર્શન કરાવવા આ પુસ્તક પ્રગટ કરે છે. એ ભેખધારી તે પોરબંદરના ભૂતપૂર્વ કલાકાર, સ્નેહશોભન્તા આ પુસ્તકના સંપાદક **શ્રી. માલદેવભાઇ.** ))

આ પુસ્તક કોઇ સાક્ષરે વિદ્વતાથી નથી શણગાર્યું, કોઇ કવિએ કલ્પના પિંછીથી નથી રંગ્યું, કોઇ ઇતિહાસ કે પુરાણી કથા ચાળી ચાળીને નથી ચૂંથી; પણ આ પુસ્તક એક ભાવુકનું છે. ભક્તિભીના હૈયે પોતે જાણ્યું, સાંભળ્યું ને જોયું તે લખ્યું. આ તો પ્રાચિનની પ્રેરણા છે, પૂર્વના પડઘા છે. આછાં ને અધૂરાં તો યે અસ્થિ સિંચન છે. પ્રાચિનતા પૂજ્ય છે, અર્વાચિનતા આયુષ્યની કેડી છે. સૌએ એ કેડી ખેડવાની છે; પણ એ માં ભૂલાય કે પિતૃઓને પૂજે તે પુત્રનાં પૂજન પામે. આજે શ્રાદ્ધ પર્વણીઓ છે. શ્રી. માલદેવ રાણા પિતૃઓનાં શ્રાદ્ધ સારે છે, પિતૃઓનાં પૂજન કરે છે. ભાવિ પ્રજાનાં પૂજન અર્ચના અવશ્ય પામશે.

મને આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું કહેવામાં આવ્યું ને મેં નકાર્યું. એ કાર્ય તો પોરબંદરમાં વસતા વિદ્વાન કે સાક્ષર, કવિ કે ઇતિહાસકના હાથને શોભે. હું તો એ કોમનો એક અદનો અભ્યાસક અને Admirer છું. ઇસુ વર્ષ ૧૯૨૨ થી સૌરાષ્ટ્રની જાતિનો અભ્યાસ શરૂ કરવાનું સૂચન લોકસાહિત્યના અડંગ અભ્યાસી શારદા તંત્રી શ્રી. ગોકુળભાઇ રાયચુરાએ કર્યું અને એના પરિણામે રબારી, આયર, મહીઆ, હાટી, મે'ર, મકરાણી, વાઘેર, કાઠીના અભ્યાસ અને અનુશીલન આદર્યાં. ચાળવાને જોઇતાં સાધન અને સંપત્તિના અભાવે તારવેલી નોંધો હજી આવી, એવી પડી છે. રબારી અને મે'રનાં અભ્યાસશીલન તો આછાં અધૂરાં તો યે ગુજરાત પાસે મૂકાઇ ગયાં છે. સંપત્તિ યારી આપે તો સાધન વસાવાય અને સેવેલાં સ્વપ્નાં સાચાં ઠરે.

શ્રી. માલદેવભાઈ આ પુસ્તક લખી પ્રગટ કરી મારા ધારેલ કાર્યને હળવું કરે છે; એટલે મને આ પુસ્તક પ્રકાશન સાથે હર્ષ થાય છે. એમનો હું આભારી છું. કેટલાકનાં ભાગ્યમાં સ્વપ્નાં સર્જ-વાનું લખાયેલ છે. જીવનમાં ઉતરે ન ઉતરે ત્યાં, દેખાય, ન દેખાય ત્યાં એ સ્વપ્નાંની પિચ્છ કલામ વિખરાઇ જાય.

વર્તમાનના કાલગંગાને કાંઠે ઉભી ભવ્ય ભૂતકાળની પ્રેરણા ઝીલી, ભાવિજીવનમાં મે'ર પ્રજા સોહાગ સીંચે તો શ્રી. માલદેવ-ભાઇની તપશ્ચર્યા ફળી લેખાય. એ કાર્ય મે'રનો અકેક જવાન ને વૃદ્ધ આદમી સ્હમજી આચરી લે, એજ આશા.


પોરબન્દર.
રેંટીયા બારસ,
૧૯૯૨.

જયેન્દ્ર પાઠક.

# — અનુક્રમણીકા —


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | વીંઝાત ભગત ... ... ... | ૩ |
| ૨ | ભડવીર હરભમ કેશવારા ... ... | ૧૧ |
| ૩ | વીર હરભમ સોઢાણાવાળા ... ... | ૩૨ |
| ૪ | વીર કાળવો ઓડેદરો ... ... | ૩૯ |
| ૫ | શ્રી લીરબાઇ માતાજી ... ... | ૫૪ |
| ૬ | ભડવીર નાથો મોઢવાડીયો ... ... | ૬૨ |
| ૭ | જવાંમર્દ રાણો ફોજદાર ... ... | ૧૦૨ |
| ૮ | ભડવીર જેતમાલ ... ... ... | ૧૧૧ |
| ૯ | ટેકીલો લાધવો મ્હેર ... ... | ૧૨૫ |
| ૧૦ | કાંધલજી મ્હેર ... ... ... | ૧૪૦ |
| ૧૧ | કાંધલજી મહીયારીવાળો ... ... | ૧૪૯ |

2



શ્રી વીંઝાત ભગતે વીસાવાડામાં બંધાવેલાં મંદિરનો થોડો ભાગ.

Hattiwala Press.

# શ્રી વીંઝાત ભગત

પોરબંદર રાજ્યની હદમાં પોરબંદરથી સાત ગાઉ મહેર જ્ઞાતિમાં કેશવારા મહેરોનું નિવાસ સ્થાન વીસાવાડા ગામ છે. આ ગામમાં અનેક શુરવીર, ભક્ત અને દાતા પુરૂષો મહેર જ્ઞાતિમાં થઇ ગયા છે. તેમાંના એક ભક્ત પુરૂષ **શ્રી વીંઝાત ભગતની** આ કથા છે. વીસાવાડા ગામે દેશ પરદેશથી અનેક ભાવિક ભકતો યાત્રા માટે આવે છે. વીસાવાડા એ મુળ દ્વારકાના નામથી ઓળખાય છે. એવી શી મોહીની છે કે આ ધામ ભક્તજનોને આકર્ષી રહ્યું છે? આ ગામ મુળ દ્વારકાના નામથી શા કારણથી ઓળખાય છે? આવા પ્રશ્નો આવનારા ભક્તજનોના હૃદયમાંથી ઉઠતા હશે; પણ તે બાબતની વિશેષ હકિકત જાણવાની કોઇને મતલબ નથી. જ્ઞાનવાવમાં નાહી ભગવાનનાં દર્શન કરી ચાલ્યા જાય છે. એનો મુળ ઇતિહાસ જાણવામાં બેદરકાર રહે છે.

આજની આ કથા એ સર્વ પ્રશ્નોનો જવાબ આપશે.

આજની કથાની સત્ય હકિકતને એટલે ઇતિહાસના શુદ્ધ આત્માને તો લોક કલ્પનાએ ઢાંકી દીધો છે; પણ સત્ય હકિકત ઢાંકી ઢંકાતી નથી, પણ સ્વભાવિક બહાર આવી જાય છે.

કેસવારા કુટુંબમાં જન્મ લીધેલ આ પવિત્ર આત્મા જગતમાં વીંઝાત ભગતના નામથી ઓળખાતા હતા. વીંઝાત ભગત અભણ હતા. ધાર્મિક શાસ્ત્રોનો બહુ અભ્યાસ કરેલો નહોતો.

વાસ્તવિક રીતે તો પ્રભુપદ પામવા માટે અથવા આત્માના ઉદ્ધાર માટે માત્ર ઝાઝાં ધર્મશાસ્ત્રો વાંચવા અને ગોખણપટી કરવી તે કરતાં જેટલું સમજે તેટલું પોતાના જીવનમાં જો આચરણમાં મુકે તો ઘણો લાભ મેળવી શકે. અભણ માણસ પણ જો સમજણપૂર્વક આશા અને તૃષ્ણાના ફાંસલા કાપતો જાય તોજ માયાના પ્રદેશમાંથી નીકળી શકે. સંસારની રાગદ્વેષની બેડીઓમાં બંધાએલો માણસ શાસ્ત્રોની મોટી મોટી વાતો કરે, મોટા મોટા લેખ લખે, વિદ્વતા ભરેલાં ભાષણ આપે; પણ જો તે માંહેલું કંઈ પણ આચરણાં મુકવાનું તેનામાં બળ ન હોય તો શુષ્ક જ્ઞાનથી આત્માનો ઉદ્ધાર થઇ શકે નહિ. કામ, ક્રોધ, લોભ, મોહ ઇત્યાદી શત્રુઓને જેમણે જીત્યા છે; પોતે જ્યાં જ્યાં નજર કરે છે ત્યાં ત્યાં તેને પરમાત્માનુંજ સ્વરૂપ જોવામાં આવે છે; જેની નજરમાં કોઇ મિત્ર નથી તેમ કોઇ શત્રુ નથી અને જેના હૃદયમાં સમભાવના પ્રગટ થયેલ છે તેવા મહાન પુરૂષોજ પરમ પદને પામી શકે છે. એ નિયમ અનુસાર વીંઝાત ભગત પણ ભણેલા નહિ હતા. શાસ્ત્રોનું જ્ઞાન નહિ હતું પણ સંત પુરૂષોની સેવા કરી તે દ્વારા આત્મ ઉન્નતિનો અનુભવ ઘણો મેળવ્યો હતો અને એ અનુભવને લીધે પોતાના મનના મેલને ધોઇ, આત્માને ઉજ્વળ બનાવ્યો હતો. નીતિને રસ્તે ચાલી પોતાનું જીવન વ્યતિત કરતા હતા. ઘેર આવેલ અતિથીઓનો પ્રેમથી સત્કાર કરતા, યાત્રાએ આવેલા સાધુ સંતને પોતાને ઘેર તેડી જઇ જમાડતા. કોઇ દુઃખી માણસોનાં દુઃખ જોઇ તેનું હૃદય દુઃખી થતું અને તેનાં દુઃખો દુર કરવા બનતો પ્રયત્ન કરતા. અભણ હતા પણ ઇશ્વિર પ્રત્યે તેમની અડગ ભક્તિ હતી. શાસ્ત્રોનો અભ્યાસ નહિ છતાં અધ્યાત્મ સંશોધનનું તેનામાં અપાર કૈવત હતું. માયાના પ્રદેશમાં રહ્યા છતાં પણ માયાના ગુલામ બન્યા નહોતા. વિશુદ્ધ જ્ઞાનની જ્યોતી જગાવે તેવી તેની વિશુદ્ધ ભક્તિ હતી: વિશુદ્ધ ભાવના હતી. અને એને લઇને સંસારની અસારતા તેમના જાણવામાં આવી હતી અને પોતે પ્રભુમય જીવન વીતાવતા હતા.

વીંઝાત ભગત માટે એમ કહેવાય છે કે દ્વારકાંનાથજીના મંદિરની ધ્વજાનાં દર્શન કર્યા બાદ દરરોજ જમવાનો નિયમ હતો. ગમે તેવા મુશ્કેલી ભરેલા સંજોગોમાં પણ એ નિયમ તેણે કદી તોડયો ન હતો. હંમેશાં કોઇ પણ નિયમ કે ટેક લેવી જેટલી સહેલી છે તેટલી તે પાળવી મુશ્કેલ છે. ભક્તની કસોટી કરવા ને તેનો તાગ લાવવા માટે ભક્ત આધિન ભગવાન છેવટ સુધી તેની કસોટી કરે છે. જયારે બીજી બાજુ ભક્તની લાજ રાખવા માટે પણ કટોકટીના પ્રસંગે પણ ભગવાન હાજરાહજુર ઉભો રહે છે.

વીંઝાત ભગત વીસાવાડેથી રોજ ઘોડી ઉપર બેસી શ્રી દ્વારકા-નાથજીના મંદિરની ધ્વજાનાં દર્શન કરવા જતા અને દર્શન કરી આવીને દરરોજ જમતા.

એક દિવસ વીંઝાત ભગત તેમની ઘોડી ઉપર બેસીને રવાના થાય છે. સુર્યનારાયણનાં કીરણ ફુટતાં આવે છે. ઉગમણી બાજુના અંધારાને દુર કરનારાં સુર્યનારાયણનાં કીરણો ચારે બાજુ પ્રસરી રહેલાં છે. વનરાયની અંદર આખી રાત્રી મુંગાં બની બેસી રહેલાં પક્ષીઓ કીલકીલાટ કરી ગાજી રહ્યાં છે. આ દ્રશ્ય જોતા જોતા વીંઝાત ભગત પ્રસન્નતાથી આગળ ચાલ્યા જાય છે.

રસ્તામાં એક બ્રાહ્મણ આડો ફરી તેની ઘોડીની લગામ ઝાલી રોકે છે અને કહે છે કે : "વીંઝાત ભગત, મારી એક વાત માનો અને તમે આંહીથી પાછા ઘેર જાઓ."

વીંઝાત ભગત બોલ્યા : "મા'રાજ મારાથી ભગવાનના મંદિરની ધજાનાં દર્શન કર્યા વિના પાછું ફરાય તેમ નથી."

બ્રાહ્મણ બોલ્યા : "વીંઝાત ભગત, તમે ઈ તમારી ખોટી હઠ મુકી દીયો અને મહેરબાની કરીને પાછા વળો. હું આ તમારા

લાભની વાત કરૂં છું. તમને લુંટવા માટે અને તમારી આ તેજદાર ઘોડી પડાવી લેવા માટે કાબાઓની ટોળી ઓડા બાંધીને બેઠી છે. તો તમે જાશો તો લુંટાઇ જાશો અને આ તમારી ઘોડી તમે ખોઈ બેસશો."

વીંઝાત ભગત બોલ્યા : "મા'રાજ તમે મારા લાભની વાત કરી ઈ સાચી; પણ મારૂં જે નીમ છે ઇ કેમ મુકાય. તમે સમજો નહિને ઠાલી ધડ કરો ઇ શું કામ આવે. લુંટાવાની બીકે હું મારૂં નીમ તોડી નાખું? મા'રાજ, જી થાવું હોય ઈ ભલે થાય; બાકી પાછો તો નહિંજ ફરૂં."

બ્રાહ્મણ બોલ્યા : "વીંઝાત ભગત, ઈ નીમ ને ઇ ટેક ને ઇ બધાં આપણા શરીર પછી છે. શરીરનું રક્ષણ થતું હોય તો પછી નીમને મુકી દેવામાં શું વાંધો?"

વીંઝાત ભગત બોલ્યા : "મા'રાજ, તમે ભામણ થઇ આવી અવળી સલાહ આપવા કયાંથી આવ્યા? મારો ધર્મ મુકાવવાની શીખામણ દેવી હોય કે ધર્મને ખાતર મરી પીટવાની શીખામણ દેવી હોય? મા'રાજ, મને મોટો ધોખો તો ઇ થાય છે કે ભામણમાંથી પણ સત અને ધરમ ગયાં કે શું? મા'રાજ, આ કાયા તો પડી જાવાની છે. તો ઈ માંસના લોચા અને હાડકાંના ભારા સારૂં હું મારો ધરમ મુકી દઉં? હું મારી ટેક મુકી દઉં એમ? એવી ખડ ખાવાની વાત મારી પાસે ન હોય. મારી ટેક રાખવા સારૂ મારૂં મોત થાતું હોય તો ભલેને થાય. આ કાયા એક વાર પડવાની જ છે ના? કાયાનો મને મોહ નથી. તેમ મા'રાજ, મને મરવાનો ડર નથી. માટે ઘોડીની લગામ મુકી દીઓ, મારે મોડું થાય છે. ઇ તમારી શીખામણ

મારે જોતી નથી. જે મરવાથી બીએ છે એ પ્રભુપદ પામવાને લાયક જ ન ગણાય. મા'રાજ, અંહિ તો એકજ વાત છે:—

**"ભક્તિ છે શુરવીરની સાચી,**
**લીધા પછી ન મેલે પાછી."**

દરેક પ્રકારનો ભોગ આપવા જે ભક્ત તૈયાર હોય, તેજ પ્રભુના સ્વરૂપમાં ભળી શકે છે. માટે મા'રાજ એવી ગાલાવેલી વાતુ કરવી મુકી દીઓ. તમારો ઇ ઉપદેશ મારે સાંભળવો નથી. ઇતો ઠીક છે તી મારા નાથની મારા ઉપર અપાર દયા છે, તી મારૂં તો મન ફરે એમ નથી; બાકી કાચાપોચાને તો તમે ફેરવી નાખતાં વાર ન લગાડો. મહારાજ, તમે તો અમારાં તરવાનાં તુંબડાં છો. તમે પોતે આવી બુડવાની વાતુ કરો તો તો તમે બીજાને શું તારી શકો? માટે હવે તમે તમારે રસ્તે ને હું મારે રસ્તે. જો તમારે કંઇ દક્ષિણા જોતી હોય તો આપું; બાકી મારે હવે તમારી વાતુ સાંભળવી નથી."

બ્રાહ્મણ બોલ્યા : "વીંઝાત ભગત, તમે તો ભગવાનની ભક્તિમાં તમારૂં સાવ ભાન ભુલ્યા. તમે એમ તો વિચાર કરો કે તમે જાતના મહેર : અને મહેરને કોઇ લુંટે તો પછી દુનિયામાં હાલવા જેવું રહે? વળી તમે એકલા છો અને ઇ તો પાંચ સાત જણા હથીયારબંધ છે. માટે તમારી બહાદુરી પણ ત્યાં કામ આવે તેમ નથી; એનો તો તમે વિચાર કરો? હું તો કહું છું કે તમે આજ શુકન વાડે કરો. જો તમે તમારી આબરૂ જાળવવા માગતા હો તો પાછા ફરો. વળી કોણ જોવા બેઠું છે કે વીંઝાત ભગતે ધજાનાં દર્શન કર્યાં છે કે નથી કર્યાં? તમે તમારે કેજોને કે દર્શન કરી આવ્યો."

વીંઝાત ભગત બોલ્યા : "અરર, મા'રાજ ! તમારી બુદ્ધિમાં કંઈ ફેર પડયો છે કે શું ? તમને અટલીએ ખબર નથી, અટલોય ભગવાન પર વિશ્વાસ નથી કે ભગવાનના ખરા ભકતોની લાજ જાયજ નહિ. તમારી વાતુ જોતાં તો હવે હળાહળ કરજુગ આવ્યો એમ લાગે છે. નકણુ ભામણોના મોઢામાં આવી વાતુ હોય ? તમને ભગવાનમાં વિશ્વાસ નથી તો તો તમારી માળા ને પુજા ને જપ ને તપ ને ઈ બધું જે કંઇ કર્યું ઈ તમારૂં બધું નકામું થીયું મારાજ ! મા'રાજ, દુઃખ લગાડજોમાં હો; પણ સાચું કહું છું કે તમારા ઇ માળા ને ઇ પુજા દુનિયા ને ભોળા માણસ પાસે દેખાડી પાકા સીધા પડાવવા સારૂજને ? મા'રાજ, તમે તો ભામણ છો; અમારા દેવ છો. હું હવે વધારે કહું તો પાપનો ભાગીદાર થાઉં; પણ હવે ભલા થઇને આવી શીખામણો કોઇને દેજોમાં. બાપલા, તમારી શીખામણ તો એવી હોય કે જે ધર્મને ખાતર મરી જાણે. તમારી શીખામણ તો એવી હોય કે પ્રભુના નામે પોતાની પ્યારામાં પ્યારી વસ્તુની કુરબાની કરે. તમારી શીખામણ તો એવી હોય કે સંસારની મોહજાળને તોડી છીન્ન ભીન્ન કરી માયાના પ્રદેશમાંથી મોકળો થઈ આત્માનો ઉદ્ધાર કરી શકે. એક કાયર માણસના મોઢામાંથી જે બોલાયું નીકળે એવી શીખામણો તમારી હોય ?" વીંઝાત ભગત ઘોડીને ચલાવવા પગની એડી મારે છે અને કહે છે કે : "મા'રાજ, લ્યો હવે પગે લાગું છું; બોલ્યું ચાલ્યું માફ કરજો."

બ્રાહ્મણ બોલ્યા : "વીંઝાત ભગત, એમ જવાશે તે કેમ ? હવે તો તમે મને મુકશો પણ હું તમને મુકીશ નહિ." એમ કહી ભગવાને પોતાનું મુળ સ્વરૂપ પ્રકાશ્યું.

વીંઝાત ભગત ભગવાનને જોઈ ઘોડી ઉપરથી કૂદી પડયા. ભગવાનના પગમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી ભગવાનના પગને

વળગી રહ્યા. ભગવાન પ્રત્યેના પ્રેમના આવેશમાં તેનું હૃદય ભરાઇ આવ્યું. પ્રેમાશ્રુથી ભગવાનના પગ ભીંજાયા. ભગવાને તેના હાથ પકડી ઉભા કર્યા. છાતી સાથે ચાંપી ભગવાન બોલ્યા : "ભક્ત વીંઝાત, તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. આ કળીયુગમાં તમારા જેવા ટેકી પુરૂષો બહુ થોડા નીકળે છે. ભક્ત વીંઝાત માગી લ્યો, તમારી શું ઇચ્છા છે ? તમારી ઇચ્છા હું પુર્ણ કરીશ."

વીંઝાત ભગત બોલ્યા : "મારા પ્રભુ ! મારા નાથ ! મને સંસારની કોઇ પણ વસ્તુમાં પ્રિતી નથી. મારા પર જો આપની દયા હોય તો મને સદાને માટે આપના ચરણમાં રાખો એજ મારી છેવટની માગણી છે."

ભગવાન બોલ્યા : વીંઝાત, તમારી ત્યાગવૃત્તિ અને મારા તરફની અનન્ય ભક્તિથી હું તમને વચન આપું છું કે તમારી ભાવના સિદ્ધ થશે; પણ આ તમારો દેહ જ્યાં સુધી સંસારમાં રહેવા માટે નિર્માણ થયેલ છે ત્યાં સુધી સંસારમાં રહી જીવન પુરૂં કરો. તમારૂં ચિત્ત મારામાંજ છે એટલે સંસાર તમને બંધનકારક થશે નહિ."

વીંઝાત ભગત બોલ્યા : "ભગવાન, આ રંક સેવક પર તમારી પારાવાર દયા થઇ. તમે તો અધમ ઉધારણ છો. મારામાં તો કંઇ જ્ઞાનબળ, યોગબળ કે તપબળ નથી. હું તો કાલીઘેલી વાતોમાં ગુણ ગાયા કરીશ; અને પ્રભુ ! આપના રોજ દર્શન કરી શકું તે માટે આપની પ્રતિમા પધરાવીશ, મંદિર બંધાવીશ અને તમારી પુજા કરીશ. બીજી તો મારામાં કંઈ આવડત નથી."

વીંઝાત ભગતે વીસાવાડે સુંદર દહેરાં ચણાવ્યાં, ભગવાનની પ્રતિમા પધારાવી અને વિશુદ્ધ ભાવથી દરરોજ તેમની પુજા કરી પોતાનું જીવન ગુજારવા લાગ્યા. વીંઝાત ભગત જીવ્યા ત્યાં સુધી એક-

નિષ્ઠાથી ભગવાનની ભક્તિ કરી કૃતાર્થ થયા. મરણ બાદ તેમનાં બંધાવેલાં દહેરાંની યાદી માટે ભકત જનોએ વીંઝાત ભગતની પ્રતિમા પથ્થરમાં કોતરાવીને ભગવાનની મૂર્તિની પાછળની મંદિરની દીવાલમાં રખાવી. વીંઝાત ભગતે આસપાસ બીજાં ન્હાનાં મંદિરો પણ બંધાવ્યાં છે. આ મંદિરની બાજુમાં જ્ઞાનવવાવ છે, તેમાં ભાવિક ભકતો નાહી ભગવાનનાં તથા ભગવાનના અનન્ય ભકત વીંઝાતનાં દર્શન કરી ચાલ્યા જાય છે. આ મંદિરમાં એક શીલાલેખ છે અને તેમાં ૭૦૦ વરસ પહેલાં વીંઝાત ભગતે દહેરાં બંધાવ્યાનું કોતરેલ છે. આ શીલાલેખમાં સંવત સિવાય બીજો લેખ વાંચી શકાતો નથી. આ મંદિરો બંધાવ્યાં તેને ૭૦૦ વરસ થયાં.

હજુ પણ વીંઝાત ભગતના ગુણગાનની નીચે આપેલી પ્રભાતી અનેક પ્રેમીજનો ગાઈને વીંઝાત ભગતના જીવનના અપૂર્વ પ્રસંગને અમર બનાવે છે અને તેની સાથે શ્રોતાઓના હૃદયની મલીનતાને દુર કરી પાવન બનાવે છે.

એક ઈમાની વીંઝાત ભગત નીત જ્ઞાન નાતા,
ઠાકોર આગળ ભોગ ધરી પછી પરસાદ પાતા.
બ્રાહ્મણ રૂપે ભગવાન મળ્યા ભક્તવળો હવે પાછા,
આગળ તમારે ઘોડા બંધાણા લુંટી જાશે કાબા.
લુંટવાવાળા મનને લુંટે પગ ન ભરૂં પાછા,
રાખણહારો રાખશે તો તો શું કરશે એ કાબા.
શંખ ચક્ર ગદા પદ્મ ધરી દર્શન દીધાં દાતા,
વીંઝાત તારે વીસલપર આવું બોલ હરિ સાચા.
ડેરાં ચણાવી દ્વારકાં કીધી ફળી તમારી વાચા,
કરજોડીને બોલે પરમાણંદ શબ્દના છો સાચા.

# ભડવીર હરભમ કેશવાળા.

પોરબંદર તાબે મોઢવાડા ગામના રહેવાસી મોઢવાડીયા (સીસોદીયા) મ્હેર નાથા મોઢાનો હરભમ ભાણેજ થાય.

નાથો ભગત જ્યારે બ્હારવટે હતો ત્યારે તેને પકડવા માટે ઘણા પ્રયાસ કર્યા, પણ એ બધા પ્રયાસ જ્યારે નકામા ગયા, ત્યારે ખીસ્રીનો એક મ્હેર ખૂટયો અને નાથા મોઢાને દગાથી મારવાનું નક્કી કર્યું.

હાથલા ગામ (જામનગર તાબે) માં એક બ્રાહ્મણ બાઇને નાથા ભગતે બ્હેન માની હતી અને તેની પસલી પણ લેતો હતો. ઇનામની લાલચમાં આ બ્રાહ્મણી બાઇનો ધણી પોતાનો ધર્મ ભૂલ્યો અને વિશ્વાસુ નાથા મોઢાને તુરત મરણ પામે તેવું ઝેર, ખાવાની વસ્તુમાં આપ્યું. ઝેરની અસર તુરત થવા લાગી. પોતે સમજી ગયો કે દગો થયો છે. પોતાનાં હથીઆર લઇ ચાલતો થયો. ગામને પાદર પહોંચ્યો ત્યાંજ બેશુદ્ધ થઈ પડ્યો. પોતાની માનેલી બ્હેનને આ કાવત્રાંની ખબર નહોતી. પોતાના ભાઇની આ હાલત જોઇ બહુ કલ્પાંત કરવા લાગી. પોતાના ધણીને ફીટકાર દેવા લાગી અને કહ્યું કે: "પૈસાની લાલચમાં આવા ભડવીર મ્હેરને દગાથી માર્યો? પૈસો તો હાથનો મેલ છે. આજે છે અને કાલે નથી. તમે મારા પતિ છો;

હું વધારે શું કહું ? તમે જીવનભરનું કાળું કલંક લીધું. આવા વીર પુરૂષને દગાથી મારવાની કુબુદ્ધિ તમોને કેમ સુઝી ?"

નાથો મોઢો આગળ ચાલવા માટે ઉભો થાય છે અને પડી જાય છે. દગાથી પોતાનું મરણ થયું એમ તે સમજી ગયો; પણ બીજો ત્યાં ઉપાય નહોતો. તેની મર્દાઇ બતાવવાનો સમય નહોતો. પલટનના માણસો આવી મને પકડશે, એ બીકથી મ્યાનમાંથી તલ્વાર બ્હાર ખેંચે છે. તલ્વાર થોડી બ્હાર નીકળી બાકીની મ્યાનમાંજ રહે છે અને બેશુદ્ધ થઇ જમીન પર પડે છે. દેશોદેશના ફાંકડા જુવાનોને પણ ધ્રુજાવનારો વીર નાથો ભાંગ્યા તુટ્યા શબ્દોમાં બોલ્યો : "જેના ખોળામાં માથું મુક્યું, તેણેજ દ...ગો...ક...ર્યો" હે, રામ! કહી નાથા મોઢાનો આત્મા દેહથી જુદો પડ્યો.

ખીસ્રીના એક મ્હેર પુંજાનો આ દગાબાજીવાળા કાવત્રામાં ભાગ છે, એમ ખીસ્રી ગામના મ્હેર ભાઇઓને ખબર પડતાં સહુએ પુંજીયાને ફીટકાર આપ્યો અને કહેવા લાગ્યા કે પૈસાની લાલચમાં લલચાઇ જીવનભરનું કલંક વ્હોરી લીધું ? તારા જેવા હીચકારા અને બાયલાના આ કાળા કામાથી જીંદગીભર અમારે દુનિયાનાં મેણાં સાંભળવાં પડશે. તારા એકને ભુંડે અમે સર્વે ભુંડા કહેવાશું. પુંજીયા, તેં તો ભારે ભુંડી કરી! તારૂં મોઢું જોવા અમે ખુશી નથી.

નાથા ભગતની બ્હેનને જ્યારે ખબર પડે છે ત્યારે તેને વેરનો બદલો લેવાની જ્વાળા ભભુકી ઉઠી અને એજ વખતે પ્રતિજ્ઞા કરી કે : "મારા ભાઇને દગાથી મરાવવામાં જેનો હાથ હોય તેનો બદલો ન લઉં ત્યાં સુધી આ રંગીત લુગડાં મુકીને ધોરાં લુગડાં પે'રીશ અને દુનિયાને તેમજ દુશ્મનોને પણ બતાવી આપીશ કે એક સ્ત્રી જાત વેરની વસુલાત કેવી રીતે લઈ શકે છે!"

નાથા મોઢાની બ્હેને જ્યારે આ વેર લેવાની ધુનમાં પ્રતિજ્ઞા લીધી, ત્યારે તેનો પુત્ર હરભમ નાની ઉમરનો હતો. ત્યારે પોતાની માતાજીનાં બધાં કપડાં સફેદ જોઇને એક વખત કહ્યું કે : "માતાજી, આપણી નાતમાં તો ધોરાં લુગડાં પે'રાતાં નથી છતાં તેં આ ધોરાં લુગડાં કેમ પહેર્યાં છ? એનું કાઉં કારણ છે? ઇ જો મને કે'વામાં વાંધો ન હોય તો જલ્દી કહે."

માતા : "દીકરા હરભમ, આ ધોરાં લુગડાં પે'રવાનું કારણ ઉંડું છે."

હરભમ : "મા એવું કાઉં છે? મને જલ્દી કહે. શું તારૂં કોઇએ અપમાન કર્યું છ કે કંઇ નીમ લીધું છ? જે કારણ હોય તે મને તું જલ્દી કહે તો તેનો ઉપાય થાય."

મા : "દીકરા હરભમ, નાથા મોઢવાડીયાનું નામ તેં કોઇ દી' સાંભળ્યું છે? એ નાથો મારો ભાઇ થાય, તારો મામો થાય. એ તારા મામાને ખીસ્રીના મ્હેરે દગાથી મરાવ્યો. હાથલા ગામના બ્રાહ્મણને ખુટવીને ઝેર દઇને મારી નંખાવ્યો છ, પણ ઇ ખટકો મારા હૃદયમાં રહી ગયો છ. ઇ વાત યાદ કરૂં છ તાં મારૂં હૃદય બળી જાય છે." (હરભમની માને બોલતાં બોલતાં આંખમાં ઝળ-ઝળીયાં આવી આવી ગયાં અને ઓઢણાંના છેડાથી આંસુ લુંછ્યાં.) દીકરા હરભમ, તારા જેવા જવાંમર્દની હું મા થઇ અને તારા મામાના વેરીને ધુળ ચાટતો ન કરૂં ત્યાં સુધી હું અનાજ ખાઉં છ એ ધુળ ખાધા બરાબર માનું છ. આ મારાં નીમ લઇને પે'રેલાં ધોરાં લુગડાં તાં'સુધી ઉતરે તેમ પણ નથી." (માના શબ્દો સાંભ-ળતાં હરભમના હૃદયમાં વેર લેવાની આગ ભભૂકી હરભમનું હૃદય વેર લેવાની ધુનમાં ધણકવા લાગ્યું.)

હરભમ : "માડી, એમાં તું અટલી વ્યાધી કાઉં કરવા કર્યા કર છ. માડી, તું જરણાં રાખ. થોડા ગણ્યા ગાંઠયા દી'માંજ એને ભોં ભેગો કરી નાખું, તોજ મારૂં નામ હરભમ નકર મારી માને પેટે હું પાણો જનમ્યો એમ સમજજે. એના ખૂનથી મારી આ તલ્વારને નવરાવું નહિ તો તો મારી જનેતા લાજે ને!"

હરભમની મા બોલી : "દીકરા, તારા વચનમાં મને પુરેપુરો વિશ્વાસ છે. મારો દીકરો બોલ્યો ફરે નહિ, એ હું બરાબર જાણું છ; પણ એ વાતને આજને આજ અમલમાં મુકવાની ઉતાવળ નથી."

હરભમ : "માતાજી, હવે તો ઈ વેરનો બદલો ન લઉં, તયાં-સુધી મને અનાજ નહિ ભાવે; ઉંઘ નહિ આવે. શ્રીરામના સમ ખાઇને કહું છ કે જ્યાંસુધી એ પાપીનું માથું ધડથી નોખું ન કરૂં, ત્યાંસુધી આ ગામનું પાણી પીવું હરામ છે." (હરભમે આવેશમાં આવીને મ્યાનમાંથી તલ્વાર બહાર ખેંચીને માતાજીનો આશિર્વાદ લેવા માતાજીના પગમાં પડયો.)

શુરવીર માતાએ જાણ્યું કે મારો હરભમ હવે વેર લીધા વિના સુખે બેસે તેવો નથી. તેમ પોતાની પ્રતિજ્ઞા પૂરી કરવી છે, તે માટે હરભમનાં ઓવારણાં લીધાં. કપાળે ચાંદલો કર્યો. હૃદયના ઉંડાણમાંથી ઉદ્‌ગારો નીકળ્યા : "જા, દીકરા, તારી ફત્તેહ થશે. તારી ટેક પાળવાનું પ્રભુ તને બળ આપશે."

હરભમ, માતાને પગે લાગી આશિર્વાદ મેળવી ચાલતો થયો. આ વાતની ખબર નાથા મોઢાના દીકરા માલદેવને પડી, ત્યારે પિતાનું વેર લેવાની ઘણા વખતથી અભિલાષા હતી તે પૂરી કરવાનો મોકો મળ્યો. હરભમ અને માલદેવ વેર લેવાની ધૂનમાં બહાર પડયા.

## પ્રકરણ ૧૫ મે [illegible]

પોરબંદરથી છ ગાઉ વીસાવાડા ગામે, દર સાલ સાંતમ આઠમ (જન્માષ્ટમી) ને દિવસે મોટો મેળો ભરાય છે. તેમાં મ્હેર જ્ઞાતિના પુરૂષો તથા સ્ત્રીઓ વધારે આવે છે. આ વીસાવાડા ગામ મુળ દ્વારકાંના નામથી ઓળખાય છે; જાત્રાનું સ્થળ છે. અનેક દેશના યાત્રાળુઓ ભગવાનનાં દર્શન કરી કૃતાર્થ થાય છે.

આજે મેળામાં માનવમેદની સમાતી નથી. અનેક સ્ત્રી-પુરૂષો આવજાવ કરે છે. કોઇ ભગવાનનાં દર્શન કરવામાં મગ્ન બન્યાં છે. કોઇ જ્ઞાનવાવમાં નાહી પાપનું નિવારણ કરે છે. કોઇ મ્હેર જ્ઞાતિના યુવાનોની ટોળીઓ આનંદથી દુહાઓ લલકારી રહી છે અને અરસ-પરસ પ્રત્યુત્તર આપી રહ્યા છે. એમ દરેક સ્ત્રીઓ અને પુરૂષોના મુખારવિંદ ઉપર આનંદ અને ઉલ્લાસની છાંયા છવાઇ રહી છે. આ મેળામાં વીર હરભમ તથા માલદેવ આવે છે. છેવટનાં ભગવાનનાં દર્શન કરવાની અભિલાષા છે. જ્ઞાનવાવમાં નાહીને ભગવાનનાં દર્શન કરે છે અને કહે છે કે: "હે, ત્રિલોકના નાથ! અમે આજથી અમારૂં કુટુંબ, ઘરબાર તજ્યું છે. અમારાં સગાંસબંધીનો સ્નેહ તજ્યો છે. હે પ્રભુ, હવે સાચો સગો તુંજ છે. તારૂંજ શરણ છે. હે નાથ! અમારી પત રાખજે. હરભમ અને માલદેવ દર્શન કરી મંદિર બ્હાર નીકળે છે. ઓળખાણવાળા મ્હેર ભાઇઓ સાથે રામરામી કરતા જાય છે અને મેળામાં આગળ ચાલ્યા જાય છે. ત્યાં ખીસ્ત્રી ગામનો રહીશ મ્હેર પબો તથા તેના સોબતીઓ મેળાની મોજ માણવા આવ્યા છે. યુવાનીના મદમાં છકી ગયેલો તેમજ તેના સોબતીઓનું બળ પણ પુરેપુરૂં છે એમ ધારીને, હરભમ, કે જેની ઉમર હજી નાની છે, મુછનો દોરો ફુટતો આવે છે, એવા યુવાનને જોઇને પબાએ પડકારો કર્યો: "ઓલ્યા, તારી મા તો ધોરાં પહેરીને રીએ છ અને તું મેળાની મોજુ માણવા આવ્યો? આ મેળામાં તારૂં કાઉં કામ છે? મેળામાં આંટા દેવા એ તો મર્દ બચ્ચાનાં કામ છે. તારા જેવા નમાલા મ્હેર આંટા દીએ એમાં મેળો લજાય છે."

હરભમ અને માલદેવને તો આ માર્મિક વચન સાંભળતાં પગથી માથા સુધી ઝાળ થઇ. હરભમે પડકારો કર્યો : "દીકરા પબડા, થા ભાઇડો! મારી માને આજ દી' સુધી ઘણાં મેણાં ટોણાં સંભળાવ્યાં. હું આજ એનો બદલો લેવા માટેજ આવ્યો છ."

પબો બોલ્યો : "તારે જીવવું હોય તો મેળામાંથી હાલ્યો જા. નકર તારી મા વાટ જોશે. તું પાણીયારીનો છે ઇ મને ખબર છે.

હરભમ : "બોલ્યા એય, પબડીના, તું હવે ઝાઝી વાતુ કરવાનું રે'વા દે. આજ મારે તારી માટીઆઇ જોવી છે. થા તૈયાર! વળી કે'તો નહિ કે મને છેતરીને માર્યો. મારી માના અપમાનની વસુલાત કેવી રીતે લઉં છું, તેની હમણાંજ તને ખાત્રી કરી આપું છું." હરભમે માલદેવ તરફ ઇસારો કર્યો અને કહ્યું કે : "ખબરદાર, અમારા બેની વચમાં તું કુદી પડતો નહિ; નકર ઇ બાઇલો કે'શે કે બે જણાએ થઇને માર્યો. આજ તો વડીએ વડીઆની રમત છે. તારે જોયા કરવાનું છે. તારી મર્દાઇ જોવાનો વખત પણ વહ્યો આવે છ. ઉતાવળો થાજે માં."

પબાના ખંભા ઉપર નવો ધાબરો કોર બંધાવેલ ફુમકાવાળો પડયો હતો, તેનો એક તરફ ઘા કરી દીધો અને મ્યાનમાંથી તલ્વાર ખેંચીને હરભમની સામે દોડયો. હરભમ ઉપર તલવારનો ઘા કરવા જાય છે, તે પહેલાં તો હરભમની બંદુકની ગોળી છુટી અને પબાના પેટમાં થઇ સડેડાટ સોંસરવી ગઇ. પબો જમીનપર પડયો. પોતે ગામમાંથી ભાત જમીને આવ્યો હશે તેથી પેટમાંથી પાલી એક ભાત નીકળી પડયો. હરભમ તેની પાસે ગયો અને પોતાની તલ્વારને પબાના લોહીનું બળીદાન આપ્યું અને કહ્યું કે : "પબડા, મારી માએ જે ધોળાં લુગડાં પહેર્યાં હતાં તે હવે આજથી બદલાય છે અને મારી અને મારી માની પ્રતિજ્ઞા પુરી થાય છે.

પડકારી પમાને માર્યો મેળામાંય કંપવા લાગ્યા કંઇક,
તારી હાંકલ સાંભળી હરભમા.
ખુની ખાનતણા જામથી જરવાણા નહિ,
રાખ્યા રાતડીયા દેશ છતા તેં હાથમાં.

—ચંદ્રાવળા—

રાતડીએ રમત માંડી વેચાતાં લીધાં વેર,
વીસાવાડાના ચોકમાં માર્યો પબડો મ્હેર.
માર્યો પબડો મ્હેર તી કેવો,
કનૈયાલાલની મુરત જેવો.
મુવો મ્હેર ને અસ્ત્રી રાંડી
રાતડીએ તો રમતડી માંડી.

પબડાના જુવાન જોધા જેવા સોગતીઓ કળીયાળી ડાંગો લઇને પાસે ઉભા હતા, તેમને કોઇને હરભમની પડખે ચડવાની હિંમત ચાલી નહિ. અસંખ્ય માનવ મેદનીમાંથી ભડવીર હરભમ તથા માલદેવ બે ચાર બંદુકોના અવાજ કરી નીડરપણે ચાલ્યા જાય છે. એને પકડવાની હિંમત કોઇની રહી નહિ. મરણીયા બનેલા માલદેવ તથા હરભમ ત્યાંથી બ્હારવટે નીકળે છે અને તેમની માતાજીને સંદેશો કહેવડાવે છે : "તારી ટેક પુરી થાય છે, માટે ધોળાં લુગડાં કાઢીને આપણી નાતના રિવાજ મુજબનાં કપડાં ધારણ કરજે અને હવે મારી આશા રાખીશ નહિ. ભેળા થવાનું જો સરજાયેલું હશે તોજ ભેળાં થશું. તું એક શુરવીર પુત્રની માતા છે. તારા જેવી માતાને પેટે મેં જન્મ લીધો તે મારાં અહોભાગ્ય છે. અમે હવે અમારાં મોત અમારી હથેળીમાં લઇ ફરીએ છીએ. અમારૂં ખાપણ અમારી ભેઠમાં રાખેલ છે. હવે અમને એક ઇશ્વર સિવાય કોઇની પરવા નથી.

હું મારું બ્હારવટું નીતિથી ખેડીશ અને જગતને ખાત્રી કરી આપીશ કે એક મ્હેર બચ્ચો કેવી રીતે જીવી જાણે છે અને કેવી રીતે મરી જાણે છે. હવે મને જીવવાનો મોહ નથી તેમ મરવાનો ખેદ નથી. માતા! હવે વાણીદ્વારા મારા તને છેલ્લાં પ્રણામ છે."

આ પ્રમાણે હરભમ તથા માલદેવ તેમની માતાને સંદેશો કહેવડાવી રવાના થયા. તેમણે દશ વરસ સુધી બ્હાદુરી ભરેલું બ્હારવટું કર્યું. તેનું બ્હારવટું નીતિનું હતું. હરભમ જાનને લુંટતો નહિ, સ્ત્રીઓને લુંટતો નહિ તેમજ બ્રાહ્મણો અને સાધુ સંતોને દાન આપતો. ગામમાં જઇ નિર્ભયપણે બ્રહ્મપુરી જમાડતો અને બ્રાહ્મણોને દક્ષિણા આપતો.

હરભમ અને માલદેવ પાસે સારામાં સારી ઘોડીઓ હતી અને તેઓ પોતાની પાસે ખરે વખતે માથાં આપે તેવા વીર પુરૂષોની એક ટોળી હતી. તેઓ પણ ઘોડાં રાખતા અને કોઈ ગામ લુંટવું હોય ત્યારે બધા ઘોડાંથીજ જતા અને ગામ ભાંગીને સેંકડો માઇલ દુરથી પાછા પોતાને રહેઠાણે આવતા. બરડા ડુંગરમાં 'માલક' નામના ડુંગરના પેટાળમાં રહેવાનું તેમનું સ્થળ હતું અને જાહેર રીતે ત્યાં રહેતા હતા.

**ગેંડા ઢાલુ ગળગજે, માલક પેટા માંય,**
**તેં લગાડી લાય, હનુમંત વારી હરભમા.**

હરભમનું શરીર કદાવર તેમજ સ્ફુર્તિવાળું હતું. દોડવા કુદવામાં તે વખતમાં તેની બરાબરીમાં કોઈ ઉભે તેમ નહોતું. માલદેવનું શરીર વજનદાર હતું. કોઇ સ્થળે દોડવાનું કુદવાનું આવે ત્યારે હરભમને માલદેવની વાટ જોઇને ઉભું રહેવું પડતું. હરભમ ત્રણ ચાર ગાઉ સુધી તો પુર જોશમાં દોડતો પણ થાકતો નહિ.



શુરવીર હરભમ રાનડીયો.

Hatliwala Press.

હરભમ અને માલદેવને પકડવા માટે પોરબંદર, જામનગર, જુનાગઢ અને ગોંડલ રાજ્યની પોલીસ પાર્ટી ફર્યા કરતી હતી અને તેમને પકડી લાવવા માટે મોટી ઇનામની રકમ આપવાનું જાહેર થયું હતું.

એક વખત માલદેવ તથા હરભમ અને તેના માણસો આરામમાં બેઠા હતા ત્યાં ઓચિંતો પલ્ટનના માણસોએ હલ્લો કર્યો. હરભમ ને તેના કેટલાક સોબતીઓ તો તેનો સામનો કરવા પલવારમાં ઘોડે-સ્વાર થઇ ગયા; પણ માલદેવ, તેનું શરીર ભારીગાચું હોવાથી પહેલેજ ઝપાટે ઘોડીપર રાંગ વાળી શક્યો નહિ. ઘોડી પાણીદાર હોવાથી, તેમજ બંદુકોના ગોળીબારના અવાજથી ઘોડી એકદમ તપી ગઈ; જેથી એક બે વખત સ્વાર થવાની માલદેવે કોશીશ કરી; પણ ઘોડીએ માલદેવને ચડવા દીધો નહિ અને ગીસ્તનાં માણસો નજીક આવી પહોંચ્યાં. માલદેવે જાણ્યું કે, હવે આંહીથી નાશી છુટાય તેમ નથી; તો હવે સામે પગલે ચાલીને, મારી મર્દાઇ બતાવીને મરૂં તેમાંજ મારી શોભા છે; એમ ધારી, મ્યાનમાંથી તલવાર બ્હાર ખેંચીને મેદાનમાં પડયો. બસો માણસોની હથીયારબંધ પોલીસ પાર્ટી આગળ માલદેવ ક્યાં સુધી ટકી શકે? એક ગોળી તેની સાથળમાંથી પસાર થઈ. માલદેવ જમીન પર પડયો. હરભમને મનમાં થયું કે માલદેવ એકલો પડયો રખેને ત્યાંજ તડ રીયે. એને મુકીને જવું એ તો ઠીક નહિ; એમ ધારીને એના સાથીદારોને પડકારો કર્યો : "ભાઇઓ, આપણા એક જુવાનને તડ રાખ્યો લાગે છે. એને મુકીને આપણે જાઇએં તો આપણી નાદાની ગણાય. એ આપણો ધરમ નહિ, માટે વળો પાછા. હવે તો કાં ઇ નહિ કાં આપણે નહિ." હરભમે પોતાની ઘોડીને એડી મારી. હરભમની સાથે તેના સોબતીઓ પણ ઉપડયા. થોડીવારમાં તો પોલીસ પાર્ટીની નજીકમાં જઇ પુગ્યા. હરભમે પડકારો કર્યો : "દીકરાઓ, હવે જાશો તી ક્યાં? આ તમારો બાપ હવે

પુગ્યો છ. રાજના હરામના રોટલા ઘણા દી' ખાધા છ. આજ તમારી ખબર પડશે."

સામસામા હાંકલ પડકારા થયા. હરભમ અને તેના સોબતીઓ મરણીયા થઇ અને કુદયા. ઘેટાંના ટોળામાં જેમ સિંહ પડે તેમ હરભમે અનેક પોલીસોને ધુળ ભેગા કર્યા. પોલીસ પાર્ટી બળવાન હતી, હથીઆરોની સામગ્રી પણ પુરતી હતી. એમનાં થોડાં માણસો મરાણાં તોપણ ગોળીબાર ચાલુ રાખ્યો. હરભમના સોબતીઓ બ્હાદુરીથી લડયા; પણ એક પછી એક સામે પગલે લડીને મરણને શરણ થયા.

માલદેવને તો પોલીસના માણસોએ કબજે કરેલ છે. હથીઆર વગરનો પરહેજ થયેલો માલદેવ, લાચાર બની આ દ્રશ્ય જોયા કરે છે. હરભમના સોબતીઓ મરાણા. હવે હરભમ ટકી શકશે નહિ, એમ માલદેવને લાગ્યું; એટલે માલદેવ બોલ્યો : "હરભમ, હવે તું આંહીથી વહ્યો જા. મારૂં કહ્યું માન અને મારા સારૂ થઇ ને તું તારૂં મોત કરમાં. તું જીવતો હશે તો વરે કો'કદી પરભુ સારો વખત આપશે. માટે હું તને તારી કુળદેવી ખોડીઆરઆઇના સમ આપું છ કે, તું આંહીથી ભાગી જા. મારૂં તો કમોત થાશે; પણ તું તારૂં કમોત ભલો થઇને કરમાં." હરભમને માલદેવની વાત સાચી લાગી. વળી, પોતે એકલોજ રહેલો તેમ જખમી પણ થયેલ હતો, તેથી હવે પોલીસની બળવાન ટુકડી આગળ ઝાઝો વખત સામનો કરી શકે, તેવી સ્થિતિ નહિ હોવાથી પોલીસોનો પીછો મુકયો. ઘોડીને પાછી વાળી, માલદેવને દુરથી રામરામ કરીને રવાના થયો. માલદેવને પોલીસ પાર્ટીએ પોરબંદરના કારાવાસ (ભાખસી) માં કેદ કર્યો. પગમાં હડ અને હાથમાં બેડીઓ નાખી. એક નાનકડા બાકોરાં-માંથી તેને ખાવાનું નાખતા. હરભમ પુર વેગમાં રસ્તે પડયો. પોતે જાણતો હતો કે પોતાને પડેલા ઘા કારમી હતા. રખેને પોતાની દેહ

રસ્તામાંજ રહી જાય, એ બીકથી પંથ કાપવા લાગ્યો. કાઠીયાવાડના એક નાનકડા ગામ ધુફણીયા (આ ગામ મુળ કાઠીનું છે પણ હકુમત ભાવનગરની છે) માં, પોતાના ઓળખીતા કાઠી મિત્ર જોગા ગોવાળીઆને ત્યાં ગયો અને બની ગએલી બધી હકિકત કહી. કાઠીએ હરભમને એક મહીનો રાખ્યો. હરભમ સાજો થયો. કાઠીની ઘરવાળીને પોતે બ્હેન કરી અને જુદા પડતી વખતે બસો કોરી પસલીની આપી. કાઠીનો ઉપકાર માન્યો અને ઝખમ રૂઝાતાં રસ્તે પડ્યો.

એક ઠેકાણે કહેલ છે કેઃ—

**કંથડા રણસંગ્રામમાં મ ગોતીશ કોઇનો સાથ,**
**તારાં બેલી ત્રણ જણાં હૈયું કટારી ને હાથ.**

એ પ્રમાણે મર્દ બચ્ચો હરભમ એકલો ઘુમતો. એને પોતાના આત્મબળપર વિશ્વાસ હતો, એટલે નીડરપણે ફરતો હતો. ઘણીવાર પોતાની માની લીધેલી બ્હેન પાસે જતો અને પસલી આપી આવતો.

આંહી માલદેવ તો કેદ થયો; પણ મુખ્ય માણસ હરભમને પકડવાના પ્રબળ પ્રયાસ થવા લાગ્યા. મોટી મોટી ઈનામની રકમ આપવાનું જાહેર થયું

પૈસાની મોહીનીમાં અંજાઇ, કાઠીનું મન લલચાયું અને હરભમને દગાથી પકડાવવાનો દાવ રચ્યો. પોલીસ અફસરને જઇ અને હરભમને પકડાવવાનું બીડું ઝડપ્યું. પોતાને ખાત્રી હતી કે, મારી ઘરવાળીને બ્હેન તરીકે ગણી છે, એટલે પસલી આપવા આવ્યા વિના તો રહેશેજ નહિ.

હરભમને લુંટફાટમાં જે કંઇ માલ મળતો, દાગીના મળતા, તે સર્વે પોતાની માનેલી બ્હેનને ત્યાંજ મોકલી દેતો. આજે હરભમને

પસલી પહોંચાડવાનો રિવરૂ છે. હરભમ હરખભર્યો પોતાની બ્હેનનાં ગામ તરફ રવાના થાય છે. સંધ્યાકાળે બ્હેનને ઘેરે પહોંચે છે. કાઠીએ અગાઉથી કરી રાખેલ સંકેત મુજબ, પોલીસ પલ્ટનને પોતાના ઘરના મેડામાં અગાઉથી છુપાવી રાખી હતી. હરભમ આવ્યો, એ સમાચાર મળતાંજ પોલીસના માણસો સજ્જ થઇ ગયાં. હરભમે પોતાની ઘોડીને ડેલીમાં બાંધી. કાઠીએ હરભમ માટે ઓસરીમાં ઢોલીઓ ઢાળી, ગાદલું નાખીને માથે રંગીત થીગડીઓ વાળી ગોદડી નાખી અને પાણીનો કળશીયો આપ્યો. હરભમ હાથ, પગ, મોઢું ધોઇ ઢોલીએ બેઠો. કાઠી સાથે વિનોદની વાતો કરે છે. કાઠી તેનો ઉત્તર આપે છે કાઠીનું મન મેલું છે; છતાં તેની ખબર ન પડે તેમ ચાલાકીથી પોતાની વાણીનો પ્રયોગ કરે છે.

કહ્યું છે કેઃ—

**મન મેલા તન ઉજળા બગલા કપટી અંગ,**
**તાંસે તો કૌવા ભલા તન મન એકજ રંગ.**

વાળુ તૈયાર થયાં. કાઠીયાણીએ બ્હાર આવી કહ્યુંઃ "ભાઇ, પધારો, વાળુ તૈયાર છે." હરભમ ઉઠ્યો. પોતાની તલ્વાર પોતાની સાથેજ લીએ છે. કાઠી બોલ્યો : "હરભમભાઈ, તલ્વાર લાવો, હું ખીંટીએ ટીંગાડી દઉં." હરભમે કહ્યું : "ભાઈ, હથીયાર રેઢાં મુકાય? ઇતો પોતાની પાસેજ ભલાં."

રસોડા આગળ ચાકરો નાખેલ હતો, તે ઉપર વીરાશન વાળી હરભમ જમવા બેઠો. ડાબા પડખામાં તલ્વાર પડી છે. કાઠીને ઉભેલો જોઇને હરભમ બોલ્યો : "કાંઇ, તું કાં ઉભો? બેસ જમવા." કાઠી બોલ્યો : "હરભમજી, મને આજે ઠીક નથી, તેથી હું તો નહિ જમું; તમે જમો." હરભમ બોલ્યો : "હું આ લાપસી એકલો

જમું; ઇ તાં ઠીક થાતું નથ; પછે જેવી તારી મરજી." હરભમ કાઠીયાણી સામે જોઈ બોલ્યો : "બ્હેન, હું જયેં આવું તયેં મારા સારૂં થઇને આવી ભાંજગડમાં પડ છ, તી ઇ તારો ગણ કેમ ભુલાય? બ્હેન, આ બદલો હું કે'દી વાળી શકીશ? પણ બ્હેન, આણુફેરે તો મને લુંટમાં એક ડોકમાં પે'રવાનો દાગીનો જડયો છ, ઈ તારા સારૂ જ રાખ્યો છ. તો ઇ તું રાખ." એમ કહીને હરભમ ભેડાઇમાંથી દાગીનો કાઢીને, બ્હેન તરફ ફેંકે છે. "લે બેન, આ વખતની આ તારી પસલી. હવે તાં વળી જીવતા રીયા તો ભેગા થાશું."

કાઠીયાણી બોલી : "ભાઇ, એમ કાં બોલ? ભાઇ, તારા જેવા તો માના જણ્યા ભાઈ પણ ન હોય. આ તારી વીશ તોલા સોનાની પાવલા કંઠીમાંથી વરસોના વરસ સુધી મેમાની ખવરાવું તો પણ ખુટે નહિ."

હરભમ બોલ્યો : "આવા તાં ઘણાય દાગીના આવે ને જાય. મારી પાસે ઇ રીયે નહિ. હું તો કોઈ ગરીબ ગુરબું મળે તો એને પણ આપી દઉં. અમારે રાખીને શું કરવું હોય?"

કાઠીયાણી બોલી : "ભાઇ, હવે ઇ વાતુ બધી આપણે પછી કરશું. નિરાંતે જમી લે."

હરભમ કાઠી તરફ નજર કરે છે અને મનમાં વિચાર કરે છે કે આ કાઠી કોઇ દી' મારી ભેગો જમ્યા વના રહે નહિ, કોઇ દી' મને એકલાને જમાડે નહિ ને આજ છેટે ઉભો છ, એનું કારણ કાઉ હશે? એની આંખુ પણ ચકરવકર થાય છ, ઇ શું હશે? ગમે ઈ હોય; પણ આજ એના જીવને નિરાંત નથ. હરભમ મોઢામાં કોળીઓ મુકવા જાય છે, ત્યાં સિપાઇઓને નીચે ઉતરવાનો ખડખડાટ થતાં, હરભમને વ્હેમ ગયો. કોળીઓ હાથમાં છે અને પાછું વાળીને

જુએ છે, તો હથીયારબંધ પોલીસના માણસો સડસડાટ મેળામાંથી નીચે ઉતરવા મંડયા. હરભમે કોળીઓ પાછો તાંસરીમાં નાખ્યો. અન્નદેવને હાથ જોડી તુરત ઉભો થયો. મ્યાનમાંથી તલ્વાર બ્હાર કાઢી અને પડકારો કર્યો : "દગાખોર બાયલાઓ, આમ એકને પકડવાને માટે પચાશ સાઠ જણા સંતાઇને શું કામ બેસી રીયા? તમારે મારી માટીઆઇ જોવી હોય, તો આવો મેદાનમાં. જોઈ લ્યો ભાઇડાની રમતુ."

કાઠી સામું જોઇને હરભમ બોલ્યો : "એ ભુંડા કામના કરવાવાળા, આમ દગાની રમત રમવી હોય? કાઠીયુમાં પણ કો'ક કો'ક આવા દગાખોર હશે, ઇ તો મેં આજજ જાણ્યું. કાઠીની જાત તો એક મર્દાઇના નમુના રૂપે છે. એમાંય તારા જેવા અવળા કામના કરવાવાળા નીકળી આવે છે ખરા? ફટ છે ભુંડા!"

"બોલ્યાઉ, ખાખી લુગડાં વારાઉ, મારગ દઇ દીઓ; નકર આ તલ્વાર તમારી મા નહિ થાય." એમ કહી, હરભમ મરણીયો થઇને સિપાઇઓ પર તુટી પડયો. હરભમની તલ્વાર જેના પર પડે તે પાછો બીજો ઘા માગે નહિ. ત્રીશ ચાલીશને તો ત્યાંજ ઠાર કર્યા અને ત્યાંથી ભાગી જવા બારણા તરફ દોડયો; પણ હરભમને ખબર નહોતી કે કાઠીએ પચાશ માણસને મેડામાં છુપાવ્યાં હતાં અને પચાશ બીજાં ઘરની પછવાડેના વાડામાં ઘાંસના કુંદવા આડાં છુપાવ્યાં હતાં. વાડામાં છુપાએલાં માણસો સજ્જ થઇને બારણું રોકીને ઉભા હતા, રખે ને હરભમ પચાશને ગાંજી જાય ને જો હાથમાંથી જાય, તો સો માણસનું નાક કપાય. જેથી બ્હાર ઉભેલા પચાશ માણસોએ એક દોરીનો ફાંસલો ગોઠવી રાખેલો, કે હરભમ જે ભેળો ભાગે કે તુરત અટવાઇને પડી જાય. હરભમ અંદરની પોલીસને હરાવી બ્હાર આવવા દોડયો. અંધારામાં ફાંસલામાં સપડાણો અને પડયો.

પડયા ભેળો તો પોલીસોનાં પચાશે માણસો તેના પર તુટી પડયાં. હરભમે છટકવાની ઘણી કોશીશ કરી; પણ લાચાર થઈ ગયો અને અંતે કેદ થયો. હરભમ પાસે જે બંદુક વિગેરે હથીયાર પાસે હતાં તે બાબરા ગામ પાસે કરીયાણા કાઠી ભાણા ખાચરનું ગામ છે ત્યાં ઉનડ બાપુને ત્યાં રહી ગયાં. પોલીસ પાર્ટીનો વિજય થયો અને કાઠીના ખુટામણથી આ જીત થઇ, તે બાબતમાં પોલીસો કાઠીને સાબાશી આપવા લાગ્યા. કાઠીના મોઢા પર પણ ઉલ્લાસની છાંયા છવાઇ રહી હતી. ઈનામની મોટી રકમ મેળવવાને માટે હરખભર્યો પોલીસોની સાથે હરભમને પકડીને ચાલ્યો. હરભમની પોરબંદરના રાજ્ય તરફથી માગણી થતાં, પોરબંદરની પાર્ટી આવતાં તેની સાથે રવાના થયો. પોરબંદર આવ્યો અને માલદેવની સાથે ભાખસીમાં તેને પણ કેદ કર્યો. પગમાં હડ નાખી અને હાથમાં હાથકડી નાખી. એક વખત જેણે પોરબંદર, જામનગર અને ગોંડલનાં ગામડાઓમાં રાડ બોલાવી હતી, તે હરભમ અને માલદેવ આજે કારાવાસમાં પરાધિનતાની બેડીઓમાં પડીને પોતાનું જીવન ગુજારવા લાગ્યા.

મહારાણા વિક્રમાતજીને જ્યારે આ વાતની ખબર પડી, ત્યારે ખુશી થયા. તેમ બીજી રીતે પોતાના રાજ્યમાં આવા વીર પુરૂષો પાકયા છે, એમ જાણી આ બંને વીર પુરૂષોને અંતઃકરણથી ધન્યવાદ આપ્યો અને હુકમ કર્યો કે, આવા મ્હેર જ્ઞાતિના વીર પુરૂષોને એના ગુન્હા બદલ દેહાંત દંડની શિક્ષા ન કરતાં જન્મ કેદ રાખશો. આવા પુરૂષો એ પણ રાજ્યની શોભા છે. એણે અનેક અપરાધ કર્યા હશે, અનેક એનામાં અવગુણો હશે પણ એની મર્દાઇ અને એનાં બ્હાદુરી-ભર્યાં કામોની તો આપણે પ્રસંશા કરવીજ પડશે.

મહારાણા વિક્રમાતજી કાશીની યાત્રા કરવા માટે પધારેલા જી. રાજ્યની લગામ પાછળથી દિવાન કબા ગાંધી (મહાત્મા ગાંધીના

પિતા) ને સોંપાએલી છે. કબા ગાંધી દિવાનગીરીના પદ પર હતા ત્યારે હરભમના બ્હારવટાનો અંત લાવવા માટે અને હરભમને કેદ કરવા માટે ઘણો પ્રયાસ કરેલો અને એને લીધે હરભમ તરફથી પણ તેમને બહુ સહન કરવું પડેલું. આ બધી જ્વાળા હૃદયમાં બળ્યા કરતી હતી. હરભમ ક્યારે પકડાય અને એનો હું બદલો લઉં, એ વિચારમાંજ દિવાન સાહેબ રહ્યા કરતા હતા. દૈવી ઇચ્છા અનુસાર આજે કબા ગાંધીની ઉમેદો બર આવી. યોગ્ય શિક્ષા આપવાની કુલ સત્તા પોતાના હાથમાં છે અને એ સત્તાનો લાભ લેવાનો આ અવસર છે, એમ ધારીને હરભમ અને માલદેવને તોપને ગોળે ઉડાવી દેવાની સજા ફરમાવી દીધી.

કાલે હરભમને તોપને ગોળે ઉડાવી દેવાનો હુકમ થયો છે, એ ચર્ચા પોરબંદરની બજારમાં ચૌટે ચૌટે અને શેરીએ શેરીએ સ્ત્રી-પુરૂષો અને બાળકોમાં થવા લાગી છે.

સવારના નવ વાગ્યાનો સમય છે. હરભમને ભાખસી બ્હાર મજબુત પોલીસ પહેરા સાથે લાવે છે. હથીયારબંધ પોલીસની ટુકડી, આગળ પાછળ અને બાજુમાં ચાલી આવે છે. વચમાં સફેદ વસ્ત્રધારી વીર હરભમ, નીડરપણે ચાલ્યો જાય છે. ઘણા વરસોથી કેદખાનામાં રહેલ, તેથી હરભમના માથાના વાળ વધી ગયા છે. દાઢીના વાળ પણ વધી ગયા છે. આ વખતની તેની મુખાકૃતિ જોતાં દુશ્મનની છાતી ફાટી જાય તેવી હતી. હરભમને જોવા માટે પોરબંદર તેમજ આસપાસના ગામડાના ભાઈઓ તથા બાપુઓ ચાલી નીકળ્યાં. વીરડીના કોઠા આગળ તોપ અગાઉથી ગોળો ભરીને ગોઠવી રાખેલી છે. હથીયારબંધ પોલીસ પાર્ટીની વચમાં ચાલ્યા આવતા હરભમની પોલીસને બીક લાગે છે. રખેને બંદીવાન હોવા છતાં પણ જો કોઇના પર લોઢાની બેડીવાળો હાથ પડ્યો, તો તેના બાર વાગી જશે; એ બીકે

સાવચેતી રાખી હરભમની બાજુમાં ન ચાલતાં તેનાથી દુર દુર ચાલ્યા જતા હતા.

કિલ્લાના કોઠા આગળ હરભમને ઉભો રાખવામાં આવ્યો. કિલ્લાના કોઠા આગળના બુરજમાં ઘડિઆળમાં નવના ટકોરા થયા. રાજયના અમલદારો ત્યાં હાજર હતા. પોલીસ પલ્ટન બંદોબસ્ત માટે ગોઠવાઇ ગઇ હતી. ન્યાયાધીશે હરભમને તોપને મોઢે બાંધવાનો હુકમ ફરમાવ્યો. કાળા પોશાકવાળા દશ સિપાઇઓને લઈ શહેર ફોજદાર હરભમની પાસે આવ્યો અને હરભમને તોપને ગોળે ઉડાવી દેવાનું ફરમાન વાંચી સંભળાવ્યું. તોપને મોઢે બાંધવા માટે હરભમ પાસે જાય છે, ત્યાં તો હરભમે પડકાર કર્યો. પડકારો થતાંજ હાથમાંથી દોરડું પડી ગયું.

હરભમ બોલ્યો : "દુર હટો, પેટ ભરાઓ! મને બાંધીને તોપને મોઢે લઇ જવાની કાંઉં જરૂર છે? હું મારી મેળે ત્યાં આવવા તૈયાર છું. મને કંઇ મરવાની બીક નથી, જગતમાં આવ્યા પછી એક વખત તો મરવાનું છે જ. શુરવીરોનાં મરણુ તો આવી રીતેજ હોય ના! ગાદી તકીયા પર બેસીને કાગરૂમાં શાહીના લીટા તાણ્યા કરે એનાં મોત આવી રીતે થોડાંજ થાય છ? આ મોત મને આનંદ છે. મારા જીવનમાં કરવાનાં કામ મેં કરી લીધાં છ. હવે જીવવાની મને અભિલાખા નેથ. હું મારી મેળે તોપને મોઢે સામી છાતી રાખીને ઉભીશ. પીઠનો ઘા જો હું ઝીલું તો તો મારી જનેતા લાજે નૈ? બોલ્યા ગોલંદાજ, ઇ જામગરી મારા હાથમાં લાવ. આ તોપને હું મારે હાથેજ દાગવાનો છું." આટલું કહી ગોલંદાજ પાસેથી જામગરી લઇ લીધી. હરભમે આકાશ તરફ નજર કરી, હૃદયમાં પોતાના ઇષ્ટદેવ શ્રીરામચંદ્રજીનું સ્મરણ કર્યું અને બોલ્યો : "હે, નોધારાના આધાર, હે ભાગ્યાના ભેરૂ, આ તારા સેવકને સદાને

માટે તારા ચરણુંમાં રાખજે. મારા અપરાધો માફ કરજે. મારા પરભુ, મેં કોઈ ગરીબને સંતાપ્યા નથી. બાઇઓ એને પર જુલમ કર્યા નથી; પણ જુલમના કરનારાઓને જમીન ભેળા કર્યા છે. ગરીબો પાસેથી પણ વ્યાજ અને વ્યાજનાં વ્યાજ, એકના ચારગણાં ને આઠગણાં નાણાં લેનાર જુલમી વ્યાજખાઉનાં તેમજ રાજ્યમાં જુલમના કરનારાઓનાં નાક કાન કાપી તેનાં અવળાં કામોની તેને શિક્ષા કરી છે. હે, અંતરજામી, આવા આવા અનેક અપરાધો મેં કર્યા છે. તું પાપીયુને પાવન કરવાવાળો છે. તો હે, પરભુ, મને પણ મારા ગુન્હા માફ કરીને તારા ચરણુંમાં રાખજે." મેહુર દાયરાની સામે જોઇને કહ્યું કે : "ભાઇઓ, હવે છેલ્લા રામરામ છે. મારા કંઇ અવગણ વસ્યા હોય તો માફ કરજો. એક મેર તરીકે કેવી રીતે જીવી જાણવું એ મારા જીવન ઉપરથી તમને કંઇ જાણવાનું જડે તો જાણજો ને તમારા વડેરાઓની કીર્તિ અમર રીયે એવી રીતે વરતજો." ચારે દિશાઓમાં ઉભેલી માનવમેદનીને હરભમે બે હાથ જોડી વંદન કર્યાં. હસતે મોઢે પોતાને હાથે જામગરી તોપના કાન ઉપર મુકી. આકાશને તોડી નાખે તેવા પ્રચંડ ધડાકાથી આસપાસના મકાનોના કાચ ભાંગ્યા, ખરેડીને જમીન પર પડયા. હરભમનો પ્રાણ સર્વવ્યાપી વાયુમાં મળ્યો.

એક વીર પુરૂષનો આવો બહાદુરી ભરેલો મરણ પ્રસંગ જોઈ, જોવા આવનારાં નરનારીઓ, વીર હરભમની મર્દાઇનાં વખાણ કરતાં કરતાં ચાલતાં થયાં.

મહારાણા વિક્રમાતજી જ્યારે કાશીની યાત્રા કરી પાછા પોરબંદર પધાર્યા, ત્યારે હરભમને તોપે ઉડાવી દીધો તેની તુરત ખબર પડી; ત્યારે દિવાન સાહેબને કહ્યું કે : "દિવાન સાહેબ, આ તમે ઠીક કર્યું નહિ. આવા વીર પુરૂષોને મારી નહોતા નાખવા. એ હરભમ તો

બ્હારવટે નીકળ્યા પછી જે કંઇ એની પાસે પૈસો એકઠો થયો હતો તે તેણે કાશીમાં આપણા પોરબંદરથી જાત્રાએ જનારાઓ માટે ઉતરવાનું સ્થાન નહિ હોવાથી સુંદર ઓરડાઓ બંધાવી આપ્યા. કોઇએ કહ્યું કે, આ ઓરડા કોના તરફથી બંધાવવામાં આવ્યા છે? ત્યારે હરભમે કહ્યું કે, અમે મહારાણા વિક્રમાતજીના દીકરા છીએ. સત્ય અને ધર્મની મૂર્તિ મહારાણા વિક્રમાતજી અમારા બાપુ છે. એ હરભમ તો મારા નામની જય બોલાવી, બ્રહ્મભોજન કરાવી, આ તરફ આવ્યો હતો. એણે તો કેટલાંક ધાર્મિક કામ કરી રાજ્યનું માન વધાર્યું છે. હવે જે થયું તે થયું; પણ આવા જવાંમર્દોને આવી રીતે તો નહોતાજ મારવા."

દિવાન સાહેબ બોલ્યા : "ખુદાવિંદ, એ હરામખોરોએ આપના પધાર્યા પછી પાછળથી બહુજ તોફાન આદર્યાં. ભાખસી તોડીને ભાગવાની એક બે વખત તૈયારી કરી હતી. જો આવી શિક્ષાએ ન પહોંચાડયા હોત, તો તેઓ ભાખસી તોડી પાછા બ્હાર નીકળી જાત."

વિક્રમાતજી બોલ્યા : "દિવાન સાહેબ, જેના પગમાં લાકડાની હડ છે, જેના હાથમાં હાથમાં હાથકડીઓ કાયમનીજ રહ્યા કરે છે, એક બાંકોરા સિવાય બીજે કયાંયથી જેને હવા કે અજવાળું પણ મળતાં નથી; એવા પરહેજ અને લાચાર બનેલા, બીચારા એ મ્હેરો તોફાન તો શું કરી શકે? પણ ઠીક, એમનું એ નિમિત્તે મોત થવું સરજાએલું હશે, જેથીજ તમોને એવી બુદ્ધિ સુઝી. પણ હવે પછી ખ્યાલ રાખવો કે મારી મહેરબાનીનો અને મારી આપેલી સત્તાનો ગેરઉપયોગ નજ થાય. દિવાન સાહેબ, તમારે તો રાજ્યની અને પ્રજાની આબરૂ વધે, બંનેનું ભલું થાય, તેવી રીતેથી રાજ્યનો વહીવટ ચલાવવો જોઇએ. હું તો એમ માનું છું કે તમારા જેવા દિવાન મળવાથી મારાપરથી રાજકાજનો બોજો ઘણો ઓછો થયો છે."

દિવાન બોલ્યા : "બાપુ, ક્રોધાવેશમાં આવી, મારાથી આ કામમાં વધારે પડતું પગલું ભરાયું છે. હરામખોરો પર સીકકો બેસાડવા ખાતર આ કાર્ય કરવાની ભાવના મારા હૃદયમાં જાગ્રત થઇ અને રાજ્યનું તેમજ પ્રજાનું ભલું કેમ થાય, એ એકજ ઉદ્દેશ હોવાથી આ ભૂલ થઇ છે."

વિક્રમાતજી બોલ્યા : "દિવાન સાહેબ, એ ઉદ્દેશ હોય કે કંઇ બીજો હોય, એ હવે મારે જાણવાની જરૂર નથી. જે થયું તે થયું; પણ હવે એટલું ધ્યાનમાં રાખવું કે, મ્હેર જ્ઞાતિ એ એક રાજ્યની વફાદાર પ્રજા છે, એ ભૂલવાનું નથી. એ જાતિએ રાજ્યની ઉમદા સેવા બજાવી છે અને હજી પણ રાજ્યને ખાતર પોતાનો દરેક પ્રકારનો ભોગ આપવાને માટે સદા તૈયાર છે. એ ભોળી, ગાફલ અને બીન-કેળવાયલ જાત છે. એનામાં કંઇ દુર્ગુણો હોય તે દૂર કરવા માટે તેમને સારી કેળવણી આપી, તેમની નવી પ્રજાને સંસ્કારી બનાવવા. રાજ્ય તરફની મદદની જરૂરીયાત હોય ત્યાં મદદ આપતા રહો. એ જાત માટે મને માન છે. એ કોમને જો કેળવવામાં આવે તો કેટલાક ગુણો એમનામાં બહુ સારા છે. દિવાન સાહેબ, હવે મારા નિત્ય નિયમ પ્રમાણે છાયે માતાજીનાં દર્શન કરવા અને ભોજેશ્વર શ્રી શંકર ભગવાનનાં દર્શન કરવા જવાનું છે." દિવાન સાહેબ બોલ્યા : "બહુ સારૂં નામદાર, પધારો."

વીર હરભમના મરણ પછી તેની વીરતાનાં વખાણ ગામે ગામે મ્હેરાણી બાઇઓ રાસડા ગાઇને આજ પર્યંત કરી રહી છે. એ રાસડા સિવાય હરભમનું એક કવિત આ બાજુમાં રજુ કરવામાં આવે છે.

પંજા ઝાટકે સિંહ હરભમ ખરો,
લોંટકે મામાનું વેર લીધું.
મેળામાં મ્હેરને બંધુકે મારીયો,
કાટકે જુદ્ધ ભારત કીધું.
જીવેને ડાસલે વેરને જગાડીયું,
સાર્દુલ મૃગપતી જેમ છુટયા.
જુનાણું થરથરે સુખ નહિ જામને,
ગોંડલ ધણીરા ગાઢ તુટયા.
ભાણેજ નથમાલરા હઠે નહિ ભારતે,
જેઠમલ મદીને ગળી જાવે.
સાંકળ્યા કેશવારા ન રહે સામટા,
ચાર પરજુ તણા માલ ચાવે.
હાંક વાગે ભડાં હેમરા હુંકવે,
ખાગરા બાંધતલ ખાન ખાના.
વળી લખમણહરા ડુંગરે વાવડે,
છોકરાં પોરમાં રહે છાનાં.



# વીર હરભમ સોઢાણાવાળા.

એક સૈકા પહેલાંની આ વાત છે. ૧૮૧૭ ના જુન માસમાં બાજીરાવે અંગ્રેજની સાથે નવું તહનામું કરીને મિત્રાચારી બાંધી; પણ એ મિત્રાચારી ઝાઝો વખત ટકી નહિ. હંમેશાં એવો નિયમ હોય છે કે, જ્યાં બન્ને વ્યક્તિઓ સામસામી સ્વાર્થબાજીની રમત રમતા હોય ત્યાં મિત્રાચારી ટકી શકેજ નહિ. એટલે બાજીરાવે નક્કી કર્યું કે, આ વખતે તો છેવટનું યુદ્ધ અંગ્રેજ સાથે કરી છુટવું અને આખરનો નિકાલ આણવો. હવે કાં તો વિજય મેળવવો નહિતર અંગ્રેજ સોલ્જરોના હાથથી મરી ખુટવું. આ નિશ્ચય ઉપર આવી તેમણે સીંધીયા અને અને હોલ્કર રાજ્યોની મદદ માગી અને પોતે પણ પીંઢારા લોકોને નાબુદ કરવાનું બ્હાનું બતાવી ઘણું સૈન્ય ભેગું કર્યું અને લશ્કરના સરદાર તરીકે બાપુ ગોખલેને નીમ્યો. પુનાનો ચાલાક અંગ્રેજ હાકેમ એલફીસ્ટન બાજીરાવની આ યુક્તિ સમજી ગયો અને તેણે પણ ખડકી પાસે એક અંગ્રેજ લશ્કરની જમાવટ કરી.

બરાબર એજ અરસામાં, પોરબંદર તાબે સોઢાણા ગામનો એક જુવાન, ધંધા વગરનો નકામા ટલા મારતો અને ચોરે બેસી વખત વીતાવતો હતો. આ જુવાન જાતનો મ્હેર હતો. તેનું શરીર કદાવર હતું, લાંબી ભુજાઓ, વિશાળ છાતી અને પાંચ હાથ પુરો હતો. તેનું નામ **હરભમ** હતું. બાળપણમાં તે ખૂબ ખેલ્યો કુદ્યો હતો. દાંડીયારાસ રમવામાં તથા બળેવની હરડી જીતવામાં એની

બરોબરીએ કોઇ આવતું નહિ. આવી રીતે, પોતાના ગામમાં કે પરગામમાં, મેળામાં કે કોઈ માનવ મેદનીમાં, મરદાનગીની રમતગમતમાં તે પહેલે નંબરે આવતો. એની માટીઆઇનાં ગામેગામમાં વખાણ થતાં. હરભમના બાપને ગરાસ હતો પણ દહાડે દિવસે તેનો ગરાસ મુકાતો ગયો અને તેનું કુટુંબ ગરીબી હાલતમાં દિવસ ગુજારવા લાગ્યું. હરભમ હજુ ઉગીને સમો થતાંજ ગરીબાઈનાં દુઃખો જોયાં. પોતાના પર કરજ વધતું ગયું અને તમામ ગરાસ તથા દરદાગીનો મુકાઇ ગયો–વેંચાઈ ગયો. હરભમના ઘરમાં ગરીબાઇ ઘર કરીને બેઠી. હરભમને પોતાનો વ્હેવાર ચલાવવાની કયાંય નાખી નજર પડતી નથી. કુટુંબનો નિભાવ કેમ કરવો એ બાબતનો રાત દિવસ વિચાર કર્યા કરતો હતો. એક વખત એને એમ લાગ્યું કે, મારે હવે ઝાઝો વખત આ ગામમાં રહીને ભૂખે દિવસો ગુજારવા તે કરતાં ઘરને છોડી દઇ પરદેશ ચાલી નીકળું તો ઠીક એમ નક્કી થતાં એક ટંકનું ભાતું બાંધી પોરબંદર આવ્યો. અજાણ્યો માણસ, કોઇની સાથે ઓળખાણ પણ મળે નહિ. રાત કયાં કાઢવી? મ્હેરનું નામ પડે, એટલે રાજ્યના પોલીસો, કોઇને ઓટલે સુવે તો ત્યાંથી પણ ઉઠાડે. એટલે, જ્યાં ત્યાં બેસી ન્હારતો કરી, દરીયાકાંઠે રેતીમાં જઇને સુતો. માતાપિતાના શું હાલ થશે, એ ફીકરમાં તેને રાતના ઉંઘ પણ બરાબર ન આવી. સવારે ઉઠયો. બજારમાં મજુરી શોધવા લાગ્યો, પણ અજાણ્યાને મોટા શહેરમાં કામધંધો ઘડીકમાં મળે નહિ. મહામુશ્કેલીએ બંદર કાંઠે અનાજની ગુણો ઉપાડવાનું કામ મળ્યું; પણ મનમાં નક્કી કર્યું કે, આવી ગદ્ધા મજુરી કરી, મારે મારૂં દૈવત બરબાદ કરવું નહિ. અઠવાડીયાની મજુરી મળતાં, રાજકોટને રસ્તે ચાલતો થયો.

એ વખતે રેલ્વે નહોતી, સ્ટીમરો પણ નહોતી. પગપાળો ચાલી રાજકોટ પહોંચ્યો. ત્યાં ધંધાની તપાસ કરી. કોઈ દયાળુ માણસ મળ્યો, તેણે કહ્યું કે: "ભલા માણસ, તારા જેવા પહેલવાનને મજુરી

શા માટે કરવી જોઇએ? ગુજરાતમાં પહોંચી જાને! ત્યાં પલ્ટનમાં નોંધ થાય છે. તને તો જોતાંવેંત રાખી લેશે."

હરભમે કહ્યું : "બાપુ, ઇ વાત સાચી, પણ મારી પાસે ત્યાં પુગવા જેટલી ખરચી નથી; તો થોડા દિવસ કંઇ ધંધો કરૂં કે થોડુંક નાણું આવે, તો ત્યાં પુગું."

"ભાઇ, તારી પાસે જો આટલી પણ સગવડ નથી, તો ચાલ મારી સાથે. આંહી પરામાં મારો એક બંગલો બંધાય છે, ત્યાં તને પગી તરીકે રાખીશ અને તારી ઇચ્છા જવાની હોય ત્યારે કહેજે, તો હું બનતી મદદ કરીશ." પેલા ગૃહસ્થે કહ્યું.

હરભમે પગી તરીકે પુરા પંદર દિવસ ન કર્યા ત્યાં તો ગુજરાત તરફ રવાના થવાનો સોલો ઉપડ્યો.

"શેઠ, મને તાં આંઈ હવે સાંધરતું નેથ, તો મને રાજીપેથી રજા દ્યે, તો હું કાલ હાલવા મંડું." હરભમે કહ્યું. થોડા દિવસની નોકરીમાં પણ, હરભમ તરફનો પુરો સંતોષ મળવાથી શેઠે ખુશીથી પહેરવાનાં કપડાં શીવરાવી આપ્યાં અને દશ રૂપીઆ ખુશીથી આપ્યા અને કહ્યું કે : "હરભમ, તારૂં મન ઉઠ્યું છે, એટલે મારે કંઈ કહેવું નથી. નહિતર તારી થોડા દિવસની રહેણી કરણીથી મને ઘણોજ સંતોષ થયો છે. મ્હેર જાતનું નામ કોઇ વખતે સાંભળેલ; પણ તારા જેવા જવાંમર્દને જોઇ મ્હેર જ્ઞાતિ માટે મને માન ઉપજે છે. હરભમે શેઠનો ઉપકાર માન્યો અને પરદેશમાં પણ આવી અનાયાસે મદદ મળી, તે ખાતર પરમેશ્વરનો ઉપકાર માન્યો.

હરભમે શેઠને કહ્યું : "શેઠીઆ, હવે રામરામ છે. મારાથી તારી કંઇ ચાકરીબાકરી ન થઇ હોય, તો માફ કરજે. તારા ગણ કોઇ દી' ભૂલીશ નહિ. તારૂં નામ એક કાગરમાં લખે દે. શેઠીયા, તારા જેવાં તાં અમારે હજાર કામ."



હરભમને મળેલા સોનાના ચાંદ

Hatdiwala Press.

જે વખતની આ વાત છે, તે વખતે દરેક રાજ્યમાં, અંધાધુંધીનો પવન વાતો હતો. મારે તેની તલવાર હતી. એક રાજ્ય, બીજાં રાજ્યને જીતી લેવાની બાજી રમી રહ્યાં હતાં અને લશ્કરો પણ ભેગાં કર્યે જતા હતા. વેપાર કરવા આવેલા અંગ્રેજોને પણ, સત્તાની સ્થાપના કરવાનો મોહ વધતો જતો હતો; તેથી તેઓ પણ પોતાના લશ્કરમાં વધારો કરવા, ભરતી કર્યે જતા હતા અને બ્રીટીશ સલ્તનતને મજબુત બનાવવાને માટે, બ્રીટીશ હાકેમો તનતોડ મહેનત કરી રહ્યા હતા.

હરભમ ગુજરાતમાં પહોંચ્યો. પોરબંદરથી ગુજરાત પહોંચતાં સુધીમાં. દેશી રજવાડાઓમાં તેની કદર થઇ નહિ અને હરભમ કંટાળ્યો. ક્યાંય પણ નોકરીની સરખાઈ ન આવતાં, બ્રીટીશ અફસરોને મળ્યો.

હરભમ જેવા પાંચ હાથ પુરા અને વિશાળ મુખમુદ્રા જોઇ દુશ્મનની છાતી ફાટી જાય એવા પડછંદ હરભમને જોઇ, અંગ્રેજ અફસરે તેને ભરતીમાં લીધો. બેટેલીયન નંબર ૭ રેજીમેન્ટ એન. જે. માં એ દાખલ થયો. બરડા પ્રદેશનો વીર નાઇલાજે પારકો થયો. હરભમ થોડાજ વખતમાં લશ્કરી તાલીમમાં હોંશીયાર થયો.

અંગ્રેજના લશ્કરની સાથે હરભમને પણ લડાઇમાં જવાનો પ્રસંગ આવ્યો. હરભમને મનમાં થયું કે, હવે મારી માટીઆઇ બતાવવાનો આ મોકકો મળ્યો, એમ જાણી મનમાં હરખાવા લાગ્યો.

અંગ્રેજ સોલ્જરો પાસે જો કોઇ કાળી ચામડીનો આદમી ઉભે તો તેને સુગ ચડે; છતાં પણ આવા પ્રચંડ કાયાધારી પુરૂષને, અંગ્રેજી દળમાં ઘુમતો જોઇને સોલ્જરો તેના પ્રત્યે માનની નજરથી જોવા લાગ્યા.

બીજી બાજુ બાજીરાવે પણ પોતાનું લશ્કર મજબુત બનાવ્યુ અને બ્રીટીશોએ તેમનો જવાબ દેવા માટે અંગ્રેજી લશ્કરને તૈયાર

રાખ્યું. આ લશ્કરમાં હરભમની વીરતા, એની પ્રચંડ કાયા, એની આંખોની ચપળતા, એ સર્વ નોખું તરી આવતું હતું. શૌર્ય-પરસ્ત એવી મ્હેર જ્ઞાતિનો ગરીબ કુટુંબનો પુત્ર આજે અંગ્રેજ લશ્કરની હરોળમાં ઉભો. બંને બાજુથી લડાઇ શરૂ કરવાનાં ફરમાનો મળ્યાંની સાથેજ, હરભમ મરણીયો બની, સ્વામીની વફાદારી બતાવવા આગળ ધસ્યો. અંગ્રેજ અફસરોએ તેની વીરતા અને સાહસિકતા જોતાંની સાથેજ, એક અંગ્રેજી પલ્ટનનો ઉપરી બનાવવાનો હુકમ લખી હરભમને મોકલી આપ્યો. હરભમને એ હુકમ મળતાંની સાથે, પોતાની વફાદારી ભરેલી ફરજ બજાવવાની કિંમત થતાં તેનામાં બમણું બળ આવ્યું અને લડાઇના મેદાનમાં ઝંપલાવ્યું. ઘેટાના ટોળામાં જેમ સિંહ પડે તેમ હરભમે પોતાની શમશેરથી કતલ ચલાવી, એક તરફના મરાઠા લશ્કરમાં ભંગાણ પડાવ્યું. તુરતજ હરભમ પોતાની ટુકડી સાથે મરાઠાના મજબુત લશ્કરને નાબુદ કરવા બીજી બાજું આગળ ધસ્યો અને મરાઠાઓને કતલ કરવા લાગ્યો. આગળ ધસતાં બીજી બાજુ નજર કરે છે કે તુરતજ પોતે આગળ વધતો અટકયો. પોતાના ઘોડાને એડી મારી એ બાજુ આગળ ધસ્યો. પોતે જુએ છે કે, પોતાના ઉપરી અફસરો મોતના ડાચામાં છે અને મરાઠા સૈન્યે તેને બરાબર સપડાવ્યા છે. ક્ષણનો પણ વિલંબ થાય તો અંગ્રેજ અફસરો સ્વધામ પહોંચી જાય તે પહેલાં તો તેને બચાવવા હરભમે પોતે મોતને ભેટવા ઘોડાને કુદાવ્યો. હિંમતવાન હરભમ મરણીયો બન્યો અને મરાઠા લશ્કરને પોતાની શમશેરથી કાપતો કાપતો આગળ વધ્યો અને લશ્કરના ઉપરી કર્નલ સ્મીથને બચાવ્યો. અંગ્રેજ લશ્કર જોરમાં આવ્યું. મરાઠા સૈન્યનો ઘણો સંહાર થયો. મરાઠા સૈન્યે હિંમત ખોઇ પાછા પગ ભર્યા. અંગ્રેજ લશ્કરે પીછો લીધો અને મરાઠાને નસાડયા. યુદ્ધ બંધ થયું. અંગ્રેજોની જીત થઈ.

કલકત્તાનો અંગ્રેજ ગવર્નર જનરલ માર્કવીસ ઓફ હેસ્ટિંગ્સ હરભમની શુરાતનની અને સ્વામીભક્તિની વાત સાંભળી ખુશી થયો.

હરભમની કદર કરી અને તેનું નામ વીર હરિસીંગ પાડયું. એક સોનાની શમશેર મખમલજડીત પેટીમાં મુકીને આપી, સોનાના ચાંદો આપ્યા. મુલ્યવાન શીરપાવ સાથે કર્નલનો ખિતાબ આપ્યો.

હરભમે બ્રીટીશ લશ્કરમાં ઘણા વરસ સુધી વફાદારીથી નોકરી કરી. રાજકોટમાં તેને મદદ કરનારા શેઠીયાને પોષ્ટ ઓર્ડરથી રૂપીયા પચીશની નોટ શેઠના બાળક માટે મોકલી આપી. હરભમ આટલા હોદ્દાએ પહોંચ્યો હતો, યુરોપીયનોના સંસર્ગમાં આવ્યો હતો પણ તેને તે બાબતનો લેશ માત્ર પણ ગર્વ હતો નહિ. તે પોતાનું જીવન સાદાઇથી ગુજારતો હતે. વૃદ્ધાવસ્થાએ પહોંચેલો હરભમ નોકરી છોડી સોઢાણા ગામે પોતાને ઘેરે બેસી પેન્શનની મોટી રકમમાંથા પોતાનું જીવન સુખરૂપ વ્યતિત કરતાં કરતાં દેવગતિને પામે છે.


આજે એ વીર હરભમ નથી, એની પડછંદ કાયા પણ નથી. બાજીરાવ પણ નથી અને હરભમે જેનો જાન બચાવ્યો એ કર્નલ સ્મીથ પણ નથી. ફકત હરભમની વીરતામાં અને અડગ વફાદારી ભરેલી ફરજ બજાવવામાં મળેલી સોનાની તલ્વાર અને કિંમતી ડ્રેસો તથા સોનાના ચાંદો મ્હેર કોમના એ શુરવીર પુરૂષના શૌર્યની જીવંત યાદ આપનારા મોજુદ છે.


સોનના બીલ્લામાં અંગ્રેજીમાં નીચે મુજબ કોતરેલ છેઃ—

Order of British India presented by the Government of India. Sepoy Haribhai, Seventh Regiment of VII Battalian N. J. for tride fidelity and attachment to the British Government in and

before the battle of Ganeshkhand on the 5th November 1817.

આજે યે કોઇ રડ્યોખડ્યો અંગ્રેજ પ્રવાસી અથવા અંગ્રેજ અફસર, પોરબંદર રાજ્યનો મહેમાન થઇ આવે છે ત્યારે તે જોવાને મંગાવે છે અને જોતાંજ ટોપી ઉતારી માન આપવા ઉભો થઇ એની મર્દાનગીની પ્રસંશા કરે છે.





હરભમને મળેલી સોનાની શમશેર.

Hatdivala Press.

# વીર કાળવો ઓડેદરો.

પોરબંદરથી ત્રણેક ગાઉ દુર ઓડદર ગામ છે. ઓડેદરા મ્હેરોનું એ નિવાસસ્થાન છે અને મમાઇ માતાના સેવકો રબારીઓનું યાત્રા ધામ છે.

ઓડેદરા મ્હેરો એ સીંધમાંથી આવેલા સુમરા રજપુતના વંશના છે, એમ બારોટના ચોપડાથી નક્કી થાય છે. ઓડેદરા મ્હેરની જાહોજલાલી, એમનો વૈભવ અને એમના મનની મોટાઇ જોઈ મોટા મોટા ગામધણીઓને પણ શરમાવું પડે તેવાં હતાં. ઓડેદરા મ્હેરોના ઓડદર એક ગામમાંજ, ધલઢેરાઓને બેસવા માટે ચોવીશ ચોરાઓ હતા. જેમાંનાં કેટલાક મોજુદ છે અને કેટલાક પડી ગયા છે અને સમય બદલાતાં એ ખંડેરના રૂપમાં પડું પડુંની તૈયારીમાં છે. આ ચોરાઓમાં ધલઢેરાઓ બેસતા. બંને ગોઠણ ઉપર પોતાની પછેડીની આંટી ચડાવી, મુછો પર વળ દેતા અને કાંવા કસુંબાની મોજ માણતા. ચારણ બારોટો પણ તેમની નામના સાંભળી દેશોદેશથી આવતા અને રોજની મીજમાનીઓ ઉડાવતા તથા દાયરાઓમાં બેસી અગાઉ થઇ ગએલા જવાંમર્દ વીર પુરૂષોની વાર્તાઓ કરી, વાર્તાઓ-દ્વારા મ્હેર જ્ઞાતિમાં થઇ ગએલા શુરવીર પુરૂષોના આત્મબળની પ્રસંશા કરતા. વાર્તાઓની જ્યારે બરાબર જમાવટ થતી ત્યારે દાયરામાં બેઠેલા મ્હેર ભાઇઓ સામા પડકારા કરી બારોટને વીરરસની વાતો કરવામાં વીરરસની વિશેષ જમાવટ કરાવતા. બારોટની આવી વાર્તાઓ

સાંભળવાવાળાનાં હૃદય પણ વીરરસથી ભરેલાંજ રહેતાં. જેથી વાર્તા સાંભળતાં સાંભળતાં હોકો પીતાં પીતાં હોકો હાથમાં રહી જતો. હોકાની નળી મોઢામાંજ રહી જતી અને હોકો પીવાનું પણ ભાન ભૂલાતું. દાયરામાં બેઠેલા શુરવીર પુરૂષોનાં તો રૂવાડાં ઉભાં થઇ જતાં. બારોટ પણ વાર્તા કરતા કરતા, આવેશમાં ને આવેશમાં ક્યારેક ગોઠણીયા ભર થઇ જતા, તો ક્યારેક ઉભા થઈ જતા અને એવો આભાસ આપતા, કે જાણે હમણાંજ મ્યાનમાંથી તલ્વાર ખેંચી દુશ્મનો પર તુટી પડશે. આવી રીતે એક નિર્માલ્ય માણસને પણ વાર્તા સાંભળીને કાંટો ચડતો. આવી કેટલાક બારોટોની વાર્તા કરવાની છટા હતી અને આવા બારોટોનું મ્હેર જ્ઞાતિના ભાઇઓ તરફથી સન્માન થતું. આવા મ્હેર જ્ઞાતિમાંના એક ઓડેદરા મ્હેર કાળવાની કથા આંહી લખવામાં આવી છે.

ઓડદર ગામને પાદર પાણી શેરડો છે. ગામની બાઇઓ પાણી ભરવા માટે પાદરની વાવે આવજાવ કરે છે. વાવ પાસે અવેડો છે; તે ભરવા માટે સવાર સાંજ કોસ ચાલે છે. વડના ઝાડોની ઘાટી ઘટા પથરાએલી છે. પનીહારીઓ અંગમરોડ કરતી કરતી વાતોના તડાકા મારતી જાય છે અને ગામડાના સૌંદર્યનું દર્શન કરાવતી જાય છે. જે વખતની આ વાત છે, તે દિવસે એક સાંજે આથમતા સુરજના ઓળા ઢળે, તે પહેલાં થોડીવારે એક બાઇ પાણી ભરવા આવે છે. આ બાઇએ હાથમાં સોનાની ચુડો પહેરેલી છે. કાનમાં સોનાના અકોટા છે. કાળી ભોંમાં લાલ રંગની બુટીઓવાળી જામનગરની બનાવટની ઓઢણી ઓઢી છે. ઓઢણીમાંથી તેનું મોઢું વર્ષાૠતુના કાળાભમર જેવા વાદળમાંથી બ્હાર પડતા ચંદ્રનું સ્મરણ કરાવે તેવું દેખાતું હતું. આ બાઈ તે કાળવા ઓડેદરાની મા જણી બ્હેન હતી. તેનું નામ રાંભી હતું.

રૂપરૂપના અંબાર જેવી રાંભીબાઈ પાણી શેરડે પાણી ભરવા આવી. સુર્ય અસ્ત થવાની બીકે, જલ્દી પાણી ભરી ઘેરે જવા માટે મોટે મોટે સેલારે ઘડો સીંચવા લાગી. સામે નજર કરે છે ત્યાં પાંચ-સાત ઘોડેસ્વારો પુર વેગમાં ઘોડાંઓ દોડાવતા પાણી શેરડે આવી ઉભા. વાવ પાસે અવેડો છે. ઘોડાંઓને પાણી પીવરાવવા માટે ઘોડાંઓની લગામ ઢીલી મુકી. એક સ્વારની નજર રાંભીબાઇ ઉપર પડે છે. બીજાને તે ઇસારો કરે છે. દરેકની નજર ત્યાં ઠરે છે. રાંભીને જોઇ એક ઘોડેસ્વાર તેની નજીકમાં આવ્યો અને રાંભીને લલચાવવાની યુક્તિબાજ વાતોની શરૂઆત કરી. બાઈએ રોકડો જવાબ આપ્યો. મીયાંભાઇએ જાણ્યું કે આ સમજાવી સમજે તેમ નથી, એટલે યુક્તિ વાપરી અનેક લાલચમાં લપટાવવાની પેરવી કરી; તો પણ ન સમજી. છેવટ પોતાની સત્તાનો ઉપયોગ કરી ધમકીઓ આપવા લાગ્યો. રાંભી એકની બે ન થઇ. છેવટે સ્વારને ગુસ્સો આવ્યો અને બોલ્યો : " અબે ઓરત, તું મેરેકું પીછાનતી હે? મેં કોન હું? મેં નવાબ સાહેબકા નોકર હું. મેં અસ્વારોકા ઉપરી હું. તું મેરી બાત ભી સુનતી નહિ હે યાદ રખ, મેં તેરી કેસી બુરી હાલત કરતા હું."

જમાદારના આ વચન સાંભળી રાંભીના ગુસ્સાનો પાર રહ્યો નહિ ફુંફાડા મારતી બોલી : " મારા પીટ્યા, આંહિથી હાલ્યો જા. આ ઘડો તારો બાપ નહિ થાય. એક માર્યા ભેરો માથાનો છુંદો કરે નાખીશ. તું મને હજી ઓળખતો નથ. તું તારે માર્ગે હાલ્યો જા." રાંભીએ ગુસ્સાના આવેશમાં જમાદારને ગાળોનો વરસાદ વરસાવ્યો.

જમાદારનો પીત્તો ઉછળ્યો. તેના સીપાઇઓને કહ્યું કે : " જમાલખાં, તુમ સબ ક્યા દેખતે હો? એક ઓરત જાત ઇતની લવારી કર રહી હે, ઔર તુમ સબ દેખતે હો. પકડો સાલીકું!"

રાંભી તાડુકી ઉઠી : "હવે પકડવા વારીના! તું અને તારા સપાયુ મને કાઉં પકડશો! ઓરા આવો, કીં પકડાય છ?" જમાદારના મનમાં થયું કે, હવે તો આમેય બાજી બગડી છે. ગામમાં જો જવા દેશું તો આપણી વાતો કરશે અને ફજેતી થશે. માટે હવે તો એને પરબારી ઉપાડી જવામાં માલ છે. એમ કરીને જમાદાર ઘોડા ઉપરથી હેઠે ઉતર્યો અને બોલ્યો : "તુમ ઓરત જાત મેરેકું ડરાતી હે! ચલ; અગાડી હોજા! અબે નુરખાં, ઉસકા પાણીકા ઘડા ફેંક દો. ઔર લે ચલો અપને સાથમેં. મેં દેખતા હું કે વો કયા કરતી હે."

રાંભી ક્રોધના આવેશમાં બોલી : "ઓલ્યા તરકડા, છેટો રે'જે. ઓરો આવ્યો તો તારી દાઢી ખેંચી લઇશ." રાંભીના પડકારાથી, નુરખાંની પાસે જવાની હિંમત ચાલી નહિ. એટલે જમાદાર આગળ વધ્યો અને રાંભીને કહ્યું કે : "તેરી કયા ગુન્જાસ હે! મેં તો તેરેકું ઓરત જાત જાનકે તેરે પર રહેમ રખતા હું. અબ તુમ હમારા કહેના નહિ માનેગી, તો તેરા બુરા હાલ હોગા. ઔર જ્યાદે બોલેગી તો તેરા ઔર તેરા ગામકા ભી મેં નાશ કર દઉંગા. પીછાનતી હૈ તું મેરેકું? ચલ, અગાડી હોજા! નહિ તો ધક્કા મારકે અગાડી કરની પડેગી.

રાંભી વિચારમાં પડી. મનમાં ધાર્યું કે, પીટયાઉ મારી બેઆબરૂ કરવાની તજવીજમાં છે; પણ મારે પણ એમને બતાવી આપવું જોઇએ કે એક મ્હેરાણી પોતાની આબરૂ માટે, દરેક પ્રકારનો ભોગ આપવા તૈયાર હોય છે. રાંભી હિમતમાં આવીને બોલી : "તું મણે ધકો મારીશ? મણે ધકો મારવા વારાનો તાં હજી જલમ થીયો નેથ. ઓરો આવ જોયેં, કીમ ધકો મરાય છ!"

જમાદાર ક્રોધના આવેશમાં તેને પકડવા માટે જાય છે; ત્યાં તો રાંભીએ, પાણીના ભરેલા ઘડાનો ઘા જમાદાર ઉપર કર્યો.

જમાદારના કપાળમાં લાગ્યો અને કપાળ ફુટ્યું. લોહીની ધાર ચાલી. જમાદારના ક્રોધનો પાર રહ્યો નહિ અને તેના તાબાના સ્વારોને તાડુકી બોલ્યો : "અબે નાલાયક ! એ ઓરત જાત મેરે પર ધા કરકે ચલી જાતી હે, ઓર તુમ દેખતે ખડે હો ! ઓ સાલીકું જલ્દી પકડ કર બાંધ લો ! તુમેરેમેં તાકાદ ન હોવે તો છોડ દો કમરપટ્ટા ઓર ચલે જાઓ તુમેરે ઘરપેં. મેં તો લાચાર હો ગયા, નહિ તો યે મેરી પાસસે કયા ભાગ શકતી થી. સીપાઇઓ નોકરીમાંથી બરતરફ કરવાની ધમકીથી ઘોડા ઉપરથી હેઠે ઉતર્યા અને રાંભીને પકડવા માટે તેની પાછળ પડયા. રાંભીએ ગામ તરફ ભાગવા દોટ મુકી; પણ પગમાં ઠેંસ વાગી અને પડી. પાંચ સ્વારોએ તેને પકડી અને જમાદાર જ્યાં પોતાના માથાને પાટો બાંધવા માટે બેઠા હતા, ત્યાં તેને લાવ્યા. રાંભીને બંદીવાન કરી હતી. જમાદાર ખુશી થયો અને બોલ્યો : "નુરખાં, યે અચ્છા કામ હુવા. યે ઓરતકું અપને જુનાગઢ જાકે નવાબ સાહેબકું ભેટ કરેંગે. ઇસકી ખુબસુરતી દેખકે, નવાબ સાહેબ ખુશ હો કર અપનેકું કુછ ઇનામ દેંગે" રાંભીને બાંધી ઘોડાપર નાખી. રાંભીએ છુટવા માટે ખુબ પ્રયત્ન કર્યા. હાથને બાંધેલ દોરી દાંતેથી તોડવા પ્રયત્ન કર્યો, સીપાઇઓને બટકાં ભર્યાં; પણ રાંભીથી છુટી શકાયું નહિ.

જમાદાર જુનાગઢ પહોંચ્યા. નવાબ સાહેબ આગળ રાંભીને ઉભી કરવામાં આવી. નવાબ સાહેબ, રાંભીને જોઇ દીંગ થયો અને બોલ્યો : "યા પાકપરવરદીગાર ! કેસી ખુબસુરત ઓરત ! જમાદાર, એસી ખુબસુરત ઓરતકું કહાંસે લાયે ?" જમાદાર બોલ્યો : "હજુર, એ ઓરત પોરબંદર શહેરકી પાસમેં એક છોટાસા ગામ હે, વહાંસે મેં લાયા હું. મેરે માલીક, એ ઓરતને મેરા શીર ફોડ ડાલા. નામદાર, આપ સરકારકું ભી ઇસકા ધ્યાન રખનેકી જરૂરીયાત હૈ. હજુર, યે ઝેરી નાગણ જેસી હે. ઉસકી સામને મેં દેખતા હું તો મેરેકું ડર લગતા હે."

નવાબ બોલ્યો : જમાદાર, એસી ઔરત જાત પર જબરજસ્તી કરના વો અચ્છા નહિ. ઔરતોંકી જાતકું તો કોઇ તરકીબસે કાબુમેં લાનેકી કોશીષ કરની ચાહીએ. અચ્છા, જો હુવા સો હુવા. જમાદાર, જાઓ. દુસરી વખત મેં બુલાઉં તબ આના.

નવાબ પાસે રાંભી સિવાય બીજું કોઇ હતું નહિ. એકાન્તનો લાભ લઈ નવાબ બોલ્યો : "અય ખુબસુરત ઔરત, તેરે જેસી ઔરતકી સાથ મીલનેકા આજ મોકા મીલા, ઇસિસે મેં બહોત ખુશ હુવા. તુમ મત ગભરાઓ. તુમ બેફીકરસે યહાં રહે શકતી હો. મેરી બાંદી તુમ પાણી માંગેગી વહાં દુધ હાજર કરેગી. ઔર યે મહેલમેં જો કુછ એશઆરામકી ચીઝાં હે, વો સબકા તુમ ઉપયોગ કર શકતી હો.

રાંભી બોલી : "તારી હે ને હોની બોલીમાં હું સમજતી નથ. તું મને મારે ઘેર પાછી પુગાડે દે. મને આંહી રાખવાથી તને કંઇ ફાયદો નહિ જડે. મારો ભાઇ આંહી પુગશે તો તારા ભુંડા હાલ કરશે."

નવાબ રાંભીની વાત સાંભળી ખડખડાટ હસવા લાગ્યો અને બોલ્યો : "તેરા ભાઈ? કોન તેરા ભાઈ?"

રાંભી બોલી : "મારો ભાઇ કારૂ. તેં હજી મારા ભાઇને જોયો નથ."

નવાબ બોલ્યો : "એ મગતરા બીચારા કોન માત્ર! મેરી થોડીસી હાકલસેં લાખો સીપાઇ મેરી તહેનાતમેં હાજર હોતા હે. વહાં તેરા એક ભાઈ કોન હિસાબમેં."

રાંભી બોલી : "ઠીક, મારે તારી હારે ઝાઝી વાતુ નથ કરવી. ટાણું આવ્યે ખબરૂ."

નવાબ બોલ્યો : "તુમ મેરા કહેના કબુલ કરેગી, તો તેરા ભાઈકું ભી મેરે રાજ્યમેં બડા હોદ્દા પર રખ દઉંગા. યે ભી ઈધિર મોજ કરેગા. તેરી ઔર તેરા ભાઇકી ઝીંદગી સુધર જાયગી."

રાંભી બોલી : "નવાબ, મારે અને મારા ભાઇને હેવ જીંદગી સધારવી નેથ. હેવ અમારી બેન ભાઇની જીંદગી તો બગડીજ ગઇ છે. તું મારી આશા કર છ, ઈ સાવ નકામી છે. ઠાલો ફોતરાં ખાંડીશ એમાં કંઇ વરશે નહિ. આ તારી મેડીયુમાં મારૂં મન લોભાય ઇમ નેથ."

નવાબે જાણ્યું કે, ઔરત જાત હઠીલી હોય છે, તો હાલમાં એને બે ચાર દિવસ બોલાવવી નહિ. એમ ધારીને તેની દાસીને હુકમ કર્યો : "યે ઔરતકું લે જાઓ, ઔર સન્માનસે રખો. જો માંગે વો સબ હાજર કરો. ઇસકા દીલ રંજાન કરનેકી તરકીબ કરો. જાઓ, લે જાઓ"

× × × × ×

નવાબ સાહેબના સ્વારો જ્યારે ઓડદર ગામેથી રાંભીને ઉપાડી ગયા, ત્યારે રાંભીનો ભાઈ કારૂ બ્હારગામ ગયેલ હતો. જ્યારે બ્હાર-ગામથી ઘેરે આવ્યો ત્યારે તેની બ્હેન મળે નહિ. આખા ગામમાં અને ઘેરે ઘેરે રાંભીને ઉપાડી ગયાની ચર્ચા થયા કરતી હતી. કારૂને આવતાંવેત તુરત રાંભીને ઉપાડી ગયાની ખબર પડી. કાળુને પગથી માથા સુધી ઝાળ થઈ. પોતાની બ્હેનને સીપાઇઓ જબરજસ્તીથી ઉપાડી જાય અને પોતાને બેઆબરૂ બની, નિર્લજપણે જીવન ગુજારવું, તે કરતાં તો વટને ખાતર મરી ફીટવું એ કાળુને વધારે પસંદ લાગ્યું. હૃદયમાં ક્રોધની જ્વાળાઓ ભભુકી ઉઠી. મરૂં કાં મારૂંના વિચારો મનમાં ઘોળાયા કરતા હતા. ઘરમાં પગ મુકયો, પણ નિરાંતે બેસવાની કે જમવાની કે તેની ઘરવાળી સાથે વાતચીત કરવાના વિચારો

દબાઇ ગયા અને વેરનો બદલો લેવાની ધૂનમાં ઘરમાં પગ મુકયા ભેળો પાછો જવા તૈયાર થાય છે. હાથમાં કળીયાળી ડાંગ અને ખંભે ધાબરો નાખી બ્હાર નીકળે છે.

કાળુની સ્ત્રી બોલી : 'આમ આવ્યા ભેળા પાછા સાબદા થાઓ છ તી જરાક જીવને નિરાંત રાખો. ભગવાન બધુંય સારૂં કરશે. વાળુની તૈયારી છે, માટે વાળુ કરી જરાક નિરાંતે બેસો. સવારે વે'લા ઉઠી ટાઢા પો'રના રવાના થાજો."

કાળુ બોલ્યો : "તું કંઇ ગાંડી છે? અટાણે હેવ વાળુ કીવાં? નિરાંત કીવી? અટાણે હું રોકાઇશ પણ નહિ ને વાળુ પણ કરીશ નહિ. મારી બ્હેનના કાઉં હાલ છે ઇ જાણ્યા પછેં હું અનાજ ખાઇશ. તાં'સુધી મારે અનાજ હરામ બરાબર છે. હેવ હું જાઉં છ. મારી ફકર કરજેમાં. આ નાનાં છોકરાંઉંને સાંચવજે. મારે તો નવાબની હારે કામ છે. તો હેવ મારી આશા રાખીશ નહિ. તું જો ખરી મ્હેરાણી હોય તો મારી આબરૂ વધે ઇવી રીતે રે'જે."

કાળુની સ્ત્રી બોલી : "તમે જાઓ છ પણ આ નાનાં છોકરાંઉં છે તેનો કંઇ વચાર કર્યો? એનું આંહી કોણ?"

કાળુ બોલ્યો : છોકરાંઉંનાં નશીબ છોકરાં સગડ. છોકરાંઉંના સારૂં થઇને હું મારો વટ ખોઇશ? પોતાના વટને ખાતર મરી જાણે ઇજ ખરો મેર કહેવાય. મારી બાયડીનું કાઉં થાશે?" મારાં છોકરાંનું કાંઉં થાશે? મારા ગરાસનું કાઉં થાશે? મારી અબલક ઘોડીનું કાઉં થાશે? આમ ચીથરાં ફાડે, એનાથી વટ ન રીયે. વટ રાખવો ઇતાં માથાની ઓલીકોરા છે. તું મેરાણી થઇને કીમ આવી ગાલાવેલી વાતુ કર છ. તારે તો મણે હિંમત દેવી જોયેં. હું મારો ધરમ ભૂલતો હોઉં તો તારે મણે ચેતવવો જોયેં. હેવ ભગવાન પર ભરોસો રાખજે." એમ કહી કાળુ રસ્તે પડે છે.

ચાલતાં ચાલતાં વિચારોના વમળમાં ગુંથાય છે. ત્યાં જઇને શું કરવું ? કેવી રીતે બ્હેનને છોડાવવી ? એ કયાં હશે ? કેવી રીતે મળશે ? એવા વિચારમાં ને વિચારમાં પંથ કાપતો જાય છે.

કાળુ જુનાગઢ પહોંચે છે. પોતે વિચાર કરે છે કે, જો હું આ વેશમાં ગામમાં જઈશ તો મને કોઇ જવા દેશે નહિ. માટે વેશ-પલટો કરી લેવાય, તો પછી શહેરમાં જવામાં વાંધો નહિ આવે. કાળુએ એક સાધુ પાસેથી વેશ માગી લીધો. ભગવી કફની અને ચીપીઓ હાથમાં લીધો. ખંભે ઝોળી નાખી. ઝોળીમાં પોતાના રક્ષણ માટે તથા પોતાની બ્હેનને ઉપાડી જનારને જમીનદોસ્ત કરવા માટે જંબીઓ રાખ્યો. અહાલેખના શબ્દો ઉચ્ચારતો ગઢના દરવાજામાં પ્રવેશ કરે છે. સાધુ જાણી દરવાણી જવા દીએ છે. બે દિવસ શહેરમાં રહી પોતે તપાસ કરે છે; પણ પોતાની બ્હેનને કયે સ્થળે રાખી છે, તેનો પત્તો મળતો નથી.

ગામની શેરીઓમાં અને બજારમાં ફરતાં ફરતાં ખબર મળી જે, નવાબના શાહજાદા દરરોજ એ ઘોડાની ગાડીમાં બેસી ભણવા જાય છે. જે રસ્તેથી શાહજાદા પસાર થાય છે, તે રસ્તે અડંગો લગાવીને બેઠો અને જાણીતા માણસોથી પુછપરછ કરી માહિતગાર બન્યો. પોતે વિચાર કર્યો કે, જો આ શાહજાદા મારા કબજામાં આવી જાય તો પછી વાતુ થાય. મારી બ્હેનને છોડાવવા માટે આ સારામાં સારો ઉપાય છે; માટે કોઇ રીતે શાહજાદાની નિશાળે પહોંચી જાઉં તો મારી ધારણા પાર પડે. શાહજાદાની ગાડી નીકળ્યા ભેળો કાળુ તેની પાછળ પાછળ જાય છે અને શાહજાદાની નિશાળ જોઇ લે છે. આ નિશાળે શાહજાદાની સંભાળ માટે ચોકીદારો રાખવામાં આવ્યા છે.

કાળુ ચોકીદાર પાસે ગયો. સાધુનો વેશ જોઈ ચોકીદારો તેને નમે છે અને પુછે છે : "ક્યું મહારાજ, કહાં જાતે હો? ઇધર ક્યું આયે હો? કહાંસે આતે હો? તુમારા આશન કહાં હે?"

કાળુ બોલ્યો : "બચ્ચા! હમ તો ફરતે રામ હે. જહાં બેઠે વહાં આશન. સાધુકું આશન? કેસા? ગાંજા સુકા ખલાસ હુવા હે સો ખુદાકા બંદેકું ઢુંઢતા હું."

ચોકીદારો બોલ્યા : "સાધુ મહારાજ, યે જો મકાન હે, વહાં તો નવાબ સાહેબકા શાહજાદા સાહબ પઢનેકું આતે હે. તુમ શહેરમેં જાઓ. વહાં કુછ ભી મીલ જાયગા."

કાળુ બોલ્યો : "દેખ બચ્ચા, મેં કીસીકી પાસે પૈસા નહિં મંગતા હું. કલસે મેરેકું ગાંજાકી ચલમ નહિ મીલી, ઉસસે મેરી તબીયત બીગડ ગઇ હે. એક ચલમ બનાકે તુમ પીલાદે. ખુદા તેરા ભલા કરેગા" ચોકીદાર થાપ ખાય છે અને ગાંજો લેવા નજીકની દુકાને જાય છે.

કાળુ ઝપાટાબંધ મેડી પર ચડી ગયો. એ શાહજાદા ભણતા હતા. ઝોળીમાંથી જંબીઓ બ્હાર કાઢી કાળુ મોલવી ઉપર ધસે છે. મોલવી પડી પડી માંડ ભાગી છુટે છે. કાળુ તેને કહે છે : "ઓલ્યા મેતાજી, તારા નવાબને ઝટ ખબર દે કે, ઓડદરનો કાળવો મેર આવી પુગો છ. ઇની બેનને સંતાડી છ તી સોંપે દે. નકર તારા શાહજાદાના કટકા કરે નાખાં છ."

મોલવી બોલ્યો : "અરે ઓ ભાઇ, ખુદા વાસ્તે યે દોનું લડકેકું મત મારીઓ. મેં અભી નવાબ સા'બકું ખબર દેતા હું." એમ કહી ઉતાવળમાં ને ઉતાવળમાં નીસરણી ઉતરવા જાય છે. ઉતાવળમાં પગથીયું ભૂલી જવાથી પડે છે. ઉભો થઇ દોડે છે. નવાબને

ખબર આપે છે : "જહાંપનાહ, જલ્દી ખડે હો જાઓ. શાહજાદા સાહબ બડી આફતમેં હે." એમ કહી મોલવી ધ્રુજતો ધ્રુજતો ઉભો છે.

નવાબ : "ક્યું મોલવી સાહબ, શાહજાદા કયા આફતમેં હે ? જલ્દી બોલો."

મોલવી : "નામદાર, બાત કરને જેસા વખત નહિ હે. હઝુર, આપ જલ્દી પધારીએ. એક કોઇ બદમાસ આદમી સાધુકે બેશમેં આકર મેરેકું ખંજર દીખલાયા. મેં ભાગ છુટા. વો તો મેરેકું ભી માર ડાલનેકું દોડાથા. વો બોલતાથા કે, મેરી બેન યહાં હે. નવાબને ઇસકું છુપા રખી હે. તો નવાબકું શાહજાદાકી જરૂરીયત હોવે તો મેરી બેનકું સોંપ દેવે."

નવાબને, રાંભીનો ભાઇ કાળુ આવ્યો છે, એમ લાગ્યું. તેથી પોતાના શાહજાદાને કેમ બચાવવા, એ ફીકરમાં આકુળ વ્યાકુળ થઇ ગયો. જલ્દી શાહજાદા પાસે જવા તૈયાર થાય છે અને ત્યાં મેડી પર ગયા પછી જુએ છે, તો શાહજાદાને કાળુએ કબજે કર્યા છે. હાથમાં જંબીયો છે. તે શાહજાદા પર ઉગામી મારવાની તૈયારીમાં ઉભો છે. આ દેખાવ જોતાંની સાથેજ નવાબથી બોલી જવાયું : "કાળવા, સબુર ! ખુદા વાસ્તે મેરા યે શાહજાદા પર ઘા મત કર. તુમ જો કહેગા વો મેં કરનેકું તૈયાર હું."

કાળુ બોલ્યો : "નવાબ, મારી બેનને તારા રંગમોલમાં રાખી છ, ઇને એક વાર આંહી મારી પાસે હાજર કર." નવાબ અત્યારે લાચાર બન્યો હતો. કાળવાના કહેવા પ્રમાણે વર્તવામાં જરા ભૂલ થાય, તો શાહજાદાના પ્રાણ જાય તેમ પોતે નજરે જોઈ રહ્યો હતો; તેથી નિરૂપાયે કાળવો જે કહે તે કરવા નવાબ તૈયાર થયો અને કાળવાના કહેવા પ્રમાણે તેની બ્હેનને હાજર કરી.

નવાબ બોલ્યો : "કાળવા, લે એ તેરી બ્હેન રંભડી, તુ તેરે સમાલ. અબ છોડ દે શાહજાદાકું."

કાળવો બોલ્યો : "નવાબ, ઇમ છોડાશે તી કીમ, હજેતાં વાર છે."

નવાબ બોલ્યો : "કાળવા, અબ કયા કહેનેકું ચહાતા હે? ઝટ બોલ."

કાળવો : "નવાબ, આ મારી બેન છે, તેને કહે કે તું મારી દીકરી બરાબર છે."

નવાબ : "કાળવા, યે તેરી બ્હેન હે, વો આજસે મેરી લડકી બરાબર મેં માનતા હું. બસ, અબ છોડ દે મેરે યે બચ્ચેકું."

કાળવો : "નવાબ, હજી બે વાતુ તારે કબુલ કરવી પડશે."

નવાબ : "કાળવા, જલ્દી બોલ, કયા દો બાતાં કહેની હે?

કાળવો : "નવાબ સરકાર, દશ હજાર કોરી તારી ભૂલ થઈ ઇના દંડની આંહી રોકડી હાજર કર અને હું જી દરવાજેથી શહેરમાં ગર્યો ઇ દરવાજાનું મારે નામે નામ કાળવો દરવાજો પાડ."

નવાબ : "કાળવા, મેં લાચાર બન ગયા હું, ઇસ લીએ તેરી સબ બાત મેં કબુલ કરતા હું."

કાળવો : "નવાબ, ઈ મોઢાની વાતુ કામ ન આવે. કાગરમાં લખી તારી સઇ કરે દે, તી પછે આ છોકરાઓને હું છોડાં."

નવાબ સરકાર કાગળ મગાવી તેમાં પોતે લખી આપી પોતાનો સહી સીક્કો કરી આપે છે. સહી કરેલો કાગળ કાળુ કબજે કરી શાહજાદાને છુટા કરે છે. કાળુ તેની બ્હેનને લઈ રવાના થાય છે.

**તેં કીધી કાળવા, લાખાતવાળી લી;**
**સુબો નવ સોરઠ તણો, તેને દંડયો ધોળે દી.**
**નેજેસું નવાબ ઉભો આરદાસુ કરે,**
**જોરાવર જવાબ કાઢે મ્હેર ઇ કાળવો.**

પાછળથી નવાબે પોતાના લશ્કરને તૈયાર થવા હુકમ આપ્યો અને કાળવાને જ્યાં હોય ત્યાં કતલ કરી નાખવાનું ફરમાન થયું.

કાળુ તથા તેની બ્હેન ભાગ્યાં જાય છે; પણ પાછળ નવાબની વ્હાર ચડી છે એવી ખબર પડતાં, તે ગોંડલનો આશરો લેવા જાય છે. એ વખતે ગોંડલની ગાદી પર કુંભાજી હતા. તેમને પણ જુનાગઢના બ્હારવટીઆને સંઘરવાની હિમત ચાલી નહિ; તેથી ભાગીને વાઘેરોનો આશરો લીવો. વાઘેરોની મદદથી તે પોસીતરાના કિલ્લે જઇ પહોંચે છે. ત્યાં નવાબનું લશ્કર આવી પહોંચે છે. બીજા આસપાસના રાજાઓનાં લશ્કર પણ નવાબની મદદમાં આવી પહોંચ્યાં. મોટું ધીંગાણું થયું અને બ્હાદુરીથી લડતાં કાળવો મરણ પામ્યો.

કાળવાનું નીચે આપેલું ગીત છે, તે પરથી સ્પષ્ટ સમજાય છે કે એકલો કાળવો બળવાન લશ્કરની સામે કેવો બ્હાદુરીથી લડી મુવો.

**જબ્બર આયો જામ કેતા મશરાણા,**
**ઢુમકે વિશો કુંભ સંગ ઝાલા મતવાલા.**

નર સુબા નવાબ ચોપસું કટક ચડીયાં,
હૈડું દીએ હીલોળ આજ પોસીતરે અડીયાં.
ત્રેવડે વાત મનમાં ત્રઠી ધીંગે ધરી ઓખે ધજા,
કાળવે મરણ મીઠા કીયો મરવાની આવી મજા.

જે કિલ્લાના કોઠા ઉપર કાળવો ચડી ગયો હતો, ત્યાં દુશ્મનોએ સુરંગ લગાડી છે એ બાબતની કાળવાને ખબર પડી ગઈ. તેથી પોતાની બ્હેનને નાઠાબારીમાંથી રવાના કરી દીધી અને પોતે તથા તેનો દીકરો વેજો રહ્યા. કાળવાએ તેના દીકરાને ત્યાંથી ભાગી જવા કહ્યું. કારણ કે જો વેજો હૈયાત હશે તો કોઇ દિવસ વેર લેશે એમ વેજાને સમજાવીને રવાના કર્યો અને કાળવો બ્હાદુરીથી લડી મરાણો.

કહું વાત ઓખા તણી ઉંટ ભેળા કરે,
વડા નીસારણા ઘાઉ વાયા;
ધણી ગીરનાર હાલારવાળો ધણી,
અજાકિત્ર મેરૂ અને અમરજી આયા.
હુંકળે હાટ વોહવાટ ફોઝાં હસે,
ફટકતાં ઉંટ એમ જોર ફેરે;
એમ સજજ ફોજાં કરી આવીયા,
ગઢ પોસીતરો આજ ઘેરે.
કરે મેલાણ ઘમસાણ ઘોડાં કરે,
વળે તેમ રાવતાં હાંક વાગે;
ધ્રુબકે નાળ જંજાળ ગોળા ધકે,
ધણહણે ધરણ પર પડે ઢાંકા.

અમરજીએ ભેજીઓ કાળુની ઉપરે,
ગણીયણ સીંધવો રાગ ગાયો;
કોટ છોડી અને ભાગ તુંને કહું,
આજ તું સોકળે જોર આયો.
એમ આલાહરો અમરજીને આખવે,
ભાગતલ કાહેરાં નરાં ભાગે;
કાંધ પડયા પછી તમે લેશો કિલ્લો,
વડું તો કાંધો અને વીજો લાજે.
એમ વાત સજજ કરી કાળુવો આવીયો,
જોડ વજ દેવરી આવી જુતો;
સુમરા સતન તું સ્વર્ગ દશે ચાલીયો,
ચડી અપસરે પલંગ જઈ સુતો.

# શ્રી હીરબાઈ માતાજી.


મોઢવાડાની ભૂમી એ સંતો અને શુરવીરોની ભૂમી છે. આ ગામમાં નાથા મોઢવાડીયા જેવા અનેક શુરવીર તથા ભક્ત પુરૂષો પાકયા છે. જીવન સાથે સમાધી લેનાર સંત જીવણદાસ તથા સતી સોનબાઈ માતાની સમાધીની લોક-કથા આજ પણ ઘેરે ઘેરે સંભળાય છે. ભડવીર મુળુ મેણંદ, હાથીયો, દુદો, વિગેરે શુરવીર પુરૂષોની શુરવીરતાના રંગ આ ગામને પાદર ચડયા છે. તેજ ગામના પાદરમાં એક નાનકડી ડહેરી ભક્તજનોને આકર્ષતી હજી પણ ઉભી છે. એના ઉપર ઉડતી ધ્વજા મ્હેર જ્ઞાતિના સંત પુરૂષોની યશ-ગાથા ઉચ્ચારી રહી છે. આ ગામમાં **હીરબાઈ માતાનો** જન્મ થયેલો છે.

× × × ×

જુનાગઢ તાબે પવિત્ર યાત્રાનું સ્થાન છે અને તે પરબની જગ્યાના નામથી ઓળખાય છે. તે જુનાગઢથી બાર ગાઉ દૂર છે. આ જગ્યામાં નાતજાતનો કશો ભેદભાવ રાખવામાં આવતો નથી. કોઇ કોઢીયો હોય તો તેને પણ જુદો બેસાડી શકાય નહિ. જો કોઇ તેને જુદો બેસાડે, અથવા તેની સુગ કરે તો તેને તુરત પરચો દેખાય છે. હજી પણ આ જગ્યાનું આવું મહાત્મ છે. જે માણસો માનતા કરે છે તેને ફળે છે.

જે વખતની આ વાત છે, તે વખતે આ જગ્યામાં જે સંત પુરૂષ હતા, તેમનાં જીવણદાસ અને સોનબાઈ શિષ્ય હતાં. સોનબાઈ જાતનાં મ્હેર હતાં. તેઓ પોતાની જાતનું અભિમાન તજી પ્રભુપરાયણ રહેતાં હતાં. સોનબાઈ મુળ મોઢવાડા ગામનાં હતાં. એક વખત જ્યારે સોનબાઇ માતા દ્વારકાંની યાત્રા કરવા નીકળ્યાં હતાં ત્યારે મોઢવાડે આવેલાં. મોઢવાડાના મ્હેર જ્ઞાતિ ભાઇઓએ તેમને બહુ લાગણી અને પ્રેમથી રોકયાં અને કાયમને માટે મોઢવાડામાંજ રહીને. ઇશ્વરનું સ્મરણ કરી જીવન પુરૂં કરવાની વિનંતી કરી. મ્હેર ભાઇઓના પ્રેમને વશ બની, સોનબાઇ તથા તેમના પતિ સંત જીવણદાસ ત્યાંજ રહ્યાં તેમને માટે મોઢવાડા ગામની આથમણી બાજુમાં, પાદરમાંજ રહેવાની જગ્યા બંધાવી આપી. બંને પ્રભુભજનમાં દિવસ વિતાવવા લાગ્યાં. લીરબાઈ માતાજી નાની ઉમરનાં હતાં ત્યારથીજ સોનબાઇ માતાના સહવાસમાં રહેતાં અને સત્સંગ કરતાં. પૂર્વના પુન્યનો ઉદય થતાં, લીરબાઈ માતા ઉપર સાધુચરિત્ર દંપતિના ઉત્તમ સંસ્કારોની છાપ પડી, તેથી તેઓ સોનબાઇ માતાજીની સેવા કરવામાં તથા પ્રભુ-સ્મરણમાં પોતાનું જીવન ગુજારવા લાગ્યાં.

લીરબાઇ માતાજીના સાસરાનું ગામ કેશવ હતું. તે મોઢવાડાથી એક માઇલ દૂર આવેલું છે. ત્યાંના રહીશ વજશી ભગત સાથે લીરબાઇ માતાનો સબંધ થયો. વજશી ભગતના ઘરની સ્થિતિ નબળી હતી. વ્હેવાર બહુજ સાંકળો હતો. જેથી લીરબાઈ માતાના માતા પિતાના મનમાં એમ થતું કે, મારી દીકરી સાસરે દુઃખી થશે અને એ બાબતની ફીકર રાત દિવસ કર્યા કરતાં. લીરબાઇ માતા પોતાનાં માબાપને સમજાવતાં. માને પણ ઘણી વાર કહેતાં કે, સુખ અને દુઃખ એ તો કર્મના ખેલ છે. સૌ સૌની કરણી પ્રમાણે સૌને સુખદુઃખ મળે છે. બાવળ વાવ્યા હોય તો કેરીની આશા રખાય નહિ. માટે આપણા કર્મ અનુસાર, જેવો વખત હોય તેવો આનંદથી નિભાવી



પૂજ્ય શ્રી લીરબાઇ માતાજીનું સમાધિ સ્થાન.

Hatdiwala Press.

લેવો, એ સમજુ સ્ત્રી-પુરૂષોનો ધર્મ છે. વળી સ્ત્રીઓનો તો ખાસ ધર્મ છે કે, પોતાના પતિને સુખે સુખી અને પતિને દુઃખે દુઃખી રહેવું જોઇએ. પોતાના ઘરની સ્થિતિ દુબળી હોય અને જે સ્ત્રીઓ પોતાના પતિને, પોતાના સુખ માટે દરેક બાબતમાં દુઃખ આપે છે, તે પાપની ભાગીદાર બને છે. જે સ્ત્રી પોતાનો ધર્મ સમજે છે, તેને તો પોતાનો ધણી તેજ પરમેશ્વર તુલ્ય છે. **પતિભક્તિ એજ પ્રભુ-ભક્તિ છે.** સ્ત્રીઓની માળા, પુજા, દેવ દર્શન વિગેરે પોતાના પતિની ભક્તિમાંજ આવી જાય છે. જે સ્ત્રીઓ પોતાના પતિનું મન દુભવે છે અને પતિ તરફનો પોતાનો ધર્મ ભૂલે છે, તે સ્ત્રી રૌ રૌ નર્કમાં પડે છે. પતિને દુઃખ આપી અને જે સ્ત્રી માળા, પુજા, દેવ-દર્શન જે કરે છે, તે બધાં ફોકટ જાય છે, એમ આપણાં ધર્મશાસ્ત્રો તથા આપણા મહાન સંત પુરૂષો કહેતા આવ્યા છે; તો મારી બાબતમાં તમે જરા પણ ફીકર કરશો નહિ. હું મારા સાસરાના ઘરમાં, તેમની ગરીબ હાલત હોવા છતાં પણ, આનંદથી મારા ધણીની તથા સાસુ સસરાની સેવા કરી મારી ફરજ બજાવીશ.

લીરબાઈ માતા સાસરે રહેતાં, ત્યારે પણ ઉત્તમ રહેણી કરણીથી રહેતાં. તેમના પતિ વજશી ભગત પણ ખેતીનો ધંધો કરીને પોતાનું જીવન નીતિથી ગુજારતા હતા. ઘરમાં ગરીબાઇ છતાં, આવ્યા ગયાને રોટલો આપતા અને કોઇને ગરીબાઇ જણાવા દેતા નહિ. આવી રીતે બંને દંપતી પ્રભુસ્મરણમાં અને સોનબાઇ માતાની સાથેના સત્સંગમાં વખત વિતાવતાં હતાં. એક વખત સંત જીવણદાસ અને સોનબાઈ માતાએ બંનેએ સાથે જીવતાં સમાધી લેવાનો નિશ્ચય કર્યો અને સમાધી લેવાનો દિવસ મુકરર કર્યો. આ વાતની ગામે ગામ ખબર પડી અને સમાધી લેવાને દિવસે, ભાવિક ભક્તજનો મોઢવાડા ગામે સંતોનાં દર્શન માટે આવવા લાગ્યાં.

આજે સમાધી લેવાનો દિવસ છે. બ્હારગામથી આવેલાં ભાવિક સ્ત્રી-પુરૂષોના ઉતારાની સગવડો થઇ રહી છે ગામને પાદર અનેક ગાડાં અને ઘોડા ગાડીઓ છુટી છે. સાધુ સંતોની મંડળીઓ પણ આવી પુગી છે અને ચારે બાજુ ભજનની ધૂન લાગી છે. દરેક સ્ત્રી-પુરૂષોનાં મુખાર્વિંદ પર ભક્તિની છાંયા છવાઇ રહી છે. ગામના આગેવાનો દર્શને આવેલાઓની પરોણાગત કરવામાં રોકાઇ ગયા છે. દરેક ભાઇઓ મ્હેમાનને પોત પોતાને ઘેરે પ્રેમથી તેડી જાય છે અને તેમને માટે ખાવાપીવા, સુવા-બેસવાની પ્રેમથી સગવડ કરી રહ્યા છે. મ્હેમાનોનું સ્વાગત કરવામાં પોતે પોતાનાં અહોભાગ્ય સમજી તન, મન અને ધનથી સેવા કરવા ખડે પગે તૈયાર ઉભા રહ્યા છે. આવેલાં મ્હેમાનો કોઇ રીતે દુભાય નહિ, તે માટે પોતાનો કામ ધંધો છોડીને અતિ પ્રેમભાવે સેવા કરી રહ્યા છે. મ્હેમાનો માટે પ્રાણ પાથરવા, એ તો મ્હેરનો કુદરતી સ્વભાવ છે. ઘરમાં એક ટંકનું ન હોય તો ઉછી ઉધારાં કરીને પણ, મ્હેમાનની મ્હેમાનગત કરવામાં પાછો પગ ભરે નહિ, એ તો આ જમાનાના મ્હેરો પણ હજી સુધી પોતાનો અતિથી સત્કારનો ધર્મ ભૂલ્યા નથી.

સંત જીવણદાસજી તથા માતા સોનબાઇનો આજ સમાધી લેવાનો દિવસ છે. પ્રભાતમાં ઉઠી ન્હાઇ ધોઇ પ્રભુસ્મરણ વિગેરે નિત્ય કર્મ કરી, બંને દંપતી અરસપરસ આત્મોદ્ધારની વાતો આનંદથી કરી રહ્યાં છે. પ્રભુના સ્વરૂપમાં ભળવાની ઉત્કૃષ્ટ ભાવનાને લીધે હૃદયપર આનંદની છાંયા છવાઇ રહી છે.

સમાધી સ્થાન આગળ બંને દંપતી પાસે પાસે બેસી શકે તેવા ખાડા ખોદી તૈયાર કરેલા છે. સમાધી સ્થાન આગળ જવા માટે અંતરાત્મા તેમને અવાજ આપે છે. બંને દંપતી ત્યાં જાય છે. તેમની પાછળ હરિકીર્તન ભજનકીર્તન કરનારી સાધુઓની મંડળી

ઝાંઝ પખાજ સાથે કીર્તનની રમઝટ જમાવી દે છે. ત્રાંબાળુ ઢોલ અને શરણાઈમાં સીંધુડો રાગ ગવાઈ રહ્યો છે. નિર્માલ્ય માણસનાં પણ રોમાંચ ખડાં થાય તેવું દ્રષ્ય ખડું થયું છે. સમાધી સ્થાન આગળ પહોંચતાંજ સોનબાઈ માતાજીને સત ચડે છે. તેમના હૃદયમાં મહાન શક્તિનો સંચાર થયો હોય, તેવું જોમ નસેનસમાં વ્યાપી રહ્યું છે. જય જગદંબે, જય જોગમાયાના ઉચ્ચાર કરતાં ભક્તજનો તેના ચરણોમાં પડે છે અને આશિર્વાદ મેળવે છે. છુટા કેશવાળાં શક્તિ સ્વરૂપ સોનબાઈ માતાજી, સતના પ્રભાવે પોતાના દેહમાંથી પ્રાણ જુદાં કરી સમાધી લેવા માટે જે સ્થળ નક્કી કરેલ છે, ત્યાં સંત જીવણદાસ અને માતાજી સોનબાઈ બીરાજમાન થાય છે. ભક્તિના પ્રભાવે કરી ધુપ દીપ પ્રગટ થાય છે, હાથમાંથી કંકુ વેરાય છે, ભક્તજનોને આશિર્વાદ દેવાય છે, જય જયના પોકાર થાય છે અને બંને દંપતી સમાધી લઇ, સ્થુળ દેહને તજી પરમાત્માના સ્વરૂપમાં ભળે છે. અનેક માણસો પૂજન કરે છે. નૈવેદ્ય ધરે છે. સાકર અને નાળીએરના ઢગલા થાય છે, તે ભાંગી ભાંગી પ્રસાદી રૂપે અપાય છે. વિશુદ્ધ ભક્તિનો પ્રભાવ જોઇ, ભક્તજનો આશ્ચર્યચકિત બને છે. પરમાત્માની અપાર લીલાનું ભાન થાય છે. બંને સંતોનો જય બોલતાં બોલતાં માનવમેદની વિખરાય છે.

માતા સોનબાઇએ તો સમાધી લીધી. હવે લીરબાઈ માતા એકલાં થયાં. સોનબાઇ માતાની સાથે રહીને જે સત્સંગનો લાભ મળતો, તે હવે નહિ મળવાથી તેમજ માતાજીના વિયોગથી, લીરબાઈ માતાને પોતાનું જીવન પુરૂં કરવું કંટાળા ભરેલું લાગ્યું. લીરબાઇ માતા પોતાના ધણીની સેવા કરવામાં તથા આવ્યા ગયા સાધુ સંતોનું સ્વાગત કરવામાં પોતાનો સમય વીતાવવા લાગ્યાં. માતાજીએ કેશવ ગામને પાદર જે વાવ બંધાવી છે, તે આજનાં જોનારાં માણસો પણ જોઇ આશ્ચર્ય પામે છે. વાવની બાંધણીમાં વપરાયેલા પથ્થરની લંબાઇ

તથા એનું વજન જોતાં, યંત્ર વિના આવા પથ્થર ગામડાના કારીગરોએ કેવી રીતે ઉપાડીને ચણતર કામમાં ગોઠવ્યા હશે ?

લીરબાઈ માતા કેશવ ગામે જ્યાં સુધી રહ્યાં ત્યાં સુધી ઈશ્વર કૃપાથી દર મહીનાની બીજે ને બીજે કોઇ પણ સાધુ સંત કે અન્નનો ક્ષુધાર્થી આવે, તેને પ્રેમથી જમાડતાં; અને પરમાત્માએ એ નીમ છેવટ સુધી નીભાવ્યું. લીરબાઇ માતા આવાં પરમાર્થનાં કામ કરતાં કરતાં વૃદ્ધાવસ્થાએ પહોંચ્યાં. પોતાનાં ગુરૂ સોનબાઇ માતાજીની સમાધી આગળ પોતે પણ સમાધી લેવાનો વિચાર કર્યો; પણ મોઢવાડા ગામના ભાઇઓએ વિનંતી કરી કે, માતાજી, તમે હાલમાં સમાધી લેવાનો વિચાર માંડી વાળો. તમારી જીંદગી તમે પરમાર્થનાં કામ કરો છો તેવાં કામ કરવામાંજ પુરી કરો, એવી અમારી આજીજી છે.

લીરબાઇ માતાજીએ ગામના આગેવાનોની વાત કબુલ રાખી, પોતે પોતાની બાકીની જીંદગી પોરબંદર તાબે કંડોરણા ગામે પુરી કરી છે અને છેવટમાં ત્યાંજ સમાધી લે છે. એ સમાધી સ્થાન ઉપરની એ ડહેરી ઉપર ધ્વજા ફરકયા કરે છે અને લીરબાઇ માતાજીના જીવનચરિત્રની યાદી આપી રહી છે. ડહેરીમાં માતાજીનાં પગલાં પુજાય છે. પોરબંદર રાજ્ય તરફથી ધૂપ દીપ અને પૂજા-વિધી માટે એંશી વીઘા જમીન આપેલી છે; જે હજુ પુજારી તેની પેદાશમાંથી ખર્ચ કાઢે છે. માતા લીરબાઇના નામની માનતા ચાલે છે. ઘણા સેવક સેવિકાઓની ધરેલી ધારણા પાર પડતાં માનતા કરી જાય છે.

લીરબાઈ માતાના સ્વર્ગવાસ પછી એમના શિષ્યોએ બીજે અને બીજે સાધુ સંતોને જમાડવાનું કાર્ય ઉપાડી લીધું અને માતાજીના નામથી ગોસા તથા કોઠડી ગામે સદાવ્રત ચાલુ રાખેલાં છે. એના શિષ્યો ઘણા હતા. તેમાં મુખ્ય શિષ્ય નથુ ભગત કોઠડીના મ્હેર હતા. તેમને અચુક નિયમ હતો કે, માતાજીનાં દર્શન કર્યા વિના અનાજ લેવું નહિ.

કંડોરણાના પાદરમાં નદી છે. એક વખત નદીમાં પુર આવ્યું. નદી તરી પહેલે પાર જવામાં જીવનું જોખમ હતું; પણ એ મરણની બીક નથુ ભગતની ટેકને તોડાવી શકે તેમ નહોતી. માતાજીનું નામ લઇને પુરના પ્રચંડ વેગમાં આગળ વધવા લાગ્યો. પરમાત્માની સહાયથી નદી પાર ઉતરી લીરબાઇ માતાજીના પગમાં પડ્યો. લીરબાઇ માતા પ્રસન્ન થયાં અને બોલ્યાં કે, નથુ ભગત, હવે તારે ફેરો ખાવો નહિ. તું જ્યાં ધારીશ ત્યાં હું તને મળીશ. નથુ ભગતે માતાજીની આશિષ લીધી. નથુ ભગત ગરીબ સ્થિતિમાંથી સુખી જીવન ગાળવા લાગ્યા. ત્રણ મંડપ તો પોતાને ખરચ્ચે કર્યા. ( મંડપ એટલે ઇષ્ટદેવની આરાધના કરી મંડપ ઉભો કરવા સ્થંભ ઉભો કરે છે. અને મંડપ ઉભો થયા બાદ ધાર્મિક વિધી થાય છે. બાદ આવેલાં માણસોને ભોજન આપે છે. આવા મંડપોમાં કોઇ કોઇ વાર પંદર વીશ હજાર માણસોની મેદની ભરાય છે.

નથુ ભગતે બીજે ને બીજે માતાજીને પગલે ચાલી સાધુ સંતને જમાડવાનો નિયમ રાખ્યો હતો. વરસમાં બે બીજ મોટી ધામધુમથી ઉજવાય છે અને પાંચ સાત હજાર સેવકો ભક્તિભાવે આવે છે અને લીરબાઇ માતાની જય બોલાવી ચાલ્યા જાય છે. લીરબાઈ માતાના શિષ્યો ગળામાં ધોળાં મોતીની માળાઓ નાખે છે. આજે એ માતાજી લીરબાઈ નથી, તેમ એમના શિષ્ય નથુ ભગત નથી; પણ એ કોઠડી ગામે હજી પણ તેમના અનેક શિષ્યો ઉત્સવ પ્રસંગે આવે છે અને માતાજીના નામનું સ્મરણ ધ્યાન કરી ઉત્સવ ઉજવી રસ્તે પડે છે.

## લીરબાઈ માતાજીનું બનાવેલું ભજન.

પધારો ગરૂજી સતની વેલડીએ રે હોજી.
એવાં રૂડાં પુન્યનાં ફળ લાગ્યાં રે...હાં હાં...પધારો...

# ભડવીર નાથો મોઢવાડીયો.

સાંજ પડવાનો વખત છે. ગાયોનું ધણ રીમમાંથી ઉતાવળે પગે ચાલી સીસલી ગામ તરફ વળ્યું છે. આ વખતે એક એકડા બાંધાનો, કાયા જેની ઘાટીલી છે, એવો એક મ્હેર જુવાન સીસલી જવા માટે ઉતાવળે પગલે ચાલવા મંડ્યો છે. ખંભા ઉપર કચ્છી કોરનો કોર બંધાવેલ ધાબરો પડ્યો છે. હાથમાં કળીયાળી ડાંગ છે. માથે કારાપાણનું ફારીયું બાંધેલ છે. જુવાનીનું જોર છે. પાણકોરાની પહેરેલી આંગડીની બે બાંહીઓની કડચલીઓ બંને હાથની સુંદરતામાં વધારો કરે છે. જુવાનની મુખાકૃતિ, ચાલવાની જોશભરી છટા, તેજસ્વી આંખોની ચપળતા, કાળા ઝેબ જેવા દાઢીના કાતરા, મરોડદાર મુછો, એ બધું જોતાં જોનારને સ્હેજે એમ લાગે કે કોઈ શુરવીર પુરૂષ છે.

આ જુવાનની ચાલમાં ઉતાવળ છે. સાંજ પડી છે. ફુઇને ઘેરે જલ્દી પહોંચવું છે. એવું બધું ફુઇને શું જરૂરનું કામ હશે? એવા વિચાર કરતો કરતો પંથ કાપતો જાય છે. દીવા ટાણું થયું ત્યાં સીસલી ગામને પાદર પહોંચ્યો અને ફુઇને ઘેરે ગયો.

આ જુવાન મોઢવાડાનો રહેવાશી છે અને નાથા ભગતના નામથી ઓળખાય છે. નાથા મોઢાની ફુઇની ભેંસો જામનાં માણસો જબરજસ્તીથી હાંકી ગયેલ, તેથી નાથા ભગતને ખબર આપ્યા તેથી નાથા ભગતને આવવું પડ્યું. નાથા ભગતનું મોસાળ કડછ ગામે છે.



"નાથા ભગત, આજે અપશુકન થાય છે: તો તમારી બ્હેનને ત્યાં જવાનું માંડી વાળો."

Hatdiwala Press.

નાથા ભગતની ફુઈ પુત્રીબાઈ કચ્છથી ભેંસો લઈને સીસલી ગામમાં ફક્ત એક વરસ માટે ભેંસોનું ચરીયાણ સારૂં હોવાથી આવ્યાં હતાં અને દીવાળી બાદ પાછાં કચ્છ જતાં રહેવાનાં હતાં. નાથા ભગતનો દીકરો માલદેર અને તેની ફુઈ પુત્રીબાઈનો સાથી ભેંસો ચારવા ગયા હતા. તે બેઉનું ધ્યાન નહિ અને ભેંસો દૂર ચાલી ગઈ અને જામનાં માણસો ડબામાં પુરવા લઈ ગયા.

નાથો ભગત ઘેરે આવ્યો કે તુરત બોલ્યો : "ફુઈ, ઇવું કાંઉં કામ પડયું? મારે ધઉંમાં પાણી કાઢવું'તું, તી કોશ છોડે ને આવવું પડયું."

નાથાની ફુઇ : "દીકરા, તારે તાં ધઉંની વ્યાધી છે; પણ આ મારાં છોકરાં દુધ વનાનાં વ્યારૂ કરે છ. આપણી સારામાં સારી ભેંસુ જામનાં માણસુ હાંકે ગીયા."

નાથો ભગત : "કાંથી?"

નાથાની ફુઈ : "સીમમાં ચરતી'તી તાંથી."

નાથો ભગત : "કુણ હાંકે ગીયા?"

નાથાની ફુઈ : "જામના માણસુ-ધતુરીયાના ફાટેલ અ...ચર." એમ કહી રોવા લાગી.

ના... : "...તી ઇમાં કાંઉં મો વારે નોં ...છ. ઈ વ્યાધી ...દે. તારી ભેંસુ હલધડીએ લેવે દાં."

નાથ... : "નાથા, દીકરા, અટાણે અસુરૂં જવાય નહિ. દરમા ઉગે તો ...જાજે. હાલ્ય, વ્યારૂ કરે લે."

નાથો ભગત : "ના ફુઈ, બ્યારૂ તાં હેવ ઇ ભેંસુ લેવે દાં તાર કરીશ." એમ કહી નાથો હાથમાં પરાણો લઇ જવાને તૈયાર થયો. ત્યાં તેની ફુઇએ આવીને હાથ ઝાલ્યો : "દીકરા, બ્યારૂ કર્યા વના તાં જાવા ની દાં. જા તો તને સમ છે."

"ફુઈ, હાલી માથાકુટ કરમાં. તારી સો વાત ને મારી એક વાત ભેંસુ આવ્યા વના હું બ્યારૂ કરવાનો નેથ." એમ કહી હાથ મુકાવી નાથો ચાલતો થયો અને બોલ્યો : "ફુઈ, મારી વ્યાધી કરજેમાં. આ પગલે ભેંસુ લે આવાં." નાથો ગયો. તેની ફુઇની આંખમાં આંસુની ધારા ચાલી અને મનમાં બોલી કે : "મારો દીકરો નાથીયો મગજનો ફાટેલ છે. ઇનું કાંઉં થાશે? હે ચામુંડ આઈ! તું લાજ રાખજે." રોતાં રોતાં પોતાનાં ઓઢણાંથી આંસુ લુછી ઘરમાં ગઈ.

જામનગરના રાવલ ગામને પાદર નાથો આવ્યો. પોલીસ થાણે જઇને ભેંસોની તપાસ કરી. પોલીસોએ ઉડાઉ જવાબ આપ્યો. એકને ... બીજાને પુછ્યું, બધાએ ઉડાઉ જવાબ આપી મશ્કરીમાં ઉડા... ...થો ત્યાંથી મામલતદાર પાસે જાય છે અને સલામ ભરી કહે છે કે : "...સા'બ, મારી ફુઇની ભેંસુ—" એટલું જ્યાં બોલે છે ત્યાં તો મામલતદાર બોલ્યો : "તું કોણ છે? ભુતના ભાઇ જેવો પુછ્યા ગાછ્યા વિના અંદર ચાલ્યો આવે છે, તે આ કંઈ ચોરો લેખી ...વા કે શું?"

નાથો બોલ્યો ... , મારી ફુઇનાં છોકરાં બ્યારૂ વગર બેઠાં છે."

મામલતદાર : "અરે કમબખ્ત! તું અહિંથી ચા... ...ચો સીપાઈ, આને ધક્કો મારી બ્હાર કાઢ. ગધેડા જેવાને ...નું પણ ભાન નથી."

નાથો ભગત : "મારા મે'રબાન, કાંઉં કરવા તું વગર મફતની ગાર દે છ. હું તાં તારી પાસે અરજ કરવા આવ્યો છ ને તું ઉલટો કાંય બાધવા મંડય ?" પોતાને તુંકારે બોલાવતો જોઇ, મામલતદારનો મીજાજ ગયો અને ઉભો થઇને નાથાને મામલતદારે લાત મારી. તો પણ નાથો તેના પગમાં પડયો અને બોલ્યો : "સા'બ, અમારી વગર કસુરે ભેંસુ હાંકે ગીયા છ. વરી અમારી સીમમાંથા હાંકે ગીયા છ. તારી સીમમાં તાં અમારી ભેંસુ આવીયુ પણ નો'તી ને આવો જુલમ કાવા સારૂં કર છ ?"

મામલતદાર બોલ્યો : "મારે તારી વાત સાંભળવી નથી. રૂપીઆ પચીશ દંડના રોકડા મેલી દે, તો હું બંદોબસ્ત કરૂં."

નાથો બોલ્યો : "પણ સા'બ, પચીશ રૂપીયા કીવાના ? વગર વાંકે દંડવો છ ?" "સાલા નાલાયક ! સામું બોલે છે ? હવે પચાશ રૂપીયા દંડના લેવા છે." મામલતદાર તાડુકી ઉઠયો.

નાથો બોલ્યો : સા'બ, લે તો તું ધણી છે; પણ આ અણહકના લે છ. કંઇક ભગવાન ભગો બી ને વાત કર. અમલદારી તારી જીવત જાગત રે'વાની નેય."

મામલતદાર બોલ્યો : "હવે પોણોસો રૂપીયા દંડના લેવા છે."
નાથો બોલ્યો : "આવા ઉપાડા રા'વા દે. આ જુલમ હું તાં સાંખીશ; પણ મારો હજાર હાથ વારો નીં સાંખે."

મામલતદારની સાથે તુંકારે વાતચીત કરતાં, તેના ક્રોધનો પાર રહ્યો નહિં અને ગુસ્સામાં ને ગુસ્સામાં ઉભો થઈ નાથાને જોરથી ધક્કો માર્યો. નાથાનું ધ્યાન ન હોવાથી ઓટલાથી નીચે જઈ પડયો. નાથો ધુળ ખંખેરી ઉભો થયો અને અમલદારના નોકરો નાથાની હાલત જોઇ હસવા મંડયા.

નાથો બોલ્યો : ઠીક સા'બ, આ તારો વખત છે; પણ આ અમલદારી ચાર દી'ની ચાંદરડા જેવી છે, ઇ ભૂલે જાજેમાં" એમ કહી નાથો હાલી નીકળ્યો.

નાથાને ગામમાંથી વાવડ મલ્યા કે દશ ભેંસો હાંકી આયરો રાણપરડે લઇ ગયા નાથો સીધો સીધો રાણપરડે ગયો. ત્યાં પણ અમલદારોએ નાથાનાં રૂવાડાં બળી જાય એવો જવાબ આપ્યો. તો પણ નાથો ફરીવાર બોલ્યો : સા'બ, તાર મારી ફુઇની ભેંસુ તાં નીં જડે નાં."

અમલદાર બોલ્યો : "તારી ફુઇની ભેંસો? એ તારી ફુઇની ભેંસોનાં તો હમણાં જામસાહેબે રાણપરડાનો નવો ગઢ બંધાવ્યો ને એમાં એનાં શીંગડાં ચણાઈ ગયાં. તારી ભેંસો સારૂં થઇ ચણેલ ગઢ કંઈ પાડી નંખાશે?

નાથો બોલ્યો : "ના સા'બ જામસા'બનો ગઢ કીં પાડે નખાય? એવડો ચણજો. હેવ હું મારી ફુઇની ભેંસુનો જવાબ જામસા'બ પાસેથી લઇશ."

અમલદાર બોલ્યો : "અરે મારો બેટો! તું શું બ્હારવટું કરીશ?" અમલદારની પાસે બેઠેલ એક આયર બોલ્યો : "સાહેબ, એનો દાદો કાંધો મ્હેર બ્હારવટે નીકળ્યો હતો અને એનો બાપ વારયાંગ પણ જામસાહેબ સામે બ્હારવટું ખેડતો હતો. આશીઆવદરથી એનો બાપ ખડનો ભર ભરીને આવતો હતો ત્યારે ઇજારદારોએ પડાવી લીધો હતો."

નાથો બોલ્યો : "મારા બાપે તો પડતર જમીનમાંથી ખડ વાઢયું'તું. ભોળીઓ નાથો આજ પચાશ વર્ષે એના બાપનો

બ્યાજબી રીતે બચાવ કરતો હતો. અમલદારો તથા તેના ખુશામતીઆઓ નાથાને મશ્કરીમાં જવાબ આપતા હતા.

અમલદાર બોલ્યો : "ત્યારે તો આ ત્રીજી પેઢીનો પાકેલ શુરવીર, નગરના રાજ્યને રખે ઉંધું ચીતું કરી મેલે! જુઓને, એના દીદાર પણ એવાજ છે. આવાં માર્મિક વચનો સાંભળી નાથાને પગથી માથા સુધી ઝાળ થઈ. અટાણે સમો નથી, એમ જાણી નાથો મોઢો મુંગે મોઢે ચાલતો થયો. નાથો ભાણવડ ગયો, ત્યાં પણ કોઈએ જવાબ આપ્યો નહિ. ત્યાંથી જામનગર ગયો. જામનગરની દોમ દોમ સાહેબી, ત્યાં પોરબંદર તાબાના એક નાનકા મોઢવાડા ગામના ગરીબ નાથા મોઢા જેવા ખેડુતને જવાબ કોણ આપે? રંગમતીને કાંઠે ભૂખ્યો દુઃખ્યો પડયો રહ્યો. જામનગરમાં કોઈએ નાથાની ફરીઆદ સાંભળી નહિ. ક્રોધનો માર્યો નાથો પાછો રાણપરડાની સીમમાં આવ્યો. બપોરનું ટાણું થયું છે. ખેડુતો સાંતી છોડી બપોરા કરી આરામ લે છે. બે ગોવાળીઆ ગામનું ખાડુ ચારે છે. એક સો જેટલી હાથણી સમાન ભગરી, કુંઢી, નવચંદરી ભેંસો ચરે છે, ત્યાં નાથો આવ્યો. ગોવાળીઆ વાતોના તડાકા મારતા મારતા ધતૂરી પીતા હતા. નાથાને જોઈને ઉભા થયા.

નાથાએ પડકારો કર્યો : "ઓલા આયર, આ કયાંનો માલ?"

આયર બોલ્યા : "રાણપરડાનો."

"પણ મારી કુઈનાં છોકરાં બ્યારૂ વનાનાં સુતાં છ, ઈ ખબર છે નાં!" : નાથો બોલ્યો.

આયર બોલ્યા : "તી એમાં અમારે શું છે?"

નાથો બોલ્યો : "અને મારે પણ ત્રણ દી' થીયા બ્યારૂ કરવું હરામ છે."

આયર બોલ્યા : "તી એમાં અમને શું કે'વા બેઠો છ?"

નાથો બોલ્યો : "આ ભેંસુને દુવે આજ સીસલી જઇને બ્યાક કરવાં છ."

આયરો : "આ ભેંસુનાં દુધે? અને આ ભેંસુ સીસલી લઇ જઇને? ભેંસુના મુતરે વાળુ કર મુતરે. જો ગગો, જામસા'બની ભેંસુ લેવા આવ્યો છ!"

નાથો : "માલને છાનામના આગળ કરો છ કે હું હાંકે જાં?"

આયરો : "હવે હાલતો થા હાલતો. માળો, આ ગામડીયો છે કોણ?"

નાથો : "કોઇ વાતે નેથ સમજવું ને? દીકરાઉ માની જાઓ તો ઠીક છે. પછેં વસમું લાગશે."

આયરો : "લે હવે જા, હવે જા, ભૂંડો લાગ છ. આ કડીઆરી ડાંગ તારી મા નહિ થાય. એક ડાંગ ભેગી તારી ખોપરી ઉડાડી દઇશ."

નાથો : "ઠીક, તાર દીકરાઓ, થાઓ તૈયાર. તમારી કડીઆરી ડાંગ સરસ કે આ મારો પરાણો સરસ?" એમ કહી નાથો પરાણા વડે આયરોને દેવા મંડયો. હાથમાં લાગવાથી આયરોનાં કાંડાં ખડી ગયાં. પહાડ જેવા બે પડછંદ કાયાવાળા ગોવાળીઆને ઘડીકમાં નાથા મોઢાએ ધરતીપર ઢાળી દીધા અને આખું ભેંસનું ખાડુ વાળીને સીસલીને રસ્તે ચાલતો થયો. સીસલીના ઝાંપામાં પેઠો. સીસલીના માણસો ભેંસોને જોઇ રહ્યા. નાથાએ કુઈની ડેલીએ જઇ સાદ કર્યો. કુઈ બ્હાર આવી, નાથાનાં દુખણાં લીધાં; ને કહ્યું : "દીકરા, તને

ધન છે. વાશીઆંગનો દીકરો તાં ઇવોજ હોય ને! ભાઈ, તેં તાં મારી લાજ રાખી. પણ તું જી આ ભેંસુ લે આવ્યો, ઇ ભેંસુ મારી નેથ."

નાથો બોલ્યો : "ફુઈ, તારી ભેંસુ તાં મને ન જડી; પણ ધુનમાં ધુન આ હું સો ભેંસુ લે આવ્યો છ. તરૂં મન માને ઇ દોવે લે."

નાથાની ફુઈ : "દીકરા નાથા, આ તાં તેં ઠીક ન કર્યું. સરપ બાંડો કર્યો. જામની હારે વેર બાંધ્યું."

નાથો : "ફુઈ, તું તારે મઝા કરને. જામને તાં મારે જવાબ દેવો છ નાં! હું જીવતો બેઠો છ ને તું કાંઉં કરવા વાધી કર છ? તું મણે વ્યારૂ દે. હું ત્રણ દી'નો ભૂખ્યો છે. આમાંથી ઝટ એક દુણું ભરેને લે આવ્ય ને ઝટ રોટલા ઘડે નાખ્ય. તું આવી હારણુ જીવી કાંઉં વાતુ કર છ! હું વ્યારૂ કર્યાં વગર તાં જાવાનો નેથ. ઇ જામની ફોજ આવવી હોય તો ભલે આવે. એને જવાબ દેવા હું તીયાર છે." નાથો જમવા બેઠો અને નિરાંતે વાળુ કરીને ઉઠયો. ધતુરી ભરી, બે ચાર ફુંક મારીને કહ્યું : "લે ફુઇ, હેવ હું જાં'સ. જામનાં માણસુ આવે તો ઇણે સંભરાવે દીજે કે, ભેંસુને કોઇ હાથ ન અડાડે; નકર ઇણાં એકેએકનાં માથાં વાઢે લેઇશ." નાથો બ્હાર નીકળ્યો. સીસલી ગામના પાદરમાં એક માણસ ઉભો હતો, તેણે કહ્યું : "ભાભા, તારો હિસાબ લેવા જામની વાર વહી આવે છ."

નાથો : "ઇતાં જી થાવું હશે ઇ હમણાં થે રીસે. ઇ તારી તરવાર બોરી કરજે. કાલ પાછી તુંણે આપે દેઇશ. ઇને જવાબ દેવા સારૂ એક તરવાર ઢગ છે." તલ્વાર લઇ નાથો જામસાહેબના સ્વારોની વાટ જોઇ ઉભો. ત્યાં તો સ્વારો ભાલે આભ ઉપાડતા

ઝપાટાબંધ આવી પહોંચ્યા. છેટેથી નાથાએ પડકારો કર્યો : "ઉતાવળા થાવમાં, ઉતાવળા થાવમાં. ઘોડાઉને પેટમાં પીડ ઉપડશે. હું તાં ભાગે જાં ઈ નેથ. તમારી વાટ જોવેને ઉભો છ. મારે ભાગવું હોય તો તમે આંબોય કીવાના?" નાથે મ્યાનમાંથી તલ્વાર બ્હાર ખેંચીને પડકારો કર્યો : "દીકરાવ, જામના હરામના રોટલા ખાઈ, ઘણાય દી' લેર કીધી. આજ આવો મેદાનમાં." સ્વારો નાથા ઉપર તૂટી પડ્યા. સાત સ્વારોને તો નાથાએ જોતજોતામાં પાડી લીધા. બાકીના જીવ લઈ ભાગ્યા. ભાગતાં ભાગતાં વાતો કરવા લાગ્યા કે, મારૂં સારૂં આમાં કંઈક કૌતક લાગે છે. નાથીયાના શરીર ઉપર તલ્વાર અને ભાલાના ઘા ઘણાય પડ્યા; પણ જરાય ફૂટ ન થઇ, એનું કારણ શું? બીજો સ્વાર બોલ્યો : "ભાઇ, તને ખબર છે? એને તો આભપરાવાળા બુઢા જોગંદરનું વરદાન છે. નાથાએ તેની ભારે ચાકરી કરી તેથી બાવાજી પ્રસન્ન થયા અને બે વાનાં તેને આપ્યાં. એક શીયાળશીંગી અને બીજી મોણવેલ. ઇ બેયને નાથાએ પોતાની સાથળ ચીરાને એમાં નાખીને પાછા ટાંકા લઈ સાથળ સીવી લીધી છે. ત્યારથી તેને તલ્વાર કે બંદુકની ગોળી વાગતી જ નથી. આ નાથીઆને તું જેવો તેવો સમજીશમાં. તું જોજે તો ખરો, ઇ આખા મલકમાં રાડ બોલાવશે. કાંતો બ્હારવટે નીકળશે ને કંઇકના ભૂકા કરશે."

× × × ×

નાથો મોઢવાડીઓ મોઢવાડે આવે છે. તેના દીકરા માલદેવને કહે છે : "દીકરા, હેવ તું જાણુ અને તારૂં ઘર જાણે. તારી માની સંભાર રાખજે અને ઘરની લાજ આંબરૂ રાખજે. હેવ મારી વાટ જોજેમાં. હું હેવ તમારો નેથ. મારામાંથી મમતા કાઢે નાખજો. નાથા મોઢવાડીઆનો દીકરો કીવી રીતે જીવી જાણે અને કીવી રીતે મરી જાણે ઈ શીખવવાનું ન હોય. મોઢવાડા ગામના ભાયુને મારે કે'વાનું કે, આપણા બરડાના ભાયુને મારો સંદેશો પુગાડજો અને

કેંજો કે મેરની આબરૂ ન જાય. પોલે પાણે રોજના રોજ રોટલા પુગે ઇની સગવટ કરે. મારી ભેગા બસે મકરાણી છે. ઇનો પગાર તાં હું ભરીશ, પણ ઇની ખોરાકી સૌ મેર ભાયુ પુરી પાડે, ઇવી મારી આશા છે. લ્યો, હેવ રામ રામ." એમ કહી નાથો ચાલતો થયો. બરડા ડુંગર ઉપર ચડી ગયો અને પોલે પાણે ટચલી આંગળીના લોહીથી ત્રિશુળ કરી વાસતું કર્યું. પોલો પાણો ભગવાને જાણે નાથા મોઢા સારૂં જ બનાવ્યો કેમ ન હોય!

આ પોલો પાણો બત્રીશ ફુટ લાંબો અને સોળ ફુટ પહોળો એટલો વિશાળ છે. તેમાં નાથા મોઢાનું નિવાસ સ્થાન છે. પાણાની ઉપર સાડાત્રણ ફુટ ઉંચે જબરજસ્ત શીલા છે. આ શીલાને નાથા મોઢાના ઘોડીને ઉભી રાખવા માટે કોતરી કાઢી છે. એ શીલાના ઉપરના ભાગમાં ઓથ લઇને માણસ બેસી શકે એવી બેઠકો છે. ત્યાં વારાફરતી ચાડીકાના ચોકી પ્હેરા બદલાય છે. શીલાની પડખે ઘોડાને પાણી પીવા માટે તલાવળી છે. તે હજુ પણ નાથા મોઢાની તલાવળી નામે ઓળખાય છે. પોલા પાણાની જરાક છેટે એક ચોક છે. તે માણેકચોકના નામથી ઓળખાય છે. ત્યાં બ્હારવટીયાઓ તથા તેનાં માણસો દાંડીયારાસ લઇ ડુંગરની મોજમજા ઉડાવતા હતા. આ પોલે પાણે નાથો મોઢવાડીયો આજે પોતાના શુરા સોબતીઓને લઇને બેઠો છે. એમની ટોળીમાં ભળે એવા કેટલાક શુરવીર ભાઇઓ બ્હારગામથી નાથા મોઢાને મળવા આવ્યા છે. બારોટ, ચારણ તથા માગણને જમાડવા માટે ચોખાની દેગ રોજ ચડેલી રહે છે. આજે આ ગામ ભાંગવું છે, કાલે બીજું ગામ લુંટવું છે, ગામ લુંટવામાં કઇ જાતની તૈયારીઓ કરવાની છે, એ બાબતની નાથો મોઢો તેના શુરા સોબતીઓ સાથે વાતચીત કરે છે. હોકાની ફુંકો લેતો જાય છે. બારોટ અને ચારણ આવી તેનાં ગુણગાન કરે છે; તેને તથા ગરીબ ગુરબા જે આવે તેને છુટે હાથે દાન કરે છે. આવી રીતે ડુંગરની

સાહેબી નાથો ભોગવી રહ્યો છે. નાથાએ બારાડી પરગણાનાં ઘણાં ગામ લુંટયાં. આશીઆવદર અને ગુંદુ ગામ લુંટયાં અને એમાંથી આવેલી જામશાહી કોરીના ખડખડાટથી પોલો પાણો ગાજી ઉઠતો. ગુંદા ગામના આયર પટેલની રોઝી ઘોડી ઘણીજ સરસ હતી. તે ઘોડી તેની પાસેથી લઇ લીધી અને પોતાના બારોટ રાજાને આપી દીધી. આ ઘોડી આપી તેનું એક નીચે મુજબ કવિત રાજા બારોટે બનાવ્યું છે.

## છપાખારૂં કવિત.

દાણા દહંતા અથાઉ બાહુ મકડાંકી હાર દેખાં,
દીકયા ભુપતી ધન મહેરાં કા હાથ કોંટાળા શાબાસ તુને;
વસુ દીને ન્યાલ કીધા નશાબંધી ભેરે તારે અરડાકો નાથ.
પોતરા દેવરા તારા નવે ખંડ નામ પ્રાજા ફેરીયાં ચોકડે ફેરે,
થાળીઆં કે ફેર ખાંતશું રમાડે તારા હમચી મૃગ જેમ;
ખુંદે તાણીચા ઉતરે, ગજ બાર કહીં તેર.
કાઠારા રાજવી થોકરા વખાણ કરે,
પેખાં જેસા રોજગરાં ત્રેગાં કા પાટ કાંધકા મરોહ;
જેસે વવારૂ ઘુમટો કાઢે તેવી નેક રૂપ કાનસોરી.
મોકલી અઘાટ તાંસળી સારીખી ડાબ ઉરકી માંડણી,
તેવી લટીઆળી કેશવારી સાજમેં લપેટ;
વાશીયાંગ તણો રીઝયો સમાપે કવાંને વાજી.
ભાવાણાકો ધણી રાખે ચડવાને ભેટ,
કોરડા મુલરી પટી ચોપડે અમર કીધી;
દેશરા ધણીથી ન કેદી એ દેવાય.
કચારી જુનાકી એમ મોરબીનો ધણી કહે,
નાથીયારા જેમ આજ હાકેમ ન થાય;
પોર’રા ધણીરો પાટ ઉજળો કર્યો તેં મોઢા.

લાખા ગાવા લગી વધી રાવરૂકી લાજ,
દશ વીશ વાળાં ઘોડાં એ તો મલક સાબદો દીએ;
રોઝડી કે તોલે ના આવે માંડવીકા રાજ.

— અર્થ —

કોટાળા–વીરતાથી ભરેલો
દશુ દીને–ચારેબાજુ
પોતરા દેવરા–દેવાનો પૌત્ર નાથો
કાઠારા–કાઠીયાવાડના
થોકરા–ઘણા
વાશીયાંગ તણો–વાશીયાંગનો પુત્ર
સમાપે–વખતસર
લાખા ગાવાં–લાખો ગાઉ
કવાંને વાજી–કવીને આપી
કોરડા મુલરી–કરોડોની કિમતની
ચોપડે અમર કાંધી–બારોટને ચોપડે લખાણી
દેશરા ધણીથી–મોટા ગામધણીઓથી
પોર'રા ધણી–પોરબંદરનો રાજા
પાટ ઉજળો–માન વધાર્યું
વાજી–આપી
હીકયા–બોલ્યા

નાથા મોઢાના આ બ્હાદુરી ભરેલા કામથી, દેશોદેશમાં તેની નામના તથા કીર્તિ વધવા લાગી. સોરઠમાં અમરેલી સુધી નાથા મોઢાનું નામ ગાજતું થયું. નાથા મોઢાનું બ્હારવટીયા તરીકેનું જીવન હતું, પણ 'ભગત'ના નામની તેની છાપ ભુસાણી ન હતી; કારણ કે તેની રહેણી કરણીમાં ડગલે ડગલે નીતિ હતી.

× × × ×

એક દિવસ નાથો ભગત દાયરો કરીને બેઠો છે; ત્યાં આડીકાની નજર ચુકાવીને પાછળની કેડીમાંથી એક ઘોડેસ્વાર ચડી આવ્યો અને ધોલે પાણે આવી પહોંચ્યો. ઘોડેસ્વારની રાંગમાં રૂમઝુમતી ઘોડી છે. હાથમાં ભાલું, કેડે તલ્વાર અને ખંભે ઢાલ છે. મોઢે દાઢી મુછનો ભરાવ અને કરડી આંખો છે. સ્વારે ઘોડી ઉપર બેઠાં બેઠાં કહ્યું : "બા, રામરામ." દાયરાના સૌ જણાયે સામું કહ્યું : "રામ"

ઘોડેસ્વાર : "આમાં નાથો ભગત કોણ?" એક જણાએ જવાબ દીધો : "ન ઓળખ્યો બાપા? તેં રામરામ કર્યાં ને?" "ઈ તો અજાણમાં સૌની હારે રામરામ કર્યાં." : સાવઝ જેવું ગળું ગાજી ઉઠ્યું. નાથો ઉભો થઇ બોલ્યો : "હું પોતે નાથો. લે ભાઇ, હેવ ફરીદાણ કરીએ રામ રામી. ઘોડેથો હેઠો ઉતર."

ઘોડેસ્વાર બોલ્યો : "ના, હવે તો વચન દે ઈ પછેંજ હેઠો ઉતરૂં."

નાથો : "અરે ભલા માણસ, કંઇ ચડયે ઘોડે વચન લેવાતાં હશે? કંઈ વાત, કંઇ વગત, કંઇ ઓરખાણ, કંઈ પારખાણ?"

ઘોડેસ્વાર : "ઇ વાત અને વગત પછેં. ઇ ઓળખાણ પણ પછેં. કાં નાથો ભગત વચન આપે અને કાં રજા આપે."

નાથો : "રજા તાં ભાઈ આંય શત્રુને પણ જડતી નેથ; તો હેતુને રજા કીમ જડે? ઇમ પોલે પાણે જી આવે, ઈ હાલ્ટે હાથે જાતો નેથ. લે, જા, મારૂં વચન છે." એમ કહી સ્વારને તાળી દીધી. પોલા પાણાએ પણ એ તાળી ઝીલીને સાક્ષી પુરાવી. નાથા ભગતે સ્વારને હેઠો ઉતાર્યો અને બંને જણ પ્રેમથી ભેટયા. પછી ભગતે પૂછ્યું : તું કુણ સે?"

ઘોડેસ્વાર : "હું ચાંપરાજવાળો, ચરખા ગામનો."

નાથો : "અરે, તું પોતેજ ચાંપરાજવાળો? ગાયકવાડનો મદી! આવ ભાઈ આવ. આજ તારા જેવા શુરવીરના પગલેથી, પોલો પાણો એક તસુ ફુલશે. ભાઈ ચાંપરાજ, બોલ, મારા જીવું કાંઉં કામ પડયું? ઝટ કે' દે. ઠેઠ આં સુધી કીં આંટો ખાવો પડયો?"

ચાંપરાજવાળો : "નાથા ભગત, મારા અમરેલી ભાંગવાના કોડ અધુરા રહ્યા છે અને તેમાં તારા જેવા મર્દ બચ્ચાની જરૂર છે. તારા વિના મારા એ કોડ અધુરા રહેશે. એ કોડ તું પુરા કરીશ, એમ મને ખાત્રી હોવાથી તને હું તેડવા આવ્યો છું."

નાથો : "ચાંપરાજભાઇ, હાલને હમણાંજ હાલી નીકળીએ! ઇમાં કાંઉં! ગામ લુંટવાં ઇ તો આપણું કામ છે નાં! વરે ભાયુ ભાયુનાં કામ તાં એક બીજા કરતા આવે છ ચાંપરાજભાઈ, આ ડુંગરની બાદશાહી બે દી' તાં માણે લે. બરડા ડુંગરમાં મેર દાયરાનો ઠાઠ પાછો કેદુ જોવા આવીશ?" નાથા મોઢાએ ચાંપરાજવાળાને થોડાક દિવસ રોકયો. હીલોળા કરાવ્યા અને પછી બેય જણા અમરેલી ઉપર ચડયા અને અમરેલી ગામ ભાંગ્યું. ચાંપરાજની સાથે થોડા દિવસ ફરી, સોરઠી ગીરની સાહેબીનો અનુભવ લીધો અને પાછો પોસે પાણે આવ્યો.

એક દિવસ જવાંમર્દનો દાયરો પોસે પાણે જામ્યો છે. તેમાં એક બુઢો મકરાણી વલીમામદ બોલ્યો : "નાથા ભગત, માધવપુર ઉપર હાથ મારવા જેવું છે. આવું તરતું ગામ બીજું નહિ મળે."

નાથો ભગત : "પણ ઇ ગામ તાં પોર'નું છે. પોર'નો રાણો તાં આપણા માથાનો મુગટ કે'વાય. ઈનું ગામ ભાંગવું, ઇ તાં બેઠાની ડાળ ભાંગવા જીવું છે."

નાથો ભગત સોરઠના મ્હેરીઆ ગામમાં ફરવા નીકળ્યા છે. માધવપુરની સીમમાં ઉંટ ઢંકાઇ જાય એવી જુવારો ઉભી છે. નાથો ભગત પોતાનાં માણસોની સાથે ઘોડી હાંકયે જાય છે. ત્યાં છેટેથી મોટે અવાજે કોઇ બોલતું હોય એવું સંભળાય છે. નાથાએ લગામ ખેંચી ઘોડી ઉભી રાખી અને એક ખેડુતને પૂછ્યું : "ઓલ્યા, ઇ ફાટતે મોઢે કુણ બોલે છ?"

ખેડુત : "ભાઈ, ઇ તાં અમારા ઉપર જુલમનો વરસાદ વરસાવવાવારો કીરપારામ મે'તો."

નાથો ભગત : "ઇને ઇવાં અવરાં વેણ કીવા સારૂં બોલવાં પડે છ?"

ખેડુત : "ભાઈ, હજુ તાં આ જવાર ઉભી છ, તાં'જ અમારી પાસેથી વસુલાત લેવી છ. હેવ અમારે વેપારીયુને પાણીને મો.ઢે મોલ માંડે દેવા પડશે. અમલદારો તાં અમારાં લોય પી ગયા, તોય સખેં રે'વા દેતા નેથ. રાણાના રાજમાં તો હેવ ગરે ફાંસો ખાવાનો વખત આવ્યો છ."

નાથો ભગત : "પણ, આપણો રાણો તાં કરજુગનો રામ કે'વાય છ અને ઇના રામરાજમાં અમલદારના આવા જુલમ? અમલદારૂ મોત ભગા પણ બીતા નેથ. ઇ જાણે કીં અમરપટો લખાવેને આવ્યા હોય!" નાથો મોઢો કૃપારામ મ્હેતા પાસે ગયો અને સમજાવવા લાગ્યો : "ભલો થઇને ખેડુ ઉપર આવો જુલમ કરવો રા'વા દે. ખેડુને સંતાપવામાં સાર નેથ. અમલમાં ને અમલમાં તારી આંખ્યું બોળ્યેં ગીયુ છ; પણ અમલતાં આજ છે ને કાલે નેથ. તારા જુલમથી તાં અમારો રાણો, જેનાં દરશનથી પણ પાપ ધોવાય ઇવો ધરમના અવતાર જીવો છે, ઇને પણ કારી ટીલી ચોંટે છ. કીયા ભવ સારૂં આવી ભુંડાયુ કર છ." નાથા ભગતની આ વાત સાંભળતો કૃપારામ મ્હેતો, ઢોલીઓ ઢાળીને બેઠો બેઠો ગરમાગરમ બાજરાનાં પોંકના ફાકડા ભરતો હતો, તે ત્રાડુકી ઉભો થયો અને બે બે કટકા ગાળો કાઢવા લાગ્યો. નાથા ભગતથી આ વેણ ન સંખાણાં. માથા ઉપરવટ થતાં પડકારો કર્યો : "બોલ્યા પોતડીદાસ, થા હેવ ભાયડો. લે આ તરવાર ને તારામાં કટલુંક પાણી છે, ઇ મણેં દેખાડ."

કૃપારામ : "ઓલ્યા કોણુ છે તું ?" એમ પુછતાં પોતે ઢીલો પડી ગયો અને હારી ગયો.

નાથો ભગત : "હું નાથો મોઢવાડીયો. ઓલ્યા, તેં ઘણાય દી' ખેડુનાં લોય પીધાં." એમ કહી ઘોડીએથી ઉતરી કૃપારામને પકડયો. કૃપારામ ધ્રુજવા લાગ્યો. હાથ જોડી કરગરવા લાગ્યો અને કહ્યું : "નાથા ભગત, મેં તમને ઓળખ્યા નહિ. ભલા થઇને એક વાર મુકી દીયો." નાથા ભગતે પોતાના માણસને હુકમ કર્યો : "જાવ, ચમારવાડેથું મરેલ ઢોરનું આરૂં ચામડું ઝટ લે આવો." હુકમ થતાં તુરત આરૂં ચામડું આવ્યું. નાથા મોઢાએ કહ્યું : "આ જુલમના કરનારાને આ ચામડામાં જીવતો ને જીવતો શીવે દીયો. આવા જુલમના કરવાવારા ધરતી ઉપર ઝાઝી વાર રીયે ઇ પણ સારૂં નહિ." નાથા ભગતે એમ કહીને બે ચાર બંદુકના કુંદા માર્યા. નાથા ભગત પાસે જે બંદુક હતી, તેનું નામ ગાંડી પાડયું હતું. એ બંદુક પાશેરની ગોળી લેતી હતી. આ બંદુક હજી પણ ઘણે ભાગે રાજકોટ જ્યુબીલી હોલમાં રાખેલ છે.

**મે'તો માધુપુર તણો, ગજરે ખાતો ગામ;**
**કુંદે કીરપારામ, નેતર કીધો નાથીઆ.**

આવું મોત સાંભળતાં, મહાલે મહાલના મ્હેતાઓને શરીરે થરેરાટી ઉપજી અને ખેડુત પરના જુલ્મ એની મેળે આપોઆપ ઓછા થઇ ગયા. ગામડાના વહીવટદારોના સ્વપ્નામાં પણ નાથો ભગત દેખાવા લાગ્યા.

મોઢવાડા ગામના મ્હેર મુળુના દીકરા વણુધા પટેલને ત્યાં જેઠવા રાણાની હડ (લોઢાની પગની બેડીને બદલે લાકડાની બનાવેલી પગમાં નાખવાની હડ) રહેતી હતી. ભલભલાના પગ એ વણુધા

પટેલની હદમાં કેદ બનતા. વણધા પટેલનું મહારાણા પાસે સારૂં માન હતું અને તે સમયે વણધો પટેલ મહારાણાની મુછનો વાળ લેખાતો. એક દિવસ વણધા પટેલને ત્યાં માંગરોળ તાબાના ગામ છત્રાવાનો રહેવાશી રાણો ખુંટી નામનો મ્હેર આશરે સો માણસ લઇને દ્વારકાની યાત્રાએ જતાં જતાં રાત રોકાણો હતો. વાળુ કરીને રાત્રે ચંદ્રમાને અજવાળે મ્હેમાનો ઢોલીઆ ઢાળી બેઠા છે. નાથા ભગતની વાત નીકળી. એમાં રાણો ખુંટી બોલ્યો : "વણધા પટેલ, અમે સાંભળ્યું છ કે, તમારા ગામનો બારોટ નાથા ભગતના દુવા બહુ સારા બોલે છ."

વણધો પટેલ : "હા, અમારા ગામનો રાજો બારોટ બહુ સારા દુવા બોલે છ."

રાણો ખુંટી : "તાર તેડાવને ઇ બારોટને સાંભળીએ તાં ખરા."

વણધો પટેલ : "રાણા ખુંટી, ઈ બારોટ જરાક બોલકણો છે. ઇનું દખ તાં નીં લાગેનાં ?"

રાણો ખુંટી : "દુવા સાંભરવા ઇમાં દખ કીવાનું ? ઇ તાં જીવા કામા ઇવા નામા." રાજા બારોટને બોલાવવામાં આવ્યા. બારોટ આવ્યા અને દાયરાને રામરામ કરીને બેઠા.

રાણો ખુંટી : "રાજા બારોટ, તેં ઓલી નાથા મોઢાની વીશી (વીશ દુહા) બનાવી છે, ઇ અમારા દાયરાને તાં સંભરાવ્ય. બે ઘડી મજા થાય."

બારોટ : "પણ બાપ! મારા બોલવાથી કોઇને કંઈ દખ ધોખો થાય તો ઇ ઠીક કે'વાય નીં. કારણ કે મારે તાં સૌ મેર ભાયુ સરખા."

રાણો ખુંટી : "બારોટ, મુંઝામાં. તું તારે મોકરે મન્યે' લલકાર. ઇવાં કોઈ ભડવીરનાં વખાણુ ની' સાંભરીએ', તાર બીજું કાંઉં સાંભરશું ? ઇ વખાણ તાં મેરનાં જ છે નાં ? ઇ વરે કાં કોઇ બીજો છે."

બારોટ : "ઠીક, લ્યો તારે." એમ કહી હોકો એક બાજુ મેલી નાથા મોઢાના દુહા બોલવા શરૂ કર્યા.

એકે તેં ઉથાપીયા ટીંબા જામ તણા,
સુણીયું સીસોદરા ! નવખંડ વાતુ નાથીયા.

( હે સીસોદીયા વંશમાંથી ઉતરેલા નાથા મ્હેર ! પ્રથમ તો તેં જામસાહેબનાં કંઇક ગામ ઉજડ કર્યા; તેની કીર્તિની વાતો ચોમેર પ્રસરી રહી છે. )

બીજે નાનાં બાળ રોતાં પણ છાનાં રહે,
પંચ મુખ જે પ્રાચાળ નાંખછ ગડકુ નાથીયા.

તું સાવઝ સરખો એવી તો ગર્જના કરે છે કે, રોતાં છોકરાં પણ ત્રાડ સાંભળી છાનાં રહે છે. એવી તો તારી કીર્તિ ફેલાઇ ગઇ છે.

ત્રીજે જાડેજા તણું સોઢા છોડાવ્યું માન,
ખંડ રમીયો ખુમાણ તું નવતેરી નાથીયા.

( તેં જાડેજા વંશના જામ રાજ્યનું માન મુકાવ્યું છે. ભીમ, જેમ એક હાથમાં નવ અને બીજા હાથમાં તેર હાથીથી રમતો હતો, તેમ તું પણ એક સામટા શત્રુના દળમાં યુદ્ધની રમત બ્હાદુરીથી લડયો.)

ચારે દાઢે ચાવ બારાડી લીધી બધી,
હવ્ય લેવા હાલાર નાંખ છ ધાડાં નાથીયા.

( તું જામસાહેબનો બારાડીનો મુલક દાઢમાં લઇ ચાવી ગયો. હવે તો તું તેના હાલાર દેશની ધરતી હાથ કરવા હલ્લા લઇ જાય છે. )

પાંચે તું પડતાલ કછીયુને કીધા કડે,
મોઢા ડુંગર મોવાડ નત ગોકીરાં નાથીયા.

(તેં તો કચ્છ દેશનાં માણસોને પણ સપાટામાં લઇ કબજે કર્યા. હે! શુરવીર મોઢવાડીયા! ડુંગરોની ખીણોમાં તો તારો ભયંકર અવાજ આવ્યા કરે છે.)

છઠ્ઠે બીજા ચોટ કોઈ નાથાની ઝાલે નહિ,
કરમી ભેટયો કોટ તરતજ દેવળીયા તણો.

(નાથા મોઢવાડીયાની ચોટ (ઝપાટો) કોઈ ખમી શકતા નથી. દેવળીયા ગામનો મજબુત કિલ્લો તો તેં હે ભાગ્યશાળી! ઘડીકમાં તોડી નાખ્યો. તારી મર્દાઈની કેટલીક વાતો કરૂં ?)

સાતે તું ડરકણ સુવણ મોઢા ડુંગર માંય,
થરથર જાંગુ થાય રજપુતોની રાત દી.

(હે મોઢવાડીયા નાથા! તું સિંહ સરખો. ડુંગરમાં ત્રાળું દઇ રહ્યો છે. તેથી રાત અને દિવસ રજપુતોના પગ તો થરથર કંપ્યા કરે છે.

આઠે આળુ જે કરે વેડા મૂકે વાણ,
તળ નગરે ગરજાણ નાખે સુતર નાથીયા.

નવે સારી તો નહિ હાકમને હંસરાજ,
વશ કીધો તેં વંકડા રંગ મુછે નથરાજ.

(અમરેલીનો સુબો હંસરાજ મોટા મોટા રાજાઓને પણ ગાંઠતો નહિ, તેને હે ભડવીર નાથા! તેં તાબે કર્યો. તારી મુછોને પણ રંગ છે. તને ધન્ય છે.)

દશમે એક દહીવાણ દોરંગા આછાણી દલ્લી,
ખંડ અરડે ખુમાણ નર તું બીજો નાથીયા.

(જેમ દિલ્હી શહેર પર હુમલો કરનાર દૌરંગદાસજી રજપુતોમાં શુરવીર પુરૂષ પાકયો હતો, તેના જેવો બીજો શુરવીર પુરૂષ બરડામાં તું નીવડયો.)

**અગીયારે મ્હેર અભંગ લોકુમાં લેખાત,**
**નાથા જનમ ન થાત વંશમાં વાશીયાંગ રાઉત.**

(હે નાથા! તારો જન્મ જો ન થાત, તો સાચે સાચ આખી મ્હેર જાતિ લોકમાં લેખાત. એટલે મ્હેર જ્ઞાતિ, સહુ ખેડુત, વસવાયાં અને લોકના જેવી લેખાત; પણ તેં તો આખી મ્હેર જ્ઞાતિનું પાણી રાખ્યું.

**બારે બીલેશ્વર તણું ઉપર મોઢા એક,**
**ત્રેપરંજાની ટેક નાથા તે રાખી નદ્યુ.**

**તેરે તેં તરવાર કછીયુંથી બાંધી કડે,**
**હવ્ય લેવા હાલાર નાખ છ ધાડાં નાથીયા.**

(અત્યાર સુધીમાં તો તેં આ કચ્છમાંથી ઉતરી આવેલા જામસાહેબની સામે તલ્વાર બાંધી હતી. હવે તો તું આખો હાલાર કબજે કરવા હલ્લા લઈ જાય છે.)

**ચૌદે ઘર લેવા ચડે ખુમારા! ખરસાણ,**
**ભારે પડે ભંગાણ નગર લગણ નાથીયા.**

(તારા દુશ્મનો તને કેદ કરવા માટે વખતો વખત તારી ઉપર ચડી આવે છે; પણ તારી હિંમત અને બ્હાદુરી જોઇ પાછું જામનગર સુધી પહોંચવું ભારે પડે છે.)

**પંદરે તુને પાળ ભઠ મોટા આવી ભરે,**
**ક્ષત્રિ હવ્ય ખાંધાળ ન કરે તારી નાથીયા.**

(મોટા મોટા ગામધણીઓ પોતાના અને પોતાના ગામના રક્ષણ માટે બદલામાં તને પૈસા ભરે છે. હવે તારી છેડ કરવા કોઈ ક્ષત્રિયની હિંમત રહી નથી. મતલબમાં તારી બ્હાદુરી આગળ સર્વ લાચાર થઈ ગયા છે.)

**સોળે નવ સરકુ તણા બળીયા દંડ છ બાન,**
**કછીયુ તોંથી કાન નોરે ઝાલ્યા નાથીયા.**

(આખા સોરઠના મોટા મોટા માણસોને કેદ કરી, તેની પાસેથી દંડ વસુલ કરે છે. આ કાંઇ તારી ઓછી હિંમત કહેવાય નહિ.)

**સતરે શુરાતન તણો આંટો વળ્યો અછે,**
**બાબી જાડેજા બે તેં નમાવ્યા નાથીયા.**

(શુરાતન તો એવું આંટો લઈ ગયું છે કે, તેં તો જુનાગઢના નવાબ બાબીને તથા જામનગરના જાડેજા જામસાહેબને બંનેને તોબાહ પોકરાવી છે.)

**અઢારે ઈંદર તણો નકળંક ભેરે નાથ,**
**હાકમ પેટે હાથ તેં નખાવ્યા નાથીયા.**

(તારી મદદમાં તો ઇંડરનો અવધુત ઉભો છે; તેથી તેં મોટા મોટા રાજાઓને પણ લાચાર બનાવી દીધા છે. ઇશ્વરની તારા ઉપર અપાર કૃપાને લીધે જ તેં આ કીર્તિની માળા પહેરેલી છે.)

**ઓગણીસેં ઓસારીયા જાડેજા બાબી જે,**
**કેશવ ભુપત કે (તુને) નમ્યા પખેણો નાથીયા.**

(જામનગરના જાડેજા અને જુનાગઢના બાબી જેવાને પણ તેં તારી બ્હાદુરીથી નમાવ્યા. માત્ર કૃષ્ણ ભગવાન તને નમ્યા વગરનો રહ્યો.)

**વીશે તું સમા વહીંગ ધરપત થાકા ધ્રોડ,**
**ચાડયું ગઢ ચિત્રાળ નર તેં પાણી નાથીયા.**

(તારી સામે તને વશ કરવા ઘોડાઓ દોડાવી દોડાવી રાજાઓ પણ થાક્યા. નાથા! તેં તો તારા અસલ પૂર્વજ સીસોદીયાના ધામ ચિતોડનું પાણી વધાર્યું. તને ઘડીયે ઘડીયે કેટલાક ધન્યવાદ આપવા?)

"લ્યો બાપ! આ નાથા મોઢાની વીશી હું મારી અકલ પ્રમાણે બોલ્યો." : એમ કહી હોકો પાછો હાથમાં લીધો. દાયરામાંથી અવાજ આવ્યો : "વાહ! રાજા બારોટ વાહ!"

બારોટ : "હું તો બાપ! મારા પાલનહારનાં કાલાંઘેલાં આવડયાં તેવાં કાવ્ય કરૂં છું. હું કંઇ મોટો કવેસર નથી. જ્યારે દાયરામાંથી બધા વખાણ કરવા લાગ્યા, ત્યારે રાણો ખુંટી મર્મમાં હસવા લાગ્યો.

બારોટ : "કેમ બાપ હસવું આવ્યું?"

રાણો ખુંટી : "હસવું તાં આવેજ નાં! બારોટ, અટાણે તાં તેં નાથા ભગતને મેર નાતનો શિરોમણી બનાવ્યો અને તું ઇનો આશ્રિત છે, એટલે સુને મઢાવ, હીરે મઢાવ, રાજા જીવો કે ભગવાન જીવો કે' તો પણ કેવાય; કારણ, મલકમાંથા મેર બથાય મરે ખુટા. બોલ્યા ૧૧મા દુવામાં વધારે પડતું બોલી જે હદ મેલે દીધી છ, ઇ કીં મુકાય?"

બારોટ : "કાંઉં બાપ?"

રાણો ખુંટી : "બારોટ! તું બોલ્યો કે, નાથો જલમ્યો ન હોત તો મેર લોકમાં લેખાત. તી એક નાથો જ શેર લોઢું બાંધે

જાણે છ? ને બીજા મેરૂને કાંઉં કોરી કુંભાર લેખે લીધા?" બે ચાર બીજા મેર જે રાણા ખુંટી ભેગા આવ્યા હતા તેમણે પણ ટાપસી પુરી : "હા બારોટ! રાણા ખુંટીની ઇ વાત તાં સસી. જરાક વધારે પડતું તાં કે' નાખ્યું છ."

બારોટ : "વધારે પડતું છે કે બરાબર છે, એની ખરે ખબર પડશે." એટલું બોલી બારોટ ચુપ રહ્યો. બારોટથી બોલતાં તો બોલાણું, પણ મ્હેર દાયરાને માઠું લાગ્યું એમ જાણી ભોઠાપણું આવ્યું.

રાણો ખુંટી તો બીજે જ દિવસે પોતાના સો જણ સાથે દ્વારકાજીને પંથે પડયો. દ્વારકાનાથજીનાં દર્શન કર્યાં. બ્રહ્મભોજ કરાવ્યો. યથાશક્તિ દાન કરી પાછા મોઢવાડા ગામે વણઘા પટેલને ત્યાંજ ઉતર્યાં. રાજો બારોટ શરમને લીધે રાણા ખુંટીને મળવા આવી શકયો નહિ. વણઘા પટેલને ત્યાં મ્હેર ભાઇઓનો દાયરો જામ્યો છે, ત્યાં રાણા ખુંટી પાસેથી જામનગરના ચીલાવાળાએ દાણ લીધું તે બાબતની ચર્ચા થઈ. જ્યારે દાયરો વીખરાણો ત્યારે કોઇએ આવી રાજા બારોટને વાત કરી : "બારોટ! રાણા ખુંટી પાસેથી તાં દાણ લેવાણું."

બારોટ : "કોર્ણીયે દાણ લીધું?"

"જામનગરના ચીલાવારાએ ભોગાત ગામને પાદર દાણ પડાવ્યું ને કીયું કે, દાણ ચુકવ્યા વગર જાત્રાએ જવાશે નીં."

બારોટ : "કટલી કોરી?"

"૩૦૦ કોરી રોકડી!" : પેલાએ કહ્યું.

બારોટ : "અરર! ગજબ કે'વાય! મારો સાવજ સમો નાથો જીવતો હોય અને જામના ચાકર મેર પાસેથી દાણ લીએ?" બારોટ

સુતો હતો ત્યાંથી રાતના ઉઠયો. પોતે જે પાઘડી બાંધતો હતો તે કાઢી નાખી, સોગીયું બાંઠીયું બાંધ્યું. બારોટ સાબદો થયો અને અધરાતે ઉપડયો. વણુધા પટેલની ડેલી પાસેથી નીકળ્યો ને બોલ્યો : "કાં વણુધા ભાભા, સુતા છ નાં?" વણુધો પટેલ બોલ્યો : "ઇ કુણુ? સાદ તાં રાજા બારોટ જીવો લાગે છ."

બારોટ : "હા, ઇ તાં હું રાજો બારોટ."

વણુધો પટેલ : "બારોટ, અટાણે અસુરા કીણી કોરાં?"

બારોટ : "મારે જરાક બા'રગામ જાવું છ. જરૂરનું કામ છે. હું આવું તાં'સુધી મે'માનને રોકજો. મે'માનને મારે કસુંબો પાવો છ." રાજો બારોટ પગપાળો પંથ કાપવા લાગ્યો. અંધારામાં ગોથાં ખાતો ખાતો પોક્ષે પાણે પહોંચ્યો. મ્હોસુજણું થતાં નાથો ભગત ઉઠયા, ત્યાં બારોટનું મોઢું જોયું.

નાથો ભગત : "ઓહોહો! બારોટ! અટાણામાં કીવા? આ માથે બાંઠીયું કીં બાંધ્યું? કંઈ માઠા સમાચાર છે?" બારોટ : "હા બાપ! બહુ માઠા સમાચાર છે. મારો પાલણહાર નાથો ભગત દેવ થયા." એમ કહી ખુખવો મેલ્યો.

નાથો ભગત : "બારોટ, આ બધું કીવા સારૂં કરવું પડે છ? ને અવરાં વીણુ કીં બોલવાં પડે છ?"

બારોટ : "અવરાં વીણુ નથી. સાચેજ મારો નાથો ગુજરી ગયો. નકર દ્વારકાંની જાત્રાએ જાતાં મેર પાસેથી જામના ચાકર ૩૦૦ ત્રણુસો કોરીનું દાણુ પડાવે? પણુ મારો નાથીયો સાવઝ મરી ગયો." પાછો ખુખવો મેલ્યો.

નાથો ભગત : "બારોટ, કાંઉં થીયું? વાત તાં કર." બારોટે બધી વાત કરી. નાથા ભગતે પોતાના માણુસ પાસે ખડીઓ, કલમ અને કાગળ મગાવી બારોટ પાસે મૂકયાં અને બારોટને કહ્યું : "હું લખાવાં ઇ લખ્ય."

"ભોગાતના દાણુ લેવાવારા, છત્રાવાના મેર રાણા ખુંટી પાસેથું તમે જી ૩૦૦ કોરીનું દાણુ લીધું છ, ઇમાં બીજી ૩૦૦ કોરી દંડની ભેરવેને કુલ ૬૦૦ કોરી તમારા જ માણુસની હારે પરબારી મોઢવાડે તરત મોકલે દીજો. નકર નાથા મોઢવાડીયાનું સામૈયું કરવા તીયાર રીજો." આ કાગળ સાંઢીઆ સ્વારની સાથે રવાના કર્યો અને બારોટને કહ્યું : "તું તારે જા. ૬૦૦ કોરી જો મોઢવાડે પરબારીયુ ન પુગે, તો પછેં તું ખુશીથી પોક મેલેને મારા નામનું સનાન કરે નાખજે."

રેઢે વણઘા પરેલને ત્યાં દાયરો બેઠો છે. કાવા કસુંબા ઘોળાય છે. રાજો બારોટ હોકો પીતા પીતા વાતોના તડાકા મારી રહ્યા છે. એક બીજાને તાણ કરીને ધોબા ભરી ભરીને કસુંબા પીવરાવે છે. ત્યાં એક સાંઢીઆ સ્વાર આવ્યો. સાંઢીઆને ડેલી આગળ ઝુકાવ્યો. દાયરાને રામરામ કરી, ૬૦૦ કોરીની કોથળી રાણા ખુંટીની સન્મુખ ધરી.

રાણો ખુંટી : "કાંઉં છે? આ કોથરીમાં?"

સાંઢીઆ સ્વાર : "૩૦૦ કોરી દાણુની અને બીજી ૩૦૦ કોરી મેર પાસેથી દાણુ લીધું તેના દંડની છે; તે સંભાળી લ્યો."

રાણો ખુંટી : "કાંથી લે આવ્યો?"

સાંઢીઆ સ્વાર : "ભોગાતથી જામના ચીલાવારાએ મોકલી છે." રાણો ખુંટી ભર દાયરામાં ઝાંખો પડી ગયો. પોતે જે વચન

બોલ્યો હતો, તેને લીવે આ બધું બન્યું એમ તે સમજી ગયો; જેથી નીચું જોઈ ધરતી ખોતરવા મંડયો. કોરીની કોથળી રાણા ખુંટીએ રાજા બારોટના પગમાં ધરી, હાથ જોડીને બોલ્યો : "લે આ, દેવ ! આ હું તને આપાં છ."

રાજો બારોટ : "કોરી લેવાની વાત પછે. મોરથી તાં કે' દે કે, ૧૧ મો દુવો હું બરાબર બોલ્યો છ અને હેવ ૯ દુવો બોલવાની રજા છે ?"

રાણો ખુંટી : "બારોટ ! એક વાર નીં પણ સો વાર બોલ્ય. નાથો ભગત ન થયો હોત તો મેરને કુણ ઓરખત ? આવા ભડવીર અમારી નાતમાં પાકયા, ઇનો તાં અમણેં પણ પોરસ છે. ઘેર ઘેર કંઈ નાથા મોઢા જીવા થોડા નીપજે છ !"

રાજો બારોટ આવેશમાં આવી, ગોઠણભર થઇ બરડા ડુંગર તરફ લાંબા હાથ કરી બોલે છેઃ—

**"અગીઆરમે મેર અભંગ લોકુમાં લેખાત,**
**નાથા જલમ ન થાત વંશમાં વાશીઆંગ રાઉત."**

પોલે પાણે નાથા ભગતનો વિજય-વાવટો ફરકયા કરે છે. પોતાના શુરવીર સોબતીઓની સાથે નાથો વાતોમાં ગુલતાન છે, ત્યાં અવાજ આવ્યો : "નાથા ભાભા, રામરામ."

નાથો ભગત : "રામ બાપ રામ. આવો, લીલા જોશી, પગે લાગાં." લીલા જોશીએ આશિર્વાદ આપ્યો.

નાથો ભગત : "પુંજા ચાઉં, આજ તાં મારા ઉપર ભારે મે'રબાની કીધી. આજ આણી કોર ભૂલા પડયા કે કાંઉં ?" લીલો જોશી : "જંગલની સાહેબી જોવા આવ્યા. નાથા ભાભા, બાકી આજ-

હાલ તમારૂં કામ તો મોટા ચમરબંધીનેય પડે છ નાં. નાથા ભાભા, રાજમાતા રૂપાળીબાએ આશિર્વાદ કહેવડાવ્યા છે અને એક ધર્મના વીર તરીકે માની આ રાખડી મોકલાવી છે." એમ કહી લીલા જોશીએ સોનાની મુઠવાળી તલ્વાર, સોનાની હમેલ અને સાચા કીનખાબનો પોષાક રૂપાના થાળમાં મુકેલ હતો તે નાથા ભગતની આગળ મૂક્યો. નાથા ભગતે લીલા જોશીને બેસવાનું આશન નાખી આપ્યું. પુંજા ચાઉંને પણ નાથા ભગતના માણસે ગોદડી પાથરી આપી. સોનાની તલ્વાર અને પોશાકને અતિ પ્રેમભાવે નાથા ભગતે મસ્તકે અડાડયાં અને બોલ્યો : "લીલા જોશી, જેઠવાની જનેતાની મારા ઉપર દયાં તાં જુઓ? આ જોગમાયા સરખી રાજમાતાનાં હું કાંઉં વખાણ કરાં? રૂપાળીબાને પેટ તાં હું અવતાર લાં તો તાં મારાં પાપ પણ ધોવાઈ જાય, ઇવી ઇ સતની મૂરતી છે. લીલા જોશી, રાજમાતા અને કુંવર ભોજરાજજી છે તાં મજામાં ને?"

લીલો જોશી : "બહુ મજામાં છે. નાથા ભગત, પોષાક હવે પ્હેરી લ્યો. નાથો ભગત પોષાક પ્હેરતો જાય છે અને રાજમાતાનાં ગુણગાન કરતો જાય છે. રાજ્યભક્તિના પોરસથી છાતી ફુલાઇ દોઢી બની જાય છે. હૃદયના ઉમળકાથી બોલ્યો : "માને કીજો કે, આ ભાઇના જીવું કામકાજ કેંવરાવતાં રીજો અને કોઇ ખરે વખતે રાજમાતાને સારૂં માથું જોતું હશે, તો આ નાથો પાછો પગ ભરશે નીં."

કુંવર ભોજરાજજી હજી નાની ઉમરના હતા, તેથી રાજમાતા કલાંબાઈ રાજ્ય ચલાવતાં હતાં. તેઓ રાજકાજનું કામ ઘણીજ ચતુરાઇથી ચલાવતાં; છતાં પણ અમલદારોની ખટપટ, ભાયાતોની ખટપટ તથા બીજા ઘણા મુશ્કેલીભર્યા પ્રસંગોમાં રાજમાતા કોઇ કોઇ વખતે મુંઝાઇને અકળાઇ જતાં. રાજ્યમાતા કલાંબાઇને નાથા ભગત

પર સંપૂર્ણ વિશ્વાસ હતો કે, નાથો ભગત રાજ્યનું બુરૂં કદી નહિજ કરે; જેથી એવા મુશ્કેલીભર્યા સંજોગોમાં પણ નાથા મોઢવાડીઆની સલાહ પુછાવતાં અને નાથો ભગત તેનો સરળ રસ્તો કરી આપતો, એને લીધે જ રાજમાતા કલાંબાઈ તેનો ભાવપૂર્વક સત્કાર કરતાં અને રાજ્યનાં વફાદારી ભરેલાં કરેલાં કામનો બદલો આપતાં.

એક વખત યુવરાજને ગાદીએ ન બેસવા દેવા માટે ઉપડેલી રાજ્ય ખટપટને, નાથા મોઢાએ પોતાના બાહુબળથી તથા આત્મબળથી દાબી દીધી હતી અને હક્કદાર યુવરાજને મદદ કરવા ઉભો રહ્યો હતો અને એમને ખાતર દરેક પ્રકારનો ભોગ આપવા, નાથો ભગત તૈયાર રહ્યો હતો. આવી રીતે નાથા મોઢવાડીયાની અડગ રાજ્યભક્તિને લઇને, રાજ્યમાતાએ નાથા ભગતને શીરપાવ આપવા લીલા જોશીને તથા પુંજા ચાઉંને પોલે પાણે મોકલ્યા હતા. નાથો ભગત જીવ્યો ત્યાં સુધી એકનિષ્ઠાથી રાજ્યની સાથે વર્ત્યો.

એક વખત નાથો ભગત મોઢવાડે પોતાની સ્ત્રીને મળવા ગયેલો; પણ કેટલીક વાતના પ્રસંગમાં પોતાની સ્ત્રીની વાત ન ગમી, તેથી તેનું મન નારાજ થતાં પોતાની સ્ત્રી સાથે અબોલા લઇ અધરાતે પોલે પાણે આવ્યો. તે વખતેજ આકાશમાંથી એક તારો ખરતો જોયો. મોટી જ્યોત બોલવાણી હોય એમ લાગ્યું. સવાર થયું. નાથો ભગત દાતણ કરે છે, ત્યાં માર્ગે મ્હેર ભાઇઓને આવતા જોયા. નાથા ભગતની પાસે આવી રામરામ કરીને બેઠા અને કહ્યું : "નાથા ભાભા, મેર ભોમ ભેગી થઇ છ ને તમણેં બોલાવે છ."

નાથો ભગત : "કયે ઠેકાણે ભાયુ ?"

"રીણાવાડાને પાદર."

નાથો ભગત : "હાલો તયેં." એમ કહી હાલી નીકળે છે.

રીણાવાડા ગામને પાદર સોળ ગામના કેશવારા, કુચ્છડીયા, મોઢવાડીયા, ખસતરીયા અને રાજશાખા એમ ચાર વંશના મ્હેર ભાઇઓ ભેળા થયા છે. નાથો ભગત તુરત ગામમાં જઇ, છાની રીતે એક ઘરમાં બેઠો અને મ્હેર કોમના થોડા ભાઇઓને ત્યાં બોલાવ્યા અને કહ્યું : "ભાયુ, મણે કાં બોલાવવો પડ્યો ?"

"નાથા ભગત, તારા એકને કારણે આખી મેર નાતને રાજ તરફથી ભરડો લેવાણો છ."

નાથો ભગત : "કીવી રીતે ? કાંઉં કરવા ?"

"તારાથી જામનગર થાકયું. સરકાર તરફથી સખતાઇ થઇ અને રાજ ઉપર દબાણ થીયું. કાં તો નાથાને કેદ કરો નકર રાજગાદીને ધકો પુગશે."


નાથો ભગત : "પછેં ?"

"પછેં કાંઉં ? રાજમાતા કલાંબાઇએ મેર ભોમ ભેગી કીધી ને કીયું કે, ભાયુ તમે અસલથી રાજની વફાદાર જાત છો ને રાજ સારૂં ઘણી વાર હજારૂ મેરૂએ પોતાનાં માથાં દઇ રાજનું ભલું કર્યું છ. આજ મારે મુશ્કેલીનો વખત ઉભો થીયો છ ને ઇણો નિકાલ કરવા તમણે બોલાવ્યા છ. અમે બોલ્યા કે, માતાજી, તું કે ઈ કામ કરે દીયેં. જી કે'વું હોય ઇ ઝટ કે નાખ્ય. પછેં રાજમાતા કલાંબાઈ બોલ્યાં કે, કોઇ પણ રીતે નાથા ભગતને અમણેં સોંપે દીઓ."

નાથો ભગત : "પછેં તમે માતાજીને કાંઉં કીયું ?"

"અમે કીયું કે, આઠ દી'ની અવધ આપો."

નાથો ભગત : "ભાયુ, મારા એક સારૂં થે ને મારી આખી મેરની નાતને સંતાપ થાય ને રાજમાતાને મુંઝાવું પડે, ઇમાં હું રાજી



"દગો કરી નાથા ભગતને પકડાવવા કરતાં અમે અમારા મોતને વધારે પસંદ કરીએ છીએ."

Hattiwala Press.

નેથ. હું સુંપાય જાવા રાજી છે. કારણ કે, મારે તમણું ને રાજને મુંઝવણમાં નેથ નાખવાં. આજથી ચોથે જમણે તમે આવો ને મારૂં જી કંઇ કામ તરત કરે લેવા જીવું છે, ઇ કરે ને તમારા ભેગો રાજમાતા પાસે હાજર થાઇંશ."

"ઠીક, તાર અમે ચોથે દીએ આવીએ?"

નાથો ભગત : "ભલે, આવજો. મરદુનાં વીણુ ફરે નીં."

મ્હેર દાયરો ચાલી નીકળ્યો. અર્ધા ખેતરવા જેટલા ચાલ્યા, ત્યાં પરબત કુછડીઆ નામનો મ્હેર ઉભો થઇ રહ્યો. એટલે બીજા મ્હેરો એને પુછવા લાગ્યા : "કાંય, પરબત, કીં ઉભો થે રીયો?"

પરબત : "કાંઉં કાંઇ? તમે બથાય દાઢીમુછના ધણી થઇ આપણી નાતના દીવાને હાથે કરી સુંપે દેવા તીયાર થીયા છ? મેરના દીકરા થે ને તમે બથાયેં આ ખોટ ખાવાનો ધંધો આદર્યો છ? તમે પાછું જગતમાં કાંઉં મોઢું લે ને હાલશો? જરાક હૈયે હાથ દઈ તમારા મનને તાં પુછો. આ તમારી બુદ્ધિમાં કીં ફેર પડયો?"

મ્હેર બોલ્યા : "પરબત, તાર હેવ કાંઉં કરવું?"

પરબત : "તમારે જી કરવું હોય ઇ તમે કરો. તમારા જીવા ખુટલના ટોળામાં મારે નેથ ભરવું." એમ બોલી પરબત જુદો તર્યો અને પાછો મરડીને નાથા ભગત પાસે ગયો ને કહ્યું : "નાથા ભાભા, અમારો મત નેથ મળતો. તું તારે કરતો હોય ઇ કરતો રીજે." એમ કહી પાછો ચાલી નીકળ્યો અને બધાની સાથે ચાલતો થયો. બધાયને છુટા પડવાનું ટાણું થયું, ત્યારે પુંજો ખસતરીઓ બોલ્યો : "ભાયુ, જો આપણો કંઈ મત ન મળતો હોય, તો રાણાજી પાસે જઇને જીવો હોમ ઇવો જવાબ દે આવીએ."

કેટલાક બોલ્યા : "હાલોને, સાચી વાત કેવી ઇમાં બીક કીવાની? ઇ રાણોજી થોડા આપણને મારે નાખે છ!" એમ કહી કેટલાક મ્હેરો પાછા પોરબંદર આવ્યા. પોરબંદર આવીને પુંજા ખસતરીઆએ રાજ્યમાતા અને રાણાજી આગળ મ્હેર દાયરાએ ચલાવેલ ખાનગી મસલત ફોડીને કહ્યું : "માડી, તમે જી પરબત કુછડીઆને ભાઇ કીધો છ, ઇણીએ તાં નાથાને સમજાવવાને બદલે અવરો ચડાવેને અમારી લીધલ મે'નત ધુળમાં નાખી. પરબતની ભેગા લાધવો, રાણો ને બીજા કટલાક ભરે ગીયા છ ને નાથાને લુંટફાટ કરવાના રસ્તા દેખાડે છ. આમાં હેવ તાં મારી ચતુરાઈ કામ આવે ઇ નેથ. હેવ તમે જાણો ને તમારો ભાઈ પરબત જાણે"

રાજ્યમાતાએ પોલીસને હુકમ કર્યો : "જલ્દી જાઓ અને નાથાને મદદ કરનારા જે જે હોય અને પુંજોભાઈ જેનાં નામ આપે તેને હાથમાં હાથકડી નાખીને મારી પાસે હાજર કરો." હુકમ થતાંની સાથે સાત જણાને કેદ કરીને દરબારગઢના ચોકમાં ઉભા કર્યા. સાતમાંથી સિંહ સમા જોરાવર પરબતે તો લોઢાની હાથકડી મચડી તોડીને નાખી દીધી. પછી બોલ્યો : "લે, આ તારી ચુડલીયુ." એમ કહી ચોકી પ્હેરામાંથી વકરેલ વાઘની જેમ વછુટયો અને દોડયો. પરબતના મનમાં એમ કે, જો હું દરબારગઢની મેડીમાં જ્યાં કુંવર છે ત્યાં પહોંચી જાઉં, તોજ મને કુંવરના જીવના જોખમ ખાતર જીવતદાન દેશે. એમ ધારી, ઠેક મારીને નીસરણી ચડવા જાય છે ત્યાં તો પુંજા ખસતરીઆએ દોડીને પાછળથી તેના પગ પકડી રાખ્યા અને આરબે આવીને પરબત ઉપર જમૈયાનો ઘા કર્યો. પરબતને જમૈયાનો ઘા પુરો હતો; તો પણ આરબના ઉપર તૂટી પડયો અને આરબની ગરચી ઝાલી પછાડયો. આરબે બેઠો થઇ, ગરચી ઝાલી પરબતને બીજો ઘા કર્યો. પરબતની હાથની શક્તિ ગઇ અને ગોથું ખાઇ એક બાજુ ઢળી પડયો.

તરવર બરડા તણાં બરડાનાં વન રોયાં વધજાણ,
પણ ખંડમાંથી ખુમાણ મોતીસર પરબત મુવો.
દશ ક્રોડ દેતાં ભોજાહર* ભાળીશ નહિ,
પણ પરબત પડતે તાં હાણ જ બરડાને હુઈ.
સાંભરશે જેઠવા સતન કે'દીક પડશે કામ,
તેદી દેતાં લાખુનાં દામ પાછો ના આવે પરબતો.

બીજા છ જણને બોલાવ્યા અને કહ્યું : "બોલો, તમારે મરવું છે કે જીવવું છે? જીવવું હોય તો નાથાને પકડી આવવાનું વચન આપો. નહિંતર તમારે માટે તોપ ગોળા ભરી તૈયાર રાખી છે."

છએ જણ એક સાથે બોલ્યા : "એવા ભડવીરને ખુટામણ કરીને પકડાવવો, ઇના કરતાં તોપને મોઢે મરવું ઈ હજારગણું સારૂં છે. મોડાવે'લું મરવું તાં છે જ નં? અમે કારી ટીલી લેને જીવવા રાજી નેથ."

રાજમાતા : "અરે! કોણ છે હાજર?" બે ચાર આરબો તથા પોલીસનાં માણસો આવ્યા. રાજમાતાએ તેઓને હુકમ કર્યો : "આને લઇ જાઓ અને તોપને ગોળે ઉડાવો." છ એ જણા ધીમે સ્વરે બોલતા ગયા : "એક વાર રાજને અણીને વખતે મદદ કરવાવારાના રાજને હાથે કીવા હાલ થાય છ?" એક જણ બોલ્યો : "ભાઇ, ઇમાં ધોખો કીધા જીવું નેથ. રાજમાં તાં ઈંજ થાતું આવે છ."

પોરબંદરમાં વીરડીને નાકે છ જણને લઇ ગયા. તોપો તૈયાર હતી. હસ્તે મુખે તોપને મોઢે ઉભા. એકજ ધડાકે છ એ મ્હેરો પોતાના વટ ખાતર મરણને શરણ થયા. વીરડીને નાકે હાલ પણ છ જણની ખાંભીઓ મોજુદ છે.

*ભોજાનો દીકરો

રાજમાતાએ પુંજા ખસતરીઆને બોલાવી પુછ્યું : "પુંજાભાઈ, હવે નાથાનું તે શું કરવું? એજન્સીના દબાણથી હવે હું અકળાઇ ગઇ છું. મને બીક લાગે છે કે, રાજ્યને પણ જફા લાગે."

પુંજો : "માડી, મારી એક વાત માનશો?"

કલાંબાઇ બોલ્યાં : "પુંજાભાઇ, બોલો, ઝટ બોલો. મારા લાભની વાત હોય અને હું ન માનું?"

પુંજો : "મને ઉંચા માયલું ઝેર આપ્ય; અટલે હલધડીએ નાથાનું મડું લેવે દાં. બાકી તું જાણે કે, તારી ફોજ નાથાને પકડે લીએ, ઇ આશાએ રાખજેમાં. ઇ તાં ભલેને વલાતની તોપુ મગાવો, પણ ન્યાં કંઇ કારી ફાવે ઇ નેથ."

કલાંબાઈ બોલ્યાં : "પુંજા, એનું શું કારણ?

પુંજો : "માડી, ઇણી સાથરમાં શીયારશીંગી અને મુણવેલ ભરી છ. તી ઇણા ડીલે તરવાર કે બંધુકનો કંઇ ઘા લાગે જ નીં. ઇણીએ બીલેશ્વરના બીલનાથ મા'દેવની આરાધના કરી છ ને બીલનાથ ઇણી ભેરે છે. એક સાધુની સેવા પણ બહુ કરી'તી; અટલે ઇણીએ પણ વરદાન દીધું છ અટલે ઇ હથીયારે તાં નીંજ મરે. માટે લાવો ઝેર. હમણાં જ હું ઇણો ઘડો લાડવો કરે નાખાં." પુંજો ઝેર લઈ ચાલતો થયો.

પોલે પાણેથી આજે નાથો ભગત તેની માનેલી ધર્મની બ્હેનને ત્યાં મળવા જવા માટે નીકળ્યો; પણ માઠાં સકન થયાં, તેથી તેના સોબતીઓ જવાની ના પાડે છે.

નાથો ભગત : "અરે ભાઈ, જી લલાટમાં લખ્યું હશે ઇ કોઇથી ફરતું નેથ. મેં તાં કોઇ દી' સકન જોયાં નેથ. હું તાં એક

ભગવાનનું નામ લેને હાલે નીસરતો. બાકી તાં આપણા લેખ અવરા હશે તો કુણ ફેરવશે? આજ તાં હાથલા ગામે ગીયાનું મન થીયું છ; તી હું તાં આ હાલ્યો."

સોબતીઓ : "ભગત, અમારૂં હૈયું આજ ના પાડે છ."

નાથો ભગત : "તો તમે રાવા દીયો. આજ તાં મારી બેન મારી વાટ જોતી હશે; તી મારે તાં ગયેજ છુટકો છે." નબળા મનના બે જણા તો પાછા વળ્યા.

નાથો ભગત હાથલા ગામે હરજી થાનકીને ઘેરે ગયો. તે મ્હેરનો ગોર હતો. નાથા ભગતની લુંટનો માલ બધો હરજીને જ આપ્યો હતો. આટલી આટલી લુંટની કમાણી છતાં, હરજીએ પોતાનાજ ઘરમાં, પુંજીઆએ આપેલ ઝેર જમવાના પદાર્થમાં ભેળવી નાથા ભગત માટે તૈયાર રાખેલ છે અને નાથા ભગતની વાટ જોવાય છે. નાથો ભગત હાથલા ગામના પાદરમાં આવ્યો ત્યાં આડો કાળોતરો નાગ ઉતર્યો. એની સાથે જે એનો વિશ્વાસુ માણસ હતો તેણે કહ્યું : "નાથા ભગત, હજી મારૂં કે'વું માનો ને કોઈ રીતે પણ પાછા વળો તો ઠીક. આ સકન બહુ ખરાબ થાય છ."

નાથો ભગત : "ભાઇ, તું મોતથી બીતો હોય તો ભાગે જા; બાકી મારે તાં ગયે જ છુટકો છે. બેનને મારાથી વચન દેવાણું છ, તી ન જાં તો ખોટો પડાં. જી થાવું હોય ઇ ભલે થાય. લોઢાની પેટીમાં પુરાણેથી પણ મોત મુકે ઈ નેથ. બીને થોડા બચાય ઈ છે?"

નાથો એકલો ગામમાં ગયો. નાથા મોઢાની ઘોડી હરજી મહારાજની ડેલીએ આવી, ત્યાં ઘોડીએ પણ હેતથી હાવર નાખી. હરજી મહારાજના છેવાટા ઘરની ઓસરીએ બ્હેન ઉભી છે. વ્હેણ ઉપર મશ ઢળી ગઇ છે. નાથા ભગતે કહ્યું : "બેન તારા કે'ના

પરમાણે ટાણાસર પુગે આવ્યો છ." નાથા ભગતની બ્હેન હાયનો ઈશારો કરી હરજી મહારાજ ન સાંભળી જાય, એમ ધીરેથી બોલી : "ભાઈ, પે'લાં આંય મારે મોઢે થાતો જા."

નાથો : "બેન, અબઘડી ઘોડી બાંધી ઉતારો કરેને આવાં."

બ્હેન : "ભાઈ, ઘોડી પછે બાંધજે. ઉતારો પછે કરજે. મને જવાબ દેતો જા. મારે જરૂરની વાત કરવી છ."

નાથો ભગત : "બેન, આ પગલે આવ્યો. ઘોડી બાંધતાં કાંઉં વાર લાગશે?"

બેન : "ભાઈ, તું કાં સમજ નહિ! તું ભાગ્યો જા છ પણ મારી સામું તો જો! મારી વાત તો સાંભળ!"

નાથો ભગત : "બેન, આપણે વાતુ નિરાંતે કરશું. ઇમાં ઉતામરી કાંઉં કરવા થા છ. તારો ભાઈ આવ્યો છ ઇ કંઈ ભાગે જાવાનો નેથ." બ્હેન તો બોલતી રહી અને નાથો ભગત ઉંચો હાથ કરી, આવાં છ આવાં છ કરતો કરતો ચાલ્યો ગયો. નાથા ભગતને માથે મોતનાં નગારાં વાગી રહ્યાં હતાં. જેથી એની બ્હેન એના હિતની વાત કરવા, એનો જાન બચાવવા માટે બોલાબ્યા બોલાબ્ય થઇ રહી હતી; પણ ભાવિ ભૂલાવે છે, ત્યાં પછી ચતુર માણસ પણ ભૂલ કરે છે.

બ્હેન છેવટમાં બોલી : "અરે ભાઈ! પાછો તો આવી રીયો!"

નાથો ભગત આવ્યો કે તુરત હરજી થાનકી બોલ્યો : "નાથા ભગત, આજ તો તમારી મેના જેમ વાટ જોતાં'તાં. તમારી બેન પણ ક્યેંની તમને મળવા માટે અધીરી થાતી'તી."

નાથો ભગત : "હરજી મા'રાજ, હું બોલું કે હું આવીશ, એટલે તાં પડે પછડાટને પણ આવ્યે છુટકો. પછે ભલેને ભાલાંનો મે વરસતો હોય!"

હરજી મહારાજ : "ભગત, લ્યો, હવે હાથ પગ ધુઓ. સીરામણુ તૈયાર છે. હાલો બેસી જાઓ."

નાથા ભગતે હાથ પગ ધોયા અને ઘરમાં આવીને જમવા બેઠા. હથિયાર પોતાની પાસે મુકયાં છે. આનંદની વાતો કરતો કરતો નાથો ભગત જમવાની શરૂઆત કરે છે. હરજી મહારાજની દગલબાજી ભોળા નાથાના સમજવામાં આવી નથી. જમવાનું શરૂ કર્યું. બે ત્રણ કોળીઆ પેટમાં ગયા, ત્યાં ભગતને વ્હેમ પડયો. અન્નદેવને હાથ જોડી નાથો પોતાના હાથ ધોઇ ઉઠી ગયો; પણ ઝેરની અસર વધારે ને વધારે થવા લાગી. નાથાએ પોતાનાં હથિયાર કબજે કરી લીધાં. પોતાની ઘોડી છોડવાની અને ઘોડીપર સજાઇ નાખીને તુરત રવાના થવાય તેની હોંશ રહી નહિ; તેથી પગપાળો ચાલી નીકળ્યો. દેહનું ભાન ભૂલાતું જાય છે, તો પણ હરજી મહારાજને કહ્યું : "મા'રાજ, તને તારી દશ પેઢી ખા તો પણ ન ખૂટે અટલો લુંટનો માલ દીધો; તો પણ પૈસાની લાલચમાં લપટાણો! તારા ખોરામાં તારે ભરૂસે માથું મૂકયું ને તેં જ દગો દીધો! તું બામણ છે તી જાવા દાં છ; નકર તાં મરતાં મરતાં પણ તારી ઘાંટી ચુંસે લાં" એમ કહી ચાલતો થયો. વાછોડા ગામની પાદર પુગ્યો; પણ ત્યાં તો ઝેર રગે-રગમાં વ્યાપી ગયું. ચકરી આવવા લાગી. દેહનું પણ ભાન ભૂલાયું અને તમસ આવતાં પડી ગયો. નાથો પડયો, પણ તેને આ દગાબાજી સમજાણી. પોતાને પોલીસ પકડશે, એવા વિચારથી બેશુદ્ધ અવસ્થામાં તલ્વાર પર હાથ નાખે છે. થોડી તલ્વાર બ્હાર કાઢે છે અને બાકીની મ્યાનમાંજ રહી જાય છે.

જે નાથા ભગતે મોટાં મોટાં રાજ્યને ધ્રુજાવ્યાં હતાં, તેની પાસે અત્યારે કોઇ પાણી પાવા માટે પણ હાજર રહ્યું નથી. સમય તારી બલિહારી છે.

પુંજીઆએ જાણ્યું કે, હવે નાથાનું જરૂર મોત થયું હશે; તેથી પોતે તેની પાછળ તપાસ માટે ચાલ્યો. વાછોડે પુગ્યો અને તપાસ કરતાં ખબર પડી કે, નાથો પાદરમાં મરણ શરણ પડયો છે. પુંજો ત્યાં ગયો અને મુડદા પર બંદુકની ગોળીઓ ધડાધડ છોડી, એવો દેખાવ કર્યો કે પોતે નાથાને બ્હાદુરીથી માર્યો છે. એક ઠેકાણે કહેલ છે કેઃ—

**"મુઆ પછી માર કે ગોલણ મન ગાડાં ફેરે."**

મરેલા ઉપર (મુડદાં ઉપર) ગાડાં ચલાવીએ, કે ગમે તેવી તેની હાલત કરીએ. પણ એ તો એક હેવાનપણું લેખાય. પુંજીઓ ઇનામ લેવાની લાલચમાં પોતાનો મનુષ્યધર્મ ભૂલ્યો અને મનુષ્યના રૂપમાં નરપિશાચ બન્યો. નાથાનું માથું કાપી તુરત પોરબંદર ગયો અને રાજમાતાને જાહેર કર્યું : "માતાજી, નાથાને આપના પરતાપે પાડી લીધો છ ને ઇણું માથું આં લે આવ્યો છ." રાજ્ય ઉપરથી વિપત્તિનાં વાદળાં દૂર થયાં જાણીને રાજમાતા બહુ ખુશી થયાં. નાથાને પકડવા માટે જ ગવર્નમેન્ટની (પોલીસ) પલ્ટન પડી હતી, તેના ઉપરી અમલદારને બોલાવ્યો અને કહ્યું : "સાહેબ, આ શુરવીર પુરૂષ કે જેનું નામ પુંજાભાઈ છે, તેમણે બ્હાદુરીથી નાથાને માર્યો છે."

પુંજો : "હા સા'બ, કોઈની મગદુર નો'તી કે, નાથાને કોઈ મારે સગે, ઇણે મારવા સારૂં જી ઇનામ જાયરે થીયું છ, ઈ સા'બ મણે જડવું જોયે."

અંગ્રેજ ઓફીસર : "વો નાથા મોઢાકા શીર કીધર હે? ઉસકું યહાં લાવ! તુરત નરવીર નાથાનું મસ્તક કપડામાં રાખેલ હતું તે ખુલ્લું કર્યું. સાહેબે જોયું ત્યાં તો નાથા મોઢાને ઝેરથી મારી નાખ્યાનો દેખાવ લાગતો હતો. તેથી સાહેબને ક્રોધ ચડયો અને બોલ્યો : "ઇસકું કીસને મારા?"

પુંજીઓ મુછે તા દેતો દેતો સાહેબની પાસે આવ્યો અને બોલ્યો : સા'બ, ઇણે તાં મેં માર્યો."

અંગ્રેજ અમલદાર : "બદમાસ, ગદ્ધા, ઇસકું ઝેર દે કર મારા હય. નાલાયક, તેરેકું ઇનામ ચઇતા હે?" એમ કહી સાહેબે એક લાત મારી. પુંજીઓ જમીનપર પડયો. લુગડાં ખંખેરતો ખંખેરતો પુંજીઓ નીચે મોઢે કાંઇ પણ બોલ્યા ચાલ્યા વિના ચાલતો થયો.

સાહેબ : "રાજમાતા, મેને નાથીયાકી સબ હીસ્ટ્રી સુની હે. બડા શુરવીર આદમી થા."

રાજમાતાએ ચક નાખેલ હતો, તેની અંદર બેઠેલાં હતાં ત્યાંથી બોલ્યાં : "સાહેબ, આ મ્હેર જ્ઞાતિમાં તો નાથા જેવા ઘણા શુરવીર પુરુષો થઇ ગયા અને હજી પણ છે; પણ એ લોકો તેની શુરવીરતાનો ગેરઉપયોગ કરે છે."

સાહેબ : "રાજ્યમાતા, યે જાતકું અચ્છી કેલવણી દેની ચાહીયે ઔર ઉસકું લાયક બનાની ચાહીયે. એસી જાત કોઇ બખ્ત બ્હોત કામ આતી હે."

## કવિત.

કડાં ભીડ બખતર કેનાં અડજત્ર કોપતે,
ભુજાડા ભાજણા ઠાઠ ભાલે;

અડગ નર ઝગડે ઝાટકે,
ઝીંક કોણ નાથા તણી ઝાલે.
સો શુરા સમો સોળમો સામંત,
ઉપડે વીજળીએ કટક આડો;
એમ વાશીયાંગ તણો કુળનો આભરણ,
લંગરી ઉજળે ચાલે લાડો.
દેગ ને તેગ અને દવ દાખીયલ,
મદીયલ કેશરી સિંહ મહાલે;
ખીજનો ભરીએલ માચતે ઝગડો,
હડીમલ કટકની મોર હાલે.

—: અર્થ :—

બખ્તર પ્હેરેલું છે, મોટી ભુજાવાળો, વિપત્તિને ભાંગવાવાળો, ભાલાના ઠાઠવાળો, ઝગડામાં એટલે લડાઇમાં તલ્વારના ઘા કરવામાં અડગ, કોઇથી ડગે નહિ એવો નાથો કોઇના ઉપર કોપાયમાન થતો, ત્યારે તેની સામે કયો દુશ્મન ઝીંક ઝાલે? એટલે, ઝાઝીવાર સામો કોણ ટકી શકે?

સો શુરવીર પુરૂષની સામે ઉભો રહે એવો સામંત, કયાંય દુશ્મનના કટકે ઉપર તૂટી પડવું હોય ત્યાં વીજળીની માફક વાશીયાંગનો પુત્ર કુળના દીવા રૂપ નાથો તૂટી પડતો.

દેગ અને તેગમાં એની બરાબરીમાં કોઇ ન આવી શકે તેવો, કુળને ઉજવળ બનાવનાર, જેમ જંગલમાં કેશરી સિંહ મદોન્મત બની બેપરવાઇથી વનમાં ફરે તેમ નાથો બેપરવાઇથી રહેતો. જ્યાં ઝગડો થાય એટલે જ્યાં દુશ્મનોની સાથે તલ્વારોની ઝપાઝપીનો વખત આવે ત્યારે તે વકરાયેલ વાઘના જેવી ખીજથી ભરેલો રહેતો.

એવો હઠીમલ નાથો લડાઇના મેદાનમાં સહુથી મોખરે દુશ્મનોને મારવા અને મરવા માટે તૈયાર રહેતો.

## કવિત.


કંથા ધીરમતી એમ અળ્યાં નારી કહે,
તાગવા જાય સમુદ્ર તારો;
ઝેરવાળો કદી ન તત્રબો રાખે,
મરદને નાથીઓ ખેર મારે.
કામની કંથને વાત સાચી કહે,
જાળવી આપ કયાંક છુપી જાઓ;
જો આવીઆ નાથા તણી ઝડપમાં,
નાવ તમ જીવતાં ઘરે નાવે.
ભામની કહે ઈ વાત સાચ કહું,
કંથ મ જાણ ઈ વચન કુડો;
સોહડ વાશીયાંગ તણો વેર ન ચુકશે,
શ્યામ પ્હેરૂં હું કેમ ચુડો.

# જવાંમર્દ રાણો ફોજદાર.

લેખક : રા. જયેન્દ્ર પાઠક.

મ્હેર જ્ઞાતિમાં કેશવારા મ્હેર એ મુળ મ્હેર છે અને એ ઉલ્લેખ રામાયણમાં પણ છે. તે પછી સીસોદીયા, પરમાર, ચહુયાણ, સુમરા, રાજશાખા વિગેરે ઓળખના રજપુતો મ્હેર જ્ઞાતિમાં ભળ્યા અને જે જે ગામે રહ્યા તે તે ગામના નામની ઓળખથી ઓળખાવા લાગ્યા. જેમ કે, રાતડી ગામે રહેનારા રાતડીયા, કુછડી ગામે રહેનારા કુછડીયા, મોઢવાડા ગામે રહેનારા મોઢવાડીયા, એવી રીતે ગામ ઉપરથી ઓળખ પડી.

લગભગ આઠમા સૈકાની શરૂઆતમાં મ્હેર જ્ઞાતિ સૌરાષ્ટ્રમાં ઉતરી આવી. નવમા સૈકાની મધ્યમાં મ્હેરો જેઠવાઓ સાથે જામનગર, મોરબી અને બરડા તરફ ફરી વળ્યા હતા અને ઘુમલીમાં વસવાટ આદર્યો. મ્હેર જ્ઞાતિએ જેઠવાઓની પડખો પડખ મદદમાં ઉભા રહી લડાઇઓના પ્રસંગમાં વિજય મેળવ્યો છે. મ્હેર જ્ઞાતિએ પોતાનાં જર, જાન અને જમીન જેઠવાને આપ્યાં છે. જેઠવા એના ગુણ ઓશિંગણ છે. શમશેરના બળે પોરબંદર રાજ્ય નીચે પહેલાં ચાલીશ અને આજે લોટાતાં લોટાતાં ચૌદ ગામના, મ્હેર ગરાસીયા અને માલીક છે. એની રાજકીય કે સામાજીક પરિસ્થિતિના થર ઉકેલવા પહેલાં અત્યારે આટલું બસ છે કે, તેઓ સાહસિક અને ઉત્સાહી છે. રૂંવાડે રૂંવાડે નેકીનાં વ્રત ઉછળે છે. શૌર્ય એ એનો પ્રાણ છે. તત્ત્વજ્ઞાન એ એની નિત્ય ચર્ચા છે. ખેતી હવે વ્યવસાય છે. એ કોમના થર ઉકેલવા એટલે એક જ્વલંત જીવતી જાગતી શૌર્ય-કથાની



Hatdiwala Press.

ઇતિહાસ-યાત્રાએ પરવરવું. એ શૌર્ય-કથામાંની ચાલુ યુગની એક કથાની શરૂઆત કરીએ.

ધરા ધ્રુજાવતા વીર હરભમ રાતડીયાનો **રાણા કેશવ** વંશજ. શ્રી રામચંદ્રજીના કેશમાંથી ઉત્પન્ન થયેલા કેશવાળા કુળના કેશવને બે પુત્રો : એક રાણો અને બીજો માંડણ. હરભમ બ્હારવટા પછી તોપે ચડયો. ગરાસ ગુમાવ્યો અને સ્થિતિ પલટાઇ ગઈ. ગરીબાઇએ ઘર કર્યું અને એમના કુટુંબીઓ રાજ્યને આશરે આવ્યા.

જેની રગેરગમાં વીર હરભમની વીરતાનું ખૂન વહે છે, જેના અંગેઅંગમાં એ ક્ષાત્રવટ અને જવાંમર્દીનાં નુર ઝળકે છે, એવા એના વંશજો શૌર્ય સુના તો ન જ હોય.

રાણાનું જીવન પણ એક જવલંત શૌર્ય-કથા છે.

(૧)

મહારાણા વિક્રમાતજીના વખતનાં રાણા કેશવ પોલીસ ખાતામાં જોડાયા અને જોતજોતામાં પોતાનામાં રહેલી વીરતા અને એકનિષ્ઠા વધતી ગઈ. પોરબંદર તાબે માધવપુર ગામે શ્રી માધવરાયના મંદિરમાં થયેલી મોટી ચોરી એમણે પકડી અને રાજ્ય તરફથી તથા મંદિરના મુખ્ય સેવકો તરફથી ઈનામની રકમ મળી. આ જ અરસામાં સોરઠના પરગણામાં મુળવો બ્હારવટીઓ પ્રજાને લુંટીને ત્રાસ વર્તાવતો. સોરઠવાસીઓ કકળાઇ કંપી ઉઠ્યા. એ મુળવાને તાબે કરવાનું કામ રાણા કેશવને સોંપવામાં આવ્યું.

રાણા કેશવ મુળવા બ્હારવટીયાની શોધમાં ઘોડેસ્વાર થઇ ચારે બાજુ ઘુમતા. એ શોધમાં ઘણા દિવસો વિત્યા બાદ એક વખત નવીબંદર તાબાના ગામ 'એરડા'ના વોકળામાં મુળવો છે, એવા

અચાનક સમાચાર મળતાં તુરત પોતાના ઘોડાને પુરવેગમાં દોડાવીને ત્યાં પહોંચે છે. ઘોડા ઉપરથી ઉતરી ઘોડાને ઝાડને થડે બાંધે છે. બાંસોની ઘાટી વનરાયમાં તપાસ કરતો જાય છે અને નીડરપણે આગળ ચાલ્યો જાય છે; ત્યાં બાંસની ઘાટી ઝાડી નીચે મુળવો ખુલ્લી તલ્વારનું ઓસીકું કરી સુતો છે. પ્રચંડ કાયાધારી મુળવાની પડખે ચડવામાં ભલભલાની ગજાદાર છાતીનાંએ અરમાન ઉતરી જાય, એવો મુળુ બળવાન હતો અને તેથી તેની ચારેબાજુ હાંક પડતી. એની શોભા-વાળી ભરાવદાર મુછો, કાળાઝેબ જેવા વાળનાં વીખરાએલાં ઓળીયાં અને લાલ આંખોમાંથી વેરાતી વીરતા, ભલભલેરાની હિમત હરી લે તેવી હતી. રાણા કેશવે આ મહા કાયાધારી જવાંમર્દને પકડવા માટે નિશ્ચય કર્યો. મુળુ જાગે તો તો એ સિંહ સમો મગતરા જેવા માનવીના તો પળવારમાં ભૂક્કા કાઢી નાખે. રાણાએ તો નિડરતાથી પોતાના પ્રાણ મૃત્યુના ખોળામાં મૂકયા અને છલંગ મારી મુળુની છાતી પર ચડી બેઠો. પ્હેલી તકે મુળુના ઓસાકે પડેલી ખુલ્લી તલ્વાર ખેંચીને દૂર ફેંકી દીધી અને બે હાથે ઓળીયાં પકડીને મુળુના માથાંને બે-ચાર વખત જમીન સાથે પછાડયું. મુળુ પોતાના બળે કરી રાણા કેશવને લઇ ઉભો થઇ ગયો અને રાણાને પછાડી માથે ચડી બેસવાનો દાવ રચવા માંડયો; પણ રાણા કેશવ ગાંજ્યો જાય તેવો નહોતો. તુરત મુળુના પગમાં આંટી નાખી થાપ ખવરાવી પાછો પછાડયો અને રાણો પાછો મુળુની છાતી પર ચડી ગળું દબાવ્યું. એક બીજાની તાકાત તવાઇ જાય તેવી એક બીજા થાકયા ત્યાં સુધી ઝપાઝપી થઇ. હથિયાર વગરના બંને વારોએ પોતાનાથી બનતી બ્હાદુરી બતાવી. કોણ કોને પુગશે એ કહી શકાય તેવું નહોતું; પણ આખર બંને સિંહરાજોમાં મુળુ થાકયો અને તાબે થયો.

(૨)

પોરબંદર તાબાના ગામ રાણા કંડોરણાની પોલીસ લેનમાં, સુરવાલ અને પહેરણભર પ્રૌઢ છતાં જુવાન સમો દેખાતો રાણો

ખાટલા ઉપર કાગનીંદર કરે છે અને બાજુમાં ઝાડના થડે પવનવેગી ઘોડો બાંધ્યો છે.

એક કણબી આવીને ખબર આપે છે કે, સીમમાં ત્રણ સીંધી બ્હારવટીયાઓ રોંઢા (બપોર પછીનું ખાણું) કરે છે. રાણા કેશવને ટચકીયું પડેલું છે. બેસવા ઉઠવામાં બહુ વેદના થાય છે. શરીરે અશક્ત છતાં પણ બ્હારવટીયાઓના સમાચાર મળતાં, ખીલી પરથી તલ્વાર અને બંદુક લઇ ઘોડેસ્વાર થાય છે અને ઝપાટાબંધ જાય છે. પોલીસોને પાછળ આવવા કહેતા જાય છે. રોટલા ખાતા સીંધીઓ, ઘોડાના ડાબલા સાંભળીને ચમકે છે. ઘોડેસ્વાર આવતો જોઇ તુરત પોતપોતાની બંદુકો તૈયાર રાખી ઉભા થઇ જાય છે. રાણા કેશવે પડકારો કર્યો : "ખબરદાર! એક ડગલું આગળ ભર્યું તો આ બંદુકથી ફુંકી દઇશ." સીંધીઓ કંઈ પાછા પગ ભરે તેવા નહોતા. તુરતજ બંદુક ખંભે ચડાવી ગોળીબાર કર્યો. રાણા કેશવ સામો ગોળીબારથી જવાબ આપે છે. સામસામે થોડીવાર ગોળીબાર ચાલુ રહે છે. સીંધીઓ બંદુકના અવાજ કરતા જાય છે અને ભાગ્યા જાય છે. રાણા કેશવ તેનો પીછો લે છે. ત્રણ ગાઉ સુધી સીંધીઓનો પીછો લીધો. પોલીસો પણ આવી પહોંચ્યા. સીંધીઓ થાકયા અને બોલ્યા : "ફોજદાર, હણે ધા મ કરી જ. અસાં હથિયાર છડું તાં." એમ કહી હથિયાર મૂકી કબજે થયા. પોલીસોએ બાંધી લીધા.

(૩)

બરડા ડુંગરની કરાળ ગુફાઓમાં ત્રીશ સીંધી બ્હારવટીયાઓનું ટોળું વસ્તીપર ત્રાસ વર્તાવી રહ્યું હતું. દિવસના કે રાતનાં માણસોને સીમમાં જવા આવવામાં બીક રહેતી. કોઇ ભૂલ્યે ચૂકયે જતું તેને તેઓ લુંટી લેતા.

પોરબંદર રાજ્યના એડમીનીસ્ટ્રેટર સાહેબે, ફોજદાર રાણા કેશવને આ બ્હારવટીયાની ટોળીને તાબે કરવાનું કામ સોંપ્યું. રાણા કેશવ પોલીસ પાર્ટી સાથે ડુંગરોની ખીણો અને ગુફાઓ દિનરાત શોધવા લાગ્યા. ઉનાળાનો દિવસ છે. તાપ સખ્ત પડે છે; રાણા કેશવ તથા તેના માણસો એક ઝાડ નીચે આરામ લેવા બેઠા છે. રાણા કેશવને તરસ લાગવાથી સરમણી વાવે પાણી પીવા જાય છે. પોતાના એક વિશ્વાસુ પોલીસને સાથે લઇ જાય છે. પોતે ઘોડેથી ઉતરી પોલીસને ઘોડાની લગામ સોંપે છે અને પોતે સરમણી વાવમાં ઉતરે છે. થોડાં પગથીયાં ઉતરતાં વાવમાં કોઇ પાણી પીએ છે એ તેમના જોવામાં આવ્યું. નજર કરે છે ત્યાં પગથીયાંપર તલ્વાર અને બંદુક જોવામાં આવ્યાં. હથિયાર જોતાંજ કોઇ બ્હારવટીયાની ટોળી માંહેલોજ હોવો જોઇએ, એમ ધારી રાણો ફોજદાર સડસડાટ પગથીયાં નીચે ઉતર્યો અને તુરત હથિયાર કબજે કર્યાં. બ્હારવટીયાના ખોબામાં પાણી છે. પાછું વાળીને જુએ છે ત્યાં દુશ્મનના હાથમાં પોતાનાં હથિયાર જોયાં. રાણા ફોજદારે તુરત રીવોલ્વર ટાંકી અને પડકારો કર્યો: "ઉભો થયો તો ફુંકી દઇશ" રાણા ફોજદારના હિંમત ભરેલા પડકારાથી હથિયાર કબજે કરવાની તેની હિમત ચાલી નહિ. તુરતજ પોલીસને અવાજ કર્યો પોલીસે આવી બ્હારવટીયાને હાથ કડી નાખી કબજે કરી બ્હાર લાવ્યો અને પોલીસ પાર્ટી જ્યાં બેઠી હતી ત્યાં ચાલતા થયા. સીંધી બ્હારવટીયાઓ પોતાના જણને આવતાં બહુ વાર લાગવાથી, તયાર થઇ તેમની શોધમાં નીકળ્યા. ત્યાં તો તેમને કબજે કરીને ચાલતા જોયા. સીંધીઓએ પડકારા કર્યા: "છડી ડે ભુંડી થીની રાણા છડી ડે." રાણા ફોજદારે સામો પડકાર કર્યો: "છડી ડીએ ઇં બીયા. હલ્યા અચો, ભાં હણે હલ્યા અચો." બ્હારવટીઆની ટોળીએ સામનો કર્યો. સિંહ સમા એકલા રાણા ફોજદાર અને બ્હારવટીયાની ટોળી વચ્ચે સામસામા ગોળીબાર શરૂ થયા. તેનો વિશ્વાસુ પોલીસ પણ મરણીયો થઈ રાણા ફોજદારની મદદમાં ઉભો

રહ્યો. બંને પક્ષ પોતાનો બચાવ કરતા જાય છે અને અરસપરસ ગોળીઓનો વરસાદ વરસાવે છે. ઝાડ નીચે બેઠેલી પોલીસ પાર્ટી બંદુકોના અવાજ સાંભળતાં ઝપાટાબંધ આવી પહોંચી. કબજે કરેલા બ્હારવટીયાને લઇને આગળ ચાલ્યા જાય છે અને બ્હારવટીયાઓ પર ગોળીબાર કરતા જાય છે. પોલીસ પાર્ટી સાથે રાણા ફોજદાર ડુંગરની ટેકરી પર ચડી ગયો અને બ્હારવટીયાઓ ડુંગરની તળેટીમાં રહ્યા; જેથી પોલીસોને ગોળીબાર કરવાનું સ્હેલું પડયું. સીંધીઓએ જાણ્યું કે, હવે આપણા એક જણને લેવા જતાં વધારે જણ તડ રહેશું અને આપણે હવે ખાટીએ એમ નથી. એમ ધારી સીંધીઓની ટોળી આગળ વધતી અટકી. બ્હારવટીયાને રાણાવાવ લાવ્યા અને જેલમાં દાખલ કર્યો.

પોરબંદરની જેલમાં બબ્બે વાર નાશી છુટેલા બ્હારવટીયાઓ અને ખૂનીઓને જેલમાં પુર્યાં હતા; પણ તેમને કાબુમાં રાખવા મુશ્કેલ હતા. રાણા કેશવ આ સમયે પેનશનર હતા, જેથી નિવૃત જીવન ગુજારતા હતા; પણ રાજ્ય તરફથી જેલર તરીકે આવવાનું ફરમાન થયું : "રાણા ફોજદાર, તમારા વિના આ કેદીઓ કબજે થશે નહિ." ૬૫ વરસની ઉમરે પહોંચેલા રાણા ફોજદારને નોકરી કરવાની અભિલાષા નહોતી; પણ રાજ્યનું નિમક ખાધું અને રાજ્યનો હુકમ થાય તો અનાદર કેમ કરવો? એમ ધારીને જેલરનો ચાર્જ સંભાળી લીધો. રાણા ફોજદારે બ્હારવટીયા અને ખૂનીઓ પર બરાબર દાબ રાખ્યો અને બરાબર ધાક બેસાડી. બ્હારવટીયાઓને તો એમ થતું કે, જેલખાનામાં જીંદગી પુરી કરવી, એના કરતાં કોઇ વડીયાને પાડી લઇને ફાંસીએ ચડી જવું એ વધારે બ્હેતર છે.

એ વખતમાં સરન્યાયાધીશ કે. પી. ડોડીયા સાહેબ હતા અને પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ નામદાર પ્રતાપસિંહજી સાહેબ (ઢોલરાવાળા)

હતા. બ્હારવટીયાઓની આ બંને અમલદારોને ઝપાટામાં લેવાની નજર હતી; પણ આ અમલદારો તેમના ઝપાટામાં આવે તેવા સંજોગોમાં નહોતા. જ્યારે જ્યારે કેદીઓની વિઝિટ લેવા આવતા, ત્યારે કેદીઓ પોતપોતાની ઓરડીમાં પુરાએલ હોવાથી તેમની ઉમેદ પાર પડી નહિ. છેવટ રાણા ફોજદારને મારી નાખવાની યુક્તિઓ આદરી. બે ખૂનીઓએ રાણા કેશવને વિશ્વાસ બેસાડયો. મોતથી નિર્ભય એવા રાણા ફોજદારને કેદીઓએ રચેલા પ્રપંચની ખબર પડી નહિ. તેમ વળી તેને પોતાની શક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ હતો અને બીજા બે બ્હાવટીયાઓને પોતે એકલા પહોંચી વળવા માટે બસ હતા; એ ધારણાએ નિડરપણે પોતાનું રોજનું કર્તવ્ય બજાવતા.

કેદીઓની પ્રપંચ જાળ બીછાઇ ગઇ. એક દિવસ મોસુઝણું થતાં કેદીઓ રોજના નિયમથી જરા વહેલા ઇરાદાપૂર્વક ઉઠયા અને પાયખાને જવાનું બ્હાનું બતાવીને જેલરને બોલાવવામાં આવ્યા. જેલર રાણા કેશવ ખુલ્લે શરીરે ફક્ત એક ધોતીયાભર કુંચીઓનો ઝુડો લઇ જેલ ઉઘાડવા ચાલ્યા જાય છે અને જેલનાં બારણાં ઉઘાડે છે. કેદીઓ બોલ્યા : "સાહેબ, ભેગાભેગું આજનું કરવાનું કામ અમને સોંપતા જાઓ." જેલર, શેત્રંજી અને પાટી વણાતી તે ખંડમાં ગયા. આ ખંડમાં બ્હારવટીયાઓ અને ખૂનીઓ પાટી વણવાનું કામ કરતા. તેઓ પાસે બે બાજુ લોઢાની અણીઓવાળા તાણાવાણા કરવાના નળા હતા.

રાણા કેશવ નીચે નમી અને કામ બતાવે છે. ચારે ખૂનીઓ રાણા કેશવની આસપાસ હુમલો કરવા ગોઠવાઇ જાય છે. લાગ જોઇને એકીહારે ચારે જણાએ લોઢાના નળાઓના ઘા કરવા લાગ્યા. શેત્રંજી વણતી વખતે પગ રાખવાના જે ખાડા હોય છે, તે ખાડામાં ફોજદારને ચારે જણા પકડીને નાખે છે. રાણા કેશવ પાસે પોતાના બચાવ માટે કંઇ પણ સાધન નહોતું. જેલર પાસે કંઇ પણ હથિયાર રાખવા દેવામાં આવતું નથી. રાણા કેશવે છટકવા માટે ઘણાં

તરફડીયાં માર્યાં; પણ નિર્દય રીતે તેના શરીરને ચારણીના જેમ વીંધી નાખ્યું. રાણાએ છુંદાતાં છુંદાતાં પણ પડકારો કર્યો : "સાલા બાયલાઓ! દગાથી રમ્યા? પડકારો કરી ઘા કરવો હતો ને! મારી મર્દાઇ તો જોવી'તી! આમ દગાની રમત રમ્યા? દીકરાઓ! ચેતવ્યો હોત તો ચારે જણના આંતરડાં કાઢત. હીચકારાઓ! આમાં તમારી બ્હાદુરી નથી." આટલું બોલતાં રાણા કેશવ બેહોંશ થઇ ઢળી પડયા. તેમને બચાવવા માટે કેદીઓની સામે થવાની કોઇ પોલીસની હિંમત ચાલતી નથી. આ બધો બનાવ છેટે ઉભીને બધાએ જોયા કર્યો.

આ બાબતની ખબર તેમના દીકરા માલદેવને પડે છે. તે બીમાર હોવાથી પથારીવશ હોવા છતાં તલ્વાર લઇ જેલ તરફ પૂર-વેગે દોડતો જાય છે. પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબે તેમને સમજાવીને કહ્યું : "જે બનવાનું હતું તે બન્યું. કેદીઓ જેલમાં કબજે છે, ત્યાં તમોને જવા દેવામાં આવશે નહિ. તમારા પિતાને ઝખમ પૂરા છે. તેને સીગરામમાં બેસાડી દવાખાને લઈ જાય છે; ત્યાં તેની સારવાર કરો." માલદેવ તેના પિતાને મળે છે. રાણા કેશવને પૂરા ઘા પડયા છે. દેહનું ભાન ભૂલાતું જાય છે; તો પણ બોલ્યા : "કોણ માલદેવ?"

માલદેવ : "હા બાપુ, તમારી આ દશા જોઇ દુઃખ માત્ર એટલુંજ થાય છે કે, તેઓ દગાથી રમ્યા. બાપુ, આપણાં મોત તો એમજ હોય નાં! ગાદી તકીયા પર બેઠાં બેઠાં આપણાં મોત થોડાં થાય છે!"

રાણો ફોજદાર બોલ્યા : "માલદેવ, દીકરા! મરવાનો મને જરાય ધોખો નથી. માત્ર એકજ ખટકો છે કે, મારી મર્દાઇ બતાવવાનો મોકો ન મળ્યો."

"બાપુ, દગાની રમતો રમાતી હોય ત્યાં એમજ થાય. હવે એ વિચારને દૂર કરો અને પ્રભુમાં મનને જોડો.

રાણો ફોજદાર બોલ્યા : "માલદેવ, મારૂં એક છેવટનું કહ્યું ધ્યાનમાં લે. હથિયાર વગરનું મારૂં મોત આવું થયું. દીકરા, હથિયાર વગરનો ઘડી પણ રહેજે માં." એમ બોલતાં બોલતાં રાણા કેશવે સંસારનો છેલ્લો ઘુંટડો ભરી લીધો.

બરડાની જોગમાયા સમી મ્હેરાણીઓ રાણા ફોજદારનાં જય-ગીત ઘેરે ઘેરે ગાય છે.

ધીર વીર રાણો ઘવાણો,
મર્દ કંઈ દગે મરાણો;
રાતડીયો ઢળ્યો છે રાણો.
મરડાતા જુવાન મલકમાં, તેના રાણાએ ઉતાર્યા ફેર;
છલ રાણાને છેતરી દેતાં, દગાથી કીધો કેર.
ઓચીંતા કેદીએ ઝાલ્યા,
સરોવરથી હંસ તો હાલ્યા;
સ્વર્ગમાં તો રાણો સીધાવ્યા.
હોત શમશેર હાથમાં તો તો કંઇકનાં લીધા હોત પ્રાણ.
નવતેરીના જેમ તડપુ નાખત,
પાંચ સાતને તડ પણ રાખત;
છોગાળો કંઇકનાં લોહી પણ ચાખત.
માલદેવ કહે મરવાની અમને, બાપુની નોતી બીક;
મર્દાઇ જોવાનું રાણું મળ્યું નહિ, પ્રભુએ ધાર્યું તે ઠીક.
હૃદયમાં લાય પ્રજાળી,
હાલ્યા બાપુ દખાવી હોળી.

રાણા ફોજદારના દીકરા માલદેવના દીકરા કેશવ હાલમાં ડ્રોઇંગ માસ્તર તરીકે કામ કરે છે.



અળેજનો ભડવીર જેતમાલ.

Hai[illegible]wala Press.

# ભડવીર જેતમાલ

**જેતમાલ**ના વડવાઓ સંવત ૧૭૫૧ ના આશરે કંઇ કારણ-વશાત રાજ્ય ખટપટના ભોગ થઇ પડવાથી ઉજ્જન નગરી છોડીને સાત ભાઇઓ તથા તેમનું કુટુંબ જુનાગઢ આવ્યું. આ વખતે જુનાગઢની ગાદી પર રા' બિરાજતા હતા.

જેતમાલ મુળ પરમાર શાખાના રજપુત. આ તરફ આવ્યા બાદ કેશવારા તથા બીજા મ્હેરોની સાથે તેઓ ભળ્યા. રણમલજી, તેજમાલજી, રણધીરજી, વિગેરે સાતે ભાઇઓ થોડા મહિના રાજ્યના મ્હેમાન તરીકે રહ્યા બાદ રહેવા માટે જુદી સગવડ કરી. રાજ્ય દરબારમાં આવવા જવાની છુટ મળી અને દરબારમાં તેમની યોગ્યતાને લીધે માન મરતબો વધ્યાં.

આ પ્રમાણે સાતે ભાઇઓ દરબારની પ્રિતીને પાત્ર થયા. રમતગમતના વખતમાં પણ રા' આ ભાઇઓને બોલાવવાનું ભૂલે નહિ. ચોપાટની રમત રમવામાં પણ એ ભાઇઓ કુશળ હતા. રા'ને પણ એ રમતનો શોખ લાગ્યો અને અવારનવાર પરમારો સાથે ચોપાટની રમત રમવામાં સમય વીતાવતા. એક વખત એવું બન્યું કે, પરમારોએ હસતાં હસતાં કહ્યું : "જો આજની રમત અમો ઉપરા-ઉપર ચાર વખત જીતીએ તો રા' અમોને બાર ગામ આપે અને જો અમે હારીએ તો અમારી પાસે જે કંઇ મિલ્કત હોય તે રા'ને ચરણે મુકી ફક્ત એક વસ્ત્રભર ચાલી નીકળીએ." પરમાર રણમલજી રમત રમતાં હોડ પર આવી ગયો. પોતે તથા પોતાના ભાઇઓ ચોપાટની રમતમાં હોંશિયાર છે એવું અભિમાન હોવાથી આવેશમાં બોલી જવાયું.

સ્ત્રીહઠ, બાળહઠ, યોગીહઠ, એ પ્રમાણે રાજહઠ. રા' હઠે ભરાણા અને રણમલજીના કહેવા પ્રમાણે કબુલ કર્યું અને બોલથી બંધાણા. રા' બોલ્યા : "રણમલજી, હવે જો જો હો! હાથીના દાંત નીકળ્યા ઇ નીકળ્યા."

રણમલજી બોલ્યા : "દરબાર સાહેબ, મર્દોનાં વેણુ કંઇ ફરે!" ચોપાટની રમત રમવાનું શરૂ કર્યું. બંને પક્ષ સામસામા બેસી કાળજીથી દાવ નાખ્યે જાય છે. રા'ના હજુરીઓ તથા બીજાઓ આજની રમત બહુજ ધ્યાનપૂર્વક જોયા કરે છે. રા' બહુજ ચીપી ચીપીને પાસા નાખે છે; પણ પાસા અવળા પડતા જાય છે અને રણમલજીની રમતમાં જીતના પાસા પડતા જાય છે. રા'ની બાજી હારમાં હોવાથી રા' વિમાસણમાં પડે છે. છેવટે રા'ની હાર થાય છે અને રણમલજીની જીત થાય છે. શરત મુજબ બાર ગામ આપવાં પડશે એ વિચારો આવતાં છટકવાની યુક્તિઓનો આશરો લીધો. ખરેખરા વીર પુરૂષો બોલેલાં વચન પાળે છે અને કદી વચનભ્રષ્ટ થતા નથી. કંજુસ અને લબાડ માણસને બોલેલા વચનની કંઇ કિંમત હોતી નથી.

રા' પોતાના બોલેલા વચનને વળગી રહે તો બાર ગામ દેવાં પડે અને જો આપવાની ના પાડે તો અપકિર્તી થાય. બહુજ વિચાર કર્યા બાદ રા' બોલ્યા : "રણમલજી, તમારી આ એકલાની રમતથી જીત થઇ નથી. તમારા બીજા ભાઇઓની શીખવણીથી તમો જીત્યા છો. આપણી શરત તો એવી છે કે, તમે એકલા તમારી પોતાની હોંશિયારીથી ચારે રમત જીતો તો બાર ગામ આપવાં. આ રમતમાં તો ખુલ્લી રીતે તમારા ભાઇઓની મદદ હતી અને એની મદદથીજ તમારી જીત થઇ છે. આપણા બે વચ્ચે જે શરત થઇ છે, તે પ્રમાણે તમે વર્ત્યા નથી; જેથી તમારાથી બાર ગામની માગણી થાય નહિ અને એમ બાર ગામ મળી પણ શકે નહિ.

રણમલજી : "જુનાગઢનો રા' આમ બોલીને ફરશે, એની તો મને સ્વપ્નેય પણ ખબર નહિ. દરબાર સાહેબ, હવે બોલીને ફરી જવું એ આપને શોભતું નથી. મર્દ બચ્ચા વસ્તુ કરતાં પોતાના વચનની કિંમત વધારે કરે છે; માટે બાર ગામ તો ન્યાયને ખાતર અમોને આપી દેવાં જોઇએ.

રા' : "રણમલજી, તમારાં આવાં કડકાઇ ભરેલાં વચનોથી હું કંઇ દબાઇ જવાનો નથી. તમારૂં ડહાપણ તમારી પાસે રાખો. એમ બાર ગામ મળશે નહિ.

રણમલજી : "દરબાર સાહેબ, બાર ગામ તો તમારે દીધે છુટકો છે અને અમારે લીધે છુટકો છે. હવે એ બાર ગામમાંથી મમતા કાઢી નાખો. હવે નાળીએરનું પાણી નાળીએરમાંજ રહી જાય એમાં માલ છે."

રા' : "રણમલજી, આ તમે કોની સામે બોલી રહ્યા છો એનો જરા ખ્યાલ કરો. રાજ્યને આશરે રહીને ગજા વગરની વાતો કરવા જતાં પાયમાલ બનશો." રા'એ સત્તાનો આશરો લીધો.

રણમલજી : "એવી પાયમાલી કાલે થતી હોય તો ભલે આજે થાય. ન્યાયને ખાતર તો બોલવુંજ પડશે. અમે કંઇ આપને હોડમાં ઉતરવાની ફરજ નહોતી પાડી. નવસો નવાણું ગામનો ધણી આમ બોલીને ફરે એ એને શોભે નહિ. રા', જરા વિચારો, જગતમાં અપકિર્તી થશે; માટે ખોટી હઠ છોડી દીઓ. એ બાર ગામ પરથી હવે આપનો હક્ક ઉઠાવી લ્યો."

રા' : "રણમલજી, એમ બાર ગામ લેવાં કંઇ રેઢાં પડયાં નથી, કે તમે લઇ શકો. તે છતાં તમોને કંઇ મનમાં ઉમેદ હોય, તો તમારી ઉમેદ પુરી કરો. આ ચોપાટની એક રમત પુરી થઇ;

હવે બીજી રમત રમવા માટે મેદાન તૈયાર છે. તમો હથિયાર વગરના હો તો હથિયાર આપવા તૈયાર છું."

"દરબાર સાહેબ, હથિયાર વગરનો ક્ષત્રિ બચ્ચો હોયજ નહિ. અમે અમારા બાહુબળથીજ બાર ગામ મેળવીશું."

રા' : "ત્યારે થાઓ તૈયાર."

સામસામી તલ્વારો ખેંચાણી. ગીરનારા બ્રાહ્મણો આડા પડયા અને બોલ્યા : "પહેલાં અમારા પર કતલ ચલાવો અને અમને મારી નાખ્યા બાદ આગળ વધો. મહારાજાધિરાજ, ન્યાયને ખાતર અમારે કહેવું પડે છે કે, રણમલજીની વાત ન્યાયની છે. આપ મહારાજા પ્હેલેથી વચનથી બંધાઈ ચુકયા છો અને હવે વચનભ્રષ્ટ થવું એ ક્ષત્રિનો ધર્મ નથી. ધર્મ અને ન્યાયને ખાતર અમારે એમના પક્ષમાં ભળવું પડે છે. આપ અમારા યજમાન છો; પણ અમારાથી અન્યાય થતો સાંખી શકાશે નહિ."

રા' : "એના પક્ષમાં ભળવામાં તમોને શું લાભ છે? અમારા બંનેની વચમાં તમારે આવવા શું પ્રયોજન છે? વિના કારણે તમે કૂદી પડશો તો કપાઇ મરશો. બ્રાહ્મણો પર શમશેર ચલાવવી એ અમારો ધર્મ નથી; છતાં પતંગીયાના જેમ મરવા આવશો તો બળી મરશો. માટે આ બાબતમાં તમારે વચ્ચે પડવાનું નથી."

બ્રાહ્મણો બોલ્યા : "મહારાજા, શમશેર ચલાવો તો તમો ધણી છો; પણ બાર ગામ ખાતર રા' બોલીને ફરે એ કેમ સહન થાય? ન્યાયને ખાતર આપનો પક્ષ મુકી એના પક્ષમાં ઉભીએ છીએ. ન્યાય ખાતર કે ધર્મ ખાતર મરી ફીટવું એ દરેકનો ધર્મ છે, તેમ બ્રાહ્મણોનો પણ ધર્મ છે. માટે અમે આજે દરેક પ્રકારનો ભોગ આપવા તૈયાર છીએ."

બાર ગામની મમતા રા'થી મુકાણી નહિ. વચનભ્રષ્ટ થયો અને પરમારો તથા ગીરનારા બ્રાહ્મણો પર શમશેર ચલાવવાનો હુકમ આપ્યો. રા'નાં માણસો સામે સાતે ભાઇઓ બ્હાદુરીથી લડયા. આમાં બ્રાહ્મણોનો તો સંહારજ કરી નાખ્યો. એમ કહેવાય છે કે, સવાપાશેર જનોઈ થાય તેટલા બ્રાહ્મણો ત્યાં મુવા. થોડા જીવતા રહ્યા તે તથા રણમલજી અને તેના બે ભાઇઓ બચ્યા તે પોરબંદર તાબે માધવપુર ગામે આવ્યા. રણમલજી બળેજ ગામે રહ્યો અને બીજો ભાઈ મહીયારી ગામે રહ્યો અને મ્હેરોમાં ભળ્યા. જે જે ગામે રહ્યો તે ગામની ઓળખ પડી રણમલજીથી પાંચમી પેઢીએ હાથીઓ. હાથીઆનો નરબત. નરબતનો આલો અને આલાનો જેતમાલ થયો. જેતમાલે ધર્મને ખાતર અને પોતાના વટને ખાતર જે બ્હાદુરી બતાવી તે આજની કથા પરથી સમજાશે.

જેતમાલ બળેજ ગામે ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. જે વખતની આ વાત છે, તે વખતે જેતમાલ ગામનો મુખી હતો. અમલદારો તથા ગામના આગેવાન માણસો પણ જેતમાલને પુછી પગ ભરતા; એવાં તેનામાં ન્યાય અને નિતી હતાં. તેની યોગ્યતાને લીધે રાજ્યમાં પણ માન સારૂં હતું. રાજ્યના કે પ્રજાના ભલા ખાતર મરવું હોય તો મરી ફીટે એવો જેતમાલ હતો અને તેથી ગામમાં મર્દ પુરૂષોની ગણનામાં ગણાતો.

જેતમાલ સુખી જીવન ગુજારતો હતો. તેની પાસે ચાલીશ પચાશ ભેંસો, પંદર વીશ ગાયો, પાંચ સાત જોડી બળદની તેમજ બસો ત્રણસો ઘેટાં પણ હતાં. કોઇ કોઇ વખત નબળાં વરસોમાં ઢોરોના નિભાવ માટે જુનાગઢ તાબે દેવડીએ જઇને પોતાનો નેશ નાખતો અને ત્યાં ઢોરોને ચારો મળે ત્યાં સુધી પોતાના સાથીઓ સાથે રહેતો અને વરસ પુરૂં થતાં પાછો બળેજ આવતો.

સાં. ૧૮૬૭ની સાલમાં જ્યારે તે દેવડીયા ગામે નેશ નાખીને રહેતો હતો, ત્યારે એક વખત ઢોરને ચારી આવીને પોતાના નેશમાં પોતાના સાથીઓ સાથે જમતો હતો, ત્યાં બ્હારથી એક બારોટે આવી પડકારો કરીને એક દુહો લલકાર્યો:—

સીમાડે સાવજ તણે, બાકરથી કેમ બેસાય;
જેતા જોણ કે'વાય, અચરત આલણ રાઉત.

(હે, આલાના દીકરા જેતમાલ ! તું દેવડીયાને સીમાડે સાવઝ સરખો બેઠો છે અને બકરાં રૂપી બાબીઓ ધણ વાળી જાય ? જેતમાલ, તું બેઠાં આવું બને, એ તો નવાઈની વાત કહેવાય.)

આ દોહરો સાંભળતાંજ, જમવાનું પડતું મુકીને અન્નદેવને પ્રણામ કરી પાણી પીને તુરત ઉઠયો. ખીલીપરથી ઢાલ તલ્વાર લઇને મેદાને પડયો. બાબીઓને જોઇ પડકારો કર્યો: "દીકરાઉ, હેવ જાશો તી કયાં ?" બાબીઓ સામા થયા. અરસપરસ તલ્વારોની ઝપાઝપી થઇ. જેતમાલ બહુ બ્હાદુરીથી લડયો. મરણીઓ બનીને ઘુમ્યો. પોતાના બાહુબળથી બાબીઓને નસાડયા અને ગાયોનું ધણ પાછું વાળ્યું. પોતાને તલ્વાર તથા ભાલાના ઘણા જખમ થયા હતા, તે આરામ થયા બાદ પાછો બળેજ ગયો.

મચ્યો જોર ખાંડા તણો દેવડીએ મામલો,
કાયરીયાં કંપીયાં દેખ કેતાં;
આલા તણો વડો અજરાયલ,
તેં ચોપસું ઢારીયા હાથ જેતા.
ત્રેહકે નગારાં ઘુઘવે ત્રાંબાળુ,
લુહાબળ વઢંતે દાવ લાધો;
ઝીંક કુંતા તણી રાવ ત્યાં ઝુકળે,
બળેજો અભંગ બળ ભીમ બાધો.

અભંગ દળ બાબી તણાં કાંહારે આવીયાં,
વાગતાં તબલ ભલાં વાજાં;
અવઝડ મચી તુહારી આગળે,
ત્યાં ઝોરીયેં ટપકતાં ગીયાં ઝાઝાં.

વેરો કર્યો પરમાર તેં વંકડા,
જામ ખાના લગણ વાત જાણી;
અવિચળ નામ કરી કુશળ ઘેરે આવીયો,
પરીએ ચઢાવ્યો અમર પાણી.

(૨)

બળા દાખવે ચતુર સું મ્હેર છે બળેજો,
આફળે ઝાટકે વબે એ તો;
પાહતસ ભાળીઓ વાતમદ પાળીચસ,
જોધામસ છકીયસ મ્હેર જેતો.

રીડ હંાય કાળી રાગ સીંધુ રચે,
ભડ તે શમશેર ભારથ ભારી;
અવ હો આલણકો પેખીઓ જોરાવર,
ઢીમ દીએ વેરીયાં સાવ ઢાળી.

પુત્ર નરબદ હરો ડરે ના પોવાડે,
કારમોક મચે બાંબાડ કાળો;
અરી ઘાણ કાઢી કુશળ ઘેર આવીયો,
વંકડો પરમાર બળેજ વાળો.

(૩)

સજી લહાઓ કટંકાં એ જુનાગઢવાળો સુબો,
બજડે સામંત સામો સુંઢીઓ બરાળ;

ધીંગાણે જોરાણે મચ્ચે દેવડીએ નેશ ધીંગો,
આલાણી ઉઠીયો એમ મર્દ ખાગ લે ઓનાળ.

ઝટાપટી હુઈ એમ મર્દ બાંકા ખેલ ઝુંઝે,
ભડ સામ સામા પડે કાહેરાં ભંગાણ;
ગડે ત્રાંબા ઢોલ ત્રાંસા બંદુકાં ગલોલી ગાજે,
જેતમાલે જુધ્ધ કીધાં પાડીયા જુવાન.

સજડ સાકો કીયો તુહારો નરબ્દ હરા,
ધજ વડે ઉજાળવા આપણી ધરત;
અ નમી ધરાણે મેર બળેજો ઓનાળે આખાં,
મામલો જીતી ઘરે આવીઓ મરદ.

મ્હેર જ્ઞાતિનો વીર પુરૂષ જેતમાલ અત્યારે નથી; પણ કવીઓએ બનાવેલાં કાવ્યોથી તેમની કીર્તિ અમર છે. ધર્મને ખાતર કે પોતાના વટને ખાતર મરી ફીટનારાઓ ધર્મનું ખરૂં સ્વરૂપ સમજ્યા હતા અને તેથીજ તેઓ મરવાથી બીતા નહોતા.

પોતાના તાબાના બળેજ ગામની આથમણી બાજુ ગામથી અર્ધો ગાઉ છેટે મમાઇ માતાનો મઢ છે અને તેમાં રબારીઓની કુળદેવીની સ્થાપના છે; તેને લીધે બળેજ ગામ રબારીનું જાત્રાનું ધામ ગણાય છે. આંહી શ્રાવકોનું દેરાસર છે અને તેથી અનેક શ્રાવક શ્રાવિકાઓ દર્શન નિમિત્તે આવે છે, તેઓને ઉતરવા માટે વિશાળ ધર્મશાળા છે; જેનો અનેક યાત્રાળુઓ લાભ લે છે.

એક વખત બાલોચ કોટડાના ઓઠા સીંધીઓને કોઇએ કહ્યું કે, બળેજ ગામે મમાઇ માતાના મઢમાં સોના રૂપાનાં છતરો તથા બીજો ઘણો માલ છે. સીંધીઓને એમ થયું કે, મઢ લુંટીને માલ હાથ કરવો. એ અરસામાં તો બળીયાના બે ભાગ હતા, મારે તેની

તલવાર હતી. કોટડાથી સીંધીઓની મોટી ટોળી બળેજ ગામે ઝાકુ નાંધે આવી અને દેકારો બોલાવ્યો. રબારીઓ તથા ભુવો બહુજ ગભરાણા અને મમાઇ માતાની પ્રાર્થના કરી કહેવા લાગ્યા : "હે, માતાઇ! અમારી લાજ રાખજે. હે, આઇ! આ જામગરીયુવાળા અમને એક એકને વીણે લીશે તો અમારી ભેરે થાજે." આવી રીતે પ્રાર્થના કરતા હતા, ત્યાં એક રબારીને યાદ આવ્યું કે, અટાણે જો જેતમાલ આતો પુગે તોજ આપણી લાજ રીયે. એક રબારીને દોડતો મોકલ્યો. તે જેતમાલને ઘેરે જઇને ફાટતે સાદે બોલ્યો : "જેતમાલ આતા ! ધોડ, ધોડ, માતાનો મઢ લુંટાય છ. ઝટ ધોડ."

જેતમાલ : "કુણ લુંટે છ ? ઇવા પાણીયારીના કુણ સે ?" રબારીને શ્વાસ ચડવાથી વધારે બોલી શકતો નથી. મમાઇ માતાના મઢ તરફ હાથનો ઇસારો કરે છે.

જેતમાલ : "બોલ્યા બોલ તો ખરો, ઇમાં હારે કાઉં જા છ! રબારી થે ને મોરો કાઉં થા છ !"

રબારી : "બોલ્યા બંધુકુવાળાને દેખેને હું તાં હારેને ગાર જેવો થે ગો છ. બોલવાની સુંયા નેથ રઇ. આતા ! તું ઝટ હાલ્ય !" પીંચોતેર વરસની ઉમરે પહોંચેલો જેતમાલ આ વાત સાંભળીને ઉભો થઇ ગયો. મર્દાઇના નમુના સમો જેતમાલ ઢાલ તલવાર લઇ ભેડાઇ બાંધી ઘરની બ્હાર કૂદ્યો. ત્યાં તેનો દીકરો જેસો આડો ફર્યો.

જેસો : "બાપા ! આલુ ફેરે તુણે નીં જાવા દાં. બાપ, તારા તાં હેવ ઘેર બેઠાના દી' છે. હું તારો જુવાન જોધ જીવો દીકરો ઘેર બેસે રાં ને તું મરવા હાલે નીસર ? ઇ તાં હું નીં થાવા દાં."

જેતમાલ : "દીકરા, તારે તાં ઇવાં કામા કરવાના ઘણાય દી' આવશે. મારે તાં હેવ સાંજ પડવા આવી છ. મને તાં હથડો પોંખે લેવા દે. ખરે ટાણે આવી માટીયાઇ દેખાડવાનો વખત ઘડીએ ઘડીએ થોડો આવે છ ?"

જેસો : "બાપ, ઇ તારી વાત સાસી; પણ આલુ ફેરે તાં તુણે નીં જાવા દાં. મારે પણ મારો ધરમ રાખવો હોય નાં !" એમ કહીને જેસાએ તેના બાપ જેતમાલની આંગડીની ચાર પકડી રાખી.

જેતમાલ : "જેસા, મુકે દે ! મુકે દે ! મને મોડું કરમાં ! ઓલ્યા છોકરાઉ ! અરજન ! ખેંગાર ! રણમલ ! આણે આંઇથી લે જાવ. ઇણે ઘરમાં પુરે દીઓ. ઇ તાં મારી મોર થે ને મરે ઇવો છે."

જેસો : "બાપ, તું ઇં કરમાં ! મણે તારી ભેગો આવવા દે. તુણે એકલાને તાં નીં મરવા દાં. મને ઘરમાં પુરશે તોય બારણું ભાંગેને પણ આલુ ફેરે તાં આવ્યે રહશ." ચાર પાંચ જણા જેસાને ધકો મારી લઈ ગયા અને ઓરડામાં પૂર્યો. જેસાએ નીકળવા માટે ખુબ તરફડીયાં માર્યાં. બારણાંને પાટું મારતો મારતો, મારો ! મારો ! કાપો ! કાપો ! ના પડકારા કરવા લાગ્યો. જેસાના રોમેરોમમાં શુરા-તન રમી રહ્યું છે. દેહનું ભાન ભૂલાતું જાય છે. બારણાંને પાટું મારી મારી થાકયો ત્યારે જમીનપર ઢળી પડયો અને મારો ! મારો ! કાપો ! કાપો ! એજ ધૂનમાં ને ધૂનમાં એણે પ્રાણનો ત્યાગ કર્યો.

જેસાને ઓરડામાં પુરવાનું કહીને જેતમાલ તો માતાના મઢે પહોંચ્યો. મઢના દરવાજા બંધ કરી દીધેલા છે. અંદર ભુવો તથા રબારીઓ ગદગદ કંઠે પ્રાર્થના કરે છે : "હે, માતાઈ ! હે, હર જોગણી ! તું લાજ રાખજે." આમ કરૂણ સ્વરે પ્રાર્થના કરી

રહ્યા છે, ત્યાં તો ખબરદાર ! ખબરદાર ! એવા ફાટે સાદે પડકારા કરતો જેતમાલ પુગ્યો.

સીંધીઓએ તો મઢની જગ્યાપર ગોળીબાર શરૂ કરી દીધા હતા. જેતમાલનો અવાજ આવતાં સીંધીઓએ પાછું વાળીને જોયું તો પોણોસો વરસનો ખખડધજ જેતમાલ ખુલ્લી તલ્વારે મરણીયો થઈ તડાપ મારતો મારતો સોંપટ વહ્યો આવે છે અને સીંધીઓપર તુટી પડે છે. હરણના ટોળામાં જેમ ઓચીંતો વાઘ પડે અને ભંગાણ પડે, તેમ જેતમાલની શમશેરના ઝપાટામાં જે જે પાણીયારા જુવાનો આવ્યા તેને ધુળ ચાટતા કર્યા અને કેટલાક પડી પડીને ભાગ્યા.

જેતમાલને મરવાની બીક નહોતી. ધર્મને ખાતર મરવું તેમાં તે પોતાના જીવનની સાર્થકતા સમજતો હતો અને જ્યારે જ્યારે એવો પ્રસંગ આવીને ઉભો રહેતો ત્યારે તેમાં પાછો પગ ભરતો નહિ.

રબારીની મમાઇ માતા લુંટાય એમાં મારે શું ? સનાતનીઓની કે વૈષ્ણવ સંપ્રદાયવાળાઓની કે શ્રાવકોની પાયમાલી થાય તેમાં અમારે શું ? એવી ઓછી સમજણવાળી માન્યતા તેમની નહોતી. જ્યાં જ્યાં, જેને જેને અને જ્યારે જ્યારે મદદની જરૂર હોય ત્યાં પોતાના સ્વાર્થનું બલિદાન આપી, નિરાધારની મદદમાં ઉભા રહેવું એ એમનો સિદ્ધાંત હતો અને એ પ્રમાણે સમય આવે કરી બતાવતા. રબારીનો મઢ લુંટાતો હોવાથી રબારી બોલાવવા આવ્યો અને જેતમાલ તુરત તેની મદદે પહોંચ્યો અને સીંધીઓની ટોળીને નસાડી મઢનું રક્ષણ કર્યું અને એ રક્ષણ કરવામાં પોતે પોતાનો ધર્મ સમજતો હતો.

સીંધીઓ તો પડી પડી ભાગી ઘર ભેળા થઇ ગયા; પણ ભુવો આતો મઢમાંથી બ્હાર નીકળતો નથી. જેતમાલે ત્યાં જઇને

ભુવાને કહ્યું : "ભુવા, બારણાં તાં ઉઘાડ, ઘરમાં કાંઉં ગરે રીયેં છ? ઇ સીંધીયુ તાં કાફ્યના ભાગે ગીયા છ. ઇ તાં હેવ જીવે તાં લગણ માતાઇના મઢ સામું જોશે નીં."

**મઢ મેલી માતા તણો, જો તું જેતા જાત;**
**ચઉ સુરજ ઉગત નહિ, નવખંડ ચેરો થાત.**

(હે, શુરવીર જેતમાલ ! જો તારા જેવા મર્દ પુરૂષો પણ બીકને લીધે માતાજીના મઢનું રક્ષણ કરવાનું મુકી દઇને ભાગી જાત તો તો સુર્યનારાયણ પણ ઉગત નહિ અને દેશાદેશમાં અપકીર્તિ થાત. અર્થાત, તેં તો અમારી લાજ રાખી.)

અગાઉના વીર પુરૂષો સમજતા કે, મનુષ્ય જીવન એ દગાબાજીના ધંધા કરી, પેટ ભરવા ખાતર મળ્યું નથી. એ મનુષ્ય જીવનમાં, આપણાં શાસ્ત્રોએ તથા આપણા સંત પુરૂષોએ જે ગૃહસ્થાશ્રમનો ધર્મ બતાવ્યો છે, તે ધર્મ પાળવામાં આપણે અડગ ઉભા રહીએ, દરેક પ્રકારનો ભોગ આપવા તૈયાર રહીએ, તોજ આપણે આપણો ધર્મ પાળ્યો કહેવાય. એ ધર્મ પાળવા ખાતર તો કંઇક મીંઢાળબંધા જવાંમર્દ પોતાના દેહનાં બલિદાન આપી, પોતાની કીર્તિને અમર બનાવી ગયા છે. ધર્મને ખાતર મરવું એ તો એઓને મન રમત વાત હતી. આપણે એ આપણો ધર્મ તદ્દન ભૂલી ગયા.

આપણે તો બે ચાર વખત મંદિરોમાં કે દેવળોમાં દર્શન કરી આવ્યા, સવાર સાંજ બે ચાર વખત માળાના મણકા ગણી લીધા, ગીતાજીનો એકાદ અધ્યાય વાંચી લીધો અથવા સવાર સાંજ ઉપર ટપકે પ્રાણાયામ કરી લીધાં એટલે આપણે આપણો ધર્મ પાળી લીધો એમ માની લઇએ છીએ. દેખાદેખીથી અથવા તો સાકરનાં પડીકાં અથવા એકાદ બે વસ્ત્રો મળશે એ લાલચે અપવાસો કરવામાં,

બે દિવસનું એક ટંકમાં સાટું વાળી લેવાના ઉદ્દેશથી પેટ તણાય ત્યાં સુધી માલમલીદા ઉડાવી એકટાણાં અને આંબેલ કરવામાં આપણે ઉત્તમ પ્રકારનો ધર્મ પાળ્યો, એમ માની લઇએ છીએ.

ધર્મનું સ્થાન હોય, મોઢામાં અપવાસ હોય, એ અપવાસો મન, વાણી અને કર્મે કરી નિર્મળ હૃદયથી કેવી રીતે કરવા જોઇએ, એ આપણા શાસ્ત્રોમાં બતાવેલ હોય, સદ્‌ગુરૂએ સમજાવેલું હોય અને આપણે જાણતા પણ હોઇએ છતાં આપણે તથા આપણા ભાઇઓ અને બ્હેનો પારકી નિંદા કરવામાં, પારકા અવગુણો જોવામાં અને આપણા ડુંગર જેવડા અવગુણો ઢાંકવામાં આપણો અમુલ્ય સમય વ્યતિત કરીએ છીએ. પવિત્ર સ્થળમાં જ્યાં પ્રભુનાં ગુણગાન કરી, આપણાં નબળાં કર્મનો નાશ કરવો જોઇએ (કર્મ ખપાવવાં જોઇએ) તેને બદલે નવાં પાપકર્મ બાંધીને ઇશ્વરના ગુન્હે-ગાર બની ઘેરે જઇએ, છતાં આપણે અભિમાન રાખીએ કે, અમે બહુ ધર્મ પાળ્યો. આટલી ગાથા મોઢે કરી આજે આ સુત્ર વાંચ્યું. આજે આટલી સઝાયો મોઢે કરી. આજે આટલી રામાયણની ચોપાઇ મોઢે કરી. ગીતાજીના આટલા અધ્યાય મોઢે કર્યા. આવો મિથ્યા આડંબર ફક્ત બોલવા પુરતોજ રાખીએ અને ગ્રામોફોનની રેકર્ડની માફક માત્ર બોલી બતાવીએ અને એ પ્રમાણે આપણે લેશ પણ વર્તી ન શકીએ, તો આપણે આપણા આત્માનો ઉદ્ધાર કરી શકીએ નહિ.

અગાઉના મહાન અવતારી પુરૂષો હરિશ્ચંદ્ર, શ્રી મહાવીર સ્વામી, શીબીરાજા, મોરધ્વજ, વીર વિક્રમ, ધ્રુવ, પ્રહલાદ, નરસી મ્હેતો, મીરાંબાઇ, દધીચી ઋષિ, સગાળશા, બીલ્વમંગળ વિગેરેએ ધર્મના પાલન માટે પોતાના દેહનાં બલિદાન આપવામાં પાછો પગ ભર્યો નહોતો. તેઓએ ઉત્તમ પ્રકારનું ચારિત્ર પાળી જગતને બતાવી આપ્યું કે, આનું નામ ધર્મ અને આનું નામ તે ધર્મનું પાલન.

આપણે ત્યાં કોઇ દુઃખી નિરાધાર કંઇ આશા કરી આવે તેને હડધુત કરીએ, આપણાપર વિશ્વાસ રાખનારને વિશ્વાસઘાત કરીએ, આપણે પનારે પડેલા નોકર ચાકરને પેટ પુરતું ખાવાનું ન આપીએ અને તેની પાસેથી ગજા ઉપરાંત કામ લઇએ, આપણે નાતના અગ્રેસર બન્યા, સમાજની, સંસ્થાની, નાત ખાતાની, કોઇ ગરીબોની કે વિધવા બાઇઓની વિશ્વાસે આપણે ત્યાં થાપણ મુકાણી. એ થાપણ અગર નાણાં આપણે હજમ કરી જઇએ અને ગરીબોને પોક મુકાવીએ, દુઃખી માણસોના નિસાસા લઇએ છતાં આપણે ફાંકો ધરાવીએ કે અમે તો બહુજ ધર્મિષ્ટ છીએ. આવો દાંભિક ધર્મ મોટે ભાગે જગતને દેખાડવા પુરતોજ હોય છે—આપણો સ્વાર્થ સાધવા પુરતોજ હોય છે. આપણાં હૃદય નિષ્ઠુર અને પથ્થર જેવાં કઠોર બની ગયાં છે; છતાં પણ અહિંસા પરમો ધર્મ એ અમારો સિદ્ધાંત છે, એમ જગતની આગળ ખોટો દંભ રજુ કરીએ છીએ. આપણા એ દંભથી જગત તો કદાચ છેતરાય; પણ સર્વવ્યાપક અંતર્યામી પરમેશ્વર શી રીતે છેતરાશે ? એ ખ્યાલ આપણને આવતો નથી અને તેને લીધે આપણે આપણા પાખંડ દુર કરી શકતા નથી. પરમપદ પામવા માટે જે જે મહાન પુરૂષો ઉત્તમ ચારિત્ર પાળી, ઉંચ ગતિને પામ્યા છે, તેઓના ચારિત્રનું કંઇક અંશે અનુકરણ કરી આપણે પણ દયા, ક્ષમા, ઉદારતા, સહનશીલતા આદિ સદ્‌ગુણો ધારણ કરી તે ગુણોને વર્તનમાં મુકીએ, તોજ મનુષ્ય જીવનની સફલતા ગણાય.

# ટેકીલો લાધવો મ્હેર.

કુછડી ગામનો એક લાધવો નામનો મ્હેર જામનગર તાબાના ગામ ડાંગરવડમાં પોતાનાં સગાં સ્નેહીઓને મળવા માટે ગયેલ. તે પાછો વળતાં, પોરબંદર તાબાના ગામ કાટવાણાને પાદર ડેરાવાવ નામની વાવ આગળ પોતાની ઘોડીને પાણી પીવરાવવા માટે આવે છે. કુંડીમાં પાણી ન હોવાથી ઘોડીને પાંછી વાળવાનો વિચાર કરે છે, ત્યાં એક ચારણીયાણી બાઇ પાણી ભરવા આવે છે.

લાધલો : "બીન, મારી ઘોડી તરસી થઇ છ, તી બે ઘડા પાણીના સીંચે દઇશ ?"

ચારણીયાણી જાસલ : "લેને ભાઇ, બેના ચાર ઘડા સીંચે દાં." એમ કહી બે ચાર ઘડા કુંડીમાં નાખ્યા. ઘોડી તરસી હતી તેથી ખુબ પાણી પીધું. તરસ છીપતાં હણેણાટી કરી. જાણે એના ધણીને સાન કરતી હોય કે, હવે હું આગળ ચાલવા માટે તૈયાર છું. લાધવાએ ચાલતાં ચાલતાં પાંચ કોરી કાઢીને બાઇને આપવા માટે હાથ લંબાવ્યો અને બોલ્યો : "બીન, તને બાઇ માણસને મેં મે'નત દીધી, તી લે આ પાંચ કોરી તને બીન ગણીને આપાં છ."

જાસલ : "નારે ભાઇ, ઇં હોય કીં ? મેં ઇમાં ઇવું કાં કામ કરે નાખ્યું છ, તી પાંસ કોરી લાં ? કોઇ માણુસ કે જનાવર તરસ્યું હોય તો પાણી પાવાંમાં તાં ધરમ છે નાં ? ઇમાં તું કનેથી પાંસ કોરી લેવી હોય ?"

લાધવો : "બીન, મારે અસુર થાય છ. જો ન લે તો તને આ તારા ભાઇના સમ છે." એમ કહીને લાધવે જાસલના પગ તરફ કોરી ફેંકી.

જાસલ : "લાધાભાઇ, મવળે ઘર તાં પરભુના પરતાપ સે; પણ તેં સમ દીનો તી હું લેવાની ના ભણુ ની ન સાં. પણ એક વાતે ! જો તું મણે તારી બીન લેખતો હોય, તો ટાઢક કીધા વના જાવરશે નઇં."

લાધવો : "સીરામણુ ટાણે તાં હું ઘેર પુગે જાઇશ. દાણો પાણી તો બીજી વખત વાત."

જાસલ : "ભાઇ, તાળી સો વાત ને મવળી એક વાત. આજ તાં જાવરશે નીં."

લાધવો : "બીન, આલુ ફેરે તાં રેવા દે. વરી કોઇ વાર વાત. તારે ઘેર એક વાર તાં જરૂર આવે જાઇશ."

જાસલ : "ભાઇ, ટાઢક કીવા વના તાં જાવરશે નીં. એક ડગલું ભર તો તુણે મવળા સમ છે." લાધવાએ ઘણી આનાકાની કરી; પણ જાસલની ખરા ભાવની તાણુ હતી, તેથી લાધવો લાચાર બની ગયો અને પાછળ પાછળ ધીમે ધીમે પોતાની ઘોડીને હાંકી જાસલને ઘેરે આવ્યો. ઘોડીને ગમાણે બાંધી. જાસલે બેડું તરત મુકી, ડામચીએથી રૂએલ ગોદડી લઇને ઓસરીએ પાથરી લાધવાને તેનાપર બેસાડયો.

લાધવો : "જાસલ બીન, ઘરમાં તું એકલી કીં સે? મારો બારોટ ઘરમાં નેથ ?"

જાસલ : "લાધવા ભાઈ, તારો બારોટ બારગામ ગો છ, તી આજ તાં ઇંદોજ જોયેં. ભાઇ, ઈ પણ માણુસુ સારૂ પ્રાણ પાથરે ઇવો સે"

લાધવો : "બીન, ઇ અમારો બારોટ ઘરમાં નેથ ને મારે રોકાવું, ઇમાં મણે કંઇ મજા આવે નીં. ડાઢીયારા ઘેર હોય તો ઈણી વાત બીજી. તું આજ તાણ કરીને લેવી છ, ઇ મેંણે તાં ઠીક નેથ લાગતું."

જાસલ : "ભાઈ, તું જરાય શરમાઇશ માં. ઇ ઘેર ન હોય તો કાંઉ થીયું ?"

જાસલની ઉમર વીશેક વર્ષની હશે. જાણે રૂપરૂપના તો અવતાર ! એનાં વખાણ શું કરવાં ? ચંદ્રના જેવી ઉજળી કાંતિ ! કાળા ઝેબ જેવા કેશ ! મનમોહક હસતું મોઢું ! પવનથી ઉડતા પલ્લવની પેઠે ધીમું ધીમું ચાલવું ! જાસલના સુકોમળ અને સુંદર અંગોનું વર્ણન કરવા માટે તો કોઇ અચ્છો કવિ જોઇએ. જાસલના ધણીનું નામ ધાનો ભેડો. જાસલ, એ ધાના ભેડાની નવી પરણેતર સ્ત્રી હતી. જુની સ્ત્રીનું નામ પુનસરી હતું. પુનસરીની ઉમર ૪૫ વરસની થવા આવી હતી. કંઇ સંતતિ ન થવાથી ધાના ભેડાએ પુત્રની લાલસાએ બે વર્ષથી નવું ઘર કર્યું હતું. બંને શોકોને અરસપરસ બનાવ નહોતો; તેથી બેઉ શોકોને રહેવાનાં જુદાં જુદાં ઘર રાખ્યાં હતાં. ધાનો ભેડો મોટે ભ.ગે જાસલને ત્યાંજ રહેતો અને તેથી સ્ત્રી જાતના સ્વભાવ પ્રમાણે પુનસરીને ઇર્ષા થતી અને પોતાના ધણી આગળ જાસલને હલકી પાડી જાસલ ઉપરનો પ્રેમ ઓછો કરાવવા માટે કાવાદાવા કર્યા કરતી હતી; પણ ધાના ભેડાનો જાસલ ઉપર ઘણોજ પ્રેમ હતો, તેથી પુનસરી કોઇ વખત ફાવી શકતી નહિ અને પોતાની રચેલી બાજીમાં પાછી પડતી. આજે નશીબ

જોગે ધાનો ભેડો ઘેરે હતો નહિ. કાંઇ કામ પ્રસંગે બ્હારગામ ગયેલો હતો. જાસલે પોતાના ભાઇ લાધવાને ઓસરીમાં બેસાડી તુરત ગરમાગરમ રોટલા ઘડી નાખ્યા અને મધુરાં માખણથી રોટલા ચોપડયા અને લાધવાને જમવા માટે બોલાવ્યો. પાણીનો કળશીયો આપ્યો. લાધવો હાથ પગ ધોઇ જમવા બેઠો. ગરમાગરમ ઢેબરાં અને સેડકઢા દુધની છલકતી તાંસરી અને આથણાં જાસલે મુકયાં અને બોલી : "ભાઇ, તું તાં લાપસીનો મેમાન છે; પણ કંઇ કર્યું નેથ. તારો બારોટ આવે તયેં વાત."

લાધવો : "બીન, ભાવ મીઠા કે ભોજન ? લાપસી ખાધે કંઇ વશેકાઇ છે ? ભાવનો તાં સટણીને રોટલો પણ મીઠો સાકર જીવો લાગે ને ભાવ વનાનીયુ તાં મીઠાયુ પણ ભાવે નીં." લાધવો જમી રહ્યા બાદ પાછો ઓસરીમાં આવી બેઠો. જાસલે ગોદડી ઉપર સોપારી, લવીંગ, તજ વિગેરે મુકયાં.

લાધવો જયારથી ઓસરીમાં બેઠો ત્યારથીજ પુનસરીના રોમેરોમમાં ઇર્ષાનો અગ્નિ વ્યાપી રહ્યો હતો. આજે જાસલની નીંદા કરવાનું અને તેના ધણી આગળ ઉતારી પાડવાનું પુરેપુરૂં કારણ મળી આવ્યું. આસપાસની પાડોશણોને બોલાવી આવી અને કહેવા લાગી : "જાસલે તાં આજ જુવાન જોધમલ જીવો મેર ઘરમાં બેસાડયો છ. પાડોશણોએ પણ જાસલનાં ચેપકાં જોવા માંડયાં. આસપાસની સ્ત્રીઓને જેમ જેમ ખબર મળતી ગઇ, તેમ તેમ પુનસરીના ઘર આગળ એક ટોળું ભેગું થઇ ગયું અને જેમ જેને ઠીક લાગે તેવાં નિંદાનાં વચનો કહેવા લાગી. સ્ત્રી જાતને પારકી નિંદા કરવામાં જે મજા આવે છે, તેવી બીજી બાબતમાં મજા આવતી નથી.

લાધવો મ્હેર મુળ કુછડી ગામનો રહેવાશી. તેની ઉમર ચાલીશેક વર્ષની હશે. તેને ઘેર રૂપરૂપના અવતાર જેવી રૂપી નામની

આધેડ ઉમરની સ્ત્રી હતી. ઇશ્વરકૃપાથી તેમને ત્યાં દીકરા દીકરી હતાં અને દરેક રીતે લાધવો સુખી જીવન ગુજારતો હતો. પોતાની સારી રહેણીકરણીથી તથા ઉદાર સ્વભાવને લીધે ગામમાં, નાતજાતમાં તથા દરબારમાં પણ સારૂં માન હતું.

લાધવો જવા માટે જાસલ પાસેથી રજા માગે છે અને જવાની તૈયારી કરે છે. એનનું મફત ન ખવાય, એમ ધારીને જતી વખતે લાધવાએ પચીશ કોરી આપવા માટે પોતાનો હાથ લંબાવ્યો; પણ જાસલે રાખવાની ના પાડી. લાધવાએ બહુ તાણ કરી, પણ જાસલે કોરી રાખી નહિ.

જાસલ : "ભાઇ, આ સંસારમાં મારે માવતરમાં કોઇ નસે. આજથી હું તને મારા ધરમનો ભાઇ કરતી સાં. તારો સાસો ભાવ સે, તો કોઇ વસમા ટાણે બીનને હાથ દેવા આવજે, ભાઇ! તવળી કાયા પરભુ અમર રાખે. જોગમાયા તવળી સડતી રાખે." આમ આશિષ આપતાં જાસલની આંખમાં વિશુદ્ધ પ્રેમનાં આંસુ આવ્યાં. લાધવાનાં દુઃખણાં લીધાં. લાધવો જાસલને પગે લાગી, રજા માગી, ઘોડેસ્વાર થયો. બેન ભાઇનો જુદાં પડવાનો અને વિદાયગીરીનો પ્રસંગ જોઇ, પુનસરીને ઘેરે ભેગી થયેલી સ્ત્રીઓમાંથી ખડખડાટ હસવાનો અવાજ આવ્યો. નિર્દોષ જાસલ તથા લાધવા માટે જેમ જેને ઠીક લાગે તેમ બોલવા લાગી. ધાનો ભેડો આવે કે તુરત તેને આ બાબત જણાવી દેવી, એમ પુનસરીએ પોતાની સહીયરોની સાથે નક્કી કર્યું.

રાંઢાનો વખત થયો, ત્યાં તો ધાનો ભેડો બ્હારગામથી ઉતાવળે પગલે જાસલના ઘર તરફ ચાલ્યો આવે છે. પુનસરીની શીખવણી મુજબ એક સ્ત્રી હસીને બોલી : "દુનિયામાં ધાના ભેડા જેવાય ભોળા ભાયડા હશે ના ?" એમ કહી ખડખડાટ હસી. બીજી બોલી : "પુનસરીનું માનતો નેય ને તારૂં માનશે ? ઠાલી મુલી તું કાં

વધુકી થાસ ?" એમ કહી મો મરડયું. બીજી બે સ્ત્રીઓ ધાનાને વધારે વ્હેમ બેસાડવા માટે સામસામી ધીમે ધીમે વાતો કરીને ધાના ભેડાની શંકામાં વધારો કર્યો. નાગણીના જેવી વેરણ શોક પુનસરીએ તો જાસલને ત્યાં લાધવો આવ્યો હતો તે બાબતની વાતમાં વધારો કરી, મીઠું મરચું ભભરાવી, ધાના ભેડાને ભંભેરીને ભુત કર્યો. ધાના ભેડાનો મીજાજ ગયો અને તેના બળતા હૃદયમાં ઘીની આહુતિ અપાણી.

ધાનો ભેડો થાકયો પાકયો અને ભૂખ્યો ઘેરે જતો હતો. ત્યાં તો ઘેરે પહોંચતાં પહેલાંજ આવી દુઃખદાયક વાત સાંભળીને તેના હૃદયમાં ઝાળ થઇ. ક્રોધાયમાન થયેલો ધાનો પુનસરીની ઝાઝી વાતો ન સાંભળતાં જાસલના ઘર તરફ ચાલી નીકળ્યો.

જાસલે બે ત્રણ દિવસથી પોતાના ધણીને જોયેલ નહિ તેથી દુરથી ધાનાને આવતો જોઇ હરખભરી હસ્તે મોઢે માન આપવા માટે બારણાની બારસાખ ઝાલી, જાસલ વાટ જોતી ઉભી. ક્રોધાયમાન ધાનો ભેડો કંઇ ન બોલતાં ફડાફડ કોરડાના ચાર પાંચ ઘા કરી લીધા. જાસલના કુમળા શરીરમાંથી લોહીની શેડો વછુટી.

જાસલ બોલી : "મારા દેવ, આવો જલમ મું માથે કાં કરવા કરતો ? મવળો કાં ગુન્હો ? હું તાં ભગવાનના જી તવળા નામની માળા જપતી છાં ને વગર ગુને કાં કરવા મારતો છે ?"

ધાનો ભેડો : "રાંડ, બેલજી, નીચ ! તું માથે મવળો કટલો વિશ્વાસ ? કટલો પ્રેમ ? તારે સુખે સખ અને તારે દઃખે દઃખ માનતો; તો પણ તેં આવો નીચ કામો કર્યો ? થુડમથડ છે ! તુણે બીજું તાં મારે કાંઉં ભણવું ! મવળા ઘરથી બહારી નીકરે જા. મવળે તારૂં મોઢું જેવું નસે."

જાસલે પોતાના ધણીના પગ ઝાલ્યા અને ચોધાર આંસુએ રોવા લાગી. કંઠ રૂંધાઇ જતાં બોલી શકતી નથી. થોડી વાર પછી બોલી : "મું માથે આવો જલમ કાં કરવા કરતો છ ? હું તાં પવિતર છાં. તુણે કો'કે ઉંધું સમજાવ્યું છ. મવળી સાચ ખોટની તપાસ બરાબર કર, તો જી હશે ઇ જણાઇ આવશે. મારા કોઇ વેરીએ મને હલકી પાડવા સારૂ આ બથોય ઉપા આદર્યો છ. જોગમાયાની સાખે કાંછ કે, હું તો જરાય અપરાધી ન સાં."

ધાનો : "જાસલ, તારી સાચાઇ મેં જુવે લઇ. બોલ્ય, હું ઘેર નુતો ને જુવાન મેરને કીં ઘરમાં રાખ્યો ? ને કીં રોક્યો ? તવળી એની હારે કઇ જાગેથી ઓરખાણ ? સાચું ભણ !"

જાસલ : "ઘેર આવલ મેમાનને જાકારો કીં દેવો ? તવળે ઘેરથી મેમાન પાછો જાય, ઇમાં તવળા ઘરની શોભા કાં ? વરી ઇ તાં મણે માની જણી ભીન ગણેને આવ્યો, તો મેં પણ સગો ભા જાણીને સીરામણ દીનું. ઇમાં તણે આવો વેમ કવણે ભણ્યો ?"

ધાનો : "હવે બેસ બેસ, કપાતર ! તું એવી સતવતીની ધી કુદુની થઇ ગઇ સે ? કપાતર બાયડીને વરી ભાઇ ભીનનું સગપણ આડું આવતો સે ?"

જાસલ ક્રોધના આવેશમાં આવી બોલી : "ધાના, આવા અનેતીના વેણ મુંથી સખાતાં ન સે. ધાના, કંઇક ભગવાન ભગો બી ને વાત કર." જાસલ આકાશ તરફ દ્રષ્ટિ કરી હાથ જોડીને પ્રાર્થના કરવા લાગી : "હે, જોગમાયા ! હે, હરજોગણી ! હે, માતાઈ ! જો હું સાસી હુવાં તો મારા ઉપર તારા સાસના બે સાંટા નાખીને મવળું સતિપણ સાંગવજે. હે, આઇ ! વના કારણે મારી લાજ જાય છ. હે, માતાઇ ! તું તાં દલે દલની વાતુ જાણ છ. જો

હું મારા ધણી હારે સાચી નેક ટેકથી વરતી હુવાં, તો માતાજી, ખરે વખતે મારી લાજ રાખજે. હેવ આ સંસારમાંથી મારો જીવ ઉઠે ગીયો છ. હે, આઇ ! મણે હેવ ત.રે ખોળે રાખ." એમ કહી આંખો વીંચી જગદંબાનું સ્મરણ કર્યું અને એકજ ધ્યાનમાં એજ લગનીમાં દેહનું પણ ભાન ભુલાણું. શરીર સ્થિર થઇ ગયું અને થોડી વાર બાદ આખા શરીરમાં ધ્રુજારી વછુટી. મુખકાન્તિમાં તેજનો સંચાર થયો. હાથની હથેળીઓ કંકુવરણી થઇ અને હથેળીઓમાંથી કંકુ વેરાણું અને જય જોગમાયા, જય જગદંબે એ નામનો ધ્વનિ નીકળવા માંડયો અને એમ બોલતાં બોલતાં જાસલ ઉભી થઇ ગઇ. આ બધો દેખાવ જોઇને પુનસરી તથા પુનસરીને ત્યાં ભેગી થયેલી બીજી સ્ત્રીઓ જે ધાના ભેડાને ઉશ્કેરીને ધાના ને જાસલનો કંકાશ થાય તે જોવા માટે ઉભી હતી, તે બધી સ્ત્રીઓ ઝાંખી પડી ગઇ.

એક નિર્દોષ અને સતિ સ્ત્રી ઉપર ખોટું આળ ચડાવ્યું, તે બાબતમાં સર્વેને પસ્તાવો થવા લાગ્યો અને દરેકને ડર લાગ્યો કે, જાસલ આઇ પોતાના સતિત્વના પ્રભાવે જો કંઇ શ્રાપ દઇ દેશે તો આપણું જરૂર ભુંડું થશે. કારણ કે, આપણે તેની નિંદા કરવામાં કંઇ મણા રાખી નથી. આ વિચારો આવવાથી ત્યાં ઉભેલાં દરેક સ્ત્રી–પુરૂષો જાસલના પગમાં પડી માફી માગવા લાગ્યાં અને કહ્યું : "આઇ ! અમારા અપરાધ માફ કરો. અમે તો તમારા છોરૂ છીએ. અજ્ઞાનપણામાં અમે ભૂલ કરી છ. છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર ન થાય. વડાને વિકાર ન હોય." આમ બોલીને જાસલ આઇને બધી સ્ત્રીઓ વિનવવા લાગી.

જાસલ : બીનુ, તમારા બોલ્યાનું મણે દખ નથ. સૌ સૌની અક્કલ પ્રમાણે સૌ બોલે; ઇમાં દખ કાં લગાડવું ? ભજનમાં કીયું છ કેઃ—

**અજ્ઞાની બોલે રે તેના શા ઓરતા,**
**ન જાણે વાતુ તણો કંઇ વિવેક રે....અજ્ઞાની**

તો બીન, તમારૂં દખ કાં લગાડાં ? હેવ જી થેગું ઇ થેગું. ઈ વાતને પરી મેલો ને હું કાં ઇ કરો. તમારામાંથો કોઇ એક માણસને કુંછડીએ મોકલો ને મવળા ભાઇ લાધવાને ઝટ તેડાવો અને એને ભણવો કે:—

**સત ચડીયું શરીર અધઘડીએ ઉભાય નહિ,**
**માડી માયલા વીર વે'લો આવજે લાધવા.**

(હે, ભાઇ લાધવા ! મારા ઉપર ખોટું કલંક ચડયું છે અને એ કોઇ રીતે મારાથી સહન ન થવાથી મને સત ચડયું છે. હવે આ સંસારમાં ઘડીભર રહેવું એ પણ દુઃખદાયક થઇ પડયું છે. જેથી સંસારમાં હું ઝાઝીવાર રહેવાની નથી. ફક્ત તારી વાટ જોઇ ઉભી છું અને તું આવ ત્યાં સુધીજ મારો દેહ ટકવાનો છે. તો વીરા, જરા પણ વિલંબ લગાડયા વગર વ્હેલો આવ્ય.)

**સળગી સમદર માંહ્ય એકલ ઓલવાણી નહિ,**
**કુંછડીયા કુળ ભાણ વહેલો આવજે લાધવા.**

(હે લાધ, હવે હું સંસાર સમુદ્રમાં સળગી રહી છું. વળી મને કોઇ સહાય કરનાર નથી હું અનાથ એકલીજ છું. જેથી હવે આ લાગેલી લાહ્ય ઓલવાશે નહિ. તો હે, કુછડી ગામના રહેવાવાળા, સીસોદીયાના વંશમાંથી ઉતરી આવેલા કુળના સૂર્યરૂપ લાધવા, હવે વખત લગાડવાનો આ સમય નથી. માટે વ્હેલો આવજે. મારો પોતાનોજ ધણી મારા ઉપર વ્હેમ લાવે છે, તે સમુદ્રમાં આગ લાગવા બરાબર છે એ વડવાનલની આગ હું અબળા એકલી શી રીતે બુઝાવી શકું ? મતલબમાં, મારા ખુદ ધણીના ખોટા વ્હેમો અને

શંકાઓ કઇ રીતે દુર કરી શકું ? હે ભાઇ, હવે હું લાચાર થઇ ગઈ છું. હવે હું હારી છું માટેજ છેવટનો તારો મેલાપ થઇ જાય, એ આશાએ આ ખોળીયામાં પ્રાણ ટકી રહ્યો છે. માટે હે, ભાઇ, હવે વિલંબ કરીશ નહિ.)

"હે, ભાઇ ! તું આવીશ તાર મું સારૂં કાં જણશ લેતો આવીશ ? ભાઇ, હેવ મણે સંસાર વીખ જીવો લાગે સ: મણે કીવાયની મમતા ન સે. ફક્ત હું કાં અટલી જણસુ લેતો આવજે. બીજો ખોટો ખરસ કરજે માં."

અગર ને અબીલ જાતુ બે જુજવીયુ,
કુછડીયા હે વીર! લેતો આવજે લાધવા.

સંસ્વાદીલું સગા ભોજનમાં લઇ ભેળવીએ,
કાલે કુછડીયા લેતો આવજે લાધવા.

(હે, ભાઇ, હવે મને સત ચડયું છે, તે ઉતરે તેમ નથી. તો હવે મારા ઉપયોગનીજ ચીજો લેતો આવજે. બીજી ચીજોમાં મમતા નથી. મારે તો હવે અગર જોશે. તેમ ભોજનમાં ભેળવવાનું ઘી પણ જોશે. તો એવી ચીજો આવ ત્યારે લેતો આવજે.)

આઇ જાસલનો આ સંદેશો પહોંચાડવા માટે એક ઘોડેસ્વાર કુછડી ગામે તુરત રવાના થયો. સ્વાર તુરત કુછડી જઇને લાધવાને મળ્યો અને જાસલ આઇનો સંદેશો કહ્યો. લાધવાએ આ બાબતમાં વિશેષ હકિકત આવેલા ઘોડેસ્વારને પુછી વાકેફ થયો. પોતાને ખાતર જાસલ બ્હેન ઉપર આવેલી આફતથી, લાધવાના કાળજામાં જાણે કોઇએ ઓચિંતું તીર માર્યું હોય, એવો આઘાત થયો. નિર્દોષ બ્હેન પર કલંક આવવાની વાત સાંભળતાં લાધવાનું હૃદય ભરાઇ આવ્યું.

લાધવો, બ્હેને મંગાવેલી ચીજો લેવા ગયો. અગર ચંદનનાં કાષ્ટ, અબીલ ગુલાલના પડા, કંકુ, નાડાછડી, ચુંદડી, મોડી, શ્રીફળ અને ઘીના ડબ્બાઓ, એ બધો માલ બે સાંઢણીઓ ભરી તુરત કાટવાણા રવાના કર્યો અને એક ઉંચી જાતના મશરૂનો કમખો લઇને તેની ધરવાળી રૂપીને સાથે લઇને, લાધવો પોતાની બ્હેનનાં છેલ્લીવારનાં દર્શન માટે તુરત રવાના થયો.

લાધવો તથા તેની સ્ત્રી રૂપી કાટવાણાને પાદર પહોંચ્યાં. આજે કાટવાણા ગામનો રંગ બદલાઇ ગયો હતો. બે દહાડા પહેલાનું કાટવાણું આજે નહોતું. આજે તો ઢોલ શરણાઇના સુર ગાજી રહ્યા હતા અને શરણાઇમાં સીંધુડા રાગ ગવાઇ રહ્યા હતા. સ્ત્રીઓનાં ટોળેટોળાં મંગળ ગીતો ગાઇ રહ્યાં છે. સહુની મોખરે લાંબા અને છુટા કેશવાળી, વિશાળ લલાટમાં કેશરની પીર કાઢેલ ભવ્ય મુખમુદ્રાવાળી સત્યની પ્રતિમા જાસલ, હાથમાં શ્રીફળ લઇ ધીમે ધીમે પગલે ચાલતી હતી. આ સમયનો તેમનો દેખાવ જોતાં જાણે આરાસુરી જુગદંબા કેમ પ્રગટ થઇ હોય ? તેવી તેની કાન્તિ ઝળહળી રહી હતી.

કાટવાણા ગામને પાદર સતિ માટે ચેહ ખડકાઇ ગઈ છે અને ત્યાં જવાને માટે જાસલ ચાલી નીકળી છે. ગામના ભક્તજનો ઝાંઝપખાજના ઝણેણાટ સાથે પ્રભુકિર્તનની ધુમ મચાવતા ચાલ્યા જાય છે. આંધળાં, પાંગળાં, દુઃખીયાં તેમજ વાંઝીયાં સતિના આશિર્વાદ મેળવતા જાય છે. એમ કરતાં કરતાં ગામની બ્હાર જ્યાં ચિતા ખડકાવેલી છે, ત્યાં સતિ જાસલ આવે છે.

મારતે ઘોડે લાધવો કુછડીયો મોટે સાદે બોલતો આવે છે : "બીન હું પુગ્યો છ, બીન હું પુગ્યો છ. ઉતાવરી થાજે માં. બીન મારો પણ તારા ચરણુંમાં સમાશ કરજે." એમ બોલતો બોલતો

લાધવો ઘોડા ઉપરથી કુદીને સતિ જાસલના પગમાં પડયો. લાધવાની આંખોમાંથી શ્રાવણ અને ભાદરવો ચાલી નીકળ્યા. લાધવાનાં આંસુથી જાસલના પગ ભીંજાણા. લાધવાનો કંઠ રૂંધાઇ ગયો હતો, તેથી બોલી શક્યો નહિ. થોડી વારે બોલ્યો : "જાસલ બીન, મારા સારૂ થેને તારી આવી દશા ?" એમ બોલતાં લાધવાનું હ્રદય હાથ રહ્યું નહિ અને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો.

જાસલ : "ભાઇ લાધવા, તું જરાય વ્યાધિ કર માં. ઇ તાં જેવી જોગમાયાની વરતી. ભાઇ, તારા મનને કઠોર રાખ્ય. આ તારૂં રોયું મુંથી જોવાતું ન સે."

લાધવો : "બીન જાસલ, મારા ઉપર ભાલાના મે વરસે તોય મારી આંખમાં આંસુનું એક ટીપું પણ ન આવે; પણ બીન, મારે પગલે તારી આ દશા થઇ, ઈ જોતાં મારૂં હૈયું હાથ રે'તું નેથ." એમ બોલી પાછો લાધવો રોવા લાગ્યો.

જાસલ : "ભાઈ લાધવા, તવળે જરા પણ ઓછું આણવું નહિ. તવળાં પગલાંથી તાં દુનિયામાં હું સાસી થઇ. ભાઇ, મારી ફકર કાં કરવા કરતો સે ? મવળા તાં બેય ભવ સધર્યા. તો હે, વીર, હેવ હું માગાં, ઇ છેવટની પસુલી દેવા સારૂ ઉભો થા."

ધાના ભેડાના કુટુંબમાંથી એક ચારણ, જાસલ આઈની નજીકમાં જઇ હાથ જોડી બોલ્યો : "આઇ જાસલ, શેર માટીની ખોટે મવળે ભાઇએ તું આણેલ; પણ હેવ તું તાં જાતી સે. તો મવળા ભાઇના કાં હાલ ? ઇ તાં તવળી પાસે કાં મોઢું લેને આવે ને કાં ભણે ?"

આ ચારણનાં વેણ સાંભળી સતિ જાસલ થોડી વાર સ્થંભીને પછી બોલી : "પુનસરી કેથે સે ? ઇણે મું પાસે લે આવો."

એક નિર્દોષ સતિ પર ખોટું કલંક ચડાવવાથી ભોઠાપણુ આવવાથી, પુનસરી બાયડીઓના ટોળાંની પાછળ સંતાઇને ઉભી હતી. તે શું મોઢું લઇને જાસલ પાસે જઇ શકે ?

ધાના ભેડાને પોતાની ભૂલ બરાબર સમજાણી હતી. પુનસરી જેવી કજાત સ્ત્રીની શીખવણીથી પોતાની નિર્દોષ સ્ત્રી પર કલંક મુકયું અને પુનસરીની નીચતા ઉઘાડી થઇ જતાં પુનસરી પર ક્રોધ ચડયો અને માનવ મેદનીની વચમાં પુનસરીનો ચોટલો ઝાલીને ઢસડતો ઢસડતો ઢીકા પાટું મારતો મારતો પુનસરીને સતિ જાસલના પગમાં ફેંકી. ધાના ભેડાએ પોતાની થયેલી પારાવાર ભૂલની માફી માગવા માટે પોતાની પાઘડીનો છેડો અંતરવાસ કરી સતિ જાસલને નમ્યો અને પોતાની ભૂલની માફી માગવા લાગ્યો.

જાસલ : "ધાના ભેડા, કંઇ પણ તપાસ કર્યા વન્યાં મણે તેં અન્યા કર્યો ને મારા ઉપર ખોટું કલંક સડાવી તું ઇશ્વરનો ગનેગાર બન્યો. પણ હું તાં તણે મારા શુદ્ધ મનથી માફી આપાં છ. પણ ધાના ભેડા, આ પુનસરીને સંતાપીશ માં. ઈમાં ઇણો વાંક ન સે. મવળા ભવિષનો વાંક સે. મવળા નબળાં કરમે ઇણી બુદ્ધિમાં ફેર પીયો. ધાના, માણસ તાં ભૂલ કરતાં આવે; પણ અપરાધની માફ આપવી, ઇમાંજ મોટાની મોટાઇ. જો ઇવી વાતુની ગાંઠ વારી રાખીએં, તો ઇમાં ને આપણામાં ફેર કાં ? પુનસરી, તવળા ગુનાની હું માફી આપતી સું ને મવળું વસન સે કે, તણે પુતર થાતો નો'તો પણ આજથી નવમે મહીને તવળે ઘેર પુતરનું પારણું બંધાશે ને તવળા ધણીનો વંશ રે'શે. ધાના ભેડા, મારૂં એક વસન માનજે. ડેરાવાવનું પાણી આજથી અગરાજ કરજે." છેવટના એ શબ્દો બોલી, જય જુગદંબે ! જય જુગદંબેના અવાજેથી વાતાવરણ ગાજી ઉઠયું. કાયર પુરૂષને પણ શુરાતન ચડે અને રૂવાડાં ઉભાં કરે એવા

સીંધુડા રાગ શરણાઇમાં વાગવા લાગ્યા. ઢોલપર જોશથી ડાંડીયા પડવા લાગ્યા. જય અંબે ! જય અંબેના આકાશભેદી સ્વરો નીકળતાં સતિ જાસલ ખડકેલી ચિતાપર ચડી ગઇ અને ચડતાંવેંત સતિ જાસલના ચરણોની આંગળીઓમાંથી એકી સાથે એમની ઉત્કૃષ્ટ ભાવનાને પ્રભાવે અગ્નિજ્વાળા પ્રગટ થઇ અને ચિતાને ભડભડાટ પ્રજ્વલિત કરી. થોડીવારમાં તો સર્વભક્ષી અગ્નિદેવની રંગબેરંગી જ્વાળાઓ ભડક ! ભડક ! અવાજ કરી ચિતાપર ખેલવા લાગી.

ખડકેલી ચિતામાંથી સતિનો અવાજ આવ્યો : "વીર લાધવા ! તું શુરવીર મરદ બચ્ચો સે. તું સાસો મેર સે. તું મવળો સાત જલમનો ભાઇ સે. તું જરાય પણ બીક રાખ્યા વન્યાં સળગતી ચિતા ઉપર વહ્યો આવ્ય ને બીનને છેલ્લીવારનું કાપડું હથોહથ આપ્ય ને જગતને બતાવી આપ્ય કે, આવા કરજુગના વખતમાં પણ તારા જેવા સાસને પગલે હાલવાવારા મેર પણ છે ખરા ! વીરા ! વહ્યો આવ્ય. જોગમાયા તારી રક્ષા કરશે.

પવિત્ર હૃદયવાળો ખરો મર્દ બચ્ચો મ્હેર લાધવો, હૃદયમાં પોતાના ઇષ્ટદેવ શ્રી રામચંદ્રજીનું સ્મરણ કરીને છલંગ મારી સળગતી ચિતા ઉપર ચડયો. જોવા ઉભેલી માનવમેદની આ ચમત્કાર જોઇને દીગમુંઢ બની લાધવાને અગ્નિની જ્વાળા બાળવાને બદલે શીતળતા આપવા લાગી. લાધવાએ બ્હેનના ખોળામાં શ્રીફળ, કમખો અને ચુંદડી મુકયાં અને બ્હેનના પવિત્ર શરીર ઉપર ઘીનો હોમ કર્યો. લાધવો સળગતી ચિતા ઉપર હાથ જોડી સતિ જાસલના દર્શનમાં લીન બન્યો છે. પ્રેમના આવેશમાં આંખોમાંથી આંસુની ધારા ચાલી રહી છે અને સતિના આશિર્વાદ મેળવવા માટે નિડરપણે ઉભો રહ્યો છે.

જાસલ બોલી : "ભાઇ લાધવા, હેવ આપણો મેળાપ ઘડી-ભરનો સે. આ સેલ્લી ઘડીએ હું તુણે કાં દેવું ? જોગમાયાની કર-



ટેકીલો લાખવો કુચ્છડીયો.

Hatdiwala Press.

પાથી તારે માલ મિલ્કત સે. ભગવાનની દયાથી બધાંય રૂડાં વાનાં સે. છોરડાં છાપરાં પણ સે. નાતજાતમાં ને રાજમાં તવળી લાજ આબરૂ સે. તવળા જેવા નીતિવાન ને ટેકીલા મેરને જોઈ આશિષ દાં છ કે, જી તવળા કુળનો હશે, ઇ કોઇ દી' સત મુકશે નીં. જ્યાં સ્ત સે તાંજ પરભુનો વાસ સે."

લાધવો સતિને પગે લાગી નીચે ઉતર્યો. લાધવાની સ્રી રૂપી નજીક આવી અને સતિ જાસલબ હાથ જોડી ઉભી રહી છે અને જાસલ આઇના સતિત્વનો પ્રભાવ જોઇને તેમ પોતાના ધણીની ટેક જોઇને ઇશ્વરનો ઉપકાર માનવા લાગી; તેમજ રૂપી પોતાના ધણીના પગમાં પડી કહેવા લાગી : "તારા જેવા નીતિવારા ને ટેકીલા મેરને હું પણ આજ દી' સુધી ન ઓરખી. આજના આ પ્રસંગથી તારા જીવા મેરની હું ધણીયાણી થઇ ઇમાં તાં હું મારા જીવતરને ધન્ય માનાં છ." એમ બોલતાં બોલતાં રૂપીની આંખમાં આંસુ આવ્યાં અને ધાબરીના છેડાથી આંસુ લુછી એક તરફ ઉભી રહી.

ચેહ ભડભડ સળગી રહી છે. જોતજોતામાં સતિ જાસલનું સ્થુળ શરીર બળીને ભસ્મ થયું. છતાં પણ તેના સતિત્વના પ્રભાવે કરીને આજ પર્યંત એમનું નામ અમર રહ્યું છે નવ મહીને પુનસરીને પુત્ર સાંપડયો. તેના વંશના હજી પણ કાટવાણા ગામમાં છે. તેમ લાધવાના વંશના હજી પણ કુછડી ગામે છે. ચારણીયાણી સતિ જાસલ આઇનો પારીયો હજી પણ કાટવાણા ગામને પાદર ઉભીને જાસલની કીર્તિ અમર બનાવી રહ્યો છે અને એ ડેરાવાવનાં પાણી પણ મંદ સ્વરે જાસલની કીર્તિ ગાઇ રહેલ છે.

કવિઓનું કહેવું સત્ય છે કે, કાળ સર્વભક્ષી છે, પણ કીર્તિનું ભક્ષણ કરવા અશક્ત છે. મતલબ કેઃ—

**કીર્તિ છે તે અમર છે.**

# કાંધલજી મ્હેર

ચારસો વર્ષ પહેલાંની જુની આ સત્ય વાત છે. જે વખતે ધુમલીની દેવભૂમિ ધર્મરાજ જેઠવાઓના હાથમાં હતી. જે સમયની આ વાત છે, તે વખતે ઘણું કરીને રાણા ભાણાજી (૧૬૪) ધુમલીની ગાદી શોભાવી રહ્યા હતા. રાણાજીના દરબારમાં કાંધલજી નામે મ્હેર વજીર હતા.

કાંધલજી મુળ ઓડદર (પોરબંદર તાબે)ના રહેવાશી. કોઈ કારણસર કાંધલજીનું મન રાણાજીથી દુઃખાણું; તેથી રાણાજીને છેવટના પ્રણામ કરી, વજીરની જગ્યાનો ત્યાગ કરી, જુનાગઢના રા'ના દરબારમાં રીસામણે રહ્યા. રા'ના ઘરમાં તે વખતે જેઠવાની કન્યા હતી. એ રાણીને એક કુંવર અવતર્યો. તે ખુશાલીના પ્રસંગમાં કુંવર પછેડામાં જેઠવાની મુળ રાજધાની ઢાંક શહેરની માગણી કરી અને તે બાબતની પુરેપુરી હઠ પકડી

રાણાજી વિચારમાં પડયા. પોતાની પુરાતન રાજધાની કેમ અપાય ? જેની ભીંતે ભીંતે નાગાજણ બાપુએ શાલિવાહનની સતિ રાણીના હાથથી સોનાની ગાર કરાવેલી, એ દેવતાઈ નગરી ઢાંક કેવી રીતે આપવી ? જે સ્થળે જેઠવાઓના વડવાઓએ ભાટને માથાનું દાન દીધું હતું, જ્યાં લડાઈના પ્રસંગમાં જેઠવાનું મસ્તક વિનાનું ધડ લડયું હતું, મુંગીપુરનો ધણી શાલિવાહન જ્યાંથી ભોંઠો પડી ભાગી ગયો હતો, એ અમરભૂમિ ઢાંક, કુંવર પછેડામાં કેમ અપાય ? પાંચસો

વરસથી એ ઢાંકપર બંધાયેલી માયા મમતા કેમ દુર કરવી ? આ બાબતના હૃદયના ઉંડાણમાંથી વિચારો આવવા લાગ્યા અને જેઠવા રાણાની નસેનસ તુટવા લાગી. જો ના પાડે તો જમાઇને દુઃખ લાગે અને જમાઇ રીસાઇ જાય, એ ડર પણ પુરેપુરો લાગ્યો. ના પાડવાથી દીકરીને દુઃખ થાય અને રા' ક્રોધના આવેશમાં આવીને વખતે જેઠવાની ગાદી ઉપર હુમલો લઇને આવે એ બાબતની પણ ફાળ પડી. હવે શું કરવું એ બાબતની પૂરી મુંઝવણ થઇ.

આખર રાણાજીને એક રસ્તો સુઝયો. રાણાજીને યાદ આવ્યું કે, કાંધલજી રા'ના દરબારમાં આંહિથી રીસાઇને ગયેલ છે; પણ તે મારી લાજ જરૂર રાખશે. એ ભલે રીસાઇને ગયેલ છે, પણ રાજ્યનું બુરૂં કદી નહિજ કરે. રા'ની આવી ગેરવ્યાજબી માગણીનો સ્વિકાર કાંધલજી કદી પણ નહિ કરે. એમ ધારીને રાણાજીએ રા'ને લખી જણાવ્યું કે, અમારા કાંધલજી મ્હેર તમારા દરબારમાં છે, તેને પુછી જોશો અને તે જે કહે તે મારે કબુલ છે.

રાણાજીની આ હકિકત સાંભળતાં તો રા' બહુ ખુશી થયો. રા'ને તો એટલુંજ જોતું હતું. રા'ના મનમાં એમ કે, કાંધલજી મ્હેર તો આપણા આશરા નીચે છે, એટલે એનાથી તો કાંઇ આનાકાની થશે નહિ. રા'એ તુરત દરબાર ભર્યો અને કાંધલજીને બોલાવ્યા. રાણાજીનો આવેલો કાગળ કાંધલજીને બતાવી કહ્યું : "કાંધલજી ભાઇ, આ જેઠવા રાણાનો કાગળ છે, તે વાંચો."

કાંધલજીએ કાગળ વાંચ્યો. વાંચતાની સાથેજ ગર્વથી–પ્રેમથી–રાજ્યભક્તિથી કાંધલજીની છાતી વેંત એક પ્હોળી થઇ. આંગળીની કસો કડડ કડડ તુટવા લાગી અને મનમાં રાણાજીની પ્રસંશા કરવા લાગ્યા કે, રાણાએ ગીરનારને આંગણે મને કેવો ઉજળો કરી બતાવ્યો ? મારો મરતબો કેટલો વધારી દીધો ? મારા ઉપર ભાંખ મુકી.

રા' હસીને બોલ્યા : "કેમ, કાંધલજીભાઇ," એમ બોલીને રા' થોડીવાર કાંધલજીના મોઢા સન્મુ જોઇ રહ્યા અને પછી બોલ્યા : "કાંધલજી, જોયાં તમારા જોઠવાનાં જોર ?"

ધોળી ધોળી ક્ષીરસાગરના ફીણ જેવી દાઢી પર હાથ ફેરવી કાંધલજી બોલ્યા : "બાપ, ઇ મારો રાણોજી તાં ભોળીયો છે. ઢાંક તાં અમારી રાજધાની એટલે અમારી મા કહેવાય. અમારા રાણાજીને જબાપ દેતાં આવડ્યો નીં. માગાં તાં દીકરીયુનાં હોય, દરબાર ! આવી તી કંઇ માગણીયુ હોય ! હું ભલે તમારે આશરે આવીને રીયો છ, ઇ સારૂ થે ને કંઇ અમારા રાણાનું ભુંડું થાય ? ઈ તાં હું નીં દેખે સગાં." કાંધલજી વાત કરતાં હતા પણ એના રૂંવાડે રૂંવાડે ક્રોધ વ્યાપી રહ્યો હતો.

કાંધલજીના આ ઉદ્ધતાઇ ભરેલા જવાબથી રા'ની આંખમાં અંગારા મેલાઇ ગયા. રોમેરોમ ખેંચાઇ ઉભું થયું અને રા' બોલ્યા : "કાંધલજી, આજ દિવસ સુધી જુનાગઢ રાજયના રોટલા ખાધા અને ખરે વખતે રાણાના લાભમાં ઉતર્યા ?"

કાંધલજી બોલ્યા : "રા' ઇ તમારી વાત સાસી. તમારે આશરે આવી રોટલા ખાધા ઇના બદલામાં હું મારૂં માથું જોતું હોય તો દેવામાં પાસો પગ ન ભરૂં ને પાસો પગ ભરૂં તો તો મારૂં નામ કાંધલજી નીં. જી રાણાએ મારા ઉપર વિશ્વાસ રાખ્યો અને ઢાંક દેવી કે ન દેવી ઇ ભાંખ મારા ઉપર રાખી ને ઇનું હું ભુંડું બોલાં તો તો મારી આ ધોરી દાઢીમાં ધુળ પડી કે'વાય. ઢાંક તાં કુંવર પસેડામાં નીં દેવાય. તમને દઃખ તાં લાગશે; પણ ઇમાં બીજું કંઇ બને ઇં નેથ."

રા' બોલ્યા : "કાંધલજી, આ તમે શું બોલો છો ! કેની સામે બોલો છો એનું કાંઇ ભાન છે ? તમારા આવા બેપરવાઇ જવા-

અથી તમારે કેટલું સહન કરવું પડશે એનો કાંઇ વિચાર આવે છે?"

કાંધલજી બોલ્યા : "ઈમાં વસાર કાંઉં કરવાનો હોય? અમારે કાં વેપાર કરવો છ, તી હાણુ લાભનો વસાર કરીએં. આંઇં તાં અમારે અમારા વટને વરગી રે'વાનું સે નાં! અમારા વટને રાખવા સારૂં તાં જી થાવું હોય ઇ ભલેને થાય! ઇં કંઇ તમારા ડારાથી કાંધલજી ડરે? ઇ ઓસાણુ પણ રાખજો માં."

રા' બોલ્યા : "ઠીક કાંધલજી, તમે મારે આશરે આવ્યા અને મારે તમારાપર ઘા કરવો એમાં મારી શોભા નહિ. કોઇ મને ઠપકો દીએ કે, શરણે આવેલાને માર્યો. તમારાં વચન સાંભળતાં તો અહિંજ તમારા ટુકડા કરી નાખવા જોઈએ. માટે હવે તમે મારા દરબારમાંથી ચાલ્યા જાઓ. હું તમને ત્રણ દિવસની મુદ્દત આપું છું. જ્યાં ભાગવું હોય ત્યાં ભાગો. ચોથે દિવસે તમે જ્યાં હશો ત્યાંથી પકડીને હું તમારો પ્રાણ લઇશ." રા'નાં આ વચનો સાંભળીને કાંધલજી ગાદી ઉપરથી બેઠા થઇ ગયા અને મ્યાનમાંથી તલ્વાર બ્હાર ખેંચી લીધી.

કાંધલજીના હાથમાં ખુલ્લી તલ્વાર હોવાથી રા' અને તેના અંગરક્ષકોએ અને દરબારમાં આવેલા રા'ના ભાયાતોએ તથા બીજા જે હાજર હતા અને જેની પાસે તલ્વારો હતી તેણે સબોસબ મ્યાનમાંથી તલ્વારો બ્હાર ખેંચી લીધી અને કાંધલજીને જમીનદોસ્ત કરી નાખવા માટે રા'ના હુકમની વાટ જોતા તૈયાર થઇને ઉભા.

કાંધલજીએ ચારે બાજુ જોયું તો બધા ખુલ્લી તલ્વારથી સજ્જ થઇને ઉભા છે. છતાં નીડર અને બેપરવાઇથી કાંધલજીએ પોતાની તલ્વારથી જમીનપર ત્રણ લીટા કર્યા અને બોલ્યા : "આ એક દી', આ બે ને આ ત્રીજો દી'. આ ત્રણ દી' પુરા

થે ગીયા. લ્યો, હેવ આવો મેદાનમાં. મારા ઉપર કુણ ઘા કરવાને તીયાર સે! આજ તાં મારે રા'ને પણ મેરની મર્દાઇ દેખાડવી છ. કાંધલજી કોવી રીતે મરી જાણે છ, ઇ આજ રા'ને જોવાનો બરાબર મોકો આવ્યો છ. તમારા સેનાપતીઉ ને સરદારૂને પણ મારી પાસેથી શીખવાનું જડશે કે એકજ મેર બચ્ચો ભર કસારીમાં પોતાની વીરતા ભરેલ રમત કોવી રમી દેખાડે છ. મારા મેર ભાયુને ખબર પડશે ને મારા આજના બ્હાદુરી ભરેલ મોતથી કંઇક ધડો લીશે કે મેરૂએ કોવી રીતે જીવવું ને કોવી રીતે મરવું."

રા' બોલ્યા : "કાંધલજી, તારી વિસાત શું છે? એક મગતરા જેવી તારી સ્થિતિ છે. તેમાં તું ખોટું ગુમાન રાખી અને જેમ આવે તેમ બકે છે. તું એમ નક્કી સમજજે કે, હું જરા ઈશારો કરૂં કે તુરતજ તારા રાય રાય જેટલા ટુકડા કરી નાખવા માટે મારા દરબારમાં વીરનરો તૈયાર ઉભા છે; પણ તને એકલાને દરબારમાં એમ મારૂં તો જગત મારી નિંદા કરે. માટે હવે તું આંહિથી જલ્દી ચાલ્યો જા. હું તારાં વચન સાંભળવા ઇચ્છતો નથી, તેમ તારૂં મોઢું જોવા પણ ખુશી નથી. માટે જલ્દી ચાલ્યો જા અને ઝટ ભાગવા માંડય."

કાંધલજી બોલ્યા : "રા', હું તાં આ હાલ્યો; પણ મણે મોટો ધોખો રે જાય છ આ તમારી કસારીમાં સેલાં ને મોટી મોટી પાઘડીયુ બાંધેને મુછે વર દઇને બેઠા છ, ઇ બધાય કટલાકમાં સે ઇણી ખબરૂ તાં પડત!" એમ કહી કાંધલજી કચેરી બ્હાર નીકળી ગયાં અને ઘોડીપર બેસી ચાલી નીકળ્યા. તેની સાથે તેનો ભાણેજ હતો. ચાલતાં ચાલતાં જુનાગઢથી ચાર ગાઉ દુર વંથલી ગામને પાદર ઝપાટાબંધ આવ્યા.

તે દિવસે ગામમાં નવમો નાઘોરી (મુસલમાનની જાત) વર-રાજા પરણુવાને આવેલા હતા. વરરાજા અને જાનૈયા ગામની બ્હાર દીશા દાતણુ કરવા નીકળેલા. ઢોલ અને શરણાઇ વાગી રહ્યાં છે. કેટલાક જુવાનીયાઓ તલ્વારની પટ્ટાબાજીની રમત ખેલી રહ્યા છે. એમ સર્વ આનંદનો દિવસ હોવાથી મોજમજા ઉડાવી રહ્યા છે. મર્દાઇ ભરેલી આવી રમતો જોવા માટે આવતા જતા વટેમાર્ગુઓ પણ જોવા માટે ઉભી ગયા હતા. રમનારા ભાઇઓની સાથે આવેલા ભાઇઓમાંથી એક બેની નજર પડી કે કોઈ પોતાની ઘોડીને પુર વેગથી દોડાવે આવે છે. ઘોડીના મોઢામાંથી ફીણુ ઉડે છે. ઘોડી પરસેવે નીતરી રહી છે. છતાં ઘોડેસ્વાર ઘોડીને એડી મારતો કેમ આવે છે ? એવી શું ઉતાવળ હશે ? ઘોડી નજીક આવી. ઘોડેસ્વારના હાથમાં ખુલ્લી તલ્વાર જોઇ એટલે આડા ફર્યા અને સ્વારોને રોકયા. કાંધલજીએ ઘોડીને ધીમી પાડી અને બોલ્યા : "ભાઇ,. તમે આડા ફરો છ, તી તમે અમને ઓરખો છ ?"

વરરાજા બોલ્યા : "એમાં ઓળખાણુની શું જરૂર ? આજે તમે અમારા મ્હેમાન છો. અમારે ત્યાં આજે માંગલીક પ્રસંગ છે અને તમે પાદરથી પરબારા ચાલ્યા જાઓ એ ઠીક નહિ. વળી તમારા દેખાવપરથી તમે કોઇ વીર પુરૂષ દેખાઓ છો. તમારા હાથમાં ખુલ્લી તલ્વાર કેમ છે ?"

કાંધલજી બોલ્યા : "મારા વા'લા ભાયુ, આજ હું તમારો મેમાન નીં થાં. કારણુ કે, હું વાત કરીશ અટલે તમે પોતેજ ના પાડશો. મારી વાંસે જુનાગઢની વાર ચડી છ. તમારે યાં રોકાઇ તમને મુંઝવણુમાં નાખવા હું રાજી નેથ. હેવ તાં અમે છે ને ઇ છે. જી થાવું હશે ઇ થે રીશે. અમને રજા આપો."

વરરાજા બોલ્યા : "ત્યારે તો હવે ભાઇ રામરામ કરો. હવે તો જઇ રહ્યા. અમારા પાદરમાંથી તમે કે જેના પર આફતનાં વાદળ ઘેરાઇ રહ્યાં છે અને અમે જાણવા છતાં જવા દઇએ, તો તો નાઘોરીની જનેતામાં કંઇક ફેર પડ્યો જાણજો. માટે જવાની વાત મુકી દીઓ. જવાશે નહિ."

કાંધલજી બોલ્યા : "બાપ, તમારે ઘેર વીવાનો દી' સે ને આજ આનંદની રેલમછેલમ સે, તાં હું આવીને તમને દખમાં નાખું ? ઇ વાત તાં ની' બને. ભલા થૈ ને જાવા દીઓ. મારા સારૂ થઇ જુનાગઢ હારે તમે વેર કાંઉં કરવા ઉભું કરો છ ?"

નાઘોરી બોલ્યા : "ભાઇ, તમારૂં નામ શું ?"

"મારૂં નામ કાંધલજી."

નાઘોરી બોલ્યા : "કાંધલજી, તમે એક જવાંમર્દ છો. તમારા જેવા વીર પુરૂષને માટે દરેક પ્રકારનો ભોગ આપવા અમે તૈયાર છીએ. વિવાહનો પ્રસંગ છે તો હવે ફુલદડે રમશું. કંકુના થાપા તો વાણીયા બ્રાહ્મણના વિવાહમાં થાય. આપણને તો લોહીના થાપાજ શોભે." એમ કહી કાંધલજીને ઘોડીપરથી હેઠે ઉતાર્યા અને માન સહિત ગામમાં તેડી ગયા અને ગઢમાં રાખ્યા. કાંધલજીના બચાવ માટે નવસો મીંઢોળબંધા વરરાજા અને જાનીયા ગામને પાદર જુનાગઢની ફોજને જવાબ દેવા તૈયાર થઇ ઉભા. ત્યાં તો જુનાગઢની ફોજ ધુળની ડમરીઓ ચડાવતી ચડાવતી આવી પહોંચી. આવ્યા ભેળા તો નાઘોરીઓએ મ્યાનમાંથી સબોસબ તલવારો ખેંચી. બંને વચ્ચે ઝપાઝપી ચાલી. નાઘોરીઓ બહુ બહાદુરીથી લડ્યા અને જુનાગઢની ફોજનો કચ્ચરઘાણ વાળી નાખ્યો; પણ જુનાગઢની જબરજસ્ત ફોજ આગળ નાઘોરીઓ ઝાઝો વખત ટકી શકે તેમ નહોતા. નાઘોરીઓ

મરણીયા થઈ લડતા હતા. જરા પણ આરામ લીધા વગર સાંજ સુધી નાઘેરીઓએ કતલ ચલાવી; પણ જુનાગઢની બળવાન ફોજે નાઘેરીઓના નવસો વરરાજાઓ તથા બીજા નાઘેરીઓનો સંહાર કરી નાખ્યો. મીંઢોળબંધા વરરાજાઓ લોહીની કંકુવરણી પથારી કરી અમર નામના મેળવી મીઠી નીંદરમાં સદાને માટે સુતા. કોઇ કદી ન જગાડે એવી ગાઢ નીંદર.

કાંધલજીને તો નાઘેરીઓએ બચાવવા માટે એક કોઠામાં પુરી દીધા હતા. ત્યાંથી નીકળાય તેમ નહોતું; પણ કોઠાપર ચડીને દેખાવ જોતા હતા. નજરે ન જોઇ શકાય તેવો દેખાવ હતો. મીંઢોળબંધા વરરાજાઓનાં વીરતા ભરેલાં મરણ થતાં જોઈ કસુંબલ ઘરચોળાંવાળી નાઘેરણો છાતી ફાટ રૂદન કરવા લાગી. મોડીયાંના મોતીઓ વીંખતા તરૂણીઓના વિલાપ જોવાય-સંભળાય એવા નહોતા. આવી સ્થિતિમાં કાંધલજીને કોઠા ઉપર બેસીને, મરવાથી ડરીને જીવતા રહેવું ઠીક લાગ્યું નહિ. એ જીવવું પોતાની મર્દાઇને લાંછન લગાડે તેવું તેને લાગ્યું. છેવટ બીજો કાંઇ ઉપાય ન સુઝતાં કોઠાપરથી તેણે પડતું મેલ્યું. પોતાની શમશેરથી પોતાનું માથું ઉતારી એક બાજુ મુક્યું. બે હાથમાં બે તલ્વારો લીધી અને કાંધલજીનું ધડ ધીંગાણામાં ઉતર્યું. જુનાગઢના લશ્કરને એક ગાઉ સુધી નસાડયું. પછી ધડ અપવિત્ર કરતાં પડયું અને માથું દરબારગઢમાં રહ્યું.

**તું કાંધલજી કાટકયો ફોજા અંગ ફેલે,**
**કાળુઓત બીંડા કીયો ઘોડા અંગ ઘેરે.**

(હે, કાળુ મ્હેરના પુત્ર કાંધલજી, તું ફોજની ઉપર તુટી પડયો અને તારા થોડા ઘોડેસ્વારથી તેં શત્રુઓને ઘેરી લીધા.)

સહુથી સરસ લડાઇ તો કાંધલજીના ભાણેજ, કે જેની ઓળખ ઓરડાની છે, તેણે કરી છે.

**હુરમીયું ઉતરીયું હરખથી કાંધલને જોવા કોય,**
**નાઘોરી વર નોય અપસર વરીયો એરડા.**

(કાંધલજીને જોવા માટે સ્વર્ગમાંથી હુરમો (અપસરા) ઉતરી. અપસરાઓને એમ લાગ્યું કે, આ યુદ્ધરૂપી લગ્નમાં નાઘોરીઓ વરરાજા નથી લાગતા. ખરો વરરાજો તો કાંધલજીનો ભાણેજ એરડો લાગે છે. તેથી અપસરાઓ તો એરડાને પરણી.)

**બુડાધર બરડા તણી લંગરી વધારી લાજ,**
**કાંધલ આડો કમાડ આંબો થીઓ એરડા,**

અત્યારે કાંધલજીનું માથું વંથલીના દરબારગઢમાં પુજાય છે અને ધડની ખાંભી સીમાડે પુજાય છે. રા'એ કાંધલજીના માથામાં ઉબેણુ નદીને કાંઠે જમીન આપી હતી, તે જમીન અત્યારે પણ નાઘોરી વંશનોજ મુંજાવર ભોગવે છે. કાંધલજીના વંશજોએ દર વિવાહે એક કોરી કર આપવા નાઘોરીના વંશને બાંધી આપેલ છે. હજી સુધી એક ફકીર, નાઘોરીઓની વતી ઓડેદરા મ્હેરો પાસેથી એક એક કોરી ઉઘરાવી જાય છે.

આ ધીંગાણા પછી નાઘોરીઓ અને મ્હેરો બંને લોહી ભાઇઓ કહેવાય છે. કાંધલજીના વંશના હજી પણ પોરબંદર તાબે ફટાણા ગામે રહે છે અને તેનું ફળીયું તે જી ફળીયાના નામથી ઓળખાય છે.

એક ઠેકાણે કહેલ છે કેઃ—

**જેડે તેડે સે ના થીએ કીરત હુદા કમ,**
**જો ચીરી જે ચમ તો રાણા રતન નીપજે.**

(જેવા તેવા આલી મવાલીથી કીર્તિનાં મહાન કાર્યો થઇ શકતાં નથી. જે માણસ પોતે બીજાઓને ખાતર દરેક પ્રકારનો ભોગ આપવા માટે તૈયાર રહે છે, તેજ રત્નરૂપ બને છે. અર્થાત, મહાન પુરૂષોની ગણનામાં ગણાય છે.)

# કાંધલજી મહીયારીવાળો.

બસો વર્ષ પહેલાં જુનાગઢ તાબાનું ગામ મહીયારી તે કાંધલજીની જન્મભૂમિ છે. કાંધલજી મ્હેર, જ્ઞાતિમાં પૈસે ટકે સુખી ગણાતા. કાંધલજી નાની ઉમરના હતા, ત્યારથીજ તેમનો ઉદાર સ્વભાવ અને ઇશ્વર પ્રત્યેનો પ્રેમ જણાઇ આવતો. તેઓ મોટી ઉમરના થયા ત્યારે તેમના વિવાહ થયા અને બંને દંપતિ આનંદમાં દિવસ ગુજારતાં. ઘેરે કોઇ અતિથી આવે, સાધુ સંત આવે તો બંને દંપતિ બહુ પ્રેમથી સતકાર કરતાં. ઘણી વખત એવું બને છે કે, સ્ત્રી અને પુરૂષના સ્વભાવ મળતા નહિ હોવાથી ધાર્મિક કાર્યો કરવામાં પણ ઘણા મતભેદ ઉભા થાય. સ્ત્રી કહે, મારે તો કબીરના સાધુની આરતિ ઉતરાવવી છે. પુરૂષ કહે, નહિ મારે તો બ્રાહ્મણ જમાડવા છે. સ્ત્રી કહે, મારે તો માતાના છેલણ જમાડવા છે; ત્યારે પુરૂષ કહે, નહિ મારે તો ખાખી બાવાને રસોઇ આપવી છે. આમ જ્યાં જેને શ્રદ્ધા હોય, તે તરફ ખેંચે અને ક્લેશનો અનુભવ કરે; પણ આંહિ તેવું નહોતું. કાંધલજીની સ્ત્રી ગુણવાન હતી. ઇશ્વર પ્રત્યે ભક્તિભાવ રાખનારી તેમજ સાધુ, સંત અને મહાન પુરૂષોના સત્સંગનો લાભ લેનારી હતી અને એને લઇને પોતે સમજતી કે, પોતાના ધણીની આજ્ઞા પાળવી એજ સ્ત્રીનો ખરો ધર્મ છે. ધણીને નારાજ કરીને કોઈ પણ વ્હેવારનાં કે પરમાર્થનાં કામ પોતાની મરજી પ્રમાણે કોઇ સ્ત્રી કરે છે, તે ઇશ્વરની ગુન્હેગાર બને છે. આવી સમજણને લીધે કાંધલજીની સ્ત્રી રૂડીબાઇ પોતાના ધણીની જે ઇચ્છા હોય, તે જાણીને

તેના કહેવા પ્રમાણેજ દરેક કામ કરતી. જેથી કરીને બંને જણાં અરસપરસ પ્રેમથી આનંદમાં જીવન ગુજારતાં. કાંધલજી શંકર ભગવાનના ઉપાસક હતા; તો પણ દરેક સંપ્રદાયના સાધુ સંતના સમાગમમાં આવતા. પોતે અભણ હતા; પણ એમ તો સમજતા કે જ્યાં જ્યાં સત્ય હોય તે લેવું. એના ગુણગ્રાહક સ્વભાવને લીધે કોઇ પણ ધર્મની નિંદા ન કરતાં તેમાંથી ગુણ લેતા. પોતે એમ માનતા કે, ઇશ્વરપદને ઓળખવા અને તે રસ્તે ચાલવા માટે આગળના સંત પુરૂષોએ અનેક માર્ગ કરેલા છે. જેને જે ઠીક લાગે તે માર્ગે જાય. પછી તો કોઇ માર્ગ લાંબો હોય, કોઇ ટુંકો હોય. કોઇ સગવડતાવાળો હોય, કોઇ અગવડતાવાળો હોય; પણ જેને જે ઠીક લાગે તે માર્ગે ચાલે, તો કોઇક દિવસ પણ જ્યાં જવાનું છે ત્યાં પહોંચાય. એક પણ ડગલું ચાલે નહિ અને ઓછી સમજણને લીધે ધર્મ સંબંધી વાદવિવાદમાં ઉતરે અને એક કહે, મેં માર્ગ લીધો એ ઉત્તમ છે અને અમેજ પહોંચવાના છીએ. તમારો માર્ગ ખરાબ છે. તમે રખડી જવાના છો. બીજો કહે, નહિ, એ તમારી વાત તદ્દન ખોટી છે. તમને કોઇ સ્વાર્થવૃત્તિવાળાએ અવળો માર્ગ બતાવ્યો છે. અમને જેણે માર્ગ બતાવ્યો છે, એ બતાવનાર તો કેવળ જગતના કલ્યાણ અર્થેજ જન્મેલા છે. એમાં પોતાનો કાંઇ પણ સ્વાર્થ રાખેલોજ નથી. અમારો માર્ગ ખાત્રીવાળો અને સગવડભર્યો છે. આવી રીતે કોઇને આગળ ચાલવું નથી અને વાદવિવાદમાં ઉતરી પોતાનો સમય ગુમાવે છે, તેઓ ખરૂં સમજ્યાજ નથી. વસ્તુનું ખરૂં જ્ઞાન મળ્યા વિના મિથ્યા અભિમાનમાં તણાયા જાય છે. જ્યાં જ્યાં નજર કરે, ત્યાં ત્યાં બધું પ્રભુમયજ છે; છતાં અજ્ઞાનતા હોય તો અચળ સુખ શાન્તિ મેળવી શકાતાં નથી. કાંધલજી તો સમજતા કે, સદ્‌ગુરૂ અને સત્‌શાસ્ત્રો દ્વારા અનુભવ લીધા બાદ, જે માર્ગ આપણને સારો લાગે તે માર્ગે ચાલવું. ચાલ્યા વિના ધામ આવવાનું નથી. કાંધલજીને પ્રભુ પ્રત્યે દૃઢ શ્રદ્ધા હતી અને તેને લીધે તેઓ પોતાનો ખેતીનો ધંધો બહુ

નીતિથી ચલાવતા અને ખેતીમાં બીજા ખેડુતો કરતાં સારી પેદાશ મેળવતા. કાંધલજી અને તેમનાં સ્ત્રી ૮૦ વર્ષનાં થયાં ત્યાં સુધી તો તેમને કાંઇ સંતાન નહોતું. છતાં પણ પ્રભુ જેમ રાખે તેમ રહેવું એમ માનીને સંતોષથી જીવન ગુજારતાં.

કાંધલજી માટે એમ કહેવાય છે કે, ગોપનાથના ડુંગર ઉપર ગોપનાથ મહાદેવનું મંદિર છે. આ મહાદેવ પાસે એક બ્રાહ્મણ પોતાની વ્હેવારીક આશા ફળીભુત કરવા માટે લાંઘવા બેઠો હતો. ઘણા દિવસોના તપ અને અપવાસોથી ગોપનાથ મહાદેવ પ્રસન્ન થયા અને કહ્યું કે, તું મહીયારી ગામે જા. ત્યાં કાંધલજી નામના મ્હેર છે, તે ઇશ્વરના પરમ ભક્ત છે; વળી બહુજ દિલાવર મનના છે. એની પાસે જઇને જે જોઇએ તે માગ. તે તારી ઇચ્છા પુરી કરશે. બ્રાહ્મણ, કાંધલજીનું ઘર પુછતો પુછતો સવારના પ્હોરમાંજ આવ્યો. કાંધલજી પોતાના ઘરની ઓસરીમાં માળા કરવા બેઠેલ છે. બ્રાહ્મણને આવેલ જોઇને માળા ફેરવતાં ફેરવતાં ઇસારેથી બેસવાનું કહ્યું. માળા પુરી થયા બાદ પુછયું : "મા'રાજ, કીં આવ્યા ?"

મહારાજ બોલ્યા : "ભાઇ, તમારૂં નામ કાંધલજી ?"

કાંધલજી બોલ્યા : "હા, મા'રાજ, મારૂં નામ કાંધલજી. મા'રાજ, મારા જીવું કામ હોય ઈ કે'."

મહારાજ બોલ્યા : "કાંધલજી, તમારા ઉપર ભગવાનની ચીઠી ઉતરી છે. તમે જે રોઝીઓ ગોધલો વેંચ્યો, તેની જે કોરી આવી છે તે મને આપી દયો, તો મારૂં ગરીબનું કામ થાય."

પોતાને ત્યાં આશા કરીને આવેલ બ્રાહ્મણને નિરાશ કરી પાછો ન વાળવો, એમ ધારીને જે કોરી આવી હતી તે બ્રાહ્મણને

આપી દીધી. બ્રાહ્મણે તે ગણી જોતાં પાંચ કોરી વધી એટલે તેણે તે પાછી આપી અને કહ્યું : "મારી જે માગણી છે, તેથી વધારે મારે ન જોઇએ." એમ કહીને બ્રાહ્મણ આશિર્વાદ આપી ચાલતો થયો.

કાંધલજી અવસ્થાએ મોટા થયા હોવાથી મહેનતનું કામ બહુ થતું નહિ. એક વખત પોતે રણસીયા નામની સીમમાં સુરમાવણા નામના ખેતરમાં તેમણે ચણા વાવેલ, તે જોવા માટે ગયેલા હતા અને તેનું રખોલું કરતા હતા, ત્યાં દુરથી એક સ ઢીયો સ્વાર વગરનો ચાલ્યો આવતો જોયો. તે સાંઢીયો તેના પોતાના ખેતરમાં આવીને લોટી પડયો. તેના ઉપર સામાન હતો તે એક બાજુ જઈ પડયો અને સાંઢીયો તો ઉઠીને ચાલતો થયો. સામાન ખેતરમાં પડયો છે. કાંધલજી જુએ છે છતાં બોલાવતા નથી. એનો કોઇ ધણી આવશે તે લઇ જશે. પારકા માલને અડવાની આપણને શું જરૂર ? એમ વિચાર કરી માલ જોયો છતાં તેની સામું પણ જોયું નહિ અને દીવાટાણે ઘેરે ચાલી નીકળ્યા. વાળુ કરી પાછા ખેતરે સુવા આવ્યા. રાતે સુતા બાદ તેમને એક સ્વપ્નું આવ્યું. જાણે કે ગોપનાથ મહાદેવ તેમને જગાડી કહેતા હોય કે : "ભાઇ, ઉઠ, સાંઢીયો જે માલ લઇને તારા ખેતરમાં નાખી ગયો છે, તે તારી નિમતનો છે. તે તું તારે ઘેરે લઇ જજે: એમાં બધું સોનું છે અને તેનો તું કંઇ સારો ઉપયોગ કરજે. કંઇ પરમાર્થના કામમાં વાપરજે."

સ્વપ્નાનો ભાસ થતાં કાંધલજી જાગી ગયા. આંખો ચોળતા જાગ્રત બને છે અને વિચાર કરે છે કે, આજે સ્વપ્નામાં મેં શું જોયું ? ભગવાનની મારાપર કૃપા તો જુઓ ! ઘેર બેઠાં વગર મહેનતે લક્ષ્મી મળી ! સાંઢીયાપરથી પડેલો માલ ગાડામાં નાખ્યો અને ઘેરે લાવ્યા. પોતાની સ્ત્રી પાસે વાત કરી. રૂડીબાઇએ કહ્યું : "તમારી સાસા દિલની ભક્તિ જોઇ, મારો નાથ પરસન થીયા છે. હેવ આ નાણું સે ઇણો ધરમાદો કરે નાખીએં. આપણે ઇણે કાંઉ કરીએં ?"

કાંધલજી બોલ્યા : "ઇ તારી વાત મણે બહુ ગમી. મારો પણ ઇ વસાર હતો. તું જા કે' ન્યાં વાપરીયેં." આ બાબતમાં તેમની એક બ્હેન વેજીબાઇ હતી, તેનો પણ મત લીધો. વેજીબાઇએ પણ મત આપ્યો કે, આ નાણું સારા કામમાં વાપરી નાખવું.

કાંધલજીએ બ્રાહ્મણોને, ખાખીઓને, બાવાઓને અને ભુવાઓને પુછી મત લીધો. કોઈ કહે ચારણીઆઇને નિવેદ કરો. કોઇ કહે ખાખી બાવાની જમાતને પાકી રસોઇ જમાડો. કોઈ કહે બ્રહ્મપુરી જમાડો. કોઇ કહે માતાનાં છેલણ પાઓ. એમ દરેક પોતપોતાના મોં તરફ કોળીયો વાળવા લાગ્યા. તો પણ કાંધલજીએ વેરાવળ પાટણમાં પટણી બ્રાહ્મણોની નાત જમાડી, માધવપુરમાં ગીરનારા બ્રાહ્મણની, દ્વારકામાં ગુગળી બ્રાહ્મણની, પોરબંદરમાં પુષ્કરણા બ્રાહ્મણની અને જુનાગઢમાં દામોદરા બ્રાહ્મણની નાત જમાડી અને છેવટ મ્હેરનાં છુટાંછવાયાં સોથી સવાસો ગામમાં જેટલા મ્હેર હોય, તેમને એકજ તિથિએ જમાડવાનું નક્કી કર્યું. ગામે ગામે સાંઢીયા ભરી ભરીને કોરીઓ લઇ ગયા અને દરેક ગામના આગેવાનોને પુછતા ગયા કે, તમારા ગામમાં નાત જમવાનો ખર્ચ કેટલો થશે ? એમ ગામે ગામ પુછતા ગયા અને માગ્યા મુજબ ખર્ચ આપતા ગયા. દરેક ગામમાં મ્હેર જ્ઞાતિ એક દિવસે જમી. વીશથી પચીશ હજાર મ્હેરનાં ઘર હશે; તેમને જમાડયાં. તેમાં જુનાગઢથી ચાર ગાઉ દુર ધંધુસર નામનું મ્હેરનું ગામ છે; તે એક બાજુ જુદું હોવાથી ભુલમાં રહી ગયું. જેની પાછળથી ખબર પડી, એટલે કાંધલજી પોતે ત્યાં ધંધુસર ગયો અને ગામના મ્હેર ભાઇઓની માફી માગી અને કહ્યું : "ભાઇઓ, હું તમોને ભુલી ગયો, તે બદલ આ ગામ બે વખત જમાડીશ." ગામના આગેવાનોએ ના પાડી તો પણ કાંધલજીનો બહુ આગ્રહ અને તેની જે ભુલ થયેલ તે ખટકયા કરતી હતી, તે બે વખત જમાડવાથી કાંધલજીને સંતોષ થયો. કાંધલજીએ ૮૦ વર્ષે બીજી સ્ત્રી કરી

અને તેને સંતતિ થઇ; એ પણ એક ઇશ્વરની પરમ કૃપાનું પરિણામ કહેવાય.

**પોંખી નાત પાતા તણી, હદ ઇડરીયે હોય;**
**મીયરમાં નહિ મે'ર, કાંધલ સરખો કોઇ.**

કાંધલજીનો દીકરો વાનો, વાનાનો આજો, આજાનો રણમલ, રણમલનો મેણંદ, મેણંદનો કેશવ; જે હાલ મહીયારીમાં હૈયાત છે. કાંસાબડ ગામે તેના નજીકના કુટુંબી ચનો પટેલ, જીવો પટેલ, વિગેરે બહુ સુખી જીવન ગુજારે છે અને એઓ પણ એના બાપદાદાના સ્વભાવ પ્રમાણે મ્હેમાનો માટે પ્રાણ પાથરે છે. રાજ્યમાં તેમની આબરૂ સારી છેં, તેમ તેમના દરબાર સાહેબની પણ તેમના પર પરમ કૃપા છે.

## અંતરના ઉભરા

...०...

ગયાં ગામ ને ગરાસ સઘળો,
જાશે હજી અભિમાનમાં;
ઓ વીર મારા જાગજો,
સાચું કહું છું કાનમાં. ગયાં...
જ્ઞાતિ બંધુ! બાપ પ્રત્યે,
ધર્મ કેમ ભુલી ગયા;
કરજે ડુબ્યા ખોટા ખરચમાં,
ફુલાઈ સૌ ડલી ગયા. ગયાં..
લખાણાં અને ભુસણાં કરીને,
જીંદગી પુરી કરો;
કર્તવ્ય શું છે આપણું,
મુજ વાત તો દીલમાં ધરો. ગયાં...
મે'રમાં કો' મર્દ હો તો,
વાત મારી સાંભળો;
બાળકોને કેળવીને,
કુસંપનો કાઢો સળો. ગયાં...
મોભો મરતબો માન સહુએ,
દરબારમાં કેવાં હતાં;
આજે તમારા હાલ જોતાં,
મુજ નેત્ર ભીનાં થઈ જતાં. ગયાં...
નહિ સ્વાર્થ મારે પાઇનો,
મુજ જ્ઞાતિ કાજે હું ભમું;
જ્ઞાતિ સેવા કાજ હું,
મુજ પ્રાણ દેતાં ના ડરૂં. ગયાં...

માલદેવ રાણા.

ધી હાટડીવાળા ઇલેકટ્રીક પ્રિન્ટિંગ વર્કસ, પોરબંદર.